724 ম




# હવે તો જાગો!

મુનિ ચંદ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુ'

શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ : ૨૦૧૫ : વર્ષ ત્રીજું : પુસ્તક ત્રીજું



# હવે તો જાગો

ચિત્રભાનુ
( મુનિ ચંદ્રપ્રભસાગરજી )

શ્રી જીવન-મણિ
સદ્વાચનમાળા ટ્રસ્ટ

હઠીભાઈની વાડી સામે : દિલ્હી દરવાજા બહાર : અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : ઑગસ્ટ ૧૯૫૯
દ્વિતીય આવૃત્તિ : નવેમ્બર ૧૯૫૯
તૃતીય આવૃત્તિ : ઑગસ્ટ ૧૯૬૦
પુનર્મુદ્રણ : ૧૯૬૨

કિંમત : બે રૂપિયા

: પ્રકાશક :
લાલભાઈ મણિલાલ શાહ
શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈની વાડી સામે, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ

: મુદ્રક :
કાન્તિલાલ એમ. દેસાઈ : ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ : અમદાવાદ



જે વડલાની ઘેઘૂર છાંય મારો જીવનવિસામો હતી,
એ ધર્મરત્ન
ચારિત્રરત્ન
સ્વ. મુનીશ્રી ચંદ્રકાન્તસાગરજી મ. ને!
તમે આપ્યું-તમને સમર્પણ

—ચિત્રભાનુ



# દિલનું દીવાનખાનું

[ પ્રકાશકનું નિવેદન ]

**મા**ણસ સુખ ઇચ્છે છે, પણ સુખનાં સાધનોને ઇચ્છતો નથી.

માણસ દુઃખ ઇચ્છતો નથી, પણ દુઃખનાં સાધનોને છોડતો નથી.

આ બંને તરફના ગજગ્રાહમાં સપડાયેલી દુનિયા માટે પ્રાચીન સમયથી વિધવિધ પ્રકારના બોધ અને ઉપદેશો અપાયા છે માણસે શું કરવું, શું ન કરવું: માણસે કેવી રીતે જીવવું, કેવા રીતે ન જીવવું; માણસે કેવી રીતે વિચારવું, કેવી રીતે ન વિચારવું—ટૂંકામાં કહીએ તો આપણા આર્ય પુરુષોએ માણસ સવારમાં જાગે ત્યાંથી રાતે સૂએ ત્યાં સુધીની બધી બાબતો પર વિચારણા કરેલી છે.

લોકો ઇચ્છે કે ન ઇચ્છે, લોક પ્રશંસા કરે કે ચિડાય, લોકહિતના ચાહક એ આર્ય પુરુષોએ તો પોતાનાં ચિંતન, મનન અને અનુભવથી લાગેલો સાચો રાહ સાફ દિલથી ચીંધવાનું કાર્ય કર્યું છે. અલબત્ત, સમષ્ટિગત એનું પરિણામ જોતાં જગત જાણે એનું એ રહ્યું છે. ખારો સાગર સેંકડો મીઠી સરિતાઓ એમાં ભળવા છતાં જાણે ખારો જ રહ્યો છે, છતાં વ્યક્તિગત રીતે એમાં તરતમતા જરૂર આવી છે. ભલે સાગર ખારો રહ્યો, પણ એને મીઠો કરીને તરી જવાની તાકાત અનુભવાઈ છે.

અને આખરે વ્યક્તિ પર જ સમષ્ટિનો આધાર છે ને! સમાજ વ્યક્તિને જેટલી ઘડે છે, એના કરતાં વ્યક્તિ સમાજને વધારે ઘડે છે.

સુંદર સરલ બોધનું [illegible] પુસ્તક અમારા વાચકોના હાથમાં મૂકતાં અમને ખરેખર આનંદ થાય છે. માત્ર બોધથી

જ જગત સુધરી જાય છે, તેવું પણ અમે નથી માનતા, પણ જગત-સુધારનાં અનેક સાધનોમાં આ પણ એક જરૂરી સાધન છે, એમ જરૂર માનીએ છીએ.

આ પુસ્તકના લેખક જૈન અને જૈનેતર સમાજમાં કુશળ વક્તા અને ચિંતક તરીકે જાણીતા મુનિરાજ **શ્રીચંદ્રપ્રભસાગરજી** છે. તેઓનું તખલ્લુસ 'ચિત્રભાનુ' છે. તેઓ શ્રી જીવન-મણિ સદ્વાચનમાળાના પ્રારંભથી જ પ્રેરક અને પુરસ્કર્તા છે.

આ વાચનમાળાને સર્વત્ર સત્કાર સાંપડ્યો છે. બાકી ક્ષતિ તો ક્યાં નથી? કોનામાં નથી? પણ માણસે સારતત્ત્વના હમેશાં ગવેષક થવું ઘટે. સર્વથા સત્ય તો સર્વજ્ઞ વિના કોઈને શક્ય નથી. છતાંય એ પ્રકારની કોઈમાં શકયતા કલ્પવી, એ પણ નરાતર ભ્રમ છે. ભ્રમ કદી સત્યની ગરજ સારી શકતું નથી. વિવેકી માણસે તો સદા ક્ષીર-નીરનો વિવેક કરનાર હંસ બનવું જોઈએ, ન કે ચાંદુ જોનાર કે ખોતરનાર કાગ.

આ પ્રકારના વિવેકી સાધુચરિત હંસોએ આ વાચનમાળાને પ્રથમથી જ પ્રેરણા ને પ્રોત્સાહન આપ્યાં છે. એ ગુણી અને વિદ્વદ્જ-નોમાં મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજીનું નામ મોખરે છે. અમારા પ્રયાસને એમણે સદા આશીર્વાદ આપ્યા છે. અમારી ક્ષતિઓ તરફ આંગળી ચીંધી છે, અને અમે એવા સાધુજનની સલાહને યથાશક્ય અનુસર્યા પણ છીએ.

'ચિત્રભાનુ'ના તખલ્લુસથી પોતાની કલમપ્રસાદી પીરસતા મુનિ-રાજશ્રીથી અમારા વાચકો સુપરિચિત છે. પ્રથમ વર્ષનાં પુસ્તકોમાં **'સૌરભ,'** બીજા વર્ષમાં **'ભવનું ભાતું'** અને ત્રીજા વર્ષમાં પ્રસ્તુત **'હવે તો જાગો'** પાંચમાં વર્ષમાં **ધર્મરત્નના અજવાળા** તથા **પ્રેરણાની પરબ** એ તેઓશ્રીની જ કલમ પ્રસાદી છે. સાતમા વર્ષ માટે તેઓશ્રીની 'સૌરભ'ના જેવી નવી અનુપમ કૃતિ **નૈવેદ્ય** તૈયાર થઈ રહી છે, જે રૂપ-રંગ ને સુશોભનથી અદ્વિતીય બનશે.'

પ્રસ્તુત ગ્રંથ 'હવે તો જાગો'માં મુનિરાજશ્રીએ ભિન્ન ભિન્ન સ્થળે, ભિન્ન ભિન્ન વિષયો પર આપેલ વ્યાખ્યાનો છે. કુલ ચૌદ

વ્યાખ્યાનો છે અને તેમાં સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય અને શૈક્ષણિક જીવનનાં તમામ પાસાંઓને આવરી લીધાં છે.

વિદ્વાન મુનિરાજ પોતાની એક આગવી સ્વતંત્ર દૃષ્ટિ ધરાવે છે. એટલે કોઈવાર એમનું સાધુહૃદય કડવા ચાબખા પણ મારે છે, કેટલીક વાર અજ્ઞાન ભોળા જનોને સાકરવેષ્ટિત કોયદાન પણ આપે છે, ને કેટલીક વાર તો જાણે નિખાલસ પીપરમીંટનો આસ્વાદ કરાવે છે.

મુનિરાજે પોતાના આ પુસ્તકરૂપી દિલના દીવાનખાનામાં સહુને પોતપોતાની સૌરભ લઈને નોતર્યા છે; અને પોતે અત્તરિયા બનીને બેઠા છે. એ અત્તરિયાનાં પૂમડાંનો થોડો આસ્વાદ નીચેનાં ઉદ્ધરણો પરથી મળશે.

'માણસ પોતાના પગ પર ઊભો રહેતાં શીખે ને કોઈના પણ આધાર વિના જીવી શકે એજ પાયાની કેળવણી.'

'આજની કેળવણી જીવનને માર્ગદર્શક ત્યારે જ બને કે જ્યારે કેળવણીને ધર્મનું માર્ગદર્શન હોય.'

'સવાર તોફાની ઘોડાને કેળવીને કાબૂમાં લે છે, પણ તેને મારી નાખતો નથી, કારણ કે અંતે એ જ ઘોડો કામ આપવાનો છે. તેમ આપણે પણ આપણી સ્વચ્છંદ ઇન્દ્રિયોને કેળવીને સંયમમાં લાવવાની છે. નાશ કર્યે નહિ ચાલે.'

'પાશ્ચાત્ય સંસ્કૃતિ એમ કહે છે, કે હક એ માનવીને જન્મસિદ્ધ છે. પણ પૌર્વાત્ય સંસ્કૃતિ એમ કહે છે કે હક યોગ્યતાથી પ્રાપ્ત થાય છે. એક જન્માંધ છોકરો પરિભ્રમણ-સ્વાતંત્ર્યનો હક માગે તો એ અપાય? કોઈ કજિયાળો અને ગાળો દેનારો વાણી-સ્વાતંત્ર્યનો હક માગે તો તે અપાય? નાદાન બાળકને મતસ્વાતંત્ર્યનો હક અપાય? વ્યભિચારીને આચાર-સ્વાતંત્ર્યનો હક અપાય ખરો? તાત્પર્ય એ કે અયોગ્યના હાથમાં હકનું હથિયાર ન અપાય.'

'પશ્ચિમના તજવા લાયક સંસ્કારોનું આપણે અનુકરણ કર્યું. અને અંગીકૃત કરવા લાયક ગુણોનું અપમાન કર્યું.'

'સુખ પૈસા કે વસ્તુમાં નથી, પણ આપણા હૃદયમાં છે. એ આપણા હૃદયમાં હશે તો જગતની દરેક વસ્તુ આનંદના બજાર જેવી લાગશે.'

'હું તમને પૂછું છું કે તમે તમારા દિલના દીવાનખાનામાં કોની છબી ટાંગી છે? રામની કે રમાની? ધર્મની કે ધનની? વાસનાની કે વાત્સલ્યની? જવા દો. એ તમે નહિ કહો, તોય દિલનું દીવાનખનું છબી વિના ખાલી તો કદી નહિ જ રહે. યાદ રાખો કે તમે વિકાસની છબી ત્યાં નહી ટાંગો તો વિલાસની છબી એની મેળે ટિંગાઈ જશે. માટે કહું છું કે વિનાશની છબી પસંદ ન હોય તો વિકાસની છબી લાવો.

આમ મુનિશ્રી આખા ગ્રંથદ્વારા ટૂંકામાં એક જ વાત કહે છે, તમારા દિલના દીવાનખાનામાં સુંદર છબી ટાંગો! દિલમાં દીવો કરો.

શ્રી જીવન–મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ આવાં મુનિરાજોની કૃતિઓ મેળવવા માટે પોતાને ભાગ્યશાળી માને છે; અને પોતાના વાચકોને આ વ્યાખ્યાનોને પોતાના જીવનમાં ઉતારી વક્તાની સર્વતોમુખી કલ્યાણ-ભાવનાને જીવનમાં ચરિતાર્થ કરવા વિનવે છે.

પ્રસ્તુત આવૃત્તિ પ્રસંગે આ સદ્વાચનમાળાના છઠ્ઠા વર્ષમાં પ્રવાસ કરી રહી છે, ને મોંઘવારી વધતી જતી હોવા છતાં વાર્ષિક લવાજમ રૂા. દશ જ રાખ્યું છે. છઠ્ઠું વર્ષ દિવાળીયે પુરું થશે ને પુરા પુસ્તકો ગ્રાહકોના હાથમાં જશે. અમારા વાચકોને આટલી સસ્તી કિંમતમાં રૂપ, રસ ને ગુણથી સર્વોત્તમ સાહિત્ય આપતી આ સંસ્થાના ગ્રાહક બનવા–બનાવવા વિનંતી છે. ત્રીજી આવૃત્તિનું આ પુનર્મુદ્રણ છે

—વ્યવસ્થાપક

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | હવે તો જાગો ! | ૧ |
| ૨ | સુખની શોધમાં | ૨૭ |
| ૩ | જાગ, ઓ સપૂત ! | ૪૦ |
| ૪ | ધર્મ કહેવો કોને ? | ૪૫ |
| ૫ | માનવતાનાં સોપાન | ૫૫ |
| ૬ | ચાર મંગળ | ૧૧૯ |
| ૭ | સૌમ્ય પ્રકૃતિ | ૧૨૫ |
| ૮ | જીવનમાં ધર્મ | ૧૨૯ |
| ૯ | દિવ્યદૃષ્ટિ | ૧૬૪ |
| ૧૦ | આત્મજાગૃતિ | ૧૭૯ |
| ૧૧ | જીવનશિક્ષણ | ૨૦૩ |
| ૧૨ | ગૌપૂજા | ૨૧૧ |
| ૧૩ | આદર્શ શિક્ષક | ૨૧૫ |
| ૧૪ | ધર્મરત્ન | ૨૨૩ |

# કલ્યાણ–ભાવના



## મૈત્રી

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

## પ્રમોદ

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે
એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.

## કારુણ્ય

દીન, ક્રૂર ને ધર્મવિહોણાં, દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.

## માધ્યસ્થ

માર્ગભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ માર્ગની, તોય સમતા ચિત્ત ધરું.

મૈત્ર્યાદિ આ ચાર ભાવના, હૈયે ચંદ્રપ્રભ લાવે
વેર–ઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે.

મુનિ ચંદ્રપ્રભસાગરજી



[૧]

# હવે તો જાગો!

ઊંઘતા હો તો જાગો.
બેઠા હો તો હવે ઊભા થાઓ.
ઊભા હો તો હવે ગતિમાન બનો.
ગતિમાન હો તો હવે કાર્યદક્ષ બનો.

એમ ‘ જાગો ’ શબ્દ મનુષ્યને કર્તવ્યધર્મ તરફ આગળ વધવાની પ્રેરણા આપનાર મંત્ર છે.

જાગો ! આ શબ્દ જેમ ચેતવણી આપનાર છે, તેમ એની પૂર્વે રહેલો ‘ તો ’ અતિસૂચક છે, જેને દુનિયામાં તેર મણનો તો કહેવામાં આવે છે.

હવે તો જાગો—આ સામૂહિક વાક્ય એમ ઘોષણા કરે છે કે, હદ થઈ, ખૂબ અંતર પડી ગયું, કેટલો બધો પ્રમાદ ? ખૂબ ઊંઘ્યા, હવે જાગો ! પ્રમાદ છોડો. આપણામાં ઘર કરીને

બેઠેલી આળસને છાંડો ને જીવનની સાધના કરવામાં તત્પર બની જાઓ. કારણ કે, જેનું મૂલ્યાંકન ન થાય એવી માનવતાભર્યું, અને વિશ્વમાં સહજ પ્રાપ્ત ન થાય એવું ઉત્તમ માનવજીવન તમને મળ્યું છે, તો એને સફળ કરો. પ્રમાદ કરશો તો આ મહામૂલું ધન હારી બેસશો. માટે જ કહેવું પડે છે કે **હવે તો જાગો!**

મહાનુભાવો! આજના વ્યાખ્યાનનો વિષય છે 'હવે તો જાગો!' આ વાક્ય જો ગંભીરતાપૂર્વક વિચારાય તો આજના દોઢ કલાકના વકતૃત્વનું રહસ્ય સહજ રીતે પામી શકાય. હવે તો જાગો—આમાં 'જાગો,' શબ્દ શું સૂચવે છે? આ શબ્દ ચાનક ચઢાવનારો છે.

આવું ઉત્તમ જે માનવજીવન મળ્યું છે તે સ્વાર્થના કુંડાળામાં રહી અળસિયાની જેમ જીવવા અને મરવા માટે નથી; પણ જીવનને અમર બનાવવા માટે મળ્યું છે. આજે તમે કેવી પવિત્ર ભૂમિમાં જન્મ લીધો છે, એનો તો વિચાર કરો. આર્યાવર્તમાં, ઉત્તમ કુળમાં ને ધાર્મિક કુટુમ્બમાં કે જેના માટે તમે ગૌરવ લઈ રહ્યા છો, અને 'અમે બ્રાહ્મણ છીએ, અમે ક્ષત્રિય છીએ, અમે વણિક છીએ'—એમ ગૌરવપૂર્વક બોલીને ફરો છો, પણ હું તમને જ પૂછું છું કે બોલવા માત્રથી મહત્ત્વ શું! મહત્ત્વ છે કર્તવ્યપરાયણતાનું, સદાચારી વર્તનનું અને પ્રતિભાસંપન્ન જીવનનું.

## મહાન કહેવાથી મહાન ન બનાય

'મહાન' કહેવા માત્રથી મહાન ન બનાય. એના માટે મહાન કાર્ય કરવું પડે, જીવનને તેવું બનાવવું પડે.

પિત્તળ પોતાને સોનું કહે તેટલા માત્રથી તે સોનું નથી થઈ જતું. એના ચળકાટ ઉપરથી એની કોઈ કિમ્મત આંકે તો એ થાપ ખાય. સોનાને તો તેજાબનો તાપ ખમવો પડે, કસોટીએ ચઢવું પડે, અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થવું પડે, અને છતાં કાળું ન પડે તે સોનું; તેમ મનુષ્યે પણ પોતાની જાતને અગ્નિપરીક્ષામાં મૂકી, કસોટીએ ચઢાવવી જોઈએ અને તેમાં ઉત્તીર્ણ બને તો જ એ જાતિવાન કહેવાય અને મહાન ગણાય. એમાં શક્તિહીન થાય એ શી રીતે પાલવે?

કર્તવ્ય કરી મહત્તા સિદ્ધ કરવી પડશે, અને જગતને પડકાર કરવો પડશે કે જીવનના પ્રત્યેક પ્રકારના વાતાવરણમાં પણ કર્તવ્ય માટે અમે તૈયાર છીએ! ગમે તેવા સમયે અમે ચારિત્ર્યથી ડગીશું નહિ, ધ્યેયથી ચ્યુત થઈશું નહિ, અમારા આદર્શને પ્રાણાન્તે પણ છોડીશું નહિ. આ રીતે મહત્તા સિદ્ધ કરવા તમારી તૈયારી નહિ હોય તો ભલે ઊંચ જ્ઞાતિઓનાં નામ બોલતાં ફરો પણ માનવા કોઈ તૈયાર નહિ થાય. માણસ સારો કે ખરાબ; ઊંચ કે નીચ એ શબ્દથી નહિ, આચરણથી સિદ્ધ થાય છે. તમે પણ ઉચ્ચ હો તો સારા આચરણથી અને પવિત્રતાથી તમને પોતાને તમે મહાન પૂરવાર કરો.

## આપણો બે હજાર વર્ષનો ઇતિહાસ

આપણે ન જાગવાને કારણે ઘણું ગુમાવ્યું છે. બે હજાર વર્ષનો ઇતિહાસ તપાસશો તો જણાશે કે આપણે કેટલા ગબડી ગયા છીએ. એક વાર વિહંગાવલોકન કરી જુઓ તો પરિસ્થિતિ સમજાશે. એક દિવસ રોમની સંસ્કૃતિ પણ આપણી સંસ્કૃતિ પાસે ઝાંખી લાગતી. આ સંસ્કૃતિ માટે રોમમાં

પણ ગૌરવ હતું, દેશપરદેશના પ્રવાસીઓ આ સંસ્કૃતિના મુક્તકંઠે ગુણગાન કરતા, તે જ સંસ્કૃતિ આજે મૃત-પ્રાય અને જાણે છેલ્લો શ્વાસોશ્વાસ લેતી હોય એમ લાગે છે. આજે તમે કઈ દિશામાં આવી પહોંચ્યા છો? કાળી ચામડીમાં ભયંકર ગોરા! આર્યોના શરીરમાં અનાર્યોનો આત્મા પેઠો.

સંત-મહન્તોની ગૌરવવન્તી આ ભારત ભૂમિમાં આજે જીવનની કિમ્મત નથી, ધર્મની કંઈ ગણુના નથી, તત્ત્વજ્ઞાનની કંઈ પડી નથી-આ શું કહેવાય? આપણા યુવાનોને યુરોપનાં પર્વત, નદી ને તળાવો વગેરે કંઠસ્થ ખરાં; પણ ગંગા યમુના કે સરસ્વતીનું પ્રભવસ્થાન કે વિલીન થવાનું સ્થાન ક્યાં-એ ખબર ન મળે. અરે બહારના બધા તત્ત્વચિન્તકોનાં નામ બોલી જનારને એના પોતાના આસપાસમાં થયેલા જીવનદ્રષ્ટાઓનાં નામ પણ ન આવડે. આ કેટલી શોચનીય સ્થિતિ ગણાય?

આખા વિશ્વનું જ્ઞાન મેળવો પણ ઘરનું જ્ઞાન પહેલાં મેળવો એ મારું કહેવું છે. ઘરનું જ્ઞાન ન મેળવવાને કારણે આપણા જ યુવાનો દ્વારા આપણી સંસ્કૃતિ ભૂંસાતી જાય છે ને બહારની સંસ્કૃતિ નવપલ્લવિત થાય છે. માટે કહેવું પડે છે કે ખૂબ ઊંઘ્યા! બહુ ઊંઘનારો ઊંઘમાં પણ લવારો કરે છે, એવી જ આપણી પણ દશા છે. ઊંડો વિચાર કરાય તો સમજાય કે સંસ્કૃતિ અંગે તમારું બોલવું પણ બકવાદ રૂપ છે. તમારા આગેવાનો કેટલીક વાર આર્યાવર્તનાં ગુણગાન કરે છે, પણ તે પૂર્ણ રીતે સમજ્યા વગર અને જીવનમાં ઉતાર્યા વગર માત્ર ઉપર ઉપરથી શબ્દોના સાથિયા પૂરી જાય છે-જેની કિમ્મત ઊંઘમાં થતા લવારા કરતાં જરાયે વધારે ન

આંકી શકાય. માટે જાગો! આપણને મળેલા આધ્યાત્મિક ને સાંસ્કૃતિક વારસાની કિમ્મત સમજો, તો જ મળેલા આ ઉત્તમ માનવજન્મની મહત્તા અંકાશે.

**બ્રહ્મચર્ય**

આજના પ્રવચનની પ્રાગ્ભૂમિકા આપણે વિચારી ગયા. હવે મુખ્ય વિષયનો વિચાર કરીએ. આ દેશ બ્રહ્મચર્યના પુંજરૂપ હતો, સંયમની ચર્ચા ઘર ઘર થતી. બ્રહ્મચર્ય એ જ ધન અને સર્વસ્વ મનાતું, કારણ કે આ બધા સદ્ગુણોનું બ્રહ્મચર્ય એ મૂળ છે! એને ખોવાથી તેમજ વિલાસ અને મોજ–શોખના સેવનથી આર્યદેશ પતન પામ્યો છે. આ દેશનું ક્ષાત્રતેજ વગેરે સર્વત્ર આદર્શરૂપ હતાં. એ બળ, એ દીર્ઘાયુષિતા, એ શૌર્ય, એ વીરતા અને એ દીર્ઘચિન્તન આદિ આજે એમાંનું કંઈ શોધ્યુંય મળતું નથી. એનું કારણ આપણે સંયમને છોડ્યો અને અસંયમને સ્વીકાર્યો તે છે.

વિષય, વિલાસ, વિનોદ ને વિકારનાં સાધનો આજે ઘણા પ્રમાણમાં અહીં પેસી ગયાં છે. વ્યસનો અને કુટેવો માટે તો કહેવું જ શું? હું તમને પૂછું છું કે, આ દેશમાં ચાની શી જરૂર? ઇંગ્લાંડ આદિ ઠંડા પ્રદેશમાં તો સમજ્યા કે ઉષ્મા માટે (strong) સ્ટ્રોંગ ચાની કદાચ જરૂર પડે, પણ આ સમશીતોષ્ણ દેશમાં એની શી જરૂર? ચાને લઈને આ હિંદમાં કેટલી બેકારી વધી? માત્ર રૂપિયો કમાનાર માણસ પણ ત્રણ–ચાર આના ચામાં વાપરે, આ કઈ દશા? આજના ક્રાન્તિકારી યુવાનને, ચા વિના ઊંઘ ન ઊડે! મોં પર સુરખી ન આવે, જાણે ચા દેવીનો માનીતો ગુલામ!

ભલે તમે કદાચ ચા પીતા હો, પણ એના વિના ચાલે જ નહિ, ઊંઘ ન ઉડે, ટાંટિયા ઘસવા પડે–એ કઈ સ્થિતિ કહેવાય? આપણા બાપ–દાદા ચા વિના ઘોર્યા જ કરતા હતા અને આપણે ચા પીને જાગીએ છીએ, એમ તો નથી ને?

**વ્યસન અને સંયમ**

તમે શાન્તિથી, હું જે કહું છું તેના પર વિચાર કરો. આજે વ્યસનોને લીધે કેવી સંયમહીન સ્થિતિ થઈ છે તેનો વિચાર કરો. મનનો, વાણીનો કે ચક્ષુનો એકેનો પૂર્ણ સંયમ છે ખરો? તમે તમારી જાતને ભલે સ્વતંત્ર માનતા હો પણ વાસ્તવિક રીતે સ્વતંત્ર છો ખરા? ઇન્દ્રિયોનો ગુલામ એ આઝાદ નહિ પણ બંદીવાન છે. વિષયોનો દાસ એ સ્વતંત્ર નહિ પણ પરતંત્ર છે. વિકારો પાછળ ઘસડાઈને સંયમહીન જીવન બનાવવું એ ઉન્નતિ નથી પણ અવનતિ છે. પણ તમે તમારા અન્તરને પૂછો કે તમે આજે માલિક છો કે ગુલામ? વાસનાઓના દાસ બની સ્વતંત્રતાની વાતો કરવી એ કેટલું હાસ્યસ્પદ ગણાય!

સ્વતંત્રતાનો હક્ક વાતોથી નહિ, પણ ગુણ અને લાયકાતથી મેળવવો જોઈએ. પાશ્ચાત્ય સંસ્કૃતિ એમ કહે છે કે, હક્ક એ માનવીને જન્મસિદ્ધ છે! પણ પૌર્વાત્ય સંસ્કૃતિ એમ કહે છે કે, હક્ક યોગ્યતાથી–લાયકાતથી પ્રાપ્ત થાય છે, આ બે વચ્ચેનું અંતર સમજવા જેવું છે. એક જન્માંધ છોકરો પરિભ્રમણ સ્વાતંત્ર્ય માંગે તો એનો પિતા એને પરિભ્રમણ સ્વાતંત્ર્યનો હક્ક આપે ખરો? કોઈ કજિયાળો અને ગાળો દેનાર માણસ વાણીસ્વાતંત્ર્યનો હક્ક માગે તો એને અપાય ખરો? અને અપાય તો રોજ કજિયા કેટલા થાય? નાદાન

બાળકને મત સ્વાતંત્ર્યનો હક્ક અપાય ખરો? વ્યભિચારીને આચારસ્વાતંત્ર્યનો હક્ક અપાય ખરો? મૂર્ખને વિચારસ્વાતંત્ર્ય અપાય ખરું? તાત્પર્ય એ કે અયોગ્યના હાથમાં હક્કનું મહાન શસ્ત્ર ન અપાય. અયોગ્યના હાથમાં ગયેલી વસ્તુ લાભને બદલે હાનિકારક નીવડે. વાનરના હાથમાં રહેલી તલવારની જેમ વસ્તુ સુંદર હોય તો પણ ઘણીવાર સંગના યોગે ભયંકર થઈ જાય છે.

ઘી જેવી પોષક વસ્તુ પણ સો વખત ધોવાય એટલે ઝેર બની જાય છે. આથી પૌર્વાત્ય સંસ્કૃતિનું કહેવું છે કે સ્વતંત્રતાનો હક્ક યોગ્યને હોય, અયોગ્યને નહિ! ઇન્દ્રિયો પર સંયમ ન રાખો અને સ્વતંત્રતાની વાતો કરો એમાં શું વળે? સંયમ વગર તો સ્વતંત્ર માણસ પણ પરતંત્ર બની ગયા. પૃથ્વીરાજ સ્વતંત્ર મટી પરતંત્ર બન્યો. શાથી? સંયમ ગુમાવ્યો ને સંયુક્તાના મોહમાં ઘેલો બન્યો તેથી!

## સુંદર ચિત્ર માટે શુદ્ધ ભૂમિ જોઈએ

બ્રહ્મચર્ય એ એવો ગુણ છે કે એની પાછળ બધા ગુણો તણાઈને આવે છે, જીવનશુદ્ધિ એનાથી થાય છે. સાધના એનાથી સધાય છે. દૂરની વાત તો જવા દો, પણ આ દુનિયામાં પણ નૈષ્ઠિક બ્રહ્મચારીને જોઈને સૌ કોઈ નમી પડે છે. બધા એના પર વિશ્વાસ રાખે છે, લોકો એને વન્દનીય અને પૂજનીય ગણે છે.

બ્રહ્મચર્ય એ મહાન શક્તિ છે. એ વિના જીવન ચેતનાહીન કહેવાય. એક વિદ્વાને કહ્યું છે કે: 'Strength is life and weakness is death.' બ્રહ્મચર્યની શક્તિ એ જીવન છે, અને વીર્યહીન–શક્તિહીન જીવન એ મૃત્યુ છે! વિકસિત ફૂલની ખૂશબોથી ભમરાઓ જેમ ખેંચાઈને આવે

છે, તેમ બ્રહ્મચર્યથી પણ બીજા ગુણો ખેંચાઈને આવે છે.

સૂર્ય ઊગે એટલે લોકો કામે લાગી જ જાય છે, તેમ બ્રહ્મચર્યરૂપી તેજસ્વી સૂર્ય ઊગે એટલે બીજા સદ્‌ગુણો એની મેળે આપણા જીવનમાં પ્રવેશી કામ કરવા મંડી પડે છે. તમારે સદ્‌ગુણોને જીવનમાં વસાવવા હોય તો ભૂમિ શુદ્ધ કરો.

આજે હું અહીં ભૂમિ શુદ્ધ કરવા આવ્યો છું, ઝાડું લઈ કચરો વાળવા આવ્યો છું. કયો કચરો? વિષય અને વિલાસનો કચરો. તેને આજે મારે સંયમના ઝાડુથી કાઢવાનો છે. તમને કાંઈ વાંધો તો નથી ને ? (જે હોલમાં વ્યાખ્યાન ચાલતું હતું એ હોલની ભોંય સામે આંગળી ચીંધી મહારાજશ્રીએ કહ્યું) આ હોલમાં કચરો કાઢ્યા વિના તમે જાજમ બિછાવો ખરા ? પહેલાં તમે કચરો સાફ કરાવ્યો પછી ઉપર જાજમ પાથરી. પણ એમ ને એમ અશુદ્ધ ભૂમિ ઉપર જાજમ નાખી હોય તો શું પરિણામ આવે? ધૂળ જ ઊડે ને? દુનિયામાં કોઈ સારો માણસ ઉકરડે ખાટલો નાખીને સૂશે? નહિ જ. ભલે તળાઈ રેશમની હોય, પણ ત્યાં ન સૂવાય, કારણ કે દુર્ગન્ધ મારે, તેમ પ્રમાણિકતા, સજ્જનતા. ભ્રાતૃત્વ આદિ ગુણોને લાવવા માટે પ્રથમ સંયમ જોઈએ. એ ગુણોના નિવાસ માટે ભૂમિકા શુદ્ધ જોઈએ.

કાળી, મેલી, ખાડા–ટેકરાવાળી ભીંત પર ચિત્રકાર પાસે ચિત્ર દોરાવીને કહીએ કે ચિત્ર સારું નથી. એમાં એનો દોષ નથી. દોષ ભૂમિનો છે. દીવાલ ચોખ્ખી જોઈએ. ખરાબ ભીંત પર તો સારો ચિત્રકાર પણ ચિત્ર ન દોરી શકે. તેલથી ખરડાયેલાં મેલાં વસ્ત્રો પર રંગારો પણ સારો રંગ શી રીતે

કરી શકે? તાત્પર્ય એ કે દીવાલ સુંદર હોય તો ચિત્ર સુંદર થાય. વસ્ત્ર ચોખ્ખું હોય તો રંગ ચઢે, જીવન વિશુદ્ધ હોય તો સદ્ગુણો વિકસે!

**બ્રહ્મચારી સત્યકામી હોય**

જેનામાં બ્રહ્મચર્ય નહિ હોય તેનામાં બીજા ગમે તેવા ગુણો હશે તો પણ તે નિષ્ફળ જવાના. સુવર્ણવસંતમાલતી પોષક છે, સાઠ કે સિત્તેર રૂપિયે તોલાના ભાવની છે; પણ મરવા પડેલાને તે અપાય? અને બે આની ભાર આપો તો બે મિનિટ મોડો મરવાનો હશે તે ઉલટો વહેલો મરશે, કેમકે એનામાં પચાવવાની શક્તિ નથી. લાયકાત વિના સારી વસ્તુ પણ વિપરીત પરિણામને લાવનારી નિવડે છે. યુવકો અને યુવતીઓ માટે આ વાત અતિ જરૂરની છે. બ્રહ્મચર્યના ખમીર વિના સદ્ગુણની એ ગમે એટલી વાતો કરે, તો પણ એ વાતો નિષ્ફળ અને વંધ્ય છે, વાયડી અને વ્યર્થ છે.

એક દિવસ એવો હતો કે આર્યાવર્તનું પ્રત્યેક ઘર બ્રહ્મચર્યના બ્રહ્મધ્વનિથી ગુંજતું હતું, વાતાવરણ સંયમમય હતું, પણ આજે કમનશીબે હાલત જુદી છે. બ્રહ્મચર્યનાં નીર ઓસરતાં જાય છે. રસ્તે દૃશ્યો કેવાં? બ્રહ્મચર્યનું ખૂન કરી નાખે તેવાં! સ્કૂલ-કૉલેજનું વિલાસથી ભભકતું વાતાવરણ જોઈને સંયમી વિદ્યાર્થીને તો ત્રાસ જ છૂટે!

**સહશિક્ષણ**

સહશિક્ષણ અને અતિસંપર્કનું જે કટુ પરિણામ દેખાય છે તે મારે તમને કહેવાની જરૂર ખરી? તમે પ્રત્યક્ષ નથી જોયું? છાપામાં નથી વાંચ્યું? સાઠ વર્ષનો ગુરુ-અધ્યાપક

શિષ્યાને પરણી બેઠો. મને થયું કે જગતમાં આ શું થવા બેઠું છે? અધ્યાપક એટલે કેવો પવિત્ર પુરુષ! એ પવિત્ર પુરુષ—અરે, સમાજનો એક જવાબદાર માનવી, શિષ્યાને પરણી બેસે તો પછી છોકરીઓનાં મા-બાપ અધ્યાપકો પર વિશ્વાસ કેમ રાખી શકે? રક્ષક જ ભક્ષક બને અને અધ્યાપક જ અપહારક બને, આ સ્થિતિ તમને શોચનીય નથી લાગતી?

**સાહિત્ય**

આજના છબીઘરોમાં નટ-નટીનાં હાવભાવો, સિનેમાના રૂપેરી પરદા પર ભજવાતાં ભયંકર દૃશ્યો અને નફટાઈની હદ આવે ત્યાં સુધી પહેરાતી વેષભૂષાઓ બ્રહ્મચર્યને પાડનાર નથી તો બીજું શું છે? પુસ્તકના વાચનથી જ્ઞાન મળે પણ આજનાં પ્રગટ થતાં પુસ્તકો તો જાણે પ્રણયત્રિકોણનાં ચિત્રો! નૉવેલો એટલે વિલાસની પ્યાલીઓ! આવું સાહિત્ય ઊગતાં યુવાનો અને યુવતીઓ વાંચે તો એના સંયમમાં તો પૂળો જ મુકાય ને!

**ચિત્રો**

તમારાં ઘરમાં ચિત્રો કેવાં છે? નવયૌવનાઓનાં વસ્ત્રો ચોરાતાં હોય એવાં ચિત્રો. એવું ચિત્ર દેવનું હોય તો પણ સદાચારનું પતન કરનારું છે. હોય તો ફેંકી દો. નટ-નટીનાં ચિત્રો ટાંગ્યાં હોય તો ફગાવી દેજો. ફોટા રાખો તો સંતના, જ્ઞાનીના, ધ્યાનીના કે કોઈ વિતરાગ તપસ્વીના રાખો. આ તો છબીઓ રાખી છે નટ-નટીની! પ્રભાતે ઊઠીને દર્શન કોનાં કરવાનાં? નટ અને નટીઓનાં ને? માટે કહું છું કે ભૂમિકા એવી રાખો કે જેનો પડઘો પડે. બ્રહ્મચર્ય હશે તો સાચા આઝાદ બનાશે. આમ ભૌતિક રીતે આઝાદ થયા છીએ? પણ આઝાદીની ખરી

લહેજત ક્યાંય દેખાય છે? મુખ પર ગ્લાનિ શાથી? બ્રહ્મચર્ય હોય તો મોં પર તેજ ચમકતું હોય અને બીજા ગુણો સહજ ભાવે આવી વસે, આ વાત યાદ કરો.

પાંડવ–કૌરવોના યુદ્ધમાં ભીષ્મપિતામહ કૌરવોના પક્ષમાં હતા, યુદ્ધના આરંભકાળે ધર્મરાજાએ ભડવીર ભાઈ ભીમને ભીષ્મપિતામહ પાસે આશીર્વાદ લેવા જવાનું કહ્યું. ભીમે આશ્ચર્યપૂર્વક કહ્યું: "ભાઈ! આપ આ શું કહો છો? એ તો કૌરવોના પક્ષમાં છે: એ કંઇ વિજયનો આશીર્વાદ આપણને આપે? પરાજિત થાઓ એમ જ કહેને!" ધર્મરાજાએ કહ્યું: 'ના, એમ નથી: સાચો બ્રહ્મચારી સત્યકામી હોય છે, અસત્યકથી નથી હોતો, માટે તું એમની પાસે જા, અને આશીર્વાદ માંગ.'

ભીમ મોટાભાઈના વચન પર વિશ્વાસ રાખી ત્યાં ગયો ને ભીષ્મને પગે પડયો. કૌરવોએ આ દૃશ્ય જોયું અને માન્યું કે હમણાં જ પરાજયનો આશીર્વાદ લઈને એ જશે. પણ બધાના આશ્ચર્ય વચ્ચે નૈષ્ઠિક બ્રહ્મચર્યવાન્ ભીષ્મપિતામહે ભીમને કહ્યું: "સત્ય તમારા પક્ષમાં છે માટે વિજય તમારો છે!" આ સાંભળી કૌરવો ભોંઠા પડી ગયા. આવું પ્રગટ સત્ય બોલાવનાર હોય તો તે બ્રહ્મચર્ય છે–સંયમ છે! આવા આજીવન બ્રહ્મચારી ભીષ્મ પિતામહ જેવા પુરૂષો અને નેમિનાથ જેવા તીર્થંકરો જે ભૂમિમાં થયા એ ભૂમિના માણસો બ્રહ્મચર્યથી કેટલા પાછળ હઠી ગયા છે? માટે જ કહેવું પડે છે કે હવે તો જાગો!

## આદર્શ માટે મરતાં શીખો

જે દેશમાં આવા નરવીર પાકયા ત્યાં બ્રહ્મચર્યનો ઉપદેશ દેવો પડે એ દુઃખનો વિષય નથી? આ દેશની નારીઓ પણ

કેવી પવિત્ર હતી? મહાન્ સતી સીતાને યાદ કરો. ત્રણ ખંડનો ધણી રાવણ એના ચરણોમાં પડતો હતો, પણ એ મહાદેવીએ એનાં પ્રલોભનોને ઠોકરે માર્યાં.

રાવણ એટલે કોણ? એને ત્યાં કેવા વૈભવો! અચ્છા અચ્છા રાજાઓ જેની સેવા કરે, ઇન્દ્ર જેની પાસે હાજર રહે અને જેની સત્તા સાર્વભૌમ ગણાય એવા રાવણે સીતાને કહ્યું: “તું શા માટે ભટકતા રામડા પાછળ બરબાદ થાય છે? એની સાથે વનમાં ભટકવાનું, જમીન પર સૂવાનું અને સૂકાં ફળ ખાવાનાં, એનાં કરતાં મારી ઇચ્છાને તાબે થા તો હે માનિની! હું તને મારી પ્રિય પટરાણી બનાવું અને તારી તમામ ઇચ્છાઓને પૂર્ણ કરવાનું આ ખતપત્ર તારા ચરણોમાં ધરું!”

વિચારો! એક બાજુ રખડતા રામ અને ભેંકાર વન-જંગલ, બીજી બાજુ ચરણોમાં નમતો રાવણ અને સંપત્તિથી છલકાતું રાજ્ય! પણ સીતાએ–શિયળવતી સીતાએ, એ બધી સંપત્તિને ઠોકરે મારીને કહ્યું: “નરાધમ! આવું બોલતાં લાજતો પણ નથી? શરમ છે, રાવણ, તને શરમ છે! ધિક્કાર હો તારા ત્રણ ખંડના વૈભવને! તારી સંપત્તિ વિશાળ છે, વિરાટ છે, પણ તારો આત્મા વામણો છે. રામની સંપત્તિ તને થોડી દેખાતી હશે પણ એનો આત્મા મહાન છે, વિરાટ છે! રામ તે રામ છે, એની સાથે તારી જાતને સરખાવતાં તને શરમ કેમ નથી આવતી? ક્યાં સાગર ને ક્યાં ખાબોચિયું! તારું મોં પણ મારે નથી જોવું, અને તારી વાતેય મારે નથી સાંભળવી!”

સંયમનું આ કેવું આદર્શ દૃષ્ટાન્ત છે! પુનર્લગ્ન અને છૂટા–છેડાની વાતો કરનારાઓને જરા કહેજો કે રામાયણમાં

એક શાન્ત નજર ફેરવી આવે. ભીષ્મપિતામહ અને સીતા જેવાં એ માનવીઓ ઉચ્ચ આદર્શ માટે ખપી જનારાં સાચાં રત્નો હતાં. બર્નાર્ડશોએ પણ ઠીક જ કહ્યું છે:—

'The secret of happiness is being used up for a purpose recognized by yourself as a mighty one.' કોઈ મહાન હેતુ માટેની વીરત્વભરી જીવનસાધનામાં જ સુખનું રહસ્ય છે. સાચો આનંદ જોઈતો હોય તો સંયમની સાધનામાં લાગી જાઓ. વિલાસ-પ્રધાન વૃત્તિઓનો પરિત્યાગ કરો. उत्तिष्ठत ! जाग्रत ! પ્રમાદની ઊંઘમાંથી જાગો અને ઊભા થાઓ!

## હૈયાના વિચારોનું દૃશ્ય ઝડપાય તો?

જીવનમાં સદ્ભાવના ન હોય, મન ઉપર સંયમ ન હોય, ઈન્દ્રિયો પર કાબૂ ન હોય તો એ જીવન નરક જેવું દુર્ગન્ધી બને છે.

**'નર-નારીના દેહમાં, હાડ, ચામ ને માંસ,**
**શું એને સુંદર કહો, જેમાં દુર્ગન્ધ ખાસ.'**

હાડ, ચામ ને માંસ તો નરમાંય હોય ને નારમાંય હોય, એ બેમાં ફરક શો? શ્રેષ્ઠતા છે સંયમી જીવનની. સંયમી જીવન મહાન છે. સંયમ વગર શરીર હાડ-માંસનો કોથળો છે. ઉદરપૂર્તિ તો શ્વાન પણ કરે છે. આ સંસારમાં માનવીની મહત્તા જે કાંઈક અધિક છે તે સંયમથી! જગતને શાન્તિ-ચેન પણ એનાથી જ છે. સંયમ વિના દુનિયાને ત્રાસ પમાડનાર તો ભયંકર છે.

સંયમ વગરનું જીવન મીઠા વિનાના અનાજ જેવું મોળું છે. જીવનમાં વાસ્તવિક રીતે સદ્ગુણની સુવાસ આવે પછી ગભરામણ કંઈ નથી.

સંયમ એ ગુલાબનું ફૂલ છે. એ તમારી પાસે હશે તો તમનેય સુગંધ આપશે ને તમારા સમાગમમાં આવનારનેય સુગંધ આપશે. આ વાતનો મનની સાથે એકાન્તમાં વિચાર કરી જોજો. આ કાંઈ કોઈને કહેવાની વાત નથી, હૃદયની વાત છે.

વિજ્ઞાને બધી જાતની શોધ કરી, ફોટા પાડવાના કેમેરા શોધ્યા પણ મનના ફોટા પાડવાની શોધ હજુ સુધી થઈ નથી. હૃદયના વિચારો ઝડપવાનો કેમેરો જો કે હજુ શોધાયો નથી, પણ માનો કે એવો કેમેરો નીકળે અને તમારા ગુપ્ત વિચારોના ફોટા લેવાય તો તમને લાગે છે કે તમારી પાસે કોઈ બેસે ? અરે, સગો ભાઈ પણ પાસેથી ભાગી જાય ભાગી ! તમારા અનિચ્છનીય વિચારો એ ફોટામાં પ્રિન્ટ થાય તો સગો બાપ પણ એમ કહે કે આના આવા વિકૃત વિચારો ? અરે, સારું છે કે એવા કેમેરા હજુ સુધી નીકળ્યા નથી. જેમ આંતરડાના ફોટા લેવાય તેમ વિચારોના ફોટા લેવાય તો દુનિયા જ એક વગર પૈસાનું પ્રસિદ્ધ નાટક બની જાય !

બીજી એક વાત. માણસની છાતીમાં છે તો માંસના લોચા; પણ માનો કે છાતીમાં વીશવીશ તોલા સોનું ભર્યું હોય અને જાહેર થાય કે જેમ, છીપમાં મોતી, હાથીના કુંભસ્થળમાં મુક્તાફળ, મૃગની ડૂંટીમાં કસ્તૂરી છે, તેમ માણસના કલેજામાં સોનું છે તો એનું પરિણામ કેવું આવે ? તમે જ કહો, મારે બોલવું નથી. માણસ એકલો ફરી શકે ખરો ? રાત્રે બહાર નીકળી શકે ખરો ? માણસ માણસને જીવતો રહેવા દે ખરો ? આ તો સારું થયું કે કલેજામાં સુવર્ણ મૂક્યું નહિ, નહિતર આજની સંયમહીન ભાવનાવાળા વાતાવરણમાં તો જુલમ થઈ જાત !

## દિલ એ અરીસો છે

આજે જગતમાં કલેશ, અવિશ્વાસ આદિ દુર્ગુણો દેખાય છે, તે આપણી ભાવનાઓનો પડઘો છે. આપણા હૃદયમાં વિશ્વના પ્રાણીઓ માટે કલ્યાણબુદ્ધિ હોય તો વિશ્વના પ્રત્યેક માનવીને આપણા માટે સદ્‌બુદ્ધિ હોય. પણ આપણા હૃદયમાં તારા–મારાપણાની જ વૃત્તિ રમતી હોય તો બીજા લોકો આપણા માટે કલ્યાણ કેમ ઇચ્છે? ભાવનાઓનો પડઘો પડચા વિના રહેતો નથી. આ સિદ્ધાન્ત પર તમને એક પ્રસંગ સંભળાવું:

ધર્મરાજાના વખતની આ વાત છે. એક ખેડૂતના ખેતરમાંથી એક ચરૂ નીકળ્યો. ખેડૂત હતો તો ગરીબ પણ પ્રમાણિક! આવો ચરૂ નીકળે તો આજે પ્રમાણિકતા કેવી જળવાય? પણ ખેડૂતે તો વિચાર્યું: "જમીનનો માલિક રાજા ગણાય તો ખેતરમાંથી નીકળેલા ચરૂનો માલિક પણ રાજા ગણાય. હું તો જમીન ખેડું એટલે ખેતીથી પાકેલ અનાજનો જ માલિક." એમ વિચારી એ રાજાને ચરૂ આપવા ગયો.

ધર્મરાજાને નમીને એણે કહ્યું: "મહારાજ! મારા ખેતરમાંથી સોનામહોરથી ભરેલો આ ચરૂ નીકળ્યો છે, અને તે આપનો ગણાય. આપ એનો સ્વીકાર કરો." ધર્મરાજાએ એનો અસ્વીકાર કરતાં કહ્યું: "ના, ભાઈ! એ ખેતર તો તને વેચાયેલું છે માટે એનો માલિક તું ગણાય." પછી તો રાજા અને ખેડૂતે ઘણીય ચર્ચા કરી પણ ધર્મરાજા કંઈ એ લે? પણ ખેડૂત તો એ ચરૂ ત્યાં જ મૂકીને ચાલતો થયો.

એમ કરતાં દિવસો ગયા, પખવાડિયાં ગયાં ને મહિનાઓ ગયા, પણ ચરૂ તો ત્યાં જ! આવી ગરીબીમાં આવો ચરૂ

જોઈ ભલભલા ચળી જાય પણ આ તો પ્રમાણિકતાથી જરા પણ ન ડગ્યો. પણ આજે આવો સોનામહોરોથી ભરેલો ચરૂ મળે તો ? અરે, પણ મળે જ શાનો ? ભાગ્ય વિના એવું કાંઈ મળતું નથી. એક કવિએ કહ્યું છે :

'पदे पदे निधानानि योजने रसकूपिका।
भाग्यहीना न पश्यन्ति बहुरत्ना वसुन्धरा ॥'

ડગલે ડગલે ધન છે. યોજને યોજને રસકૂપિકા છે; પૃથ્વી તો બહુ રત્નોવાળી છે પણ ભાગ્યહીનને ન મળે; ન દેખાય.

ધર્મરાજા રોજ એ ચરૂને જુએ. છ મહિના સુધી એ ચરૂ ખૂણામાં પડયો રહ્યો. એક રાત્રે રાજાને વિચાર આવ્યો : " મેં ભૂલ કરી કે ચરૂ મેં ન લીધો. ખેડૂતે તો કહ્યું હતું કે, માલિક તમે છો વાત પણ ખરી છે. પૃથ્વીનો માલિક હું એટલે ક્ષેત્રનો માલિક પણ હું. સવારે ચરૂ ભંડારમાં મુકાવી દઈશ."

તે જ સમયે ખેડૂતને પણ વિચાર આવ્યો, " મેં ભૂલ કરી કે હું ચરૂને મૂકી આવ્યો. ભલા રાજાએ તો કહ્યું જ હતું કે જેના ખેતરમાંથી જે વસ્તુ નીકળે તેનો માલિક તે. પણ હું ભૂલ્યો. ચાલ, સવાર થવા આવ્યું છે. જઈને એ ચરૂ ઉપાડી આવું." એમ વિચાર કરી એ લઈ ગયો. સવારે રાજ-સભામાં રાજા જુએ તો ચરૂ ન મળે! પૂછયું, તપાસ કરી, એટલે જાણવા મળ્યું કે ચરૂ ખેડૂત લઈ ગયો છે. એટલે ખેડૂતને બોલાવ્યો અને લઈ જવાનું કારણ પૂછ્યું.

ખેડૂતે સાફ સાફ શબ્દોમાં કહી દીધું : ' મહારાજ ! આપે તો તેજ દિવસે લઈ જવાનું કહ્યું હતું. પણ મેં મૂર્ખાએ નહોતું માન્યું. પછી વિચાર કરતાં આપની વાત ખરી લાગી.

ખેતર મેં વેચાતું લીધું છે માટે માલિક હું છું. અને તેથી હું લઈ ગયો છું." રાજાની તમામ દલીલને તોડી એ ચાલતો થયો.

અન્તે ધર્મરાજાને વિચાર કરતાં સમજાયું કે મારી જ બુદ્ધિ ભ્રષ્ટ થઈ એનું જ આ પરિણામ! પ્રજાનો માલ હડપ કરવાની મારા દિલમાં ઇચ્છા થઈ, એટલે આનો વિચાર પણ પલટાયો–આની ભાવના પણ બદલાણી કેમકે ભાવનાનો પડઘો પડ્યા વિના રહેતો નથી. દિલ એ તો અરીસો છે.

**આત્મા પરમાત્મા ક્યારે બને?**

આજે તો આ દૃષ્ટાંતનું ચિત્ર પ્રત્યક્ષ છે, પ્રાયઃ પ્રધાનથી માંડીને સામાન્ય પ્રજાજન, તમામ, એકબીજાને ઉતારી પાડવાની, છેતરવાની, ઠગવાની, પોતાની જાળમાં ફસાવવાની અને શીશામાં ઉતારવાની રમત રમી રહ્યા છે. આ સ્થિતિમાં પુરુષોમાં સાચું પુરુષત્વ અને સ્ત્રીઓમાં સાચું સ્ત્રીત્વ લાવવું હોય તો નૈતિક ભાવનાનો ઉદય માંગે છે.

બર્નાડ શૉએ પાશવતા તરફ ખેંચાતા જગતને પડકાર કર્યો છે. 'The beginning of manhood and womanhood is the drawing of passions in him.'

મનુષ્ય કે સ્ત્રીમાં સાચું પુરુષત્વ કે સાચું સ્ત્રીત્વ ત્યારે જ આવે છે કે જ્યારે ઉત્કટ ભાવનાનો તેઓનામાં ઉદય થાય છે, જેનામાં આ ભાવનાનો ઉદય ન થાય તેના માટે તો કવિએ કહ્યું છે: 'मनुष्यरूपेण मृगाश्चरन्ति' મનુષ્યને જ્યારે મૃગની સાથે કવિએ સરખાવ્યા, ત્યારે મૃગલાંઓએ પણ વાંધો લીધો: અમે એવા નથી. પશુ વિફરે તો શું કરે? એકાદ બેને જરા ઈજા કરે, પણ માનવી વિફરે તો? માનવી તો

યોજનાપૂર્વક, બુદ્ધિપૂર્વક સામાનું કાસળ કાઢે, દુનિયામાં કાંઈ બાકી ન રહેવા દે, ખેદાનમેદાન કરી નાખે.

મનુષ્ય જો સંયમી હોય તો તે મહાન છે : ભાવિનો ફિરસ્તો છે, વિશ્વનો ઉદ્ધારક છે, પરમાત્માનું પ્રતીક છે.

પણ આજની હવાએ આપણા દેશવાસીઓનાં હૈયાં પણ કાળમીંઢ પથ્થર જેવાં બનાવી મૂકયાં છે. ન મળે પ્રેમ, ન મળે મમતા, ન મળે હમદર્દી, સામાનાં દુઃખ–દર્દ જોઈ હૈયામાં આંસુ આવવા જોઈએ, પણ આજે તો પડોશીને કે સગા ભાઈને ખાવાનાં સાસાં હોય અને પોતે દૂધપાક–પૂરી ઉડાવતા હોય ! આ કઈ દશા છે, તે વિચારી લો. કેવી ઊંઘ ! જરા વિચારી જુઓ ! તમને કેવી કુંભકર્ણની નિદ્રા વળગી છે ?

કુંભકર્ણ માટે કહેવાય છે કે ઢોલ વાગતા ત્યારે એ છ મહિને જાગતો. ત્યારે મારે પણ તમારી આગળ ચાર કે છ મહિના ઉપદેશનાં ઢોલ વગાડવાનાં ને ? ઠીક છે, આજ જાહેર–રજા છે, દુકાનો બંધ છે, મહારાજ ઠીક બોલે છે, સાંભળવાથી વકતૃત્વકળા ખીલશે, વરસાદમાં કયાં જવું, એમ વિચારીને તો આ હજારો માણસો નથી આવ્યા ને ?

યાદ રાખો તમારે તમારું જીવન પલટવાનું છે, જીવનમાં સંયમનો રંગ લાવવાનો છે. મહાન નેતા, પયગમ્બર વગેરે જે મહાન થયા છે તે સંયમથી થયા છે. આપણે આપણા આત્માને પરમાત્મા બનાવવાનો છે, પણ આપણો આત્મા પરમાત્મા કયારે બને ? નિષ્ઠાપૂર્વકનો સંયમ આવે તો ને !

**સ્થિર બનો**

આજ તો વાત એ છે કે સાંભળવું કોઈને નથી.

દરેકને પોતાના વિચારો બીજાને ઠસાવવા છે. માટે જ તો આજે અળસિયાની જેમ, વાદે વાદ નીકળી પડયા છે. વાત ત્યાં સુધી વધી છે કે સામો જો પોતાના વિચારો ઝીલવા–સાંભળવા તૈયાર ન થાય તો હાથ ઉપાડતાં પણ વિચાર ન કરે.

ધારાશાસ્ત્રી ન્યાયાધીશને પોતાના વિચારો જણાવે, પણ કાંઈ સ્ટેજ ઉપર ધસી જઈને કે બોચી પકડીને સમજાવે ખરો? પણ હું જાણું છું કે આજના નવનવા વાદના હિમાયતીઓના વિચારો સ્થિર નથી, ઊંડા ચિંતનમાંથી પ્રગટેલા નથી, માત્ર પુસ્તકો વાંચીને ભાડૂતી ઉછીના લીધેલા વિચારો જ છે! અને એ ભાડૂતી વિચારો પરાણે ઠસાવવાનો પ્રયત્ન થાય છે. કેટલું હાસ્યાસ્પદ છે? તમારા વિચારો જો મૌલિક અને સુંદર હોય તો જગતના ચોકમાં મૂકો. સુંદર હશે તો એનો જરૂર સ્વીકાર થશે. અને ન સ્વીકાર થાય તો ઉશ્કેરાઈ જવાની કંઈ જરૂર નથી.

ઊંડા ઉતરીને વિચાર કરો કે મારા વિચારમા શું દોષ છે કે લોકો સ્વીકારતા નથી. પણ આ વસ્તુ કયારે બને? જો મન પર સંયમ હોય અને ચિત્તની સ્થિરતા હોય તો. એ વિના એટલી ધીરજ પણ ન આવે અને સાર–અસારનો વિચાર પણ ન આવે.

કાંટો સ્થિર હોય તો માપ (તોલ) નીકળે, પણ કાંટો હાલતો ચાલતો ચંચળ હોય તો માપ ન નીકળે: તેમ ચિત્ત સ્થિર હોય તો મહાપુરુષોનાં વચન સાંભળવામાં રસ અને આસ્વાદ આવે, તેની અસર થાય, અને પોતાના વિચારમાં રહેલી ત્રુટીઓ પણ જણાય, માટે ચિત્તની સ્થિરતા કેળવો

અને ચિત્તની સ્થિરતા લાવવા માટે પૂર્વ ભૂમિકા રૂપે બ્રહ્મચર્યને બરાબર પાળો.

## અસંયમ ને પતન

બ્રહ્મચર્ય પળાય એટલે ભૂમિકા શુદ્ધ થાય. પછી પ્રમાણિકતા વગેરે ગુણો આવી એમાં પ્રતિબિંબિત થાય. ભૂમિકા અશુદ્ધ હોય ત્યાં સદ્‌ગુણોનો વાસ હોય ખરો કે ? આજની સ્થિતિ તપાસો. કાયમ એક ધ્યાનથી લાંબો સમય પૂજા વગેરે કરનારનું પણ ત્યાંથી બહાર નીકળ્યા પછીનું જીવન તપાસો. ચોવીશ કલાકનું ટાઈમ ટેબલ તપાસો. દુનિયામાં લગભગ બધે અપ્રમાણિક તરીકે જ એની છાપ હશે ! કેટલું દુઃખદ !

પહેલાંના સમયનો ઇંગ્લેન્ડનો એક દાખલો આપું—

એક છાપાનો ફેરિયો દોઢસો છાપાં લઈને વેચવા નીકળ્યો. એને અણધાર્યું ઘરનું કામ આવી પડ્યું, અને ઘરે જવું પડે તેમ હતું. હવે જો તેમ કરે તો છાપાં વેચાય નહિ. સમય ગયા પછી કોણ લે ? એટલે એ ટેબલ ઉપર એ દોઢસો છાપાં મૂકતો ગયો, પાસે પૈસા માટે પેટી પણ મૂકતો ગયો. ગ્રાહકોને સૂચના માટે છાપાની કિંમત લખી એક ચિઠ્ઠી મૂકી ગયો.

ઘેર જઈ કામ પતાવી એ આવ્યો ત્યારે તમામ છાપાં ખપી ગયેલાં. ગ્રાહકો એ લઈ ગયેલા અને પેટીમાં પૈસા પણ પૂરેપૂરા નાખી ગયેલા. કેવી ભવ્ય પ્રમાણિકતા ! હિંદુસ્તાનનો કોઈ ફેરિયો જો આવો અખતરો કરે તો શું પરિણામ આવે ? મારે નથી કહેવું, તમે જ કહો છાપાં તો ઠીક, પણ મેજ કે પેટી પણ રહેવા દે ખરા ? ત્યાં સદાચારના સંસ્કાર અહિંથી ગયા. તેઓ અનાર્ય મટી આર્ય થયા. અહીંથી સદાચારના

સંસ્કાર પલાયન થયા.

આપણે હજુ આર્ય મટી અનાર્ય થયા નથી, પણ આપણે પૂરજોશથી-એ તરફ ધસી રહ્યા છીએ. અને એ પૂરને અટકાવનાર હોય તો તે માત્ર સંયમ જ છે. પશ્ચિમના તજવા લાયક સંસ્કારોનું આપણે અનુકરણ કર્યું. અને અંગીકૃત કરવા લાયક ગુણોનું અપમાન કર્યું. તેનું કેવું ભયંકર પરિણામ આવ્યું તે એક દાખલાથી તમને સમજાવું.

હિંદનો એક વિદ્યાર્થી જાપાન ભણવા ગયો. ત્યાં એક પુસ્તકની જરૂર પડી. પુસ્તક ત્યાંના એક પ્રસિદ્ધ પુસ્તકાલયમાં હતું. પણ એ ઘણું કીમતી હતું. આ વિદ્યાર્થી એ પુસ્તક પુસ્તકાલયમાંથી લઈ આવ્યો અને વાંચ્યું. તેમાં મહત્ત્વનાં ચાર ચિત્રો હતાં. એના મનમાં હતું કે તેવાં ચિત્રો બનાવી લઈશું, પણ એ બનાવવાં અશકય લાગ્યાં. અને એનાથી એ ન બનાવી શકાયાં. મનમાં થયું કે ચિત્રનાં ચાર પાનાં તફડાવવા દે ને? ઈન્કમટેક્સ ખાતાને છેતરવા નવા ચોપડા કરવા, ચોપડામાં ઘાલમેલ કરવી; એ બધું થાય છે ને! એજ મહારથીઓનો આ પુત્ર હતો ને! એટલે એને વિચાર આવ્યો :

"ચૌદસો પાનાના ગ્રંથમાંથી ચાર પાનાં તફડાવવામાં શું વાંધો? કોણ જુએ છે?" એણે પાનાં ફાડી લીધાં, અને ગ્રંથ પાછો પુસ્તકાલયમાં આપી આવ્યો. પણ પાપ કદી છુપાય છે?

> પાપ છુપાયે ના છૂપે, છૂપે તો મોટા ભાગ;
> દાબી દૂબી ના રહે, રૂઈ લપેટી આગ.

રૂથી લપેટાયેલી આગને ગમે એટલી દબાવી રાખે તો પણ ભડકો થયા વિના રહે જ નહિ. પાંચ દસ મિનિટમાં જ

ભડકો. પાપરૂપી આગ પણ બાળ્યા વિના રહેતી નથી. એ વિદ્યાર્થી ગ્રંથ આપી આવ્યો પછી ત્રણ માસ પસાર થઈ ગયા.

એક દિવસ એનો જાપાનીસ મિત્ર એને ત્યાં આવ્યો. પેલો કાંઈ કામે બહાર ગયો, અને આ મિત્ર પોતાના મિત્રને ત્યાં શું સુંદર સાહિત્ય છે, તે ફેંદવા લાગ્યો. ફેંદતાં ફેંદતાં એણે પેલાં ચાર ચિત્રો જોયાં. એણે વિચાર કર્યો કે આની પાસે આ ચિત્રો ક્યાંથી? આ તો પેલા પ્રસિદ્ધ પુસ્તકનાં ચિત્રો છે, અને એ પુસ્તક તો આ પુસ્તકાલય સિવાય ક્યાંય ન મળે. એમ વિચારી ચિત્રો ત્યાં મૂકી, એણે પુસ્તકાલયમાં તપાસ કરી, તો જણાયું કે ત્રણ માસ પહેલાં એનો મિત્ર પુસ્તક લઈ ગયેલો. અને એમાંથી ચિત્રો ફાડી લીધેલાં.

તે મિત્રે પુસ્તકાલયના અધિકારીને આ વાત જણાવી અને અધિકારીએ તપાસ કરી એ ચિત્રો પાછાં મેળવ્યાં. પણ તમે આ જાણીને ખુશી (?) થશો કે, એ પછી ત્યાં એવો એક ધારો થયો કે, 'હિંદુસ્તાનના કોઈ પણ વિદ્યાર્થીને આ પુસ્તકાલયમાંથી પુસ્તક આપવું નહિ.' કેવો નિયમ! સંયમ વિના પ્રમાણિકતા આટલી હદે પલાયન થઈ છે. માટે કહેવું પડે છે કે, હવે તો ચેતો.

## વિશ્વના કચરાને ઘરમાં ઘાલવો છે?

તમે જગતને સુધારવાની મોટી મોટી વાતો કરીને સમયને બરબાદ ન કરો. હમણાં એક વર્ષને માટે, માત્ર એક જ વર્ષને માટે, તમે બીજાને સુધારવાનું માંડી વાળો અને માત્ર તમારી જાતને જ સુધારો પછી જુઓ કે પરિણામ કેવું આવે છે! 'All are good if we are good.'

જાતને સુધાર્યા વિના બીજાને સુધારવા જશો તો તમે ય બગડશો ને તમારા સમાગમમાં આવનારને પણ બગાડશો. માટે તમે તમારા સ્થાન પર સ્થિર થાઓ.

ગ્રીસવાસી આર્કિમીડીઝ કહેતો કે, " મને ટેકા માટે હાથમાં એક દંડ મળે અને ઊભા રહેવા માટે પૃથ્વી બહાર કોઈ સ્થિર સ્થાન મળે તો હું આખા વિશ્વનું પરિવર્તન કરી શકું." અરે રે, આ માણસને આખા જીવનમાં એવું સ્થિર સ્થાન મળ્યું નહિ, તે માટે મને એના પર દયા આવે છે: પણ હું તમને કહું છું કે, તમને તો એવું સ્થિર સ્થાન આજે પણ મળી શકે તેમ છે અને તે તમારો આત્મા! આત્માના સ્થિર સ્થાન પર સંયમનો દંડ હાથમાં લઈને ઊભા થઈજાઓ. જાઓ, હું તમને કહું છું કે, સંયમના આધારથી તમે આખા જગતને ફેરવી શકશો. પછી કોઈની તાકાત નથી કે તમને કોઈ હલાવી શકે કે ડોલાવી શકે! સર્વનો માલિક આત્મા છે.

મિત્રો! આ ગપ્પ નથી, કલ્પના નથી પણ હકીકત છે. ભગવાન્ મહાવીરે સંયમના દંડથી જગત આખામાં પરિવર્તન આણ્યું, અને મૌલિક જીવનની દૃષ્ટિ આપી! પણ આ કામ એમણે ક્યારે કર્યું? કેવી રીતે કર્યું? પહેલાં એમણે પોતાની જાતનો કચરો દૂર કર્યો, પછી મહોલ્લાનો, પછી ગામનો, પછી દેશનો અને પછી વિશ્વનો! પણ આજે તો પોતાની જાતનો વિચાર કર્યા વિના આંતરરાષ્ટ્રીય દુનિયાનો કચરો કાઢવાની ધૂન સૌને લાગી છે.

એ વિશ્વનો કચરો કાઢીને પોતાના દેશમાં ઘાલવો, દેશનો કચરો તાલુકામાં, તાલુકાનો કચરો ગામમાં, ગામનો

કચરો મહોલ્લામાં અને મહોલ્લાનો કચરો પોતાના ઘરમાં : કહો કેવી ભવ્ય વ્યૂહ–રચના ! ઘરનો કચરો દરિયામાં નાખવાને બદલે વિશ્વનો કચરો ઘરમાં નાખનારને બાહોશ માનવા કે બેહોશ ? 'charity begins at home !' શુભ શરૂઆત પોતાની જાતથી જ થવી જોઈએ.

## વાણી નહિ વર્તન

જાતને સુધારવા માટે ઘણું સહન કરવું પડશે, અંતરમાં ડૂબકી મારવી પડશે, પોતાની સુંવાળી વૃત્તિઓને ખસેડવી પડશે. પળેપળ સાવધાન રહેવું પડશે અને ઊંચામાં ઊંચાં પ્રલોભનો આવી પડે તો પણ એને ફગાવી દેવાં પડશે. માત્ર વાતો કરે કાંઈ નહિ વળે. બોલનાર તો મેં ઘણાય પ્રવચનકારોને જોયા છે, એવાઓને માટે આ વાત નથી. અહીં તો જીવનમાં ઉતારનાર જોઈએ.

શ્રી સયાજીરાવ મહારાજાની અધ્યક્ષતામાં એક ભાઈ, એક જાહેર સભામાં "અહિંસા" એ વિષય પર દોઢ કલાક સુધી ઘણું સારું બોલ્યા. એ વક્તવ્ય સાંભળી સભા સ્તબ્ધ થઈ ગઈ. સભા એના પ્રવચનથી પ્રભાવિત થઈ ગઈ. ઉનાળાનો દિવસ હતો, વક્તાના શરીરે પસીનો પસીનો થઈ ગયો હતો. પસીનો લૂછવા માટે એણે ખીસ્સામાંથી રૂમાલ કાઢ્યો. ત્યાં રૂમાલ સાથે ખીસામાં રહેલું ઇંડું પણ તરત ઊછળી બહાર આવ્યું, અને પડ્યું વ્યાસપીઠ પર !

શ્રી સયાજીરાવ ગાયકવાડ વિચક્ષણ હતા. એમને ઉપસંહાર કરવાનો હતો. એમણે કહ્યું, "આ ભાઈ અહિંસા પર સારું બોલ્યા છે. બોલવાની છટા અને શક્તિ સારાં છે પણ

હિંદુસ્તાનની બરબાદી આવા વક્તાઓએ કરી છે, જે બોલે છે તેની વિરોધી દિશામાં જ એમનું જીવન હોય છે!" આ સાંભળી વક્તા ને સભા સૌ ઠરી ગયાં. મતલબ કે આવા વક્તાઓ અસર ન ઉપજાવી શકે, સ્થાયી સુવાસ ન ફેલાવી શકે.

જીવનમાં આચાર જોઈએ, સંયમ જોઈએ. ઊંચા ઊંચા મંચ પર હજારોની મેદની પાસે ત્યાગની વાણી ઉચ્ચારનાર પોતે પચાસ હજારની મોટરમાં બેસી હંકારી જતો હોય તો એની સ્થાયી અસર કેટલી થાય, તે તમે જ સમજી શકો તેમ છો.

આપણે આજના વ્યાખ્યાનમાં બે વાત કરી : બ્રહ્મચર્ય અને સદાચાર પૂર્વકની પ્રમાણિકતા! પ્રમાણિકતા એ પ્રસિદ્ધ છે. એના પર અધિક વિવેચનની જરૂર નથી. પણ બ્રહ્મચર્ય-સંયમ એ માનવજીવનનો પાયો છે. સંયમ હશે તો પ્રમાણિકતા એની મેળે આવશે, માટે મૃત્યુને ન ઇચ્છતા હો અને અમરતાને ચાહતા હો તો ઝેરવાળા અન્નની જેમ અસંયમ—સ્વેચ્છાચારને છોડો ને સંયમને સ્વીકારો.

આજે કેટલા કહે છે કે "Religion is humbug ધર્મ ગપ્પ છે" પણ હું એમને કહું છું કે You are humbug, because you do not know what religion is! તમે ગપ્પ છો. કારણ કે ધર્મ શું છે, એ તમે જાણતા નથી. ધર્મ શું છે એ જાણ્યા વિના કહેવું કે ધર્મ જુઠ્ઠો છે, એના જેવું ગપ્પ બીજું કયું હોઈ શકે?

કારણ કે ધર્મ એ બીજું કાંઈ નથી, પણ સંયમ એ જ ધર્મ છે. સંયમપુર્વકનો ધર્મ તો ભવ્ય છે, આદર્શ છે, સુખ—શાન્તિને દેનાર છે, દુઃખ—દારિદ્રને કાપનાર છે અને


જીવનમાં સુવાસને ફેલાવનાર છે.

આવા મહાન ધર્મને તમારા હૃદય–મંદિરમાં પધરાવવો હોય તો પાયાને મજબૂત કરો, ભૂમિકાને શુદ્ધ કરો.

આજના વ્યાખ્યાનમાં યુરોપ કે જાપાનનાં કેટલાક દૃષ્ટાંતો આપ્યાં છે, એ ઉપરથી તમે એમ ન માનતા કે મને ભારતવાસીઓમાં અશ્રદ્ધા છે. મને તો માનવજાતમાં પૂર્ણ શ્રદ્ધા છે. વીરની વાણી કહે છે કે એકવીશ હજાર વર્ષ સુધી ધર્મની પતાકા ભરતાદિકમાં ફરકવાની છે! એટલે માનવીના ઉજ્જવળ ભાવિ માટે મારી તીવ્ર ઝંખના છે, એટલે જ પૂર્ણ શ્રદ્ધાથી હું કહું છું કે સંયમની જાગૃતિ એ જ સાચી જાગૃતિ છે.

વ્યક્તિનો, સમાજનો, દેશનો કે વિશ્વનો ઉદ્ધાર કરવો હોય તો સંયમ પહેલાં જોઈશે–તો તમે અત્યારથી જ સંયમની સાધના માટે આત્માને સંયમિત કરી તમારી પવિત્ર સાધનામાં લાગી જાઓ.

સંયમનો પ્રકાશ આપણા અનંતના પંથને અજવાળો એવી ભાવનાપૂર્વક આજનું વ્યાખ્યાન પૂર્ણ કરવામાં આવે છે.



[૨]

# સુખની શોધમાં

**જગતમાં** દરેક પ્રાણી જીવનભર સુખની ઝંખના કરે છે. એ અપ્રાપ્ય સુખને પ્રાપ્ત કરવા માનવી જગતમાં એકે-એક ખૂણે ફરી વળે છે, ને એ સુખ પ્રાપ્ત કરવા માટે આકાશ–પાતાલ એક કરતો હોય છે, છતાં એ સાચું સુખ મેળવી શકતો નથી, કારણ કે મનુષ્ય સાચા સુખની સ્પષ્ટ વ્યાખ્યા સમજી શક્યો નથી.

સાચા સુખનું કલ્પનાચિત્ર એની પાસે સ્પષ્ટ નથી. અને એનું સ્પષ્ટ ચિત્ર ન હોવાને કારણે જ માનવી આજે દુઃખી છે. આજે જગતમાં મહાન ગણાતા માનવીને પણ પૂછી જુઓ કે સાચું સુખ તમને સાંપડ્યું છે? સાચા સુખનો આસ્વાદ તમે કર્યો છે? ત્યારે પ્રત્યુત્તર એક જ મળશે.

કે ભાઈ, તમારી જેમ અમે પણ સુખની શોધમાં જ છીએ, પણ સાચું સુખ હજુ સુધી તો મેળવી શક્યા નથી. એટલે આ રીતે માણસ હજારો ને લાખો વર્ષોથી સાચા સુખને પામવા પરિભ્રમણ કરે છે; પ્રવાસ ખેડે છે, વિપત્તિ સહે છે, છતાં સાચું સુખ મેળવી શક્યો નથી.

**અતૃપ્ત ઇચ્છા**

સાચું સુખ મેળવવા માટે મન, વચન, અને કાયા એ ત્રણ મહાન અને અદ્ભુત સાધન છે. સુખના સાધન જગતમાં ક્યાંય શોધવાની જરૂર નથી, એ તો આપણી પાસે જ છે. મન, વચન અને કાયાનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો એ દ્વારા અદ્ભુત સાચું સુખ પામી શકાય, ને એનો વિવેકવિહોણો દુરૂપયોગ થાય તો આપણા જ હાથે દુ:ખના ડુંગરા ખડકાઈ જાય. આટલા વર્ષોને અંતે પણ માણસ સુખ મેળવી શક્યો નથી. એનું કારણ એ જ છે કે સંપત્તિમાં અને વિપત્તિમાં મન, વચન ને કાયાના યોગનો સુમેળ રાખી શક્યો નથી. સુખમાં ઉન્મત્ત બન્યો ને દુ:ખમાં મૂંઝાઈ ગયો.

આ દ્વિધાભરી વૃત્તિને લીધે જ માણસનું જીવન સુખ વિહોણું ને અસમતોલ બન્યું છે. સુખ મેળવવા ઇચ્છતા પ્રાથમિક સાધકે સંપત્તિમાં ખૂબ ઉત્સાહમાં આવી ઘેલા ન બનવું, અને વિપત્તિમાં ગભરાઈને કર્તવ્યહીન કે વિવેકહીન ન બનવું, પણ તેનો અડગ ને અડોલ રહી સામનો કરવો. દુ:ખ એ પણ ઉજ્જવળ જીવન–વસ્ત્રની એક કાળી કિનાર છે. જીવનનું એક પડખું છે, એમ માની જીવનમાં સમતોલ પણું જાળવવું જોઈએ. જીવનમાં વિચારણાપૂર્વક સમતોલપણું

જળવાય તો જ મનુષ્ય સુખી થઈ શકે.

પણ કમભાગ્યે માણસની સુખની ઈચ્છા મૃગજળ જેવી છે. મૃગ જેમ ઉનાળાના દિવસોમાં ધગધગતા તાપમાં પાણી પીવા માટે વલખાં મારે છે, અને મૃગજળ જોઈ એને મેળવવા દોડે છે: છતાં પાણીનું એક બિન્દુ પણ મેળવી શકતું નથી, અને મરણને શરણ થાય છે: તેમ માણસ પણ જગતમાં ધનિક માણસનું માત્ર બાહ્ય સુખ જોઈ એમાં જ સાચા સુખની કલ્પના કરી, એ મેળવવા માટે જીવનભર દોટ મૂકે છે. છતાં પરિણામે નથી તો એ મેળવતો બાહ્ય સુખ કે નથી જાળવી શકતો પોતાનું મૂળસ્થાન. જીવનભર એ સુખ શોધવા ભમ્યા જ કરે છે.

એક ઇચ્છા પૂર્ણ ન થાય ત્યાં તો બીજા સુખની ઇચ્છા જન્મી જાય છે. બીજી ઇચ્છા પૂર્ણ કરવા માણસ પ્રયત્ન કરે છે ને અર્ધવાટે જાય છે ત્યાં વળી કોઈ ત્રીજી જ કલ્પના આવે છે. આમ માણસ એ અપૂર્ણ સુખને પૂર્ણ કરવાની વ્યર્થ ઝંખનામાં જીવન વેડફી નાખે છે. ઘણાને, પાસે કાંઈ ન હોય ત્યારે લાખ મેળવવાની ઇચ્છા જાગે છે, લાખ મળે એટલે દશ લાખ મેળવવા પ્રયત્ન કરે છે, દશ લાખ મળે એટલે ક્રોડ મેળવવા વલખાં મારે, ને ક્રોડ મળે એટલે દસ ક્રોડ મેળવવા ટળવળે–આમ ઇચ્છાઓની ઘટમાળ ચાલ્યા જ કરે, પણ ઇચ્છાઓનો અન્ત ન આવે.

અતૃપ્ત માનસને લીધે માનવીને સાચું સુખ ન મળે, એ સહજ છે. પૈસો એ જ આદર્શ છે ને પૈસામાં જ સાચું સુખ છુપાયેલું છે, એવું માનસ ને સિદ્ધાંત ઘડાઈ જાય એટલે

કહેવું જ પડે, કે તમારી સુખની કલ્પનાઓ ભ્રામક ને ખોટી છે, અવાસ્તવિક ને અસિદ્ધાન્તિક છે, એ કલ્પનાની ધરમૂળથી ક્રાન્તિ કરવાની જરૂર છે, એ વિના માનવજાતિ સુખની શોધમાં જિંદગી હારી બેસશે.

જગતમાં સુખનાં સ્વપ્ન સેવનારા વિવિધ પ્રકારના મનુષ્યો વસે છે. કોઈને ખૂબ જ ધન મેળવવાની ઇચ્છા હોય છે; તો કોઈને પુત્ર મેળવવાની ઝંખના હોય છે, કોઈને પ્રિયજન મેળવવાનો તલસાટ હોય છે, કોઈને કીર્તિ પ્રાપ્ત કરવાની અભિલાષા હોય છે. તો કોઈ ને સત્તાનું સિંહાસન પ્રાપ્ત કરવાની મહેચ્છા હોય છે. ઐહિક સુખની, આવી ક્ષણિક એષણાઓ હોય છે, તેમ સાથે સાથે અનેક પ્રકારની અર્થહીન ચિન્તાઓ પણ વસેલી હોય છે.

વિદ્યાના ક્ષેત્રમાં હોય તો કોઈ બેરિસ્ટર અગર કોઈ મોટી ડિગ્રી મેળવે તો બીજાને અદેખાઈ આવે છે, વેપારના ક્ષેત્રમાં હોય તો કોઈ ખૂબ પૈસાદાર થાય અગર વેપારમાં ફાવી જાય તો બીજાને ઈર્ષા થાય છે. રાજકારણમાં હોય તો કોઈ પ્રધાન થાય અગર ઊંચા હોદ્દા પર જાય તો બીજાને બળતરા થાય છે. ત્યાગવિહોણી સાધુ–સંસ્થામાં હોય તો કોઈ પૂજાય અગર લોકમાન્ય થાય ત્યારે અન્યને એ જોઈને અંગેઅંગમાં અગન લાગે છે–એમ માણસ જેમ વાસ્તવિક સુખ સમજી શકતો નથી, ને મેળવી શકતો નથી; તેમ અન્યનું બાહ્ય સુખ શાન્તિથી જોઈ પણ શકતો નથી.

માનવીની દૃષ્ટિ આજે વિકૃત બની છે, એણે સુખને જોવા માટે પહેરેલાં ચશ્મા સાવ ઊંધા છે, એ ઊંધા ચશ્માને

લીધે સુખને જોઈ શકતો નથી ને દુઃખીનો વિચાર સરખો પણ કરી શકતો નથી.

દાદરો ઊતરનાર જેમ નીચે જોઈને ઊતરે તો એ સુખેથી દાદર ઊતરી જાય છે, તેમ સંસારમાં સુખપૂર્વક જીવવું હોય તો આપણાથી નીચી કક્ષાના ગરીબો કઈ રીતે જીવન જીવે છે તે જોવાની જરૂર છે. ઊંચે જોઇને દાદર ઊતરનાર જેમ ગબડ્યા વિના રહેતો જ નથી, તેમ પોતાનાથી સુખી કોણ છે એ જ જોયા કરનાર માણસ પણ સુખી બની શકતો નથી, તે દુઃખી થાય છે. જીવન પંથમાં ગબડી જાય છે, માટે સાચા સુખને શોધનાર માણસે દુઃખી જગત ઉપર પણ એક વાર નજર નાખવાની જરૂર છે.

જગત આજે દુઃખથી ભરેલું છે. કેટલાય એવા મનુષ્યો છે કે જેઓ પેટનો ખાડો પૂરવા માટે દિવસભર કાળી મજૂરી કરે છે, છતાં એ મનુષ્યો પેટ પૂરતું ખાવાનું અન્ન પણ મેળવી શકતા નથી. શરીર ઢાંકવા માટે પૂરતાં વસ્ત્રો પણ મેળવી શકતા નથી, માંદગીમાં રિબાતા હોય છતાં દવાનું એક બિન્દુ પણ મેળવી શકતા નથી, નિરાધાર રખડતા હોય છતાં રહેવા એક ઝુંપડું પણ પામી શકતા નથી.

અરે ! કૂતરાને તો રહેવા બખોલ હોય, પણ કેટલાક માણસોને તો આજે રહેવા એ પણ નથી, ઉપર આકાશ ને નીચે ધરતી ! આવા દૃશ્યો જોવા છતાં એમના દુઃખનો વિચાર સરખો કર્યા વિના દરેક માણસ પોતાના જ દુઃખની વાત કહે છે, બીજાની ગરીબી ને બીજાના દુઃખનો વિચાર ન હોવાને કારણે, સમૃદ્ધ માણસ પણ ભીખારીના જેવી દીન

વાતો કરતો નજરે પડે છે. તેવે સમયે મનમાં થાય કે આ પોતે સમૃદ્ધ હોવા છતાં પોતાની જાતને સુખી નથી બનાવી શકતો, તો બીજાને સુખી બનાવે શી રીતે? અને એવા પાસેથી સુખની આશા રખાય પણ શી રીતે?

આજનું આપણું આ દેખાતું સુખ એ લગ્નપ્રસંગ પર ઉછીના લાવેલાં દાગીના જેવું છે. આ ભાડૂતી સુખને લીધે આપણે ઉન્મત્ત બન્યા છીએ; પણ આપણે જીવનમાં ઊંડો વિચાર કરવો જોઈએ,' કે આ આપણી પાસે આવેલી વસ્તુઓ પોતાની છે કે માગી લાવેલી છે? જો માગી લાવેલી હોય તો આ ગર્વ શા માટે? આ ક્ષણભંગુર વસ્તુઓ પર મુસ્તાક થઈને જીવન હારી ન જવાય, માટે આપણે આપણા આત્માને એક સીધો પ્રશ્ન પૂછવો જોઈએ આપણે જે માન મેળવીએ છીએ, જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીએ છીએ, તે શું આપણા આત્મિક વ્યક્તિત્વના પ્રભાવથી મેળવીએ છીએ?

તો નકારમાં જ ઉત્તર આવશે.

આપણી કોઈ પ્રશંસા કરે કે કોઈ ખૂબ વખાણ કરે એટલે આપણી છાતી ગજગજ પહોળી થાય છે, ને મનમાં ગલીપચી થાય છે. પણ ઊંડો વિચાર કરતાં માલુમ પડશે કે એ બધી વસ્તુઓ બહારની છે. બાહ્ય આડંબરને લીધે માન ને સ્થાન મળે છે, એ વસ્તુઓ આપણી નથી. આપણી પાસેથી ક્યારે જતી રહે તેનો ભરોસો પણ નથી; માટે માણસે એવી રીતે પૂર્ણતા, પ્રતિષ્ઠા, સુખ ને આનંદ મેળવવાં જોઈએ કે આ બધી ક્ષણિક વસ્તુઓ કદાચ ચાલી જાય તો પણ માણસાઈ હંમેશાં દીપતી રહે અને આપણા સુખને દુઃખનો પટ ન લાગે?

આજે માણસ જે જે ભૌતિક સુંદર પદાર્થો જુએ છે, તે તે મેળવવા યત્ન કરે છે, અને એમાં જ પૂર્ણ આનંદ માને છે; પરન્તુ એનાં પરિણામોની ભયંકરતાનો વિચાર કદી કરતો નથી. ઇચ્છાઓ ને આશાઓના પૂરમાં માણસ જીવનભર તણાયે જ જાય છે. એ પ્રવાહમાં તણાતો માણસ પોતાના ધારેલા સ્થાને પહોંચી શકતો નથી, સેવેલા આદર્શને પામી શકતો નથી, ને ભાડૂતી માણસની જેમ જીવન પૂરું કરે છે.

મિત્રો ! સાચા સુખની શોધમાં નીકળ્યા છો તો ખૂબ ગંભીર બની વિચાર કરો. બાહ્ય વસ્તુઓ તમને વાસ્તવિક શાન્તિ આપશે ખરી ? આડંબરથી મેળવેલી પ્રતિષ્ઠા ને પૂજા તમારી વિદાય વેળાએ મુખ પર સ્મિતની સુરખી લાવશે ખરી ? બોલો ! તમે સુખ મેળવવા ખૂબ વર્ષો ખર્ચ્યાં છે અને હજુ ખર્ચો છો. આ પ્રસંગે હું તમને એક પ્રસંગ યાદ કરાવું, જે જગમશહૂર છે.

એક વખત એવો હતો કે હિટલરનાં માન અને સ્થાનની જગતના સત્તાધીશોને ઈર્ષા આવતી, એ જ હિટલરનો આજે પત્તો પણ નથી. થોડાં જ વર્ષ પૂર્વે એ આખા વિશ્વને ધ્રૂજાવતો હતો. એની પાસે લાખ્ખો રણવીર યોદ્ધાઓ હતા, મહાન મુત્સદ્દીઓ હતા, મર્દ સેનાનીઓ હતા, અજોડ વ્યૂહરચયિતાઓ હતા, ચિંતક પ્રચારકો હતા, અને એની પાસે અનેકવિધ આધુનિક યુદ્ધની વિશાળ ને વિરાટ સામગ્રી હતી. એના વચન પર આખું જર્મની પોતાનું ઊનું ઊનું લોહી રેડવા તૈયાર હતું.

જગત કહેતું કે હિટલરનો જય જ હોય, પરાજય

તો સ્વપ્નમાં પણ ન હોય! પણ એ જ જગતને સાંભળવું પડ્યું ને જોવું પડ્યું કે જગતનો એ અજોડ સત્તાધીશ હિટલર ઘડીના છઠ્ઠા ભાગમાં ક્યાંય ફેંકાઈ ગયો. એનું આજે વિશ્વના પટ પર નામનિશાન પણ નથી–એનું નામ ભૂંસાઈ ગયું. એની પાછળ એના સ્મરણની એક ખાંભી ઊભી કરનાર પણ કોઈ નથી. કહો. જે સુખને માટે લોકો ઈર્ષાની અગનમાં બળતા હતા, એ હિટલર અને એનું સુખ ક્યાં ગયાં? દુનિયાના કોઈપણ માણસને કહેવું જ પડશે, કે એ સુખ પોતાનું ન હતું, પણ પારકું હતું. માગી લાવેલું હતું–ક્ષણભંગુર હતું–સંધ્યાના રંગ જેવું અલ્પજીવી હતું!

**રડતા આવ્યા પણ હસતા જાઓ**

એક કવિ કહે છે:

**'જબ તુમ આયે જગતમેં, જગત હસત તુમ રોત;**
**અબ કરણી ઐસી કરો, તુમ હસત જગ રોત.'**

આ ચાર પંક્તિઓ પર જરા વિચાર કરો. આપણે જગતમાં આવ્યા, જન્મ લીધો ત્યારે રડતા હતા, તે વખતે આપણો નિર્દોષ કાળ હતો. નિર્દોષ જીવનને લીધે આપણે શું કરીએ છીએ, એ આપણે જાણતા નહોતા, આપણે શા માટે આવ્યા છીએ? સુખ શું? ને વાસ્તવિક સુખનાં સ્વપ્નાં શાં? એ આપણે સ્થૂલ રીતે સમજતા નહોતા એટલે રડતા હતા. એ સમયે નિર્દોષ બાળકોને જોઈ ઘરનાં ને ગામનાં માણસો હસતાં હતાં, કારણ કે શેઠને ત્યાં પુત્ર જન્મે એટલે આનંદજન્ય હાસ્ય જ હોય ને? પણ હવે તો આપણે સમજણા થયા, વિચારક થયા, વેપારી થયા, પ્રૌઢ બુદ્ધિવાળા થયા. હવે દુનિયા

એ રીતે છોડવી કે આપણાં મોં પર સદ્કર્તવ્યોનું ને જિંદગી સફળ કર્યાનું સ્મિત હોય, આનન્દ હોય, સંતોષની રેખા મોં પર ઉપસતી હોય, સંતોષનો પ્રકાશ મોં પર ચળકાટ મારતો હોય અને આપણાં સદ્કર્તવ્યો ને સદ્ગુણોને યાદ કરી લોકો અશ્રુનો પ્રવાહ વહાવતા હોય. આ રીતે મરણ થાય તો જાણવું કે જિંદગી મેળવી તો કેળવી!

પણ તે સમયે હાય, હાય! મારું શું થશે? મારી મિલકતનું શું થશે? મારા કુટુમ્બનું શું થશે? એવા જો દૈન્યતા ભર્યા શબ્દો ને ઉદ્ગારો નીકળ્યા તો સમજવું કે જિંદગી મેળવી પણ કેળવી નહિ. અને કેળવ્યા વિનાની જિંદગી તો દીર્ઘ હોય તો પણ વન્ધ્ય જ છે.

તત્ત્વચિન્તક કહે છે: જેમ માણસ જૂનાં કપડાં છોડે ને નવાં કપડાં પહેરે છે, તેમ માનવ જીર્ણ શરીરને છોડીને નૂતન શરીર ધારણ કરે છે. જેમ જૂનાં વસ્ત્રો છોડીને નવાં કપડાં પહેરતાં માણસને આનંદ આવે છે, તેમ જીર્ણ શરીર છોડતાં ને નવાં શરીરને ધારણ કરતાં પણ આનંદ થવો જોઈએ, સાચા સુખનું લક્ષણ આ જ છે.

જૂનું શરીર એટલે અનાદિનો આ સંસાર અને નૂતન શરીર એટલે આદિ અનંત મોક્ષ!

આવો અપૂર્વ મોક્ષ મેળવતાં જીવનના સાચા પ્રવાસીને તો આનંદ જ થાય, કારણ કે એનું ભવભ્રમણ ટળે છે, પણ લોકો આજે મરણથી ગભરાય છે, એનું કારણ એ છે કે એ જાણે છે કે જીવનમાં કાંઈ સાચી વસ્તુ મેળવી નથી, કાંઈ સદ્કર્તવ્ય કર્યું નથી, દાન દીધું નથી, શિયળ

પાળ્યું નથી, તપ કર્યાં નથી, ને ભાવના ભાવી નથી, એટલે અહીંથી મરીને બીજી ગતિમાં ગયા એટલે આ બધું ખલાસ ! નવું વસ્ત્ર તો નહીં મળે, પણ આ જૂનું વસ્ત્ર પણ નહીં રહે, અને નિરાધાર રીતે નરકમાં ને તિર્યંચમાં ભટકવું પડશે. ને તાપમાં ઉઘાડા ટળવળવું પડશે. આજ કારણે માણસો મરણથી ગભરાય છે.

માણસ પાસે સત્તા, સિંહાસન કે ક્રોડ રૂપિયા હોય તો પણ એ આત્મિક વૈભવ વિના સુખી હોતો નથી. બહાર એ ભલે સુખી દેખાતો હોય પણ એના આંતરિક જીવનમાં અશાંતિનો દાવાનળ સળગતો હોય છે, ચિન્તાઓ એના પર ગીધડાંની જેમ ભમતી હોય છે, એ ફફડાટ એના હૈયાને કીડાની જેમ કોરી ખાતો હોય છે, માટે જ કહું છું કે આજની તમારી સુખની કલ્પના અવાસ્તવિકતામાંથી જન્મેલી છે.

સુખ, પૈસા કે વસ્તુમાં નહીં, પણ આપણા હૃદયમાં હોવું જોઈએ. આપણા હૃદયમાં સુખ હશે, તો જગતની દરેક વસ્તુ આનંદના બજાર જેવી લાગશે. એટલે જ જીવનશોધકોએ કહ્યું કે આપણો આનંદ આપણા હૈયામાં પોઢેલો છે, આપણા હૈયામાં આનંદનું સરોવર ભરેલું પડ્યું છે ! પણ અન્ધ મન એ જોઈ શકતું નથી, ને તરસ્યું બની આખા વિશ્વમાં આનંદ-જળ પીવા દોડે છે, જેમ કસ્તૂરી મૃગની ડૂંટીમાં જ હોય છે, પણ એ જાણતું નથી, તેથી આખા વનમાં ભટકે છે. જે દિશાથી પવન આવે છે એ દિશા તરફ દોડે છે, અને માને છે કે એ દિશામાં કસ્તૂરી હશે, પણ ખરી રીતે એ એની પોતાની પાસે જ છે.

આજે આખા વિશ્વમાં પણ આમ જ બની રહ્યું છે.

જગત, બહાર સુખ શોધે છે, પણ અંતરમાં તો કદી તલાસ કરતું જ નથી. સાચું સુખ મેળવવું હોય તો બાહ્ય પદાર્થોમાંથી મન વાળવું જોઈએ, ઇન્દ્રિયો પર વિજય મેળવવો જોઈએ, જીવનમંથન કરવું જોઈએ. ચિત્ત સ્થિર બનાવવું જોઈએ અને મનના વધતા વેગને અટકાવવા આત્મનિરીક્ષણ કરવું જોઈએ. આ રીતે સાધના કરીશું તો જ આપણે સાચું સુખ મેળવી શકીશું.

## આજનો ચેપી રોગ

આત્મિક સુખને પૂર્ણ રીતે નહીં સમજનાર જાપાનીસોએ પણ ઇંદ્રિયજય માટે અનેક પ્રયોગો કર્યા છે. જાપાનના ટોકિયો શહેરના ત્રણ દરવાજા પર ત્રણ મહાકાય વાંદરાંનાં પૂતળાં મૂક્યાં છે. એ ત્રણે પૂતળાં ઇંદ્રિયજયનો બોધપાઠ આપે છે.

એક વાંદરાએ આંખ બંધ કરી છે. આંખ બંધ કરીને એ એમ કહેવા માગે છે, કે સારી વસ્તુઓ જોજો, અને ખરાબ વસ્તુઓ જોવાનો પ્રસંગ આવે તો મારી જેમ આંખ બંધ કરજો. બીજા વાંદરાએ પોતાના કાન બંધ કર્યા છે, એ એમ ચેતવે છે કે સારી વાત સાંભળવાનો પ્રસંગ આવે તો સાંભળજો, અને ખરાબ વાત સાંભળવાની વેળા આવે તો મારી જેમ કાન બંધ કરજો. ત્રીજા વાંદરાએ પોતાનું મોઢું બંધ કર્યું છે. એ એમ સૂચવે છે કે સારું બોલવું, અને ખરાબ બોલવાનો પ્રસંગ આવે કે નિન્દા કરવાની વેળા આવે તો મારી જેમ મોં બંધ કરી મૌન સેવવું. બાહ્ય રીતે આ ત્રણે ઇંદ્રિયો પર વિજય મેળવનાર પણ સુખ મેળવે છે. તો સંપૂર્ણ રીતે ઇંદ્રિયો પર કાબૂ આવી જાય તો સાચું સુખ

મળે એમાં આશ્ચર્ય પણ શું છે?

પણ આજે લોકોને જીહવા–ઇંદ્રિય ઉપર કાબૂ નથી. નિન્દા કરવાની ટેવ પડી ગઈ છે. આજે એકનું વાટે, આવતી કાલે બીજાનું વાટે, પરમ દિવસે ત્રીજાનું વાટે. આમ વાટ, વાટ, ને વાટ, બસ વાટવાની જ ટેવ પડી છે! પણ કોઈના સદ્‌ગુણ ગાવા કે પ્રશંસા કરવી એની તો ટેવ જ નથી. યાદ રાખજો કે નિન્દા એ બહુ જ બૂરી ચીજ છે. નિન્દા એ આજનો એક જાતનો માનસિક ચેપી રોગ છે. માણસ જેમ નિન્દા કરતો જાય તેમ એ રોગ અભિવૃદ્ધિ પામતો જાય.

ખરજવું થયું હોય છે તેને વારંવાર ચળ આવે છે. ને માણસ જેમ જેમ ખણતો જાય છે તેમ તેમ ચળ ઘટવાને બદલે વધતી જાય છે; તેવી જ રીતે નિન્દાને માટે પણ કહી શકાય. ખૂજલીવાળો ઘણું ખણીને અંતે વિકૃત બને છે; તેમ નિન્દક પણ પારકી નિન્દા કરી પોતાના જીવનને વિકૃત બનાવે છે. ખૂજલી થઈ હોય ત્યારે નાના છોકરાઓને હાથે લૂગડાં બાંધો છો ને? તેમ હવે નિન્દકના મોઢે પણ કપડાના પાટા બાંધવાની જરૂર છે, કારણ કે નિન્દકો પણ બાળકની જેમ અજ્ઞાન છે. નિન્દકો નિન્દા કરીને સુખ મેળવતા નથી, પણ સુખ ખોઈ રહ્યા છે માટે સુખના શોધકોએ વાચા આદિ ઇંદ્રિયો પર કાબૂ–વિજય મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

તમે જોઈ ગયા કે ઇંદ્રિયોં પર સંયમ ને બાહ્ય વસ્તુઓનો ત્યાગ, આ બે વસ્તુઓ દ્વારા સુખનો સાક્ષાત્કાર થાય છે. એમાં પણ ત્યાગથી જે જીવન–તૃપ્તિ થાય છે તે અલૌકિક છે. એ માટે પ્રભુ શ્રી મહાવીરદેવનું જીવન આપણને દૃષ્ટાંતરૂપ

છે. તે જ રીતે શ્રી રામચંદ્રજીનો જીવનપ્રસંગ આદર્શરૂપ છે. આ પ્રસંગ ભવ્ય છતાં કરુણ છે ! ત્યાગનો આ પ્રસંગ સાંભળતાં આપણાં હૈયાં ભરાઈ જાય છે, ને નયન આંસુથી છલકાઈ જાય છે : પણ આમાંથી તો આપણે પ્રેરણા લેવાની છે. આ પ્રસંગ આપણને એ જ સૂચવે છે કે આશા–અભિલાષાને કચડીને પણ જે ત્યાગ કરે છે, તે ઉચ્ચ આદર્શના શિખરે પહોંચે છે. જો આશા કે અભિલાષા વિના જ સંપૂર્ણ ત્યાગ કરાય, તો તો પછી પૂછવું જ શું ?

આ પ્રસંગ ગંભીર રીતે વિચારજો. સુખ રાજ્યમાં હતું કે વનમાં ? ભોગમાં હતું કે ત્યાગમાં ? સિંહાસનમાં હતું કે હૈયામાં ? હૈયામાં આનંદ ન હોત તો રામનું તેજ પળે હૃદય બંધ પડી જાત, પણ એવું કાંઈ ન થયું. પણ ઉલટો સાપ કાંચળી ઉતારીને ચાલ્યો જાય તેમ રાજ્યમોહ છોડી એ વનમાં ચાલતા થયા. કારણ કે એ જાણતા હતા કે ત્યાગ જો હૈયામાં હશે તો જીવન સદા સુખથી છલોછલ ભરેલું જ રહેશે. માટે કહું છું કે ઇંદ્રિયો પર કાબૂ મેળ-વવાથી આત્મા શાન્ત બને છે, ને ત્યાગ કરવાથી આત્મા નિર્લેપ બને છે–આ બે અજોડ સાધનોના પ્રતાપે આત્મા, આત્મામાં જ સુખનો ખજાનો જુએ છે.



[ ૩ ]

# જાગ, ઓ સપૂત!

ઓ પ્રતાપી પૂર્વજોના સપૂત! જાગ! ઊભો થઈ જા! જરા આંખ ખોલીને તો જો! તારી જ નજર સામે દીન, હીન, અનાથ ને ગરીબ માનવો અન્ન વિના ટળવળતા હોય, ત્યારે તું ત્રણ ટંક સુંદર ને સ્વાદિષ્ટ ભોજન, ઠંડે કલેજે કેમ આરોગી શકે ?

તારી બાજુમાં જ વસતા તારા ભાંડુઓને લાજ ઢાંકવા પૂરતું વસ્ત્ર પણ ન મળતું હોય ત્યારે તું દયાવાન કહેવાતો, સુંદર વસ્ત્રોમાં સજ્જ બની મહાલી કેમ શકે?

તારા જ ભાઈઓ વેર ઝેર, દ્વેષની મહાજ્વાળામાં સળગતા હોય ત્યારે તું વિલાસ ને વિનોદની માદક શય્યામાં પોઢી કેમ શકે ?

આ જોતાં તારું ખૂન આજે વિલાસની જડતાથી ઠંડું પડી ગયું છે, એમ તને નથી લાગતું ? તું તારા પુનિત પિતા

શ્રી મહાવીરના સિદ્ધાન્તોનો દ્રોહ તો નથી કરતો ને? તારા હાથે આવું ક્રૂર પાપ થાય એ હું ઇચ્છતો નથી. હું ઇચ્છું છું તારા અમર વિજયને !

કારણ કે તું જૈન છે ! તારી પાસે બે પાંખો છેઃ અહિંસા અને સત્ય ! આ બે પાંખો કપાઇ જતાં તું જૈન મટી "જન" બની જઈશ ! તારી શોભા આ બે દિવ્ય પાંખોમાં જ છે.આ બે માત્રા તને શ્રેષ્ઠ બનાવનારી છે! તને ગગનવિહારી બનાવનારી છે!

આ અહિંસા ને સત્યની પાંખોથી તું હિંસાના ભડાકાથી સળગતી દુનિયા પર પરિભ્રમણ કરી શકીશ, વિશ્વને પ્રેમ ને શાન્તિનો સંદેશ પાઠવી શકીશ, શાન્તિનો દૂત બની શકીશ, માટે સાવધાન થા ! આ બે પાંખો કપાઈ ગઇ તો સમજજે કે તું પંગુ છે, લંગડો છે. તારી આ બે પ્રિય આંખો પ્રમાદથી રખે કપાઈ ન જાય, માટે જાગૃત બન ! ઝોકાં ખાવાં છોડી દે ! આમ બગાસાં ખાધે ને નિર્માલ્ય જીવન જીવે મુક્તિ નહિ મળે ! મુક્તિ મેળવનાર શ્રી મહાવીરને તું યાદ કર. એણે કેવાં મહાન્ શુભ કાર્યો કર્યાં હતાં ! જો—

જેણે ધૈર્યપૂર્વક નર–પિશાચનો સામનો કરી, ભયભીતને નિર્ભય બનાવી અને માનવમાં રહેલી અખૂટ શક્તિનો પરચો બતાવી **મહાવીરપદ** પ્રાપ્ત કર્યું હતું.

જેણે સાંવત્સરિક દાન દઈ અઢળક સંપત્તિ વર્ષાવી અને દીન, હીન, અનાથ ને ગરીબોને યથાયોગ્ય દાન વડે સુખી બનાવી–**દાનવીર**પદ વિભૂષિત કર્યું હતું.

જેણે વૈભવોથી છલકાતા રાજમંદિરોને છોડી, પોતાના પ્યારા પ્રિયજનોથી વિખૂટા પડી, અને મહામોહનો પરાજય

કરી **ત્યાગવીર**પદ સુશોભિત કર્યું હતું.

**જેણે** ગિરિકન્દરાઓમાં ધ્યાનમગ્ન રહી, વાસનાઓનો નાશ કરી અને ઇંદ્રિયો પર વિજય મેળવી **શૂરવીર**પદ શોભાવ્યું હતું.

જેણે અહિંસા, સત્ય, અસ્તેય, સંયમ ને અકિંચનત્વને પોતાના જીવનમાં વણી, એનો જ પ્રચાર આજીવન કરી અને માનવતાની સોડમ મહેકાવી–**ધર્મવીર**પદ અલંકૃત કર્યું હતું. એ જ નરવીરનો તું પુત્ર !'

જેના નામથી પ્રેરણાનો દીપક પ્રકટે, એ મહાવીરનો પુત્ર બની, તું આમ નિર્માલ્ય જીવન જીવે, એ તને શોભે ખરું ! ઊઠ ! પ્રાણવાન થા ! તારા નિર્માલ્ય જીવનમાં મહાપ્રાણ ફૂંક ! તારા ધ્વનિથી દિશાઓ કંપી જાય એવી જય ઘોષણા કર ! પાપના પડદા ચીરાઈ જાય એવું તેજ તારી આંખોમાં લાવ ! હિમ્મતને ઉત્સાહથી આગે કદમ ભર ! તારી અદમ્ય શક્તિઓનો પરચો જગતને બતાવ ! પ્રભુ મહાવીરના સિદ્ધાન્તોને અણનમ નિશ્ચયપૂર્વક જીવનમાં ઉતારી, એમને અમર બનાવ ! ખાલી વાયડી વાતો ના કર.

આચારવિહોણા ભાષણોથી કાંઈ વળે તેમ નથી. એવાં નિર્માલ્ય ભાષણો સાંભળી– સાંભળીને પ્રજા ત્રાસી ગઈ છે ! માટે લાંબા–પહોળા હાથ કરવા મૂકી દે અને એવું આચરણ કરી બતાવ કે તારું નિર્મળ ચરિત્ર જોઈ દુનિયા દ્દિંગ બની જાય !

કડક શિસ્ત કેળવ. જીવન–વિકાસમાં નડતર કરતી વાસનાઓ સામે બળવો પોકાર. વાસનાઓનો સમૂળગો નાશ કર ! આ તારા વિકાસના માર્ગમાં અન્તરાય કરનારને ઉખેડીને ફેંકી દે. જરા પણ ગભરાઇશ નહિ. કોઇથી અંજાતો નહિ.

કોઈની શેહમાં તણાતો નહિ! જા! એક પળની પણ વાર કર્યા વિના અહિંસા ને સત્યના સિદ્ધાન્તોને વિશ્વમાં વિકસાવવાના તારા આ મહા-કાર્યમાં લાગી જા.

પણ યાદ રાખજે! નૈતિક સંયમથી બરાબર કમરકસીનેજ આ માર્ગે પ્રયાણ કરજે. સંયમમાં જરા પણ શિથિલતા ન પ્રવેશી જાય તે માટે પૂર્ણ કાળજી રાખજે. વાસનાઓ તારા પર વિજય ન મેળવી જાય તે માટે ચારિત્રની મજબૂત કિલ્લેબંધી કરીને, અવિરત જાગૃતિપૂર્વક જીવન-વિકાસના આ મહાપંથે વિહરજે.

વીજળીના ઝબકારા થાય કે વિપત્તિના વંટોળિયા વાય; બ્રહ્માંડના કાન ફોડી નાખે એવા કડાકા-ભડાકા થાય કે પ્રલયના મેઘની ગર્જનાઓ થાય; તોય તારા નિશ્ચિત પંથને છોડીશ નહિ. નિશ્ચિત કરેલા ધ્યેયને પહોંચતાં પહેલાં એક ડગલું પણ માર્ગથી ખસવું એ મહાપાપ છે. એ દિવ્ય સંદેશને ભૂલતો નહિ! વિશ્વમાં એવી કોઈ શક્તિ નથી કે જે તારા નિશ્ચિત ધ્યેયથી તને ચલિત કરે; તારી વિરાટ શક્તિઓ જોઈ સાગર પણ તને માર્ગ આપશે!

આ કલ્પના નથી. વાક્‌પટુતા કે લેખનકળા નથી; પણ કેવળ સત્ય છે, નક્કર છે, વાસ્તવિક છે. આવું બન્યું છે, બને છે અને બનશે. માત્ર શ્રદ્ધાની જ આવશ્યક્તા છે. વિજયશ્રી આત્મશ્રદ્ધાવાન મહામાનવને જ વરે છે.

આ માર્ગમાં કાંટા પણ છે ને કીચડ પણ છે; કાંટાથી કંટાળી ન જવાય અને કીચડમાં ખૂંચી ન જવાય તે માટે સચેત રહેજે. વિપત્તિના સમયમાં યાદ કરજે તારા આત્માની

અનંત વિરાટ શક્તિઓને! તારી વીર-ગર્જનાથી વિપત્તિઓ કંપી ઊઠશે, ઇંદ્રિયો ધ્રૂજી ઊઠશે, વાસનાઓ બળીને ખાખ થશે, અંધકાર નાશ પામશે, અનંત પ્રકાશથી ઝળહળતો દીપક તારા પંથમાં પ્રકાશ પાથરશે અને પ્રકૃતિ મધુર સ્મિત કરી તારું સુસ્વાગતમ્ કરશે!

પ્યારા અમૃતના ભોક્તા આત્મન્! અધિક તને શું કહું? તારું વિરાટ રૂપ વિશ્વને દેખાડ!

વહાલા શક્તિઓના ભંડાર આત્મન્! તારી શક્તિઓના ભંડારમાંનું એક અમૂલ્ય રત્ન વિશ્વના ચોગાનમાં મૂક!

પ્રકાશમાં વિહરનાર પ્રિય આત્મન્! તારા શાશ્વત પ્રકાશનું એક કૃપાકિરણ આ વિશ્વ પર ફેંક! વિશ્વ તારા જ્વલન્ત પ્રકાશ માટે ઝંખી રહ્યું છે,

વીરનો સપૂત આ કામ નહિ કરે તો પછી કોણ કરશે?

માટે આજે જ દીપાવલિના પતિતપાવન દિવસે અણનમ નિશ્ચયપૂર્વક ભર કદમ વિજયકૂચ ભણી!



[૪]

# ધર્મ કહેવો કોને?

**માણસ** સવારમાં દાંત સાફ કરી આરસીમાં મોઢું જુએ છે. બપોરે જમીને બજારમાં જતી વખતે પણ મુખને દર્પણમાં જોઈને બજારમાં જાય છે, ને સાંજે બજારમાંથી આવીને પણ કાચમાં પોતાના મુખડાને ધારી ધારીને જુએ છે. આ જહેમત શા માટે? માણસને એમ છે કે મારાં મોં ઉપર ક્યાંય ડાઘ તો નથી લાગ્યો ને? અને હું પોતે કેવો દેખાઉં છું? પણ આરસીમાં મુખ જોતી વખતે કોઈનેય એવો વિચાર નથી આવતો કે આ આરસીમાં દેખાઉં છું તે હું નથી, પણ જોનાર એ હું છું. આ દેખાય છે, એ પ્રતિબિમ્બ મારા આત્માનું નથી, પણ શરીરનું છે, આરસીમાં દેખાય છે એ માલ નથી, પણ બારદાન છે.

શરીરના સૌન્દર્યને હું મારું સૌંદર્ય માની બેઠો છું

અને મારું સૌન્દર્ય હું વીસરી ગયો છું. જે શરીર નાશવંત છે, અહીં જ જેને મૂકીને જવાનું છે, જે બળી જવાનું છે, રાખ થઈને ઊડી જવાનું છે, એના અવલોકનમાં કલાકોના કલાકો નીકળી જાય છે : અને જે આત્મા શાશ્વત છે, કરેલા કર્મનો ભોક્તા છે, એના માટે આપણને જરા વિચાર સરખો ય ન આવે; આ કેવું આશ્ચર્ય ?

અનાજ કેવું છે એનો વિચાર આવતો નથી અને ફોતરાં માટે માથાફૂટ થઈ રહી છે. શરીર ઉપર લાગેલા ડાઘને જુએ છે, પણ આત્મા પર લાગેલા ડાઘનો વિચાર કેમ આવતો નથી ? શરીરનો ડાઘ તો પાણી ને સાબુથી ધોઈ શકાશે, પણ આત્મા પર લાગેલા ડાઘ તો આપણા લોહીનાં આંસુથી પણ નહિ ધોવાય !

મોં ઉપર લાગેલા ડાઘને બતાવનાર આરસી તો અનેક ઠેકાણે મળશે, પણ આત્મા પર લાગેલા ડાઘને ચીંધનાર–બતાવનાર કોણ ? પોતાના મુખની કદરૂપતા માટે માણસ શરમાય છે, એ કદરૂપતાને ટાળવા અનેક પ્રયત્નો કરે છે, પણ આત્માની કદરૂપતા પળે પળે વધી રહી છે, અને આ કદરૂપા મુખને લઈ હું વિભુના પવિત્ર ધામમાં કઈ રીતે જઈશ, એના માટે ચિન્તા કરનારા કેટલા છે ?

જ્યાં અનન્તા નિર્મળ આત્માઓ બિરાજે છે, એવા સિદ્ધોના પવિત્ર ધામમાં જવા માટે આ આત્મા લાયક છે ખરો ? આરસીમાં જે મુખ ધારી ધારીને જોવાય છે, એ મુખ ઉપર વિશ્વાસઘાત, અસત્ય, અસંયમ, અનીતિના કેટલા અપવિત્ર ડાઘ લાગેલા છે ? છતાં માનવી ગર્વ કરીને ફરે છે !

પોતાના સ્થૂલ સૌન્દર્યને આરસીમાં જોઈ મલકાય છે! અંતરનું રૂપ, આત્માનું સૌન્દર્ય અને પવિત્ર જીવનનું લાવણ્ય ભુલાયું, એનું જ આ દુઃખદ પરિણામ છે.

એટલા માટે જ જીવનદ્રષ્ટાઓ કહે છે: 'ભાઈ! તારે આરસીમાં મોં જોવું હોય તો જો; પણ સાથે સાથે આત્માનું અવલોકન પણ કરતો જા. આત્માનું નિરીક્ષણ વધતાં આ સ્થૂલ રૂપનું આકર્ષણ ઘટશે, અને આ સ્થૂલનું આકર્ષણ ઘટતાં આત્માનું સૌન્દર્ય વિકસશે.

'प्रत्यहं प्रत्यवेक्षेत, नरश्चरितमात्मनः ।
'किं नु मे पशुभिस्तुल्यं, किं नु सत्पुरुषैरिति ? ॥

રોજ પ્રભાતે માણસે પોતાના ચારિત્ર્યનું-પોતાના વહેતા જીવનનું અવલોકન કરવું જોઈએ. જોવું જોઈએ કે મારું જીવન પશુ જેવું છે કે સત્પુરુષ જેવું? સત્પુરુષોનું જીવન કેવું નિર્મળ છે ને મારું જીવન કેવું મલિન છે?

આ સંસારની ફૂલવાડીમાં મારું જીવન ગુલાબના ફૂલ જેવું સુવાસિત છે, કે લસણ જેવું દુર્ગન્ધથી ભરેલું? આ જગતમાં જન્મીને મેં આશીર્વાદ મેળવ્યા છે કે શાપ? આ દુનિયામાંથી વિદાય લેતી વખતે મારા મુખ ઉપર આંસુ હશે કે હાસ્ય? હું અહીં શું કરવા આવ્યો હતો ને શું કરી રહ્યો છું? હું ક્યાંથી આવ્યો હતો ને ક્યાં જવાનો છું? મારું સ્વરૂપ કેવું છે ને હું આજે કેવું માનું છું? આવા પ્રશ્નો ઊંડાણમાંથી જાગે તો જ માણસને પોતાની સ્થિતિનું ભાન થાય કે—

હું મનુષ્ય છું. મનુષ્યત્વને શોભે એવું જીવન મારે જીવવાનું છે અને આ શરીર દ્વારા જ મારે મુક્તિ મેળવવાની છે. મને સુંદર માનવદેહ મળેલ છે, તીક્ષ્ણ બુદ્ધિ મળી છે. અન્યની વેદના સમજવા યોગ્ય કોમળ હૃદય મળ્યું છે, આવી સુંદર વસ્તુઓને હું કેમ વેડફી શકું? પશુ જેવું જીવન જીવવા કાંઈ આ મહામૂલી જિંદગી નથી મળી.

આત્માને નિર્મળ કરવાનો, જીવનને સુગંધથી ભરી દેવાનો શુભ અવસર સાંપડયો છે. કેટકેટલા ત્યાગી પુરુષોએ આ માનવજીવનની ગૌરવગાથાઓ ગાઈ છે, તે શા માટે? ત્યાગીઓએ આ દેહમાં શું વિશેષતા નિહાળી? આ દેહમાં એમને શું ભવ્યતા ભાસી? શા માટે પશુઓને અને મનુષ્યોને એક જ કક્ષાએ ન મૂકયાં? શું બંનેમાં જીવન નથી? છે જ. તેમ જ બંનેને આહાર–નિદ્રા–ભય ને કામની સમાન લાગણી નથી? તે પણ છે જ. તો પછી બંને વચ્ચે ભેદ શા માટે?

તો પછી માનવીને ઉચ્ચ કક્ષાએ મૂકયો અને પશુને નીચી કક્ષાએ શા માટે મૂકયાં? જ્ઞાનીઓને શું આ માનવ–દેહનો મોહ હતો? ના, તેઓને આ દેહની કિમ્મત તો કંઈ જ નથી. પણ કિમ્મત છે એક ધર્મની; અને તે ધર્મ આ માનવદેહ દ્વારા જ શકય છે. એટલે આત્માને અજવાળનાર ધર્મને લીધે આ દેહની કિંમત પણ વધી અને માનવ જીવનની ગૌરવગાથા ગવાણી.

ધર્મ માનવ–જીવનને તેજસ્વી બનાવે છે. ધર્મ આ જીવનમાં સંસ્કારના પ્રાણ ફૂંકે છે. ધર્મ માણસને ઊર્ધ્વગામી બનાવે છે, અને એની દેવત્વના સિંહાસન પર પ્રતિષ્ટા કરે છે. ધર્મવિહોણું જીવન એ તો આત્મા વગરના શરીર જેવું છે.

કે જેમાં ન હોય નૂર કે ન હોય પ્રકાશ; ન હોય પ્રાણ કે ન હોય પવિત્રતા, જીવનમાં પ્રાણને પવિત્રતા રેડનાર ધર્મ જ છે.

ત્યારે આપણને વિચાર આવશે કે ધર્મ જો જીવનમાં આવો વ્યાપક છે, તો તે દેખાતો કેમ નથી ? ભૂખ લાગે ત્યારે ધર્મ ખાવા કામ લાગતો નથી, તરસ લાગી હોય ત્યારે ધર્મ પીવા કામ લાગતો નથી, ટાઢ વાય ત્યારે ધર્મ ઓઢવા કામ લાગતો નથી, દેવું ચુકવવું હોય તો તે દેવા પેટે આપવા કામ લાગતો નથી અને વ્યવહારમાં કોઈ વસ્તુના વિનિમયમાં પણ ધર્મ ઉપયોગમાં આવતો નથી; તો પછી ધર્મનું મહત્ત્વ શું ?

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ જણાવે છે કે, ધર્મ એ તો ઝાડનાં મૂળિયાં જેવો છે. મૂળિયાં ફળની જેમ ખાવામાં કામ લાગતાં નથી. ઝાડના બીજા અંગોની જેમ બહાર દેખાતાં નથી. તે ધૂળમાં દટાયેલાં–છુપાયેલાં હોય છે; છતાં એ ન હોય તો ટકી રહેવાની તાકાત ઝાડમાં નથી જ. વૃક્ષો ફળે છે, ખીલે છે, મીઠાં ફળો આપે છે. આ બધી બાહ્ય દેખાતી ક્રિયાઓનો આધાર તો મૂળિયાં છે. આ ધર્મ પશુઓને સાંપડ્યો નથી, એટલે એ કનિષ્ઠ છે, હીન છે.

મનુષ્ય આ ધર્મને પામીને શ્રેષ્ઠ અને બડભાગી થયો છે. આ ધર્મથી માનવદેહ ગૌરવાન્વિત છે !

ધર્મની આવી પ્રશંસા સાંભળી સહજ પ્રશ્ન થાય કે ત્યારે ધર્મ કહેવો કોને ? સૌ પોતપોતાના જન્મગત અને જાતિગત ક્રિયાકાંડોને ધર્મ કહે છે અને એ જ ધર્મના નામે લડે છે, ઝઘડે છે, અશાન્તિ ઊભી કરે છે અને માનવને માનવતાથી દૂર લઈ જાય છે. શું આને ધર્મ કહેવો ? આ

પ્રશ્નનું સમાધાન જૈન દર્શને બહુ સારી રીતે કર્યું છે. ધર્મનું લક્ષણ બાંધીને માનવજાતને એક સુંદર સત્ય પીરસ્યું છે, અને ધર્મના રહસ્યને થોડા જ શબ્દોમાં વ્યક્ત કર્યું છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને મધ્યસ્થ–ભાવ એ ધર્મનાં ચાર લક્ષણ છે. આ ભાવનાઓથી યુક્ત જે ક્રિયાઓ થાય તે ધર્મ.

ધર્મનું પહેલું લક્ષણ છે મૈત્રીભાવ.

'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.'

જે મનુષ્યના હૃદયમાં ધર્મના અંકૂર ફૂટચા હોય, તેને આખું જગત મિત્રોથી ભરેલું લાગે, તેને આખું વિશ્વ પ્રેમમય લાગે. જેના હૈયામાં પ્રેમ હોય, મૈત્રી હોય, તેનું હૈયું શું બોલતું હોય? હું ભલે દુઃખી થયો, થાઉં; પણ બીજાને આવો વખત ન આવો. મારા સર્વસ્વના ભોગે પણ બીજા આત્માઓ તૃપ્ત થાઓ. સર્વ પ્રાણીઓ બંધનથી મુક્ત બનો. સૌ દોષહીન બનો. સૌ સ્વતંત્ર બનો. પરાધીન કોઈ ન રહો.

આ મૈત્રીભાવના પછી ધર્મના બીજા લક્ષણમાં પ્રમોદ ભાવના આવે છે.

'ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.'

આ ભાવનાનો જન્મ મહાત્માઓના બહુમાનમાંથી થાય છે. આ પ્રમોદભાવનાના રંગથી રંગાયેલા હૈયાવાળો માણસ મહાપુરુષોને જોઈ આનંદ પામે, જગતને મંગળમય પંથે લઈ જતા સંતોને જોઈ, આ ભાવનાવાળું હૈયું નાચવા માંડે. એને એમ થાય કે–આ સત્પુરુષો જ જગતને કલ્યાણનો માર્ગ બતાવનારા છે. આ ભોમિયાઓ વિના ભવ–વનમાં

ભૂલા પડેલાઓને માર્ગ કોણ ચીંધે ?

આ સંસારરૂપ મરુભૂમિમાં આ સજ્જનો જ શીળી છાયા આપનાર વૃક્ષો જેવા છે. પ્રમોદભાવવાળો માણસ આવા પુરુષોને જોઈ એમના ચરણોમાં ઢળી પડે. તમે તમારા માટે આ ભાવ વિચારી જોજો. તમે મિત્રો સાથે વટથી ચાલ્યા જતા હો, અને માર્ગમાં સંતનાં દર્શન થાય તો એમના પગમાં પડો ખરા ? માર્ગમાં એમના પગમાં પડતાં શરમ આવે, અને અમલદારને, કોઈ વડા અધિકારીને ઝૂકીને નમન કરતાં શરમ ન આવે ! સત્તા અને શ્રીમંતાઈ આગળ માણસ ઝૂકી પડતો હોય અને સંયમ અને ત્યાગ આગળ માણસ અક્કડ થઈને ચાલતો હોય તો માનવું કે તેના હૃદયમાં પ્રમોદભાવનું દીવાળું છે.

એ પછી ધર્મનું ત્રીજું લક્ષણ છે કારુણ્યભાવ,

'દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે,'

જેના હૈયામાં કરુણાભાવ વિકાસ પામેલો હોય, એનું હૈયું જગતના જીવો માટે સહાનુભૂતિથી છલકાતું હોય છે, તે બીજાનાં દુઃખોને પોતાનાં દુઃખો માને અને એ દુઃખોને દૂર કરવા સતત પ્રયત્ન કરે છે. દીન આત્મા પ્રત્યે એ હૈયાની સહાનુંભૂતિ બતાવે છે. ધર્મવિહોણા અને ક્રૂર આત્માઓને જોઈ એનું હૃદય દયાર્દ્ર બની જાય છે, અને એને થાય છે કે—આ જીવો બાપડા પાપ કરીને દુર્ગતિમાં ચાલ્યા જશે ! આ જ તો સત્તા ને શ્રીમંતાઈના ઘમંડમાં કોઈનુંય સાંભળતાં નથી, કોઈ દુઃખીની સામે પણ જોતા નથી, પણ એમનું પુણ્ય પરવારી જશે ત્યારે આ જીવોનું શું થશે ? તે વખતે એમનો આધાર કોણ ?

આજે જે હસતાં હસતાં પાપો કરી રહ્યા છે, એ પાપો રોતાં પણ નહિ છૂટે. જે કૂવામાંથી આ માણસો તુચ્છ આનંદનું પાણી ઉલેચી રહ્યા છે, એ કૂવો તો અંતે ઊનાં આંસુથી ભરવો પડશે. જગતની દૃષ્ટિએ દેખાતા આજના આ સુખી જીવો, એ આવતી કાલના દુઃખી જીવો છે—આવો કરુણાભર્યો વિચાર આવતાં, કારુણ્ય ભાવવાળાનું હૈયું ભરાઈ આવે છે, અને એનાં નયનોમાંથી આંસુની ધારા વહેવા લાગી જાય છે.

ધર્મનું ચોથું લક્ષણ તે મધ્યસ્થભાવ.

'માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ માર્ગની, તોય સમતા ચિત્ત ધરું,'

આ ભાવનાવાળો માણસ પાપના કીચડમાં પડતાં માનવીને બચાવવા પ્રયત્ન કરે, પણ પોતે બીજાને પાપી બનાવવાનું નિમિત્ત તો ન જ બને. અધર્મના માર્ગે જતા કોઈ પણ પ્રાણીને શક્ય હોય ત્યાંસુધી એ અટકાવે, માર્ગ ભૂલેલાને માર્ગ ચીંધે, પણ માર્ગ ચીંધવા જાય એને અવળે માર્ગે જનારો કહેઃ 'તને કોણે ડાહ્યો કર્યો છે? તું તારું કામ કરને, અમે અમારું ફોડી લઈશું. તારે અમારામાં પડવાની જરૂર નથી. તારી સલાહ અમારે નથી જોઈતી.' તો ય માધ્યસ્થ ભાવવાળો એના પર ક્રોધ ન કરે. ડૂબતાને તારવા પ્રયત્ન કરે પણ સામો ડૂબતો માણસ ન તરે તો એને ઊંડા પાણીમાં ધક્કો તો ન જ મારે.

જે મનુષ્ય આ ચાર ભાવનાપૂર્વક જીવનની ક્રિયા કરતો હોય, એનામાં સ્વાર્થબુદ્ધિ કે પરવંચના કેમ હોઈ શકે? એ તો એમ જ માનતો હોય કેઃ હું આ દુનિયામાં આવ્યો છું, માનવતાની સુવાસ ફેલાવવા. તો પછી મારાથી તો જરા પણ

બૂરું કેમ થાય ? જગતના ભલામાં જ મારું ભલું છે. જગતમાં અશાંતિ હોય તો હું શાંતિથી કઈ રીતે જીવી શકું ? હું જેમ સુખ, શાંતિ અને આબાદી ઈચ્છું છું, તેમ બીજાને પણ એની જ તૃષ્ણા છે, તો મારું અત્યારે કર્તવ્ય એ છે કે–બીજાને શાંતિ આપવી અને બીજાને અશાંતિ ન થાય એ રીતે મારે જીવવું. જગતની અશાંતિમાં મારો ફાળો ન હોવો જોઈએ.

જગત દુઃખી હોય ત્યારે હું એશ–આરામમાં કેમ જીવી શકું ? માનવજાત સંકટમાં સપડાયેલી હોય ત્યારે હું છુપાઈને મારી જાતનું રક્ષણ કઈ રીતે કરી શકું ? મારે તો ઝંપલાવવું જોઈએ, મારા ભાઈઓનું રક્ષણ કરવું જોઈએ. આ સમયે હું મારી જાતનું વિલોપન કરી, સૌના કલ્યાણ માટે ખપી જાઉં તો જ હું સાચો ધર્મી. પર–સેવા એ જ આત્મસેવા છે. અર્પણ એ જ મારું કર્તવ્ય છે. એથી જ મારું કલ્યાણ થવાનું છે.

જ્યાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવ રમતા હોય ત્યાં માન અપમાન, સ્તુતિ કે નિંદા કોઈની કંઈ જ પડી ન હોય. એ કોઈ દિવસ પ્રશંસાથી ફુલાય નહિ અને અપમાનથી મુંઝાય નહિ. એને પોતાના અર્પણનો જ આત્મસંતોષ હોય. એને બીજાના મતની, બીજાની પ્રશંસાની જરૂર ન હોય. તે કોઈ દિવસ અટકે નહિ, થાકે નહિ. એ એમ જ માને કે હું મારા આત્મસંતોષ માટે કરું છું, આમાં હું શું મહાન કરી રહ્યો છું ? અરે, જડ પણ મૈત્રી કરે, જાત સમર્પણ કરે, તો પછી હું ચેતન આટલું પણ ન કરી શકું ?

દૂધ અને પાણીની મૈત્રી કેવી ભવ્ય છે ? દૂધે પોતાનો ઉજ્જવળ રંગ પાણીને આપ્યો અને પાણીએ પોતાની જાતને

દૂધમાં વિલોપન કરી. બંને એક બન્યાં. દૂધ એ દૂધ ન રહ્યું ને પાણી એ પાણી ન રહ્યું. મૈત્રીભાવનો અર્થ જ એક્તા છે. એક્તામાં ભેદ ન હોય, ભિન્નપણું પણ ન હોય. હવે દૂધ ચૂલા પર ચઢે ત્યારે દૂધ ગરમ થતું જાય છે, તેમ પાણી બળતું જાય; કારણ કે પાણી માને છે કે એણે મને રંગ આપ્યો તો મારે એની ખાતર બળવું જોઈએ. અને પાણી બળવા લાગે છે–બળી જાય છે, ત્યારે દૂધ વિચારે છે: મારે માટે પાણીએ પ્રાણ આપ્યા તો મારે એની પાછળ બળી મરવું જોઈએ. અને પછી એ ઊભરો થઈ અગ્નિમાં ઝંપલાવે છે; મિત્ર પાછળ બળી મરવા તૈયાર થાય છે. ત્યારે માણસ શું કરે છે? દૂધમાં પાણી રેડે છે. મિત્રને પામતાં દૂધનો ઊભરો શાંત બની જાય છે–ઊભરો બેસી જાય છે અને પછી માણસો તરત દૂધને ચૂલા ઉપરથી ઉતારી લે છે.

આ જડની મૈત્રી! જડ જેવી વસ્તુ પણ મૈત્રીભાવ કેળવ્યા પછી સર્વસ્વ અર્પણ કરવા તત્પર બને છે, તો આપણે તો ચેતન કહેવાઈએ. આપણે વિચાર કરવાની જરૂર છે કે આપણામાં આવો મૈત્રીભાવ આવ્યો? કદી આવી ત્યાગની ભાવના જન્મી?

માટે જ ચિન્તકો કહે છે કે, ધર્મનું પહેલું પગથિયું મૈત્રી છે. આ મૈત્રીનો ઉદય થયા પછી આપણે ગમે તેવું મહાન કાર્ય કરીશું તો ય આપણામાં 'અહમ્' નહિ આવે. એમ જ થશે કે, આ તો મારું કર્તવ્ય છે, અને માનવ તરીકે હું મારા કર્તવ્યો કરું છું.

આવી કર્તવ્ય ભાવનાને જગાડવા માટે, પ્રભાતે આત્મ-ચિન્તન ને જીવનચિંતન કરવું જોઈએ. અને કાચની આરસીમાં મુખડાને જોવા કરતાં મહાપુરુષોના ચારિત્ર્યરૂપી આરસીમાં આત્માનું સૌન્દર્ય અવલોકવું; એ જ કલ્યાણનો માર્ગ છે.



[ ૫ ]

# માનવતાનાં સોપાન

अप्पा चेव दमेअव्वो, अप्पा हु खलु दुद्दमो।
अप्पा दंतो सुही होइ अस्सिं लोए परत्थ य॥

—ઉત્તરાધ્યયન સૂત્રમ્

[ પોતાના આત્માને જ દમવો જોઈએ, એને રાગ અને દ્વેષમાંથી ઉપશાન્ત કરવો જોઈએ, કેમ કે બાકી બધાનો જય થઈ શકે-આત્મા જ ખરેખર દુર્જય છે, દાન્ત આત્મા જ આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે.

**માનવભવ** એ એક એવું સ્થાન છે કે એને એક છેડે પશુતા અને બીજે છેડે દેવત્વ. માણસ વિવેકપૂર્વક

પ્રસ્થાન કરે તો એ દેવ બને અને વિવેક ભૂલે તો પશુ! માણસ પશુતા ભણી ન લપસી જાય, એ માટે જીવનદ્રષ્ટાઓએ માનવતાનાં અમુક સોપાન નિશ્ચિત કર્યાં છે. માણસ જાગૃતિપૂર્વક એ સોપાને ચઢે તો એ સોપાનદ્વારા પ્રકાશને પામી શકે.

સોપાન એટલે પગથિયાં. સોપાન કોનાં? માનવતાનાં, પશુતાનાં નહિ. પશુતાનાં સોપાન ન હોય, એનો તો ખાડો હોય, પતન હોય. ઉત્થાન તો માનવતાનું હોય, તો પછી એ માનવતાનું મૂલ્યાંકન કરતાં તો આપણને આવડવું જોઈએ ને? એનું મૂલ્યાંકન કરતાં ન આવડે તો આ માનવભવનો ફેરો નિષ્ફળ જાય. આ ભાવનો ફેરો નિષ્ફળ ન જાય અને સફળ થાય એ માટે માનવ ભવની નિસરણીનાં સોપાન ચઢવાની જરૂર છે.

માનવતાનું એક પણ સોપાન જે માનવી ચઢ્યો નથી, એવો માનવી બાહ્યદૃષ્ટિએ માણસ દેખાવા છતાં અંતરમાં તો પશુતાનું પ્રદર્શન જ ભરીને બેઠો હોય છે. પશુતાનું પ્રદર્શન પોતાના જીવનમાં ન ભરાઈ જાય એ માટે માણસે સતત જાગૃતિપૂર્વક પોતાના જીવનનું અને કર્તવ્યોનું અવલોકન કરવું જોઈએ. માણસે માણસાઈના ગુણોવડે આ દુનિયાને માનવતાથી ભરેલી બનાવવાની છે. દૈત્યોની દુનિયા બનાવવાની નથી.

માનવ જ્યાં વસતો હોય ત્યાં તો હવામાં પણ ફૂલની જેમ માનવતાની સુવાસ હોય: પણ આજે આપણા કમભાગ્યે જગતમાં માનવતાના અંશો ઓછા થઈ રહ્યા છે. ભગવાન મહાવીરની અહિંસાથી ભરેલા જગતના ચિત્ર સાથે આજના વિજ્ઞાનથી ઘાતક બનેલા જગતના ચિત્રને સરખાવી જોજો!

માણસાઈના દીવા જો બળતા હશે તો આ ચિત્ર જોતાં જ હૃદય ધ્રૂજી ઊઠશે.

**જગતનું ચિત્ર**

આજના જગતનું દૃશ્ય કેટલું બિહામણું છે? કેટલાક શ્રીમંતો ઐહિક સુખમાં જ મગ્ન બની, જીવનના ઉદાત્ત તત્ત્વને ભૂલી બેઠા છે. સત્તાધીશો સત્તાના ઘેનમાં મૂર્છિત થઈ ઉદ્ઘાટન ક્રિયામાંથી ઊંચા આવતા નથી. કેટલાક ધર્મગુરુઓ પોતાને માટે મઠ–મંદિર બનાવવાની ધૂનમાં જ્યાં ત્યાં ભમી રહ્યા છે.

મધ્યમવર્ગ જીવનનિર્વાહની ચક્કીમાં પિસાઈ રહ્યો છે. વિજ્ઞાનનાં બિહામણાં સાધનો લાખો માનવીઓને મૃત્યુના મોંમાં ધકેલી રહ્યાં છે; અશાંતિ ડાકણની જેમ આંખો કાઢી માનવી સામે ઘૂરકી રહી છે. આવા વિષમ સમયમાં માનવતાનાં તત્ત્વોને વિકસાવે એવા ઉપદેશકની, એ ઉપદેશને જીવનમાં વણનાર જિજ્ઞાસુ શ્રોતાઓની, કોઈ પણ સમય કરતાં આજે વધારેમાં વધારે જરૂર છે.

જો કે આજકાલ વ્યાખ્યાનો ચારે બાજુ થાય છે. પ્રવચનસપ્તાહ ગોઠવાય છે. લોકો હજારોના પ્રમાણમાં સાંભળે પણ છે. પણ ઘણીવાર તો સાંભળનાર અને સંભળાવનારનો હેતુ દિલને ડોલાવવાનો, મનને બહેકાવવાનો, જગતમાં ખ્યાતિ મેળવવાનો અને વાણીના જાદુથી માણસોને મૂર્છિત કરવાનો હોય છે, એમ આજના પ્રવાહ પરથી તમને નથી લાગતું.

સાચા ઉપદેશકો અને સાચા જિજ્ઞાસુ શ્રોતાઓ આટલા બધા હોય તો જગતનું ચિત્ર આવું હોય? આવી સ્વાર્થની

આંધી હોય ખરી? એટલે જ પ્રશ્ન થાય છે કે ઉપદેશને જીવન સુધારવા માટે સાંભળનારા સાચા જિજ્ઞાસુ શ્રોતા કેટલા? કેટલાક આગમો અને શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, પણ તે જીવન સુધારવાની બુદ્ધિથી કરે છે કે પછી એમાંથી પણ વિજ્ઞાનના મારકણા પ્રયોગો કરવા માટે કરે છે?

કહેવાય છે કે શાસ્ત્રો જર્મનીમાં ગયાં, ત્યાં વંચાણાં, શોધાણાં અને એમાંથી અણુવાદ અને પરમાણુવાદ સિદ્ધ કર્યો, અંતે એમાંથી નીકળ્યો તો એટમબૉમ્બ (atombomb) ને? શાસ્ત્રોનો પણ કેવો ઉપયોગ? જે સર્જનહાર હતું તેને જ સંહારક બનાવ્યું! કારણ કે માનવ માનવતાના સામે મોરચે જઈને ઊભો છે. સામા મોરચે ઉભેલા માનવને માનવતાના નિકટમાં લાવવાનાં સાધનો જીવનદ્રષ્ટાઓ આપણને ચીંધી ગયા છે. એ સાધનોનો વિચાર આ પ્રસંગે કરવાનો છે. ક્રમેક્રમે એ સોપાનદ્વારા, એ સાધનદ્વારા માનવતાના સિંહાસન પર આરુઢ થવાનું છે.

માનવતાના સિંહાસન પર ચઢવાનાં ચાર સોપાન છે; શૂરતા, પંડિતાઈ, વક્તાપણું અને દાતાપણું!

આ ચાર નામ સાંભળી તમે મલકાઈ ન જતા. મનમાં એમ ન માનતા કે બે ચારને મારી શકું છું, માટે હું શૂરો છું, થોડું ભણ્યો છું, એટલે પંડિત છું. બોલતાં આવડે છે, માટે વક્તા છું અને થોડું દાન દઉં છું એટલે દાતા છું. અને મહારાજે કહેલાં ચારે સોપન હું ચઢી ગયો છું, એટલે માનવતાના મહાસિંહાસનને માટે યોગ્ય છું

न रणे विजयाच्छूरोऽध्ययनान्न च पण्डितः,
न वक्ता वाक्पटुत्वेन, न दाता चार्थदानतः ।
इन्द्रियाणां जये शूर; धर्मं चरति पण्डितः;
सत्यवादी भवेद् वक्ता, दाता भूतहिते रतः ॥

રણમાં જીતી આવે એ શૂરો નહિ, ભણવા માત્રથી એ પંડિત નહિ, ભાષણ કરવામાં કુશળ હોય એટલા માત્રથી વક્તા નહિ અને જે માત્ર દાન જ દઈ જાય એટલા માત્રથી દાતા નહિ પણ જે ઇન્દ્રિયોને જીતે તે શૂરવીર; જે ધર્મને આચરે તે પંડિત; જે સત્યથી પવિત્ર બનેલી વાણીને ઉચ્ચારે તે વક્તા અને જે પ્રાણીઓના હિતમાં આસક્ત હોય—અભયદાન આપતો હોય—તે દાતા; આ ચાર ગુણોમાંથી કયા ગુણમાં આપણે પ્રગતિ કરી છે, તેનો અહીં વિચાર કરવાનો છે. इन्द्रियाणां जये शूर :

જગતને જીતવું સહેલું છે. જગત પર પશુબળથી સામ્રાજ્ય ચલાવવું એ પણ સહેલું છે; પણ ઇન્દ્રિયો પર વિજય મેળવવો, ઇન્દ્રિયો પર આત્માનું સામ્રાજ્ય ચલાવવું એ કઠીન નહિ, પણ અતિ દુષ્કર છે.

સાચો વિજયી, તે દેશને જીતનારો નહિ, પણ ઇન્દ્રિયો અને મનને જીતનારો છે. ઇન્દ્રિયો જેના કાબૂમાં નથી, મન જેના હાથમાં નથી, એને વિજયી કેમ કહેવાય? એ તો પરાજિત, પરતંત્ર ગણાય.

માણસ માને છે કે હું ભોગને ભોગવું છું; પણ ખરી રીતે ભોગો માણસને ભોગવી રહ્યા છે. માણસ ચા પીતો હોય છે ત્યારે ચાને અમૃત માની ગર્વથી કહે છે કે હું ચા પીઉં છે.' પણ પચ્ચીસ વર્ષ પછી શક્તિ ક્ષીણ થતાં ખબર પડે છે કે

ના. હું ચા નહોતો પીતો, પણ ચા મને પી રહ્યો હતો. હું ચાને આધીન હતો.

બીડી પીનારા પણ ઘણીવાર તાનમાં આવી કહે છે કે– અમે બીડીની મજા માણીએ છીએ. બીડી એ તો સ્વર્ગની સીડી છે! આવું બોલનારાઓનું વૃદ્ધાવસ્થામાં હૈયું ખવાઈ જાય છે અને આખી રાત ખૂં ખૂં કરી ઊંઘે નહિ અને પાડોશીને ઊંઘવા પણ દે નહિ, ત્યારે એને ખબર પડે છે કે, બીડીની મજા હું નહોતો માણતો, પણ બીડી મારા કાળજાની મજા માણતી હતી.

આજ સ્વતંત્રતાના નામની બાંગ પોકારનારા તો ઘણા મળે છે; પણ સ્વતંત્રતા એ કયા પંખીનું નામ છે એ તો મને સમજાવો ! જીવન પર જરા કાબૂ રાખવો નહિ ને છાતી ઠોકીને સ્વતંત્રતાની વાતો કરવી છે? માણસની આંખો અપવિત્ર રૂપ અને અજીઠા લાવણ્યને માટે તલસતી હોય; જીભ ભક્ષ્ય–અભક્ષ્યનો વિચાર કર્યા વિના જુદીજુદી વાનીઓ ચાખવા તલસાટ કરતી હોય; કાન ન સાંભળવા લાયક વાતો અને નિન્દાઓ સાંભળવા તૈયાર હોય, ચામડી અપવિત્ર અને સુંવાળા સ્પર્શો માટે ઝંખના કરતી હોય; મન બીજાનું ભૂંડું ચિંતવતું હોય; નાકને સુંદર સુવાસ આપવા માટે કુદરતનાં દીધેલાં કોમળ પુષ્પોનો કચ્ચરઘાણ કાઢતો હોય. નાદિરશાહે માણસનાં માથાં કાપી જેમ થાંભલામાં મઢચાં, તેમ માણસ પણ સુંદર ફૂલોને છોડથી છૂટાં કરી ફૂલદાનીમાં મઢતો હોય, દુર્ગંધ કહી ગરીબોથી દૂર ભાગતો હોય, તો કઈ રીતે માનવું કે માણસે ઇન્દ્રિયોને જીતી છે અને એ સ્વતંત્ર બન્યો છે?

આ તો સારું છે કે માણસના હૈયામાં સામાના વિચારોને જોવાની બારી નથી. એવી બારી હોત તો કેવું પરિણામ આવત ? માણસ છપ્પન ઇંચનો ડગલો પહેરી, શાહ થઈ આગળ બેસી શકે છે, તે બેસી શકત ખરો ? માણસના વિચારો એ બારી દ્વારા બીજા માણસને દેખાત તો માણસ માનવ લાગત કે દાનવ ? આ દૃષ્ટિએ તો હૈયામાં વિચારો જોવાની બારી ન કરીને કુદરતે માનવ જાતની લાજ રાખી છે ને ? માણસ કેવો ક્રૂર બન્યો છે, એનો એક દાખલો તમને આપું.

થોડા દિવસ પર હું એક ભાઈને બંગલે આહાર લેવા ગયો હતો. એના બંગલાના દીવાનખાનાની દીવાલ પર હરણ અને રોઝનાં શિંગડાં શોભા માટે ટાંગ્યાં હતાં. આ જોઈ મને થયું: 'માણસ કેવો ક્રૂર બન્યો છે ! પોતાના ઘરને શણગારવા માટે હરણ અને રોઝ જેવાં નિર્દોષ પ્રાણીઓને મારીને એનાં શિંગડાંથી ગૃહશોભાને વધારે છે અને પોતાની જાતને કલારસિક કહેવડાવે છે ! માણસે વિવેકશક્તિ ખોઈ, સ્વાર્થી બની, ઇન્દ્રિયોના પ્રવાહમાં તણાઈ અને આત્માની અનંત આનંદમય શક્તિ પર પાણી ફેરવ્યું છે.

આત્માના સામર્થ્યને હણનાર વાસના છે. વાસનાનાં વસ્ત્રોએ આત્માના પ્રકાશને ઢાંકયો છે. આ જ કારણે વાસનાના સામ્રાજ્યમાં આત્માને ઘણા પિછાનતા પણ નથી, પિછાનતા હોય તો પણ એ માટે સચિન્ત નથી.

આત્માને નીરખે, એના સામર્થ્યને પારખે, તો એને સમૃદ્ધિથી છલકાતા રાજાધિરાજનો વૈભવ પણ તુચ્છ લાગે. એ શ્વાનની જેમ સત્તાધીશોની અને શ્રીમંતોની ખોટી ખુશામત ન

કરે. તમને ખબર હશે કે બર્નાર્ડ શૉએ ભગવાન મહાવીરનાં કલ્યાણક વખતે શેકસપિયરનું મહાવાકય ઉચ્ચારી કહ્યું હતું :

Give me that man who is not passions' slave and I will wear him in my heart's core

[ મને એવો માણસ આપો કે જેણે ઇન્દ્રિયોને જીતી હોય, જે વાસનાનો–વિષયોનો ગુલામ ન હોય, તેને હું મારા હૈયામાં ઊંડામાં ઊંડા ખૂણામાં પધરાવીશ.]

બર્નાર્ડ શૉનું આ વાકય કેટલું ભવ્ય છે! એ કહે છે કે મારા હૈયાના દીવાનખાનામાં શહેનશાહીની છબી નહિ ટાંગુ, પણ ઇન્દ્રિયોને જીતનારની છબી ટાંગીશ. વાહ! કેવી માગણી!

હું તમને પૂછું : તમે તમારા દિલના દીવાનખાનામાં કોની છબી ટાંગી છે? રામની કે રમાની ? ધર્મની કે ધનની ? વાત્સલ્યની કે વાસનાની ? જવા દો. એ તમે નહિ કહો તોય ચાલશે. પણ એ વાત ચોક્કસ છે કે દિલનું દીવાનખાનું છબી વિના ખાલી તો કદી નહિ જ રહે. તમે વિકાસની છબી નહિ ટાંગો તો વિનાશની છબી એની મેળે ટિંગાઈ જશે. વિનાશની છબી પસંદ ન હોય તો વિકાસની છબી લાવો અને વિકાસની છબી લાવવા માટે વાસના પર વિજય મેળવો!

સિકંદરના દિલમાં ઉપસેલી વિનાશની ભયંકર છબીને ભૂંસી નાખવાનો વિચાર ઈ. સ. પૂર્વે ૩૨૫માં એરિસ્ટોટલને આવેલો. મેસિડોનીઆના મહાન વિજયી સિકંદરે દિગ્વિજય કરવા પ્રયાણ કર્યું અને ભારત ભણી કૂચ આદરી : ત્યારે તેનાં ગુરુ એરિસ્ટોટલે, એને જીવનની મહત્તાનું ભાન કરાવવા એની પાસે એક માગણી કરી.

'यदि जो हो शके राजन । तो जैनी गुरुको ले आना ।
'जिनोंने ज्ञानको पाकर गहरे तत्त्वको जाना ॥

યુદ્ધને અંતે પંજાબથી પાછા ફરતા સિકંદરે ઍરિસ્ટૉટલે માંગણી કરેલા સાધુની શોધ કરાવી. શોધ કરવા એના સૈનિકો ચારે તરફ ફરી વળ્યા. ઘણી શોધ પછી એક નદીકિનારે બેઠેલા અને આત્મસમાધિમાં ડૂબેલા એક મસ્ત સાધુ મળી આવ્યા.

સૈનિકોએ કહ્યું : "મહારાજ! ચાલો, જલદી કરો. દિગ્વિજયી સિકંદર તમને યાદ કરે છે. તમારું તો કામ થઇ ગયું! અરે, તમારો ઉદ્ધાર થઈ ગયો, જલદી કરો, જલદી."

તમે વિચાર કરી જુઓ. સિકંદર સંતનો શું ઉદ્ધાર કરવાનો હતો? પણ આ તો રહ્યા દાસ! એ તો એમ જ માને કે સિકંદર જેને પ્રેમથી યાદ કરે, તેનું ભાગ્ય ઉઘડી ગયું. તમને પણ અહિંના કોઈ પ્રધાન આ રીતે બોલાવી માનપાન આપે તો ખુશ ખુશ થઈ જાઓ ને? અને બધે કહેતા ફરો ને કે, મારે તો પ્રધાનો સાથે દોસ્તી છે! હું આમ કરું ને તેમ કરું, પણ આ તો મસ્ત સાધુ હતા.

ઍરિસ્ટૉટલે જાણીને જ આવા સાધુઓને લાવવાની માગણી કરી છે. ઘડીકમાં રીઝે ને ઘડીમાં ખીજે તો તે સંત કેમ કહેવાય? એ તો મેરુ પર્વતની જેમ અડોલ હોય. મેઘ ગંભીર વાણીમાં સંતે કહ્યું :

'સિકંદર કોણ છે, તે હું જાણતો નથી. તમે કહો છો કે, એ દિગ્વિજયી છે તો આનંદની વાત છે; પણ મહાન્ વિજેતાને મારો એક નમ્ર પ્રશ્ન પૂછજો : 'તમે દિગ્વિજય તો કર્યો પણ ઇન્દ્રિયવિજય કર્યો? ઇન્દ્રિયોનો વિજય કર્યો હોય તો

તમારા ચરણોમાં આવવા હું તૈયાર છું, પણ જો માત્ર જગતને જ જીત્યું હોય તો મારે આવવાની કંઈ જરૂર નથી.'

સિકંદરને આત્મા શું વસ્તુ છે એની ખબર ન હતી. એને તો વિશ્વવિજયની ધૂન લાગી હતી. એ ધૂનમાં જ એ પાગલ બન્યો હતો. આવા ધૂનીને આત્મચિન્તા માટે કે આત્મ જાગરિકા માટે સમય ક્યાંથી હોય? ભૌતિકતાના રંગે રંગાયેલા સિકંદરને સંતે પુછાયેલો પ્રશ્ન સાવ જ નૂતન લાગ્યો. એને તો એમ જ થયું કે, પોતાનું નામ સાંભળીને ભલભલા યોદ્ધાઓ પણ ઝૂકી પડે, ત્યાં આ વળી કોણ કે જે સામે થઈ પ્રશ્ન પૂછે છે?

રાજાઓ મળ્યા, મહારાજાઓ મળ્યા, વીર પણ મળ્યા અને ધીર પણ મળ્યા, પણ આવો પડકાર કરનાર તો હજુ સુધી કોઈ નહોતું મળ્યું, પ્રશ્ન કરનારનું કેવું સામર્થ્ય? અને આનો પ્રશ્ન? એ તો વળી સાવ જ વિચિત્ર! અને છતાં કેટલો ઊંડો, ગંભીર ને હૃદયસ્પર્શી? એટલે એ જાતે જ મુનિ પાસે પહોંચ્યો. મુનિનો પ્રેમાળ ધર્મલાભ સાંભળતાં જ એના હૃદયમાં ભાવનાનું પૂર આવ્યું.

'સંત! આપ મારી સાથે પધારો. અતિ માનથી હું આપને મારા દેશમાં લઈ જઈશ. વિજયયાત્રાના પ્રસ્થાન કાળે મારા ગુરુ ઍરિસ્ટોટલે જૈન સંતને સાથે લાવવાની માગણી કરી હતી તો આપ પધારો. સુંદર વાહનો, ભવ્ય મહેલો, આનંદથી ઉભરાતાં ઉપવનો, હીરા, માણેક, મોતી...જે જોઈએ તે આપને માટે તૈયાર છે. માત્ર તમે મારી સાથે ચાલો....'

વિજયના ગર્વથી છલકાયેલો યોદ્ધો એક પછી એક શબ્દ ઉચ્ચારવા લાગ્યો.

-કેટલાક શ્રીમંતો અને સત્તાધીશો એમ જ માને કે પૈસાથી ને સત્તાથી બધું ખરીદી શકાય છે. એમાં સંતો થોડા જ બાકી રહે છે? એ લોકોની વાત શું કરવા કરીએ? તમારી જ માન્યતાનો વિચાર કરો ને? તમે ય એમ જ માનો છો ને કે-ધનથી ધર્મ ને સ્વર્ગ બધું મેળવી શકીશું, માટે ધન ભેગું કરો, આહ! મોહના સામ્રાજ્યે જગત ઉપર કેવો ઘેરો ઘાલ્યો છે?

પણ અહીં તો મુનિએ પોતાનો ધર્મ સમજાવ્યો. ધન, વાહન, વૈભવ, વનિતા વગેરેનો સ્પર્શ પણ ન કરાય, એવી શ્રવણધર્મની મર્યાદા સમજાવી, અને પોતાના ધર્મક્ષેત્ર અને કાર્યક્ષેત્રને છોડી ત્યાં ન આવવાની મક્કમતા જણાવી.

પણ સિકંદર જેનું નામ! એ શેનો માને? એનો ગર્વ છંછેડાયો. આજ્ઞા આગળ ધર્મ કેવો ને મર્યાદા કેવી? ધરતીને ધ્રૂજાવી નાંખે એવા સત્તાવાહક શબ્દોમાં સિકંદર પ્રગટ્યો.

"મહારાજ! ધર્મ ને મર્યાદા એ તો નિર્બળોનું આશ્વાસન છે. એ ઉપદેશ કોઈ શક્તિહીનને આપજો. અત્યારે હું મર્યાદા અને ધર્મ સાંભળવા નથી આવ્યો પણ તમને લેવા આવ્યો છું. તમારે આવવું જ પડશે. મારી આજ્ઞાનો અનાદર કે પ્રતિકાર કરનાર રાજાધિરાજ પણ ધૂળમાં મળી ગયા, એ તમે જાણો છો? તમે મને ના કહેશો તો તમારી શું સ્થિતિ થશે તેનો વિચાર તમે કર્યો છે?...." એનો હાથ સોનાના મૂઠાથી ચમકતી તલવાર પર ગયો અને તેજસ્વી તલવાર મ્યાનમાંથી બહાર નીકળી.

ચાંદની જેવું શાંત ને મધુર સ્મિત કરી આત્મશ્રદ્ધાથી ઝળહળતા શબ્દોમાં મુનિએ કહ્યું: "સિકંદર, દિગ્વિજયી સિકંદર!

જરા શાંત થાઓ. આ સમરાંગણ નથી, પણ સમતાંગણ છે! અને તલવાર તો રાજન! શરીરને છેદે, પણ તમારી સામે તો આત્મા છે. આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, પાણીથી ભીંજાતો નથી, પવનથી સુકાતો નથી, ને પ્રચંડ અગ્નિની જ્વાળાઓથી પણ દાઝતો નથી. આત્મા તો અમર છે. નાશ પામે એ તો આ શરીર છે. રાજન? શાશ્વત આત્માને અશાશ્વત તલવાર કઈ રીતે કાપી શકે?”

જીવનમાં કદી નહિં સાંભળેલી સંતની અજેય વાણી સાંભળતાં સિકંદરનું હૃદય આત્માની અલૌકિક દુનિયામાં વિહરવા લાગ્યું. આત્માની પ્રચંડ શક્તિનું ભાન એને થવા લાગ્યું. મૃત્યુના ગુરુ જેવા આ સંતના શબ્દો સાંભળતાં, એના હાથમાંથી તલવાર સરી ગઈ સમરાંગણમાં. મોરચા પર એને મરણિયા થઈ ઘૂમતા લાખો વીર યોદ્ધા જોયા હતા; પણ મૃત્યુના મંડપમાં પણ આ સંતના મુખ ઉપર અમરતાની જે કાન્તિ ઉપસી આવી, તે તો સાવ જ અલૌકિક હતી. આની સાથે જાણે કોઈનીય સરખામણી ન થાય!

આ શબ્દો ગંભીરતાથી વિચારવા જેવા છે. આવા મરણોપસર્ગના વિષય સમયે પણ મુનિ કેવો નિર્ભય ઉપદેશ આપે છે? કારણ કે એમણે ઇન્દ્રિયોના વિષયોને જીતી, આત્મસ્વરૂપ જાણ્યું છે. ઇન્દ્રિયોના વિજેતાને મરણ ધ્રૂજાવી શકતું નથી, એથી તો મરણ પોતે જ ધ્રૂજે છે! મરણનો ભય વધ્યો છે, મરણનું નામ સાંભળી કંપે છે; કારણ કે અમરતાની વાત ભુલાઈ અને કાયાની માયા વધી. કાયાની મમતાએ માણસને પામર બનાવ્યો છે, સત્ત્વહીન બનાવ્યો છે અને હિંસક

ભાવનાથી તરબોળ બનાવ્યો છે. જેને અમરતાનાં ગીત ગાયાં છે, એ તો વિષમ વિપત્તિમાં પણ નિર્ભય ને વાત્સલ્યભર્યો હોય.

ચંડકૌશિક નાગ જ્યારે ચારે બાજુ પોતાની વિષદૃષ્ટિ ફેંકતો હતો ને પ્રાણીઓનો સંહાર કરતો હતો ત્યારે પ્રેમદૃષ્ટિ લઈ પ્રભુ મહાવીર ત્યાં પહોંચ્યા. એમને જોતાં જ વિષધર ધસી આવ્યો. ફૂંફાડો મારી, પ્રભુના ચરણે જોરથી ડંખ મારી દૂર ભાગ્યો. એના મનમાં એમ જ હતું કે હમણાં મારા કાતિલ ઝેરથી મૂર્ચ્છિત થઈ આ માણસ મારા પર ગબડશે. પણ ત્યાં તો પ્રભુએ એમની અમીભરી પ્રેમદૃષ્ટિ એ વિષધર પર વર્ષાવી અને બોલ્યા :

" ઓ ચંડકૌશિક ! જરા સમજ ! બૂઝ ! તું કોણ હતો, તેનો તો તું વિચાર કર. તું તો એક વખત પવિત્ર સાધુ હતો, પણ ક્રોધ કરવાથી, અને પ્રેમની દૃષ્ટિ ખોવાથી તું મરીને સાપ થયો. મૈત્રીની દૃષ્ટિ ખોઈને ઝેરી દૃષ્ટિ કેળવી, એટલે તું સંત મટી સર્પ થયો ! "

ભગવાન મહાવીરની પ્રેમના પ્રકાશથી ભરેલી અમરવાણી સાંભળી સર્પને પણ આત્મજ્ઞાન થયું, એણે ઝેરને વમી અમૃતનો માર્ગ લીધો. સર્વ સમર્પણ કરી, અનશન સ્વીકારી, અમરત્વને પામ્યો.

આહ ! પ્રેમનો કેવો પ્રભાવ ! પ્રેમના સામ્રાજ્યમાં કોઈ વૈરી નથી, કોઈ ઝેરી નથી, કોઈ અધમ નથી, કોઈ ઉત્તમ નથી, કોઈ ઉચ્ચ નથી, કોઈ નીચ નથી ! ત્યાં તો કેવળ નિર્ભયતા અને વાત્સલ્યનો પ્રકાશ વિલસે છે !

મુનિએ કહ્યું : સિકંદર ! માનવી મૃત્યુથી ગભરાય છે,

કારણ કે એણે ઇન્દ્રિયવિજય કર્યો નથી. જો એણે ઇન્દ્રિયોને જીતી જ હોય તો તો એ એમ જ કહે :—

'અનન્તના પ્રવેશ દ્વારે, મૃત્યુ તો પરિચારિકા,
જે જીર્ણ વસ્ત્રો પરિહરીને, નવીનને પહેરાવતી;
એ મૃત્યુથી હે માનવી ! તું કાં ડરે ? તું શાં ડરે ?'

મૃત્યુ આવે તો આવવા દો. એ નવાં નવાં વસ્ત્રો પહેરાવનારી સુંદર સેવિકા છે. એને જોઈ ગભરાઓ છો શા માટે ? પણ આ સુંદરી તેને જ નવાં ને સુંદર વસ્ત્રો પહેરાવે છે કે જેણે જીવનમાં કંઈક સારાં કાર્યો કર્યાં હોય, જેણે સંયમ પાળ્યો હોય, પ્રેમની હવા ફેલાવી હોય, વાત્સલ્યનો પ્રકાશ પાથર્યો હોય. એવો માણસ તો મૃત્યુ–કુમારિકાને જોતાં આનંદ પામવાનો, પણ જેણે ઇંદ્રિયોને જીતી નથી. વેર–ઝેરનો દાવાનળ પ્રગટાવ્યો છે. એવો માણસ તો મૃત્યુનું નામ સાંભળતાં જ કંપી જવાનો–ધ્રૂજી ઊઠવાનો ! તમે મરણથી ગભરાઓ છો કે નિર્ભય છે ? જો ગભરાતાં હો તો એ ભયનું કારણ શોધી કાઢો.

સત્કર્તવ્યોનો અભાવ અને ઇંદ્રિયગણની સ્વચ્છન્દતા તો મૃત્યુના ભયનું કારણ નથી ને ? એ સિવાય બીજું શું હોઈ શકે ?

સંતના આ પ્રભાવશાળી વીર વચનો સાંભળી સિકંદર એમના ચરણોમાં ઢળી પડયો. એણે કહ્યું : " હવે મને સમજાય છે કે મારા ગુરુએ જૈન સાધુની માગણી કેમ કરી ! મારા અભિમાનને ગાળવા જ એમણે ભલામણ કરી હતી. આત્મા માટે દેહને ફૂલ કરનારા વીરો પણ આ વિશ્વમાં છે. એમ આપના દર્શન પહેલાં મને કોઈએ કહ્યું હોત તો હું ન માનત.

પણ આજ આપના દર્શનથી તો એ સત્યની મને ખાત્રી થઈ છે.. આપના મિલનથી મને સમજાયું કે, જગતને જીતનાર કરતાં પણ ઇન્દ્રિયોને જીતનાર મહાન છે-શૂરવીર છે! ધીર ને વીર તે જ કહેવાય કે, જે વાસનાનો ગુલામ નહિ, પણ જે સંતોષનું સંતાન છે. આપ મને કંઈક એવો સંદેશ આપો, જે લઈ હું મારી માભોમ તરફ જાઉં, અને એ અમર સંદેશ મારા જીવનમાં ઉતારી, એ દિવ્ય સંદેશ સારા દેશબાંધવોને પહોંચાડું!..."

જોયું, ત્યાગનો પ્રભાવ કેવો છે? સિકંદર જેવો ઘમંડી પણ ત્યાગ આગળ ઝૂકી પડ્યો. વિશ્વની એવી કોઈ તાકાત નથી, જે ત્યાગ સામે પડકાર કરે! સૂર્યનો ઉદય થતાં જેમ અંધકારના ડુંગરા પણ ઓગળી જાય, તેમ ત્યાગનો મહિમા પ્રગટતાં, ભોગીઓ એની આગળ ઓગળી જાય! અને તેથી જ કોઈને ય નહિ નમનારો અક્કડ સિકંદર નમ્ર બની સંતના ચરણોમાં ઢળી પડ્યો. એના આત્માના દ્વાર ઊઘડી ગયાં, અને ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય બન્યો.

તમારે પણ ઉપદેશ સાંભળવા માટે આવી નમ્રતા અને જિજ્ઞાસા કેળવવી જોઈએ ને? નમ્રતા અને જિજ્ઞાસા વિનાના શ્રોતાને ઉપદેશ સંભળાવવો એ તો ઊંધા ઘડા પર પાણી રેડવા જેવું છે, એથી બંનેને નુકશાન. પાણી નિષ્ફળ જાય ને ઘડો ખાલી ને ખાલી રહે. જો કે આ તો વિવક્ષાએ વાત છે. નહિતર વક્તાને તો એકાંતે લાભ છે જ. એ તો એક કલાક નિર્જરા જ કરતો હોય છે, પણ સાધારણ રીતે વ્યાખ્યાનકારે પણ સભા નિરીક્ષણ તો કરવું જ રહ્યું કે—આમાં કોની કેટલી પાત્રતા છે?

પાત્રતાનો પ્રભાવ કોઈ અજબ છે !

પાણી એકનું એક જ છે, પણ પાત્રના ભેદથી પરિણામ જુદું આવે છે. સ્વાતિ નક્ષત્રનું પાણી છીપમાં પડે તો મોતી થાય, ફળદ્રુપ ભૂમિમાં પડે તો સારું અનાજ થાય, ને સર્પના મોંમાં પડે તો ઝેર થાય.

पात्राऽपात्रविवेकोऽस्ति, धेनुपन्नगयोरिव ।
तृणात् संजायते क्षीरः, क्षीरात् संजायते विषम् ॥

પાત્ર અને અપાત્રનું કેટલું અંતર છે, તે બતાવવા માટે આ એક સુભાષિત જ બસ છે. ગાયને તૃણ–ઘાસ ખવડાવો તો તેનું દૂધ થાય અને સર્પને દૂધ પાઓ તો તેનું હલાહલ ઝેર થાય ! પાત્રનો કેવો પ્રભાવ ?

મુનિએ પણ સિકંદરમાં હવે નમ્રતા અને જિજ્ઞાસાદ્વારા પાત્રતા જોઈ, અને કહ્યું : “ તમે જે આપી ન શકો તે તમારે લેવું નહિ....! ”

મુનિનું આ રહસ્યપૂર્ણ વાક્ય એમને ન સમજાયું, એટલે સિકંદરે કહ્યું : “ હું આ મહાવાક્યનો અર્થ સમજી શક્યો નથી એટલે કૃપા કરી આપ મને વિસ્તારથી સમજાવો...”

કરુણાપૂર્ણ સંતે કહ્યું:–રાજન્ ! કોઈનું લૂંટેલું ધન તમે એને પાછું આપી શકો છો, કોઈનું ઝૂંટવેલું રાજ્ય પણ તમે પાછું આપી શકો છો; પણ કોઈના લીધેલા પ્રાણ તમે પાછા આપી શકો ખરા ? જે પ્રાણ દેવાનો અધિકાર તમને નથી તે પ્રાણ લેવાનો અધિકાર પણ તમને નથી. માણસ બધી વસ્તુઓ આપી શકે છે, પણ એ જીવન કોઈનેય આપી શકતો નથી, તો પછી બીજાનાં જીવન યુદ્ધના બહાનાથી લેવાનો

હક્ક તમને કોણે આપ્યો....?"

સંતના આ વચનો સાંભળી એનો આત્મા નાચી ઊઠ્યો. યુદ્ધવિરામ અને અહિંસાનો મહામંત્ર એનેઆવચનોમાં દેખાયો અને અહિંસક જીવન જીવવાની પ્રતિજ્ઞા લઈ મુનિને પ્રેમ અને બહુમાનથી નમન કરી, એ પોતાના દેશ ભણી ઉપડ્યો.

એરિસ્ટોટલે સિકંદરને પૂછ્યું : "કેમ, મેં મંગાવેલી વસ્તુ લાવ્યા ? ન લાવી શક્યા ને ? ભાઈ! મારે એ સંતને અહીં લાવવા નહોતા, પણ મારે તો તમારું ઘેન ઉતારવું હતું. સત્તા ને શ્રીમંતાઈથી જગતની બીજી કોઈ પણ વસ્તુ ખરીદી શકાતી હોય તો પણ, ત્યાગ તો નથી જ ખરીદી શકાતો. સત્તા ને શ્રીમંતાઈ આગળ બીજી કોઈ પણ વસ્તુ પીગળી શકે, પણ ત્યાગ જ એક ઉન્નત અને અણનમ રહી શકે છે. સર્વ વસ્તુને ભય છે, પણ ત્યાગ જ એક અભય છે" એરિસ્ટોટલની આ વાત સાંભળી સિકંદર એમને ભેટી પડ્યો.

[ ૨ ]

धर्मं चरति पण्डितः

સંત અને સિકંદરના આ પ્રસંગ દ્વારા ઇંદ્રિયોને જિતે તે શૂર, આ વાત આપણે વિચારી ગયા. હવે આવે છે પંડિત. પંડિત કોણ? શાસ્ત્ર ભણે, શ્લોકો પોપટની જેમ બોલી જાય કે ભડભડ સંસ્કૃત બોલવા માંડે એટલા માત્રથી તે પંડિત ન કહેવાય. પંડિત તે જ કહેવાય કે જે ધર્મને વિવેકપૂર્વક આચરતો હોય, પોતાની ફરજ જે સમજતો હોય, અને અત્યારે પોતાનું પ્રાપ્ત કર્તવ્ય શું છે, એનો વિચાર કરી, અયોગ્યને છોડી યોગ્યનો આદર કરતો હોય; તે પંડિત કહેવાય. આવો

પંડિત આ દુનિયાના ભોગમાં રાચે ખરો? એ વિલાસનાં સાધનો મેળવી નાચે ખરો? એ જગતની સંપત્તિમાં માચે એમ તમે માનો છો? ત્યારે સાચો પંડિત આ દુનિયાને શું માને?

સાચો પંડિત આ દુનિયાને એક વિશાળ મુસાફરખાનું માને. આ મુસાફરખાનામાં રોજ લાખો આવે છે અને લાખો જાય છે. માણસ માને છેઃ હું કંઈક છું એ હું–પદના ઘમંડમાં ડોલનારા પણ ધૂળમાં મળી ગયા. જેઓ એક ફૂંક મારી જગતની રાખ કરી શકતા હતા, એમની રાખ આજે શોધીયે જડતી નથી. જગતના ગમે એવા સત્તાધીશ કે ધનવાન માણસને પણ આ જગતમાંથી જવાનું છે એ તો નક્કી છે ને?

માણસ મોટો છે, માટે કંઈ મૃત્યુ એની વાટ જોઈને ઊભું રહેવાનું નથી. મૃત્યુની ગાડી તો રાતદિવસ ચાલી જ જાય છે. અને જે એના ઝપાટામાં આવે, તેને ઉપાડતી જ જાય છે. જગતની ગાડી તો મોટા માણસની શરમને લીધે કદાચ થંભાવી શકાય, પણ આ મૃત્યુની ગાડીને ગમે એવો સત્તાધીશ પણ થંભાવી શકે એમ તમને લાગે છે? તમારો પૈસો મૃત્યુની ગાડીને એક સેકન્ડ (Second) પણ નહિ રોકી શકે? એમ માથું ડોલાવે નહિ ચાલે. જરા સ્પષ્ટ શબ્દોમાં કહો, તો આ સામાન્ય માણસોને પણ ખબર પડે કે આ શેઠ આટલા શ્રીમંત હોવા છતાં પણ કહે છે કે, અમારો પૈસો ને અમારી આવડત અમને બચાવશે તો નહિ, પણ એનો સદુપયોગ ન થયો તો અમને ખેંચીને નર્કમાં લઈ જશે. કેમ આ વાત ખરી છે ને?

સુખી માણસોએ તો વળી આ વાત ઉપર ખૂબ વિચાર

કરવો જોઈએ. 'સંસાર એ મુસાફરખાનું છે. અહીં ગમે એટલું ભેગું કરીશું તોય છોડયા વિના છૂટકો નથી. હું આ વૈભવને નહીં છોડું તો એ મને છોડશે. હસતાં હસતાં નહિ તજું તો રડતાં રડતાં તજવું પડશે.' બાપડા થઈને છોડવા કરતાં બહાદુર થઈને છોડો ને! જેથી લોકો પણ તમારી પાછળ એમ કહે કે:–ખરો ભડનો દીકરો નીકળ્યો. ભોગોએ એને નથી છોડયો પણ એણે ભોગોને લાત મારી. ધન્ય છે આના ડહાપણને! સંસારમાં રહ્યો પણ એમાં ફસાયો નહિ. ધન મળ્યું પણ એમાં મુંઝાયો નહિ. સંસારને મુસાફરખાનું માની નીકળી ગયો!

**રઘુકુલનો ત્યાગ**

શ્રી રામના વનવાસની વાત તો જગપ્રસિદ્ધ છે ને? રામાયણનો એ કરુણ છતાં સોહામણો પ્રસંગ વિચારવા જેવો છે. આખી અયોધ્યામાં આનંદની હવા જામી છે. શ્રી રામચંદ્રજીના રાજ્યાભિષેકની તૈયારી ઘણાજ ઉત્સાહપૂર્વક પૌરજનો કરી રહ્યા છે. આ ઉત્સવ એકલા રાજાનો નહિ, પણ પ્રજાનો પણ ખરો. કારણ કે આવા ભલા કુમારના રાજ્યાભિષેકથી પ્રજાને શાન્તિ ને સુખ મળવાનાં છે. એટલે આજની જેમ કેવળ રાજ્યને જ ખર્ચે એ ઉત્સવો નહોતા થતા, પણ પ્રજાનાં તન, મન અને ધન પણ એમાં મળતાં, એટલે એ ઉત્સવનો આનંદ કોઈ ઓર જ આવતો!

આ સમયે શ્રી રામ શૃંગારગૃહમાં વસ્ત્રાલંકાર પહેરી રહ્યા છે. હાથમાં હીરાથી જડેલો મુગટ લેતાં એ વિચાર કરે છે:–આ મુગટના ભારને વહન કરવા હું સમર્થ છું ખરો? આજ હું નાગરિક છું, આવતી કાલે હું રાજા થઈશ, અને આખી

અયોધ્યાની જવાબદારીનો બોજો મારા શિરે આવશે. તો આ વિશાળ જવાબદારીના ભારને ઉપાડવા હું સમર્થ છું ખરો ?

રાજ્યાભિષેકના આનંદભર્યા પ્રસંગે, ગંભીર બની શ્રીરામ વિચાર કરે છે. આવા પ્રસંગે પોતાની જવાબદારી ને લાયકાતનો વિચાર કર્યા વિના આજકાલ સત્તાની પડાપડી માટે જે દોડાદોડ કરે છે, એનું જ આ કલેશમય પરિણામ છે.

સૌને સત્તા જોઈએ છે, શક્તિનો કે સંયમનો વિચાર કોઈને ય કરવો નથી. જ્યાં સત્તાની જ ભૂખ જાગે ત્યાં કેવું કારમું પરિણામ આવે, તેનો જ અહીં વિચાર કરવાનો છે.

જે સમયે શ્રીરામ પોતાના કર્તવ્યની વિચારણા કરી રહ્યા છે, તે જ પ્રસંગે કૈકેયી પોતાના તુચ્છ સ્વાર્થનો વિચાર કરે છે.

શ્રી દશરથજી પણ આજે આનંદમાં છે, પોતાના લાયક પુત્રનો રાજ્યાભિષેક થવાનો છે, પોતે આજ દિવસ સુધી ઉપાડેલી રાજ્યધૂરા પોતાના યોગ્ય ઉત્તરાધિકારીને ખાંધે મુકાય છે. એની ખુશાલીમાં એ મનમાં મલકાય છે. પોતે મુક્ત બને છે અને યોગ્યના હાથમાં રાજ્યનો દોર સોંપાય છે. રાજ્યની દૃષ્ટિએ જીવનનો આ છેલ્લો પ્રસંગ શાન્તિથી પતી જાય, તો પોતે હવે જીવનના ઉત્તરાર્ધમાં પૂર્ણ આત્મસાધના કરી શકે, એમ એ માને છે.

શ્રી દશરથજી સુંદર વસ્ત્ર પહેરી મહેલમાંથી બહાર નીકળવા જાય છે, ત્યાં બારણામાં જ કૈકેયી આવી ઊભાં રહ્યાં. આ ચતુર સ્ત્રીએ આજે સોળે શણગાર સજ્યા છે. માણસને મત્ત બનાવી દે એવો એનો શૃંગાર છે. સ્વાર્થની મદિરાથી એની મસ્ત આંખો ઘૂમી રહી છે; સૌંદર્યનું આકર્ષણ વૃદ્ધ ઉપર

પણ શું કામ કરે છે તે તમે વિચારી જોજો.

જ્ઞાનીઓ કહે છે કે, પ્રલોભનકારી પદાર્થોથી દૂર રહો, એનો મારકણો સ્વભાવ જતો નથી. ઝેર તે ઝેર છે. વૃદ્ધનેય મારે ને યુવાનનેય મારે, ભણેલાઓને મારે અને અભણનેય મારે. જે ખાય તે મરે! ઘણા કહે છે ને કે અમે તો હવે વૃદ્ધ થયા. અમારી ઇન્દ્રિયો શિથિલ થઈ, હવે અમને વિષયની ભૂખ ન જાગે. અમે તો હવે અનાસક્ત છીએ–પણ હું કહું છું કે જવા દો એ દંભને! તમે કેવા અનાસક્ત છો તે જ્ઞાનીઓ અને માનસ શાસ્ત્રીઓથી અજાણ્યું નથી. પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયો અને બસો ને બાવન વિકારોમાં મગ્ન રહેવું અને પાછી અનાસક્તિની વાતો કરવી!

કેટલાક વૃદ્ધો માટે કહેવાય છે, કે શારીરિક શિથિલતાને લીધે બાહ્ય દૃષ્ટિએ શાન્ત દેખાતા હોય, પણ સિનેમામાં કે નાટકમાં જાય એટલે નટીઓને જોઈ વેંતવેંત ઊંચા થઈ જાય! નીરખીને આ બૂઢાઓની અનાસક્તિ! વૃદ્ધ થવા છતાં વાસના ન જાય તો એ આખા કુળને કુમાર્ગે લઈ જાય. જેમ વાળ ધોળા થતા જાય તેમ તેમ હૈયું પણ ધોળું થવું જોઈએ.

શ્રી દશરથજી ઉપદેશ સાંભળ્યા પછી વિરાગી બન્યા છે. એમણે પોતાના હૈયાને કેળવ્યું છે, એટલે એ વિચાર કરતા આવે છે, કે હવે રાજ્યનો ભાર ઉતારી હું હળવો બનું, ને સંયમની સાધના કરું એ જ પ્રસંગે બારણામાં ઊભેલાં કૈકેયીને જોઈ એમણે પૂછયું:

‘કાં બારણામાં કેમ? આજે તમે ઉદાસ કાં જણાઓ છો? આજ તો આનંદનો દિવસ છે- જે જોઈએ તે માંગો. આજે

કંઈ જ મોંઘું નથી.'

ત્યારે કૈકેયીએ કહ્યું : 'શું માગું ? મારે બીજું માંગવાનું શું હોય? તમારી જેમ મારો ભરત પણ ત્યાગના રંગે રંગાયો છે. મારા હાથમાંથી તો પતિને પુત્ર બંને જાય છે, એટલે પુત્રને રોકવાનો માર્ગ એક જ છે. રામને બદલે ભરતનો રાજ્યાભિષેક કરો, અને તમે લગ્નકાળે આપેલું વચન પાળો એ જ પ્રાર્થના.'

કૈકેયીનાં આ વચનો સાંભળતાં શ્રી દશરથજીને પોતાની છાતી પર મોટી શિલા પડી હોય એવો કારમો આઘાત થયો. આનંદ ઊડી ગયો. લોહી થીજી ગયું. એકદમ મૂર્છા આવી ને ધરણી પર ઢળતાં કહ્યું. "તથાસ્તુ...."

મોહનું સામ્રાજ્ય કોઈ અજબ છે. મોહ એ વૈરાગ્ય. વાસિત હૈયાઓના બંધને પણ તોડી નાંખે છે. નાવિક સાવધાન ન રહે તો કિનારે આવેલી નૌકાને પણ મોહના મારકણા વાયરા મધદરિયે ખેંચી જાય !

શ્રી દશરથજીની મૂર્ચ્છાના દુઃખદ સમાચાર અન્તઃપુરના માણસે શ્રી રામચન્દ્રજીને આપ્યા. આ સમાચાર સાભળતાં વિનયી શ્રીરામ સ્તબ્ધ બની ગયા. આ વખતે શ્રી રામચન્દ્રજીને એક જ વિચાર આવ્યો: 'મારું કર્તવ્ય શું ? મારો ધર્મ શું ? પુત્ર તરીકેની મારી ફરજ શું ? પિતાજીની ઇચ્છા એ જ મારી ઇચ્છા. પિતાજીના વચનનું પાલન કરવું એ જ સુપુત્રનો ધર્મ ! પિતાના વચનનો ભંગ કરે તે પુત્ર નહિ પણ પથ્થર ! એ સપૂત નહિ પણ કપૂત !'

પંડિતાઈભર્યો આ દીર્ઘ વિચાર કરી, એમણે તેજથી ઝળાંહળાં થતો રત્નમુગટ હાથમાંથી નીચે મૂકયો અને વિચાર

કર્યો કે "હું જ્યાંસુધી અયોધ્યામાં હોઉં, ત્યાંસુધી ભરતનો રાજ્યાભિષેક થાય નહિ, અને એ રાજ્યને સ્વીકારે પણ નહિ. અને એ રાજ્ય ન-સ્વીકારે તો પિતાજીના વચનનું પાલન કઈ રીતે થાય ? અને વચનભંગ જેવું બીજું પાપ પણ કયું ? વચનભંગ જેવો બીજો દ્રોહ પણ કયો ? એ વચનભંગના પાપમાં હું નિમિત્ત બનું ? એ કદી ન બને. બસ, ત્યારે રાજ્ય છોડી વનમાં જાઉં, અને ભરતનો માર્ગ નિષ્કંટક બનાવું. પિતાજીની પ્રતિજ્ઞા અખંડ રહો."

કરુણાર્દ્ર વીર માતા શ્રી કૌશલ્યાજીના પવિત્ર આશીર્વાદ લઈ શ્રી રામચંદ્રજી ચાલી નીકળ્યા. આગળ શ્રી રામ, પાછળ પુણ્યવતી શ્રી સીતાજી અને એની પાછળ શ્રી લક્ષ્મણજી—આ ત્રિમૂર્તિને જંગલની વાટે જતી જોઈ અયોધ્યાનાં નરનારીઓ રુદન કરવા લાગ્યાં. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. આનંદભર્યા સૂરને છેડતી શરણાઈઓ બંધ પડી. શોકનું વાતાવરણ જામતું ગયું. પ્રજાના હૃદયના બંધને તોડી નાખે એવી વિયોગની વાંસળી વાગવા લાગી. પ્રજા શ્રી રામની પાછળ ચાલી નીકળી, ત્યારે શ્રી રામે સૌને પ્રેમથી સમજાવીને પાછા વાળ્યા અને એ વન ભણી ચાલી નીકળ્યા.

ધર્મ કોણ આચરી શકે ? પંડિત હોય તે. પંડિત ધર્મનો ને કર્તવ્યનો વિચાર કરે છે. જ્યારે મૂર્ખ હક્કની માંથાકૂટ કરે છે. શું શ્રી રામ ધારત તો રાજ્યના માલિક ન બની શકત ? એ આજના લોકોની જેમ કહેત કે "ચાલો ચૂંટણી કરો. મતદાન કરાવો. બહુમતી કોને મળે છે ? મને કે ભરતને ? મેં પ્રજાનો પ્રેમ કેટલો સંપાદન કર્યો છે એની

મારે કસોટી કરવી છે." એમ કહી શ્રી રામે ચૂંટણી-જંગમાં ઝંપલાવ્યું હોત તો ? તો શું થાત? આજ ચૂંટણીવાળાઓ પ્રત્યે જે નજરેથી પ્રજા જુએ છે, એ જ નજરથી શ્રી રામને પણ પ્રજા નીરખત !

બીજી એક વાત વિચારો. શું શ્રી રામ એમ. ન કહી શકત કે "આ ડોસાની બુદ્ધિ તો હવે ભ્રષ્ટ થઈ છે. એણે શું કરવા બીજી પત્ની કરી ? અને શું કરવા આવું વગર વિચાર્યું વચન આપ્યું ? એણે આપ્યું છે તો એ જાણે. મારા હક્કના રાજ્યને ભરતને આપનાર એ કોણ ? એ બૂઢાના વચનને પાળવા હું કંઇ બંધાયો નથી." આવી દલીલ કરી હોત તો ? પણ એ જમાનામાં આજનાં જેવા સ્વાર્થી વકીલો નહોતા. એ જમાનામાં આજના જેટલી હક્કની મારામારી નહોતી. સૌને પોતાના ધર્મની પડી હતી, સૌને પોતાનું કર્તવ્ય યાદ આવતું હતું.

શ્રી રામચંદ્રજી તો એક જ વાત સમજતા હતા કે ત્યાગ કરવો એ મારો ધર્મ છે. પિતાના વચનને અભંગ રાખવું એ મારું કર્તવ્ય છે.

આ કર્તવ્યનિષ્ઠાની અસર શ્રી સીતાજી પર પણ પડી, અને એટલે જ એમણે પણ પોતાના પતિના કાન ન ભંભેર્યા. એમણે વિચાર્યું : પતિને પગલે ચાલી નીકળવું એ સતીનો ધર્મ ! પતિના સુખે સુખી ને પતિના દુઃખે દુઃખી થાય તે સતી ! સતી તરીકે મારે અત્યારે બીજું કંઈ જ કરવાનું ન હોય. પતિનો માર્ગ એ જ મારો માર્ગ !

શ્રી લક્ષ્મણજીને થયું : વડીલ ભાઈ વનમાં જાય ને હું અહીં પડયો રહું ? એ ઘોર અરણ્યમાં ભાઈ–ભાભીની સેવાનો

અપૂર્વ અવસર મને ફરી નહિ મળે ? ગુણિયલ ભાઈનો વિયોગ કેમ વેઠાય ? અને શ્રી લક્ષ્મણજી પણ સાથે ચાલી નીકળ્યા. જોયું ને ? સૌએ પોતપોતાનો ધર્મ કેવો બજાવ્યો !

તમે તમારી દુકાન આ રીતે ભાઈને આપી ચાલી નીકળો તો તમને તમારી પત્નિ શું કહે ? તમારે ઘેર પત્નિ તો હશે ને ? જો કે તમારો સ્વભાવ જોતાં તમે કંઈક આવું અર્પણ કરો એમ લાગતું નથી, છતાં પણ ધારો કે આ ઉપદેશ સાંભળ્યા પછી તમે કંઈક એવું અર્પણ કરી બેસો તો એ સમાચાર સાંભળી તમારી સ્ત્રી પ્રસન્ન થાય કે રાંધેલા રોટલા પણ ચૂલામાં ફેંકી મોંઢું ચઢાવી બેસી જાય ? આ પ્રસંગ ચાલે છે ત્યારે સૌએ પોતાના ઘરની સ્થિતિ પણ વિચારવી તો જોઈએ ને ?

શ્રી ભરતજી બહારગામ છે. ત્યાંથી તેમને બોલાવવામાં આવે છે. આવીને ભરતજી માતા કૈકેયીને પ્રણામ કરવા જાય છે. પુત્રને આશીર્વાદ આપતાં કૈકેયીએ આનંદથી કહ્યું: વત્સ ! તારી માતા તારા હિતની કેટલી ચિંતા કરે છે ! આજની વાત સાંભળતાં તું હર્ષથી નાચી ઊઠવાનો. આજ મેં મારા વરદાનની માંગણી તારા પિતા પાસે કરી લીધી છે. હવે રાજ્યાભિષેક રામનો નહિ, પણ તારો થવાનો."

શ્રી ભરતે કહ્યું: "મા, મા ! તું આ શું બોલે છે ? ઇક્ષ્વાકુ કુળમાં આ સ્વાર્થાંધતા કેવી ? તને હજુ મારામાં અને શ્રી રામમાં ભેદ લાગે છે ? મા, હું માનતો હતો કે તું મારી કલ્યાણકારી માતા છે, પણ આજ મેં જાણ્યું કે તું માતાના વેશમાં પૂર્વનું વેર લેવા આવેલ કોઈ વેરણ છે ! આહ ! આ ઉત્તમ કુળમાં સ્વાર્થ અને સત્તાની દુર્ગંધ કેવી ! મા, તું તારો

ધર્મ ચૂકી. સ્વાર્થમાં અંધ બની, તેં મારા જીવનમાં ઝેર રેડ્યું. ધિક્કાર હો સ્વાર્થાંધતાને!" આટલું કહેતાં કહેતાં તો એ મૂર્છા પામ્યા. દાસદાસીઓ દોડી આવ્યાં. ચંદનનું વિલેપન અને ગુલાબજળનું સિંચન એમના પર કરવા લાગ્યાં.

આ પ્રસંગ ચાલે છે ત્યારે, આપણાં હૈયાંને પણ જરા તપાસવાની જરૂર છે. આવા સુખદ સમાચાર આજની કોઈ માતાએ આજના કોઈ યુવાનને આપ્યા હોય તો યુવાન શું કહે? આવી વાત સાંભળી માતાને ઠપકો દેવાની વાત તો દૂર રહી, પણ સાંભળીને નાચવા જ માંડે. હર્ષથી પુલકિત થતો એ કહે, "હેં! રાજ્ય મને મળશે?"

આમ બોલતાં બોલતાં એની ડાગળી જ ચસકી જાયને? રાજ્યાભિષેકની વાત દૂર રહે અને ગાંડાઓના દવાખાના ભેગા કરવાની ધમાલમાં ઊતરવું પડે ને? કારણ કે આજે સૌને સત્તાની લાલસા જાગી છે. એ અન્યનું પડાવીને ભોગવવાની લાલસાવાળાને પહેલાં તો એ મળે નહિં, મળે તો ટકે નહિ, અને ટકે તો ભોગવી શકે નહિ.

આજ જગતમાં જોશો તો થોડીશી સંપત્તિ માટે સગા ભાઈઓ કોર્ટે ચડે છે, વર્ષો સુધી લડે છે. વકીલો, સૉલિસિટરો અને બૅરિસ્ટરોનાં ઘર ભરે છે, પોતે ફના થઈ જાય પણ નમતું જરાય ન આપે! આનું કારણ એજ કે સૌ પોતપોતાનો ધર્મ ભૂલ્યા છે.

ધર્મ આચરે તે પંડિત અને ધર્મને ચૂકે તે મૂર્ખ. શું ભરતને ભાષાનું નાટક ભજવતાં નહોતું આવડતું? એ પ્રજાને એમ ન કહી શકત કે, "પ્રજાજનો! હું શ્રી રામચંદ્રના

વિયોગથી અતિ દુઃખી છું, મારે રાજ્યની કંઈ પડી નથી, પણ શું કરું? મારી માતાએ આવી ફરજ પાડી છે, એટલે રાજ્યનો આ કાંટાળો મુગટ મારે અનિચ્છાએ પણ વહન કરવો પડે છે!"

આવી ભાષાની ભવાઈ શું ભરતજી ન કરી શકત? અને રાજ્ય ન પચાવી શકત? પણ ભરતજી ધૂર્ત નહોતા. ધૂર્ત હોય તે જ આવી રમતો રમે! એક કવિએ કહ્યું છે:—

सुखं पद्मदलाकारं वाचा चंदनशीतला।
हृदयं कर्तरीतुल्यं त्रिविधं धूर्तलक्षणम्॥

દંભીઓ કેવું નાટક ભજવે છે, તે આમાં કહ્યું છે. મોં કેવું ઠાવકું રાખે, તો કહે છે કે સૌમ્ય કમળ જેવું રાખે, અને વાણી તો ચંદનથી ય શીતળ; પણ હૃદય? હૃદય તો કહે છે કે કાતર જોઈ લો કાતર! જ્યાં જાય ત્યાં ધીમે રહી કાપવાની જ વાત કરે. એકના બે કરે, બેના ચાર કરે અને ચારના આઠ કરે. ભાગલા સિવાય વાત જ નહિ. છતાં મોંથી તો સંપ અને એકતાની જ વાત કરતા હોય!

કોઈ સભામાં તમે ગયા હો તો તમને ખ્યાલ હશે કે, સભાનો પ્રમુખ કહે છે, 'હું આ ઉચ્ચ સિંહાસન માટે લાયક નથી, પણ તમે મને આ જવાબદારીભર્યું સ્થાન સોંપ્યું છે તો મિત્રોના આગ્રહને હું કેમ નકારી શકું?' આમ બોલનાર વ્યક્તિને એ સભાનો પ્રમુખ ન બનાવ્યો હોય તો, એ સભાનું કેવું દુઃખદ પરિણામ આવે એ માટે કહેવાની જરૂરિયાત ખરી? તમે જ કહો. તમે તો આવી ઘણી સભાઓ જોઈ છે.

જેમ રણસંગ્રામમાં યોદ્ધાની મ્યાનમાંથી ચમકતી તલવાર

નીકળે તેમ એનાં મુખમાંથી પણ તીખી ને તમતમતી ઝેરી વાણી જ નીકળે ને ? વાણીની તલવાર એવી વીંઝે કે સભાના ટુકડેટુકડા થઈ જાય ને ? ઘણીવાર તો આવા દંભીઓ, 'મારામાં કંઈ નથી' એમ કહી જગતને છેતરે છે, અને આડકતરી રીતે એમ સૂચવે છે કે, જે છે તે અમારામાં છે .અને અમારામાં જે નથી તે જગતમાં કયાંય નથી. પણ ભરતજી આવા ન હતા. એ તો મહાપુરુષ હતા.

મૂર્છા ઉતરી એટલે શ્રી ભરતે પૂછયું: 'શ્રી રામ કયાં છે?'

ઉત્તર મળ્યો : 'એ તો વનમાં ચાલ્યા જાય છે !'

આ શબ્દો સાંભળતાં એમનું હૃદય ધ્રૂજી ઊઠયું, અને શ્રી રામને મળવા, એ અયોધ્યાની ઊભી શેરીએ દોડવા લાગ્યા. ઊઘાડા પગવાળા અને વિખરાયેલા વાળવાળા ભરતને લોકોની આંસુભીની આંખો, જોઈ જ રહી. શું એમનો ભાઈ પ્રત્યેનો શુદ્ધ પ્રેમ ! શું એમનો ત્યાગ ! અયોધ્યાની સૂની શેરીઓમાંથી એક જ અવાજ આવતો હતો, આનું નામ ભાતૃભાવ ! સગા ભાઈ ન હોવા છતાં કેવો અદ્ભુત પ્રેમ !

શ્રી ભરત તો શ્રી રામની પાછળ દોડયા જ જતા હતા. દૂરથી શ્રી ભરતને જોતાં જ શ્રી રામનું હૃદય ભરાઈ આવ્યું. वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि તે એનું નામ.

કર્તવ્યને પંથે કઠોર રીતે ચાલનાર કૃતનિશ્ચયવાળા શ્રી રામનું હૃદય ભાઈના સ્નેહ આગળ મીણ જેવું બની ગયું.

ભરતે પોતાનું માથું જેવું શ્રી રામના ચરણે મૂકયું, તે જ પળે શ્રી રામ ભરતને ઊંચકીને હૈયે હૈયું દળાય એ રીતે ભેટી પડયા. બંને ભાઈઓની આંખોમાંથી આંસુનાં ઝરણાં વહેવા

લાગ્યાં. બંને દિલોમાં એક બીજા માટે અદ્ભુત લાગણીઓ છલકાતી હતી. આ પવિત્ર ઊર્મિઓના સાગરને ઝીલવા તો સમર્થ કવિનું પાત્ર પણ નાનું પડે. એ મિલનમાં કેવા ભાવનાના તરંગો ઊછળે! અરસપરસ એમ જ થાય કે, અમે એકબીજામાં સમાઈ જઈએ. આ પ્રેમભીના દૃશ્યને જોનાર શ્રી લક્ષ્મણ અને શ્રી સીતાજીની આંખો પણ ધન્ય બની હશે ને? શ્રી લક્ષ્મણજી મનમાં એમ બોલ્યા હશે.

'જાઓ ભૈયા, પ્યારે ભૈયા, રહેગા નામ તુમ્હારા,
જબ તક ચમકે ચાંદ સિતારે, ચમકે નામ તુમ્હારા.'

કહો, તમે જ કહો, બંધુઓ! આ વિરલ દૃશ્યને જોતાં માતા ધરતીને કેટલો આનંદ થયો હશે? આ ઘરડી ધરતી માતાના હૈયામાં પોતાના કુપાત્ર સંતાનોના વેર-ઝેરના કેટ-કેટલા દાવાનળો બળતા હશે, એમાં આ વાત્સલ્યભીના દૃશ્યે માતા ધરતીને કેવી અપૂર્વ શાન્તિ આપી હશે? કહો ધરતી ત્યારે કેવી હરિયાળી ને નવપલ્લવિત બની હશે? ભાઈ ભાઈ વચ્ચેના વાત્સલ્યનો આ આનંદકટોરો પીને તો આ વૃદ્ધ ધરતી પણ ત્યારે નવયૌવના બની ગઈ હશે ના? એને પણ એમ થયું હશે કે, ના, ના, મારાં બધાં સંતાનો કુપાત્ર નથી, આવા સુપાત્ર પણ છે!

આંખનાં આંસુ લૂછીને શ્રી ભરતે કહ્યું: "બંધો! આપ આ શું કરો છો? મને અહીં એકલો મૂકી આપ વનમાં જશો? તમારા વિયોગે હું કઈ રીતે રહી શકીશ? આપ વનમાં તડકામાં ભમતા હો ત્યારે હું મહેલની શીળી છાયામાં આનંદ કરું? આપ જંગલમાં સૂકાં ફળફૂલ પર આજીવિકા ચલાવતા

હો ત્યારે હું ઉત્તમ રસવાળાં ભોજન કરું ? આપ જમીન અને ઘાસ પર આળોટતા હો ત્યારે હું પલંગમાં અને શય્યામાં પોઢું ? ભાઈ, ઓ પ્યારાભાઈ! આવું કદી બન્યું છે? શું તમે મને આટલો હલકો માન્યો ? શું તમે મને રાજ્યનો લોભી માન્યો ? ભાઈ, તમારા વિના આ અયોધ્યાનું તો શું પણ ત્રણ ભુવનનું રાજ્ય મળે તો પણ હું એને તુચ્છ માનું!'

ભરતજી થોભ્યા અને વળી આગળ બોલ્યા.

'મારું મન તો સંયમના રંગે રંગાયું છે, આ રાજ્યના કીચડમાં મને કાં નાખો ? કૃપા કરી આપ અયોધ્યામાં પધારો અને મને મારા માર્ગે જવાની અનુજ્ઞા આપો!'

એ પછી શ્રી રામે એમને ઘણી રીતે સમજાવ્યા પણ એ ન માન્યા. એ વખતે શ્રી રામના હૈયામાં કર્તવ્ય અને લાગણીઓનું દ્વંદ્વ યુદ્ધ જામ્યું હતું.

એક બાજુ ભાઈનો નિર્મળ પ્રેમ, માતાની મીઠી મમતા, સ્નેહીઓની લાગણીભરી હૂંફ—આ સૌ ખેંચી રહ્યાં હતાં. બીજી બાજુ કર્તવ્યનો કઠોર પંથ હતો. પ્રેમ, મમતા અને લાગણીઓ....સૌને કચડી કર્તવ્યના કઠોર પંથે જવાનું હતું. શ્રી રામ સમજતા હતા કે આજ હું પોતે જ જો કર્તવ્યનો પાઠ નહિ ભણું તો પછી ભવિષ્યમાં મારા કુટુમ્બીઓને કર્તવ્યનો પાઠ કઈ રીતે ભણાવી શકીશ ?

મમતાથી આર્દ્ર બનેલા હૈયા પર કુમળી લાગણીઓનાં બાણોની અસર તીવ્ર થાય છે, પણ જેને કર્તવ્યનું બખ્તર પહેર્યું હોય છે, એ તો આવા આકરા ઘા પણ સમતાથી સહી લે છે, અને કર્તવ્યને પંથે આગળ વધે છે. પણ જે

અસમર્થ છે એ તો કુમળી લાગણીઓમાં ખૂંચી જાય છે, અને એમાં જ અટવાઈ પડે છે. કર્તવ્યને કઠોર બની સ્વીકારે છે, તેનો વિકાસ થાય છે; અને જે તરંગોમાં તણાય છે. તેનો વિનાશ થાય છે!

શ્રી રામે કર્તવ્યનો કઠોર પંથ સ્વીકારતાં કહ્યું: 'ભાઈ, વહાલા ભરત! તારાથી વિખૂટા પડતાં મને કેટલું દુઃખ થાય છે, એ હું અત્યારે નહિ વર્ણવું. હું તો તને અત્યારે કઠોર બની આજ્ઞા કરું છું. નાનાભાઈએ મોટાભાઈની યોગ્ય આજ્ઞા માનવી જોઈએ, આ રઘુકુળની મર્યાદા છે. તો હું આજ્ઞા કરું છું કે પિતાજીના વચનને અખંડ રાખવા માટે તારે આ માર્ગ સ્વીકાર્યા વિના છૂટકો નથી. હું પાછો ન આવું ત્યાં-સુધી, મારી ગેરહાજરીમાં, તારે અયોધ્યાનું સિંહાસન સાચવવું અને રાજ્યધૂરાને તારે વહન કરવી, એ મારી આજ્ઞા છે.'

આટલું બોલતાં બોલતાં તો શ્રી રામના હૈયાના બંધ તૂટી રહ્યા હતા. એમની આંખના ખૂણાઓમાં બે આંસુ છલકાયાં અને શ્રી ભરતના મસ્તક પર પડ્યાં. વનભણી જવા ડગલાં ઉપાડતા શ્રી રામના ચરણોમાં માથું મૂકી શ્રી ભરતે કરુણ સ્વરે કહ્યું, "ભાઈ, પ્યારા ભાઈ! હું રઘુકુળની મર્યાદા જાણું છું. અને आज्ञा गुरुणामलङ्घनीया એ નીતિવચનને પણ જાણું છું. પણ સ્નેહને આધીન બનેલું હૈયું કાબૂમાં રહેતું નથી."

માનવીના મનનું માપ આવા પ્રસંગે જ નીકળે છે. વાતોમાં તો ઘણા ભાઈ પોતાના ભાઈઓ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરતા હોય છે, પણ જ્યારે ત્યાગનો આવો કોઈક વિષમ પ્રસંગ આવે છે, ત્યારે એના ભ્રાતૃપ્રેમની કસોટી થાય છે.

હમણાં અહીં ટીપ કરીએ અને એમાં માત્ર રૂપિયા નોંધાવવાના જ હોય અને ભરવાના ન હોય તો ટીપ કેટલે પહોંચે? લાખ, ક્રોડ કે અબજ કંઈ માપ રહે ખરું? કારણ કે રૂપિયા લખાવવામાં કોણ કંજૂસ બને? ભરવાના હોય તો ચિંતા છે ને? તેમ ભ્રાતૃભાવ, વિશ્વવાત્સલ્ય, નિર્દોષ પ્રેમ વગેરે શબ્દો વાપરવા સહેલા છે, પણ જ્યારે કસોટી પર ચઢે છે, ત્યારે જ એની કિંમત થાય છે.

આજે શબ્દો સોંઘા બન્યા છે, કર્તવ્ય મોંઘું બન્યું છે; કર્તવ્યનો દીવડો પ્રગટશે તો જ પ્રકાશ મળશે. કર્તવ્ય વિનાનાં ભાષણોથી તો છે એના કરતાં અંધારું વધશે, એમ આજના યુગનાં આંદોલનો પરથી લાગે છે.

હૃદયના ઊંડાણમાં કોતરાઈ જાય એવી ગંભીર વાણીથી શ્રી રામે કહ્યું: "ભાઈ! હું જાણું છું કે પ્રેમ બળવાન છે. પણ એ તું કેમ ભૂલી જાય છે કે પ્રેમ કરતાં પણ કર્તવ્ય મહાન છે! કર્તવ્યની વેદી પર પ્રેમનું બલિદાન આપવું એમાં જ માનવની મહત્તા છે.

'ધર્મસમરમેં કભી ભૂલકર, ધૈર્ય નહીં ખોના હોગા,
વજ્રપ્રહાર ભલે શિર પર હો, કિન્તુ નહીં રોના હોગા'.

'માટે કહુ છું કે શોક કર્યા વિના કર્તવ્યના પંથે લાગી જા.'

આ વચનો સાંભળતાં શ્રી ભરતથી ન રહેવાયું. એમનો આત્મા મમતાથી દ્રવી ગયો. એમણે કહ્યું: "ભાઈ! આ વાત હું જાણું છું પણ માનવીનું મન એ નિર્મળતાના પરમાણુઓથી ઘડાયેલું છે. એટલે કો'કવાર એ દ્રવી જાય છે, છતાં હું આપની આજ્ઞા શિરોવંદ્ય ગણું છું.

'આપ મને રાજ્યધૂરા વહન કરવાની આજ્ઞા કરો છો તો હું પણ પ્રતિજ્ઞા કરું છું કે અયોધ્યાના મહાન સિંહાસન પર હું નહિ બેસું : પણ શ્રી રામની પવિત્ર પાદુકાઓ બિરાજશે. રાજ્યાભિષેક ભરતનો નહિ, પણ શ્રીરામના ચરણની ચાખડીઓનો થશે. આજથી ભરત એક રાજા તરીકે નહિં, પણ શ્રી રામના ચરણોની પાદુકાઓની આજ્ઞા ઉઠાવનાર સેવક તરીકે રહેશે." એમ કહી આંસુ નીતરતી આંખે શ્રી ભરતે શ્રી રામના પગની ચાખડીઓ ખેંચી લીધી, ( અહીં સભામાં તાળીઓનો જોરદાર ગગડાટ થતાં પ્રવચનકારે કહ્યું ) તમે શાંત થાઓ. તાળીઓ ન પાડો. શાંતિથી સાંભળો. આ તો તમને લાગણીઓનો ઉછાળો આવ્યો છે, એટલે તમે તમારો હર્ષ વ્યક્ત કરો છો.

આ પ્રસંગ ઉપર તો તમારે તાળીઓ પાડવા કરતાં ઊંડો વિચાર કરવાની જરૂર છે. આપણા જીવનમાં આવો ભ્રાતૃભાવ અને સાચો ત્યાગ આવી જાય તો આજ સંસાર જે સળગતો લાગે છે એને બદલે એ સ્વર્ગનું નંદનવન બની જાય.

કલહના અંગારા ઝરતા આ સંસારમાં પ્રેમધર્મનાં આવાં સુધાબિન્દુઓ વર્ષવા માંડે તો સંસાર કેવો મધુર અને ભવ્ય લાગે ? પણ વિષય અને સત્તાના કીડાઓએ આ સંસારમાં અર્થ અને કામના અંગારા ભરીને આ સંસારને દાવાનળ જેવો બનાવી દીધો છે.

જીવનદ્રષ્ટાઓ કહે છે કે તમે આ સંસારમાં નન્દનવન જોવા ઇચ્છતા હો તો આ સંસારને એક મુસાફરખાનું સમજીને જીવો. રહે ત્યાં સુધી તો સૌ મૈત્રીને પ્રેમભર્યા સંબંધોથી રહો

અને જવાની પળ આવે તો ગભરાઓ નહિ, અને મૃત્યુને પણ કહો “ દોસ્ત! કંઈ વાંધો નથી. હું તૈયાર જ છું. ચાલો, હવે વિલંબ કરવાની કંઈ જ જરૂર નથી.”

બોલો, મૃત્યુ માટેની આવી તૈયારી છે? નથી, કારણ? કારણ કે માણસ જીવનનો ધર્મ સમજ્યો નથી. ધર્મ સમજ્યો હોય તો એ કહે કે, મરણ એ તો પ્રકૃતિ છે, અને જન્મ એ જ વિકૃતિ છે. મૃત્યુ કે જે પ્રકૃતિ છે, સ્વભાવ છેં, એથી ગભરાવું શા માટે? જે અનિવાર્ય છે તેથી ડરે શું વળે? મૃત્યુ ન જોઈતું હોય તો જન્મને અટકાવો. અને જન્મને અટકાવવા માટે જીવનનો ધર્મ સમજો.

જે માણસ મનુષ્ય બનવા છતાં પોતાનો ધર્મ સમજતો નથી તે કેવો કહેવાય?

સભામાંથી અવાજ આવ્યો: “ પશુ જેવો.”

અને પશુમાંય ભયંકર સિંહ જેવો જ કહોને! સિંહ સાથે માણસની સરખામણી કરું તો તમે બહાર જઈને મારે માટે શું કહો? કહો ને કે માણસ જેવા માણસને જંગલી સિંહ સાથે સરખાવ્યો. પણ ગમે તે કહો તેનો મને વાંધો નથી. આજ તો હું તમારે જ મોઢે કબૂલ કરાવવાનો છું કે ધર્મને ભૂલે તો માણસ સિંહ જેવો ક્રૂર ખરો કે નહિ!

માણસે સિંહને ત્રણ હલકાં વિશેષણો આપ્યાં: જંગલી, હિંસક અને ક્રૂર અને એના જ પ્રતિસ્પર્ધી ત્રણ શ્રેષ્ઠ વિશેષણો પોતાની જાત માટે વાપર્યાં છે: શહેરી, અહિંસક અને સૌમ્ય. પણ આ વિશેષણો કોના માટે કેટલાં સાર્થક છે, એનો વિચાર તો કરવો જ રહ્યો ને?

સિંહ શિકાર ક્યારે કરે ? ભૂખ્યો થાય ત્યારે. ભૂખ ન હોય તો એ કોઈનો ય શિકાર ન કરે. એની બાજુમાં થઈને એક નાનું બાળક પસાર થાય તોય એની સામે એ મીટ પણ ન માંડે. કારણ કે એનું પેટ ભરેલું છે. પેટ ભરેલું હોય તો વ્યર્થ શિકાર શા માટે કરે ? કારણ કે એને સંગ્રહ કરવાની જરૂર નથી.

હવે તમે સિંહની સામે મનુષ્યને મૂકો, અને મનુષ્યનો વિચાર કરો. મનુષ્ય શિકાર ક્યારે કરે ? ભૂખ્યો હોય તો જ એ શિકાર કરે કે પેટ ભરેલું હોય તોયે એ જગતને લૂંટ્યા જ કરે ? આજે લોકોને નીચોવનારા, કાળાબજાર કરનારા, વસ્તુઓનો અપરિમિત સંગ્રહ કરનારાં, બજારને ઊંચો-નીચો કરનારા શું બધા ભૂખ્યા છે ? લોકોને ચૂસી કરોડોના માલિક બન્યા છતાં લૂંટ અટકતી નથી. જેમ ધન વધતું જાય તેમ શિકારીવૃત્તિ વિકસતી જાય. આનું કારણ શું ? કારણ કે માણસને પેટ નથી ભરવું, પણ મોટા પટારા ભરવા છે. છતાં આપણે કહીએ છીએ કે માણસ શહેરી છે અને સિંહ જંગલી છે ! સંતોષમાં મગ્ન રહેનારો સિંહ જંગલી ગણાય અને અસંતોષથી જગતને લૂંટનાર માણસ શહેરી ગણાય ?

હવે બીજી વાત પર આવો. સિંહ શિકાર ક્યારે કરે ? જ્યારે ભૂખ લાગી હોય ત્યારે. પણ એ શિકાર કોનો કરે ? નાનકડા ઉંદર કે સસલાનો એ શિકાર કરે એમ માનો છો ? ના, ના. એ નાના ક્ષુદ્ર પ્રાણીઓનો શિકાર કદી ન કરે. એ પોતાના સમોવડિયા હોય એવાં પ્રાણીઓનો જ શિકાર કરે. મદોન્મત્ત હાથી કે એવા મોટા પ્રાણીઓને જ એ પકડે.

હવે, મનુષ્ય કોનો શિકાર કરે? શું પોતાના જેવા સમૃદ્ધ માણસને એ છેતરી શકે ખરો ? એ તો કોઈ ભોળા નિર્દોષ અને ઓછું ભણેલાને છેતરવાનો. પોતાથી મોટા માણસનો શિકાર કરવા જાય તો એનાં દાંત ખાટા થઈ જાય! એવા મોટાના તેજમાં તો માણસ પતંગિયું થઈને પડતો હોય છે એવાનો શિકાર કરવા જાય તો એ પોતે જ એનો શિકાર થઈ જાય. માણસ તો પોતાનાથી જે ઉતરતો હોય, એને જ શીશામાં ઉતારવાનો અને ભોળાને છેતરી મનમાં મલકાવાનો. છતાં આશ્ચર્ય તો જુઓ–માણસ અહિંસક અને સિંહ હિંસક. હલકા જંતુ પર ત્રાપ નહિ મારનારો સિંહ ભયંકર ગણાય અને નાના નાના માણસોને જ છેતરવામાં બહાદુરી માનનારો માણસ દયાળુ ગણાય.

હવે ત્રીજી વાત સિંહ શિકાર ક્યારે કરે એ જાણ્યું, શિકાર કોનો કરે, એ પણ જાણ્યું, હવે શિકાર કઈ રીતે કરે, એ વિચારીએ. સિંહ અણધાર્યો કોઈનાય પર ન ત્રાટકે. ત્યારે એ કઈ રીતે ત્રાટકે? પહેલાં એ ગર્જના કરે, ત્રાડ નાખે, પૂંછડું પછાડે, સામાને ચેતવણી આપે, અને સાવધાન કરી પછી એ ત્રાટકે !

જ્યારે માણસ, સામા માણસને છેતરવો હોય ત્યારે ચેતવણી આપે ખરો? એ ઘરાકને એમ કહે ખરો કે "અમારે ત્યાં અસત્ય બોલાય છે, નવો માલ બતાવી જૂનો માલ અપાય છે, કાળાબજાર કરાય છે, અમારે ત્યાં આવનારે સાવધાન થઈને આવવાની જરૂર છે." એમ કહેનારો વેપારી તમને કોઈ

મળ્યો? જો કે નહિ હોય એમ ન કહેવાય, પણ હોય તો એવા કેટલા?

એવો કોઈ આ સભામાં છે ખરો? નથી.

ત્યારે વેપારી પોતાની દુકાન પર શું રાખે છે?

પ્રમાણિકતાનાં પાટિયાં, સંત-મહાત્માઓના ફોટા, મહાન નેતાઓની છબીઓ–આ બધું શા માટે! અહિંસામાં જરાય ન માનતો હોય, અહિંસાના એક પણ સિદ્ધાંતને ન પાળતો હોય છતાં ખાદી પહેરીને ફરતો હોય છે, આ બધું શા માટે? લોકોના દિલ પર પ્રમાણિકતાની છાપ બેસાડવા માટે ને? અને પ્રમાણિકતાની છાપ પડચા પછી માણસ, માણસની સાથે વાતો કરતો હોય ત્યારે મોંઢામાંથી સાકર ઝરતી હોય એવું બોલતો હોય છે. માદકતાની એવી ભૂરકી છાંટે કે સામો માણસ એ વાણીના ઘેનમાંથી જાગી જ ન શકે.

માણસ પોતાના ઘરાકને સમજાવતા શું કહે છે? ‘અરે, ભાઈ! હું તે જૂઠું બોલું ખરો! ભાઈ, જૂઠું બોલીને કેટલા ભવ કાઢવા છે? આપણે તો સાચું જ બોલીએ, એક જ ભાવ, અને હું ખોટું કહેતો હોઉં તો ભાઈના ગળાના સમ!’ એમ કહી ઘરાકના ગળે હાથ નાંખે, પણ એને કયાં ખબર છે કે ભાઈ મરી જાય તો આ ભાઈને તો નાહવા–નિચોવવાનુંય નથી, એને તો માત્ર ધંધાદારી સમ જ ખાવા છે ને?

આ રીતે માણસ મનમાં કંઈક ઘાટ ઘડતો હોય, વચનમાં વળી કંઈ જુદું બોલતો હોય, અને કાયાથી વળી ત્રીજું જ કરતો હોય, છતાં દંભ કરનાર માણસ સૌમ્ય ગણાય અને ચેતવણી આપી શિકાર કરનારો સિંહ ક્રૂર ગણાય!

આ સરખામણી કરીને હું શું કહેવા માગું છું, એ તમારા ધ્યાનમાં આવ્યું જ હશે. હું આખી માનવ જાતને સિંહ સાથે નથી સરખાવતો, પણ જે ધર્મ ભૂલ્યા છે, એવાઓની આ વાત છે, જે પોતાના ધર્મને સમજે છે, જેમને પોતાના કર્તવ્યનું ભાન છે, તે તો માનવકોટિમાં દેવ છે. પણ જે ધર્મને ભૂલે છે, કર્તવ્યને યાદ કરતા નથી. વિવેકને છોડે છે, તે તો આ સિંહ કરતાં કોઈ રીતે શ્રેષ્ઠ નથી જ. ભલે એ શહેરી, અહિંસક કે સૌમ્ય કહેવાતા હોય. વિશેષણોની મહત્તા નથી પણ વિશેષણોને અનુરૂપ જીવન જીવનારની જ મહત્તા છે.

આમ જુઓ, આ ઘડિયાળ ટકોરા મારીને કહી રહી છે કે–સમય થઈ ગયો છે, એટલે હું આજના પ્રવચનનો ઉપસંહાર કરું છું. આજના પ્રવચનમાં આપણે માનવતાનાં ચાર સોપાનમાંથી બે સોપાનનો વિચાર ઘણા જ વિસ્તારથી કરી ગયા.

પહેલું સોપાન તે ઇન્દ્રિયવિજય ઇન્દ્રિયોને જિતનાર છે શૂર અને જે શૂર બને છે, તે બીજા સોપાન પર ચઢી પંડિત બને.

પંડિત વાતોડિયો ન હોય પણ ધર્મનું આચરણ કરનારો હોય.મીઠાઈઓ ગણાવવા કરતાં એક એક સૂકા રોટલાને પીરસવામાં માનનારો હોય તે પંડિત! પંડિત વાણીવિલાસમાં ન માને પણ આચરણને માને!

માનવતાનું ત્રીજું સોપાન તે વક્તા. સત્યથી પવિત્ર થયેલી વાણીને વદે તે વક્તા.

ચોથું સોપાન તે દાતા. દાતા કોણ? પ્રાણીના હિતને ચિન્તવતો હોય, જીવ માત્રના કલ્યાણમાં જેનું મન રમતું

હોય અને અભયદાનને આપતો હોય તે દાતા.

ઈન્દ્રિયો પર કાબૂ મેળવો. મનોમલને દૂર કરો. ધર્મનું આચરણ કરો, અને આ સંસારમાં માનવતાની સૌરભ મહેકાવો એ જ શુભેચ્છા.

[ ૩ ]

**સત્ય**

ગિરિરાજના કોઈ ઉન્નત શિખર ઉપર ચઢવું હોય તો એકદમ કૂદકો મારી ઉપર ન જવાય પણ ક્રમેક્રમે સોપાનદ્વારા ઉપર પહોંચાય, તેમ માનવતાના ઉન્નત શિખરે પહોંચવા માટે પણ જ્ઞાનીઓએ ચાર સોપાન નક્કી કર્યા છે: શૂર, પંડિત, વક્તા ને દાતા.

જેનામાં શૌર્ય હોય તે શૂર, જેનામાં પાંડિત્ય હોય તે પંડિત, જેનામાં વકતૃત્વ હોય તે વક્તા, જેનામાં દાતૃત્વ હોય તે દાતા.

ગયા પ્રવચનમાં વિચારી ગયા કે રણમાં જીતે તે શૂર નહિ, પણ ઇન્દ્રિયોને જીતે તે શૂર. શાસ્ત્રો ભણી જાય તે પંડિત નહિ, પણ ધર્મને આચરે તે પંડિત. તેવી જ રીતે વાણી વિલાસ કરનારો એ વક્તા નહિ પણ સત્યને ઉચ્ચારે તે વક્તા.

ઇંગ્લેંડમાં એક સંસ્થા છે. સત્યના સિદ્ધાન્તની સભા. Padlock Society આ મંડળમાં ઉમરાવ કુટુમ્બથી માંડીને ગરીબ કુળમાં જન્મેલો માણસ પણ સભ્ય થઈ શકે છે. એ મંડળની વિશિષ્ઠતા એ છે કે એના નિયમોને નહિ પાળનાર વડાપ્રધાનને પણ માન ન મળે, જ્યારે એના નિયમોને પાળનાર

એક સામાન્ય વ્યક્તિને પણ માન મળે, એવું એનું બંધારણ છે, અને એના બંધારણીય સિદ્ધાન્તો અનુસાર જે વર્તે તેજ એનો સભ્ય ગણાય.

આ મંડળના સભ્યો મુઠ્ઠીભર જ છે, પણ જે છે તે પૂરે પૂરા કસાયેલા છે. એમાં દાખલ થનારે આટલી પ્રાથમિક વિધિ કરવાની હોય છે. ત્યાં એક ચાંદીનું તાળું ને સોનાની કૂંચી છે. સભ્ય થનારે એ તાળાને ત્રણ વાર ઉઘાડવાનું ને ત્રણ વાર બંધ કરવાનું હોય છે. આ રીત આપણને કેટલી વિચિત્ર લાગે? પણ આપણે જો ઊંડા ઉતરીશું તો આપણને ખબર પડશે કે આ ઉઘાડ–વાસ કરવાની પાછળ કેવો ભવ્ય ઉદ્દેશ છે!

તાળું વાસનારો આવો સંકલ્પ કરે છે: આજથી હું મનથી કોઈનું ય બૂરું ચિન્તવવાનું બંધ કરું છું, વચનથી કોઈનું ય ખરાબ બોલવાનું બંધ કરું છું, ને કાયાથી કોઈનું ય ખરાબ નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું. ચાંદીના તાળાને સોનાની ચાવીથી બંધ કરું છું. એટલે ચાંદી જેવા ઉજ્જવળ મુખને હું પ્રતિજ્ઞાની સુવર્ણકૂંચીથી બંધ કરું છું. આ મુખરૂપી તાળું ત્યારે જ ઊઘડશે કે જ્યારે આમાંથી સત્યની કે પ્રશંસાની વાણી ટપકશે. અસત્ય કે નિન્દા માટે તો આ મુખ હવે પછી બંધ છે. મારાં નયન સત્યને જોશે, અસત્યને નહિ. મારા કાન સત્યને સાંભળશે, અસત્યને નહિ. મારી જીભ સત્યને ટપકાવશે, અસત્યને નહિ! મનથી, વચનથી, કાયાથી કોઈનું ભલું થશે તો કરીશ; ભલું ન થાય તો કંઈ નહિ; પણ કોઇનું બૂરું તો નહિ જ કરું.

આ જ વાતને ભારતના તેજસ્વી સંતો હજારો વર્ષથી

પોતાના જીવનદ્વારા કહેતા આવ્યા છે,

'વચન—રતન મુખ કોટડી, ચૂપ કર દીજે તાળ,
'ઘરાક હોય તો ખોલીયે, વાણી વચન રસાળ.'

વચન એ તો રત્ન છે. મુખ એ આ મહામૂલા રત્નોને રાખવાની તિજોરી છે. રત્ન કંઈ જેમ તેમ અને જ્યાં ત્યાં રખાય ? એ તો બંધ તિજોરીમાં જ શોભે. પણ તિજોરી સદાકાળ કંઈ બંધ રખાય ? ઘરાક આવે, કોઈ ખરીદનાર આવે, કોઈ સારો પારખું આવે તો તિજોરી ખોલવી જ પડે. પણ ખોલ્યા પછી તો એ રત્નો એવી રીતે સચ્ચાઈથી બતાવવાં કે જોનાર ડોલી ઊઠે. એ વચન–રત્નમાં પ્રિયતાના પાસા હોય, હિત-ચિન્તનનો આકાર હો, સત્યનાં પ્રકાશિત કિરણો હોય, તો જોનારા પણ વાહ વાહ ! પોકારી જાય !

હું કહું છું કે સત્ય, તથ્ય ને પથ્યથી ભરેલું આપણું વચન હોય તો, એની આગળ કોહીનૂર હીરો પણ કંઈ જ હિસાબમાં નથી !

ઘણા વખત પહેલાં આગમ–સાહિત્યમાં વાણીના આઠ ગુણો મેં વાંચ્યા હતા. મને થયું કે આ આઠ ગુણોથી યુક્ત આપણાં વચન હોય, તો તો આ સંસારમાંય શાન્તિનું સ્વર્ગ ઊભું થાય ! તે આઠ ગુણોને હું આપની આગળ મૂકું છું.

વાણીનો પહેલો ગુણ તે મધુરમ્ ।

આપણું બોલવું એવું હોવું જોઈએ કે જેમાંથી મધુરતા ટપકે, મીઠાશ ઝરે, વાણીમાંથી સૌંદર્ય નીતરે. સાંભળનારના કાન પણ એ પ્રિય વચન ફરી સાંભળવા તલસે. વાત એકની એક જ હોય, પણ એક માણસ એવી મીઠાશથી રજૂ કરે કે

સાંભળનાર આનન્દથી ડોલી જાય, જ્યારે એ વાત બીજો એવા કટુ શબ્દમાં મૂકે કે સાંભળનાર હસતો હોય તો રડી પડે.

મધુર શબ્દોમાં માતાને કહ્યું હોય કે : 'કેમ છો મારી મા ?' તો માતા ખુશ થઈને કહેશે કે 'આવને મારા ભાઇ.' પણ એ જ વાત કટુ શબ્દમાં કહી હોય કે : 'કેમ છો મારા બાપની વહુ ?' તો ઉત્તર મળશે કે "તારું કાળજું ખાઉં ?" શબ્દોમાં કેવો જાદુ છે ? એકજ વાત રજૂ કરવામાં પણ કેટલું અંતર ? કવિએ કહ્યું છે :—

'શબ્દ શબ્દ તું કયા કરે ? શબ્દકો હાથ ન પાંવ,
એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ.'

શબ્દને હાથ કે પગ ભલે નથી, પણ એનામાં એવી તાકાત છે કે સુંદર રીતે એનો ઉપયોગ થયો હોય તો એ દાઝેલા હૈયાના ઘા પર મલમપટ્ટાનું કામ કરે, પણ એ જ શબ્દ અણઘડ રીતે વાપર્યો હોય તો કોઇના દિલમાં ન હોય તોય જખમ ઊભો કરે. એટલા માટે આપણી વાણી મધુર હોવી જોઈએ.

મધુરતાનું તો સમજ્યા, પણ મધુરતાના નામે ખુશામત આવી જાય તો ? તો તો જુલમ થાય. એ વાણીજ પતનનું સાધન થાય. ન બોલવાને ઠેકાણે બોલે, અને બોલવાને ઠેકાણે મૌન થઈ જાય, તો કેવું અયોગ્ય થાય ? એટલે વાણીનો બીજો ગુણ છે, निपुणम् ।

વચન જેમ મધુર હોય તેમ સાથોસાથ નિપુણ પણ હોવું જોઈએ. જેની વાણીમાં નિપુણતા હોય તે ખોટી ખુશામત કરે નહિ. કોઈની ખોટી શે'મા તણાય નહિ અને કોઈ બનાવવા

આવે તો અવસરે એને ચેતવ્યા વિના પણ રહે નહિ.

એક કૂલણજી પતિ વારંવાર પોતાની પત્ની આગળ પોતાનાં કુળ, જાતિ, ગૌરવ અને કુટુંબનાં વખાણ કરતો, આથી સ્ત્રી કંટાળી જતી. એક વાર પતિએ પૂછ્યું : ‘ મારાં સગાઓ પર તારો પ્રેમ કેવો છે ? ’ નિપુણ શબ્દોમાં પત્નીએ ઉત્તર વાળ્યો. ‘ પ્રાણનાથ ! આપનાં સગાંઓ પર મારો પ્રેમ કાં ન હોય ? હું તો મારી સાસુ કરતાંય આપની સાસુને વધારે ચાહું છું ! ’ આ મધુર છતાં નિપુણ ઉત્તર સાંભળ્યા પછી એના પતિને થઈ ગયું કે અહીંથી ખોટી બડાઈ કે ખુશામત સાંભળવી નહિ મળે. આ ઉત્તરમાં મધુરતા ને નિપુણતાનું મિશ્રણ છે.

ત્રીજો ગુણ છે : स्तोकम् । સ્તોક એટલે થોડું. બોલવું ખરું પણ થોડું બોલવું. જરૂર પૂરતું જ બોલવું. બહુ બોલ બોલ કરનારના વચનની કિંમત હોતી નથી. બહુ ભાષણો કરનાર, જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે શિખામણ દેનાર વાચાળમાં ખપી જાય છે. એના પર લોકોને વિશ્વાસ બેસતો નથી. એ બોલે તો લોકો એને શાન્તિથી સાંભળે નહિ. અને સાંભળે તો એના પર વિશ્વાસ બેસે નહિ, માટે થોડું બોલવું. જરૂર પડે ત્યારે બોલવું, અને થોડા શબ્દોમાં ઘણું કહેતાં શીખવું.

એક પ્રસંગ મને યાદ આવે છે. મુંબઈમાં પૂ. આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજને વંદન કરવા એક ગૃહસ્થ આવ્યા હતા. બે માળ ચઢીને પેલા ભાઈ ઉપર આવ્યા. આવનારનું શરીર જરા ભારે હતું. એ હાંફી ગયા. વંદન કર્યા પછી સ્મિત કરી એમણે કહ્યું :—

'સાહેબ, આપ તો બહુ જ ઊંચે બિરાજો છો ?'

મહારાજશ્રીએ સ્મિત કરી માર્મિક ઉત્તર વાળ્યો : 'હા ભાઈ! અમે ઊંચે છીએ એટલે જ તો તમે વંદના કરવા આવો છો !'

આ વાક્યમાં શ્લેષ હતો. અમે સદ્‌ગુણના સિંહાસન પર છીએ એટલે તમે વંદના કરો છો. સદ્‌ગુણો ન હોય તો અહીં કોણ આવે ? આ ટૂંકા ઉત્તરથી પણ આપણું મન આનંદ પામે છે, કારણ કે આ ઉત્તરમાં મધુરતા, નિપુણતા ને અલ્પતાનું સપ્રમાણ સંમિશ્રણ છે !

**कार्यापतितम्**—ચોથો ગુણ તે ખાસ કંઈ કાર્ય હોય તો જ બોલવું, નહિ તો મૌન રહેવું. મૌનથી વાણીનું મૂલ્ય વધે છે. મૌનથી વાણીમાં ચિન્તન આવે છે. મૌનથી વચનમાં તેજ આવે છે, અને મૌન પછી પ્રગટેલી વાણીમાં કોઈ અજબ જુસ્સો હોય છે. એવી વાણી સાંભળવા ઘણાં હૈયાં તલસતાં હોય છે. પાશ્ચાત્ય પદ્ધતિને લઈને આજ કેટલાક, કોઈ ઠેકાણે ખાણું લે તોય ભાષણ ઠીકે. જ્યારે રશિયામાં સ્ટેલિન જરૂર વગર કદી ન બોલે. એનું પરિણામ એ આવ્યું કે આપણા આગેવાનોને સાંભળવા કોઈ તૈયાર નથી, ત્યારે સ્ટેલિન ક્યારે શું બોલશે એ માટે લોકો સાંભળવા તલસી રહ્યા છે ! માટે કાર્ય વિના નકામી વાત ન કરવી. વ્યવહારમાં પણ આપણને ઘણા માણસો એવા જોવા મળે છે કે જેમને બોલવાનું ન મળે તો આફરો ચઢે ! બોલે ત્યારે જ જંપ વળે. એ બોલે ત્યારે એની વાતમાં ન હોય માથું કે ન હોય પગ. જેમ આવે તેમ આડે ધડે ફેંકે રાખે ! અંતે સાંભળનારના મનમાં થાય

કે આ બલા ક્યારે જાય ? માટે જરૂર પૂરતું બોલવું.

गर्वरहितम्–આપણી વાણી ગર્વવિહોણી હોવી જોઈએ. વાતવાતમાં આપબડાઈ કરવી, પોતાની જ વાત આગળ ધરવી, પોતે શું કર્યું અને શું નથી કર્યું એનું લંબાણથી વિવેચન કરવું–આ બધું અભિમાનનું સૂચક છે. જ્યારે માણસ આપબડાઈ કરતો હોય છે, ત્યારે વિવેકી સાંભળનાર તો એના પર મનમાં હસતો હોય છે, પણ જાતપ્રશંસામાં પડેલા માણસને એ સામે ધ્યાન હોતું નથી. પોતાની પ્રશંસામાં પડેલો માણસ વિવેકશક્તિ ખોઈ બેઠો હોય છે, અને અવિવેકી માણસ સામા માણસને સમજવા જેટલો શક્તિશાળી ક્યાંથી થાય ? અભિમાની માણસ કેવો વિવેકશૂન્ય બને છે તેનો તમને એક દાખલો આપું.

દાદાભાઈ નવરોજજી ઇંગ્લેંડમાં એક વાર ત્યાંના ઉમરાવો સાથે ખાણું લેતા હતા. સારા સારા બુદ્ધિશાળી માણસોએ એ પ્રસંગે હાજરી આપી હતી. વાત વાતમાં એક વાત ઉપર જરા વધારે પડતી ચર્ચા થઈ એમાં દાદાભાઈએ પોતાનો મત દર્શાવ્યો. ત્યાં બેઠેલા એક બાનુએ અભિમાનભર્યા શબ્દોમાં ટીકા કરતાં કહ્યું : 'What these ugly and black Indians can understand about it ?' (કદરૂપા અને કાળા હિન્દુસ્તાનીઓ આ બાબતમાં શું સમજે ?) આ સાંભળી દાદાભાઈ નવરોજજીએ ખીસામાંથી આરસી કાઢી, એ બાનુના મુખ આગળ ધરી નમ્રતાથી કહ્યું : 'You can see your face in it' (તમે તમારું મોઢું આમાં જોઈ શકો છો) કારણ કે આ સ્ત્રીના મુખ કરતાં પોતાનું ઉજ્જવળ ને

પ્રતિભાસંપન્ન મુખ જ એની કાળાશ ને કદરૂપતા પૂરવાર કરવા પૂરતું હતું. આથી સૌ હસી પડયાં.

વિવેકી માણસે તો કામ જ એવું કરવું જોઈએ કે જેથી એનું કામ જ એની પ્રશંસા કરે. માણસને પોતાને તો બોલવાનીય જરૂર ન પડે. અભિમાન કરતાં નમ્રતાપૂર્વક મૂકવામાં આવેલી વાતને લોકો શાન્તિથી સાંભળે છે. બોલનાર નમ્ર રીતે બોલતો હોય તો એના પ્રત્યે લોકોને સહાનુભૂતિ પ્રગટે છે, અને બોલનારના શબ્દો સામાના હૈયામાં સોંસરા ઊતરી જાય છે. નમ્રવાણી એ વાચાનો અલંકાર છે.

अतुच्छम्–વાણી તુચ્છ ન હોવી જોઈએ. વાણીમાં પ્રૌઢતા, ગંભીરતા અને સહૃદયતા હોવી જોઈએ. આજ આપણાં ઘરોમાં કેવી તુચ્છ વાણી બોલાઈ રહી છે? ગાળો, *તોછડાઈને અસભ્યતાથી છલકાતાં આજનાં ઘરો જોઉં છું,* ત્યારે હૃદયમાં ક્ષોભ થાય છે. ઉચ્ચ કહેવાતા મણસોનાં ઘરો પણ આજ કેવાં સંસ્કારહીન બનતાં જાય છે? આર્યાવર્તનાં ઘરોમાં પત્ની પતિને ‘આર્યપુત્ર’ ‘દેવ’ ‘નાથ’ કહીને સંબોધતી અને પતિ પત્નીને ‘દેવી’ કહીને સંબોધતો. એના બદલે આજ તોછડાઈભર્યાં અયોગ્ય સંબોધનોથી ગૃહો ગાજી રહ્યાં છે.

બાપ દીકરાને ખોળામાં બેસાડી રમાડતો હોય અને બાળકને રમાડતાં રમાડતાં લાડમાં બાપ કહે છે: ‘મારો સાળો બહુ તોફાની.’ હું એને પૂછું છું કે ‘ભાઈ! આ છોકરો તારો સાળો ક્યારે થયો? કઈ રીતે થયો?’ ત્યારે કહેશે કે ‘હું તો અમસ્તો જ બોલું છું. આમ બોલાય

છે !' પણ પોતે શું બોલે છે, એનું એને ભાન નથી. છોકરાના કાનમાં ગ્રામીણતાનું કેવું ઝેર રેડાય છે એનો એને ખ્યાલ નથી. છોકરી પાણીનું બેડું ભરીને આવતી હોય અને ઠોકર વાગે ને બેડું ફૂટી જાય તો મા એ દીકરીને કેવા હલકા ને તુચ્છ શબ્દોથી ઠપકો આપવાની શરૂઆત કરે ? હું નહિ કહું. તમે જ કહો. હવે તમે નહિ કહો તોય ચાલશે, મનમાં સૌ સમજે છે. મૂળ વાત તો એ છે કે—આપણા શબ્દોમાં તુચ્છતા વધી ગઈ છે. આજ સુધરેલા માણસો પણ કેવું તુચ્છ બોલે છે, તે આ પ્રશ્નોત્તર પરથી સમજાશે.

એક શેઠે નોકરને તુચ્છતાથી કહ્યું : 'સાલા ! તારામાં જરા ય અક્કલ નથી.' નોકરે નમ્રતાથી ઉત્તર વાળ્યો : 'વાત સાચી છે, શેઠ ! મારામાં અક્કલ નથી જ. મારામાં અક્કલ હોત તો હું તમારે ત્યાં નોકરી ન કરત, પણ તમને મારે ત્યાં નોકર રાખત !'

બોલો, આમાં બોલનારે શું સાર કાઢ્યો ? એના કરતાં તુચ્છ—હલકાં વચનો ન ઉચ્ચાર્યાં હોત તો કેવું માન રહેત ? તુચ્છ વાણીથી મિત્ર હોય તોય શત્રુ થાય, જ્યારે અતુચ્છ અને સભ્યતાભર્યા પ્રિય વાર્તાલાપથી શત્રુ હોય તોય મિત્ર થઈ જાય.

पूर्वसंकलितम्—જે બોલવું તે સંકલનાપૂર્વક ને પૂરતું વિચારીને બોલવું. વિચારના ગળણાથી ગાળીને કાઢેલું વચન અતિરમણીય હોય છે, અને બોલેલા વચનને ફેરવવાનો પ્રસંગ આવતો નથી. બોલતાં પહેલાં વિચાર કરવો કે આ સ્થાનમાં આ બોલવા જેવું છે કે નહિ ? આ બોલીશ તો તેનું પરિણામ શું આવશે ? મારા બોલવાનો શો ઉદ્દેશ છે ? અને જે

બોલું છું તેની કેટલી અસર થશે?–આ રીતે પહેલાં વ્યવસ્થિત કરીને કે વિચાર કરીને ઉચ્ચારેલ વાક્ય ધારી અસર કરી જાય. અરે! એવું વચન તો રત્ન કરતાં ય વધી જાય.

'શબ્દ સરીખા ધન નહિ, જો કોઈ જાને બોલ,
'હીરા તો દામે મિલે, શબ્દ ન આવે મોલ!'

એક કવિ કહે છે કેઃ બોલતાં આવડે તો વચનનું તેજ હીરાના તેજનેય ઝાંખું પાડે.' પણ શરત એટલી કે વિચારીને બોલવું. આ રીતે વિચારીને બોલનારની વાણીમાં અધર્મ તો હોય જ ક્યાંથી? એટલે વાણીનો આઠમો ગુણ તે ધર્મસંયુક્ત!

धर्मसंयुक्तम्–આપણી વાણીમાં ધર્મ હોવો જોઈએ. વાણી એ પવિત્ર વસ્તુ છે, ઈશ્વરના જેટલી જ પાવન છે. એનો દુરુપયોગ કેમ થાય? હું તમને જ પૂછું કે તમારી વાણી આજે પવિત્ર છે ખરી? તમે શબ્દને બ્રહ્મ જાણી ઉચ્ચારો છો? જો તમારી વાણીમાં નિંદા હોય, ધિક્કાર હોય, તિરસ્કાર કે પક્ષપાત હોય તો તમારી વાણી પવિત્ર કઈ રીતે ગણાય? ધર્મયુક્ત કઈ રીતે મનાય?

તમને કોઈ સામો મળે તો એની પ્રશંસા કરો, એના ગુણગાન કરો, એની વાહવાહ પોકારો અને એ જાય કે તરત એનું ખોદવાનું ચાલુ કરો, એ ક્યાંનો ન્યાય? કોઈનાય ન જોયેલા કે ન જાણેલા દોષોનું વર્ણન કરવું, એમાં રસ લેવો, એમાં સંમતિ આપવી, આ બધો વાણીનો વ્યભિચાર નથી? આજ કોઈ બે મિત્રો મળે તો ગામની નિંદા કરે. એમાં કોઈ ત્રીજો ભળે તો એ પણ એ બેમાં ભળી નિન્દક–મંડળ વધારે. એમ કરતાં એ ત્રણમાંથી એક ચાલ્યો જાય, તો તુરત એ બન્ને

ભેગા થઈ, જનારની નિન્દા કરવા મંડી પડવાના. આ તે કેવી વાણી? અરે! શું વાણી આ માટે મળી છે? આમ જો અધર્મયુક્ત વાણીનો વ્યાપાર ચાલશે તો પછી માણસના વચન પર વિશ્વાસ કોણ કરશે?

પ્રજ્ઞ માણસ તો આવો વાણીવિલાસ સાંભળી સમજી જાય કે જે માણસ બીજાની ગેરહાજરીમાં એની નિન્દા કરે છે, તે મારી ગેરહાજરીમાં મારી નિન્દા કાં ન કરે? આવો ડહાપણ ભર્યો વિચાર કરનાર માણસ આવાઓનો મિત્ર રહે ખરો? આવા માણસને કોઈ સારો માણસ ધારી ન્યાય તોળવા બેસાડે તો એ ન્યાય પણ કેવો આપે? એની વાણીમાંથી એ જ નીકળે કે, મારું મારા બાપનું, ને તારું મારું સહિયારું!

ધર્મયુક્ત વાણી કોને કહેવાય અને ધર્મયુક્ત વાણીવાળો માણસ કેવો નિષ્પક્ષપાતી અને નીડર હોય, તેનો એક સુંદર દાખલો ઈતિહાસમાં છે.

એક રાજા ધનુર્વિદ્યા શીખતો હતો. રાજાના હાથથી અજાણતાં એક બાણ છૂટયું અને એક નિર્દોષ માણસને વાગતાં એ ઘાયલ થયો. ઘાયલની માતાએ આની ફરિયાદ ત્યાંના વડા ન્યાયાધીશ પાસે કરી.

તે જમાનામાં રાજ્યનું રક્ષણ જેમ ક્ષત્રિઓના હાથમાં હતું, તેમ ન્યાય અને પ્રજાની સલામતીનું ખાતું પ્રામાણિક એવા ધર્માધિકારીના હાથમાં હતું. અને એ ધર્માધિકારી પુરુષ વડા-ન્યાયાધીશ ગણાતા. ન્યાયને વફાદાર એવા ન્યાયાધીશે રાજાને ન્યાયાલયમાં હાજર થવાનો આજ્ઞાપત્ર મોકલ્યો. રાજા આવ્યો ત્યારે એને ઉચ્ચ સ્થાન પર બેસાડવાને બદલે ગુનેગારના

પાંજરામાં ઊભા રહેવાની એણે સૂચના કરી.

આ દૃશ્ય સૌ જોઈ જ રહ્યા. રાજાએ પોતાનો ગુનો કબૂલ કર્યો. એણે અમુક દંડ કરી રાજાને મુક્ત કર્યો, અને પછી ન્યાયાલયની બહાર આવી ન્યાયાધિશે અતિ નમ્રતાથી રાજાને નમન કર્યું. આથી રાજા ખૂબ પ્રસન્ન થયા, અને પોતે સંતાડી રાખેલી નાની તલવાર બતાવતા કહ્યું: ' ન્યાયાલયના આજ્ઞા–પત્રને માન આપી હું અદાલતમાં હાજર થયો; પણ મને એમ લાગ્યું હોત કે ધર્મ ને ન્યાયથી તમારી વાણી વેગળી છે, તો આ તલવારથી તમારો શિરચ્છેદ અહીં જ કરી નાખત. પણ તમારી ધર્મ ને ન્યાયમય વાણીથી મને આનંદ થાય છે, ને તમારા જેવા ન્યાયાધીશથી હું ગર્વ લઉં છું કે મારા રાજ્યમાં રાજા કરતાંય ન્યાયને પ્રથમ માન આપનારા ધર્મનિષ્ઠ ન્યાયાધીશ છે!"

તે જ ઘડીએ પોતે ઝભ્ભામાં સંતાડી રાખેલી સોટી બતાવતા ન્યાયાધીશે કહ્યું: "રાજન! સારું થયું કે તમે અદાલતને માન આપ્યું અને મારો ન્યાય માન્ય રાખ્યો. નહિ તો હું સોગન ખાઈને કહું છું કે તમે ન્યાયને ઠોકર મારી હોત તો, હું આ સોટાથી તમારા બરડાની ખબર અહીં જ લઈ લેત. સારું થયું કે આપણને બન્નેને સદ્બુદ્ધિ સૂઝી!"

વાહ આ કેવો ન્યાય? કેવી ધર્મમયવાણી? આ પ્રસંગ શું કહે છે? આપણી વાણીમાં ધર્મ જોઈએ, ન્યાય જોઈએ, સત્ય અને પાવિત્ર્ય જોઈએ. કોઈનેય આપણી વાણીથી અન્યાય ન થઈ જાય એવી કાળજી રાખી વકતૃત્વ કરનારા કેટલા? આવા વિચારક વક્તા હોય તો પ્રજામાં કેટલી શાંતિ ને કલ્યાણ-

કામના હોય ? એટલે આ આઠ ગુણોથી યુક્ત વાણી બોલે તે વક્તા; નહિ તો બક્તા–લબાડ !

માત્ર ભાષણ સારું કરી જાય, વાણી શુદ્ધ બોલી જાય, એટલા માત્રથી જ્ઞાનીઓ એને વક્તા નથી કહેતા. એમ તો કાશીમાં એવા કેટલાક વિદ્વાનો છે કે જે બોલવામાં વ્યાકરણની એક અશુદ્ધિ આવે તો જીભ કાપવા હાથમાં ચપ્પું લઈને બેઠા હોય. પણ એ જ પંડિતો ગંગાના ઘાટ પર જાય ત્યારે ગાયત્રીનો જાપ કરતા જાય ને માછલું દેખાય તો લોટામાં નાંખતા જાય. એમને પૂછો કે આ લોટામાં શું છે ? તો કહેશેઃ 'જળડોડી'

આવા માત્ર વાચાળ પંડિતો પોતાનું કે એના સમાગમમાં આવનારનું શું કલ્યાણ કરે ? એવી જ હાલત છે આજની વિદ્યાપીઠોના સ્નાતકોની ! આ જ્ઞાનનો વાણીવિલાસ જનકલ્યાણ માટે નથી વધ્યો પણ લોકોને છેતરવા માટે અને અભણોને આંજવા માટે વધ્યો છે. એટલે આજે માણસ વાણીનો ઉપયોગ પોતાના વિચારોને વ્યક્ત કરવા માટે નહિ, પણ પોતાના વિચારોને છુપાવવા માટે કરી રહ્યો છે.

માણસની વાણીમાં સત્ય ન હોય અને જૂઠ હોય તો એની બીજી સજા તો થવાની હોય ત્યારે થાય, પણ પ્રત્યક્ષ સજા તો એ મળે કે–એ સાચું બોલતો હોય ત્યારે પણ લોકો એને ખોટું માને છે ! એ સોગન ખાઈને કહેતો હોય તોય એના વચન પર લોકોને વિશ્વાસ ન બેસે ! માટે વાણી પવિત્ર જોઈએ અને એ વાણીને પવિત્ર રાખવા માટે તપ જોઈએ.

જેમ આચારને શુદ્ધ રાખવા માટે તપ, વિચારોને શુદ્ધ ને સ્વસ્થ રાખવા માટે તપ, તેમ ઉચ્ચારને શુદ્ધ ને પવિત્ર

રાખવા માટે વાણીનું તપ કરવું જોઈએ.

अनुद्वेगकरं वाक्यं, सत्यं प्रियाहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव, वाङ्मयं तप उच्यते ॥

વાણી એવી હોય કે સાંભળનારને ઉદ્વેગ ન થાય; સત્ય છતાં મધુર ને હિતકર હોય, ઊંડા ચિન્તન અને અભ્યાસમાંથી પ્રગટેલી હોય—આ વાણીનું તપ! આવા તપથી માણસ એ સાચો માણસ બને છે. તપ વિનાની, ચિન્તન વિનાની, અભ્યાસ વિનાની કર્કશ વાણી તો પશુઓ પણ બોલી શકે છે. એમાં માણસ બોલીને શું વધારે કરે છે? આ હું એકલો જ નથી કહેતો હોં! ગીતા પણ કહે છે કે: માણસની વાણી પાછળ તપશ્ચર્યા હોય. તપશ્ચર્યાવિહોણી વાણી તો પશુની હોય!

એક જૂના વખતની વાત છે. જ્યારે માણસો આટલા ચાલાક ને જૂઠાબોલા નહોતા પણ ભદ્ર ને સાચાબોલા હતા. તે વખતે એક ગૃહસ્થને ત્યાં સંત પધાર્યા. પણ આ ઘરનાં માલિક—સ્ત્રીપુરુષ—બહારથી ઘણાં સુંદર ને ભલા લાગતાં હતાં પણ અંદરથી સાવ જ બેડોળ! એક મહિનાના પરિચયથી સંત ત્રાસી ગયા. એ ઘરમાં સત્ય, ચિન્તન, સ્વાધ્યાય, મધુરતા કંઈ જ ન મળે. એકલા બાહ્ય વૈભવના આડંબરનો કોલાહલ હતો. સંતે મહિના પછી વિદાય વખતે આશીર્વાદ આપતાં કહ્યું: 'માણસ બનજો!'

પુરુષ ધમાલિયો હતો. એણે આ વાક્ય પર જરા ય વિચાર ન કર્યો, પણ સ્ત્રી ભારે ચકોર હતી, એ પામી ગઈ. એણે પતિને પૂછ્યું: આપણે માણસ નથી? શું ઢોર છીએ? સંતે 'માણસ બનજો' એમ શા માટે કહ્યું? આ સાંભળી

પુરુષને પણ જરા વિચાર આવ્યો. વાત સાચી હતી. સંતે આમ કાં કહ્યું! એણે મનમાં ગાંઠ વાળી, એ ફરી મળશે ત્યારે પૂછીશ.

કોઈ પણ વચન પર ઊંડાણથી વિચાર કરીએ તો જ વક્તાની વાણીનો મહિમા સમજાય, નહિ તો શ્રવણ માત્ર એક વ્યસન બની જાય. વ્યસનની માણસ પ્રવૃત્તિ કરે ખરો પણ એમાંથી પ્રકાશ ન મેળવે : પ્રકાશ તો ઊંડા ચિંતનથી જ મળે.

બે વર્ષ પછી ફરી સંત પધાર્યા ત્યારે પેલી સ્ત્રીએ પૂછ્યું: 'મહારાજ! માણસ થજો એનો અર્થ શું? શું અમે ઢોર છીએ?' સંતે પોતાની પાસે એક કાચ હતો તે આપતાં કહ્યું : "લો આ કાચ, આ એવો અદ્ભુત છે કે એના ઉપરના ભાગમાં જોશો તો તમે માણસ દેખાશો અને અંદરના ભાગમાં જોશો તો તમે જે છો તે દેખાશો."

સ્ત્રીએ કાચના અંદરના ભાગમાં જોયું ને એ ચમકી 'કાં?' પતિએ પૂછ્યું. સ્ત્રીએ ભડકીને કહ્યું. "ઓ બાપ રે! હું તો આમાં કૂતરી દેખાઉં છું. અને શેરીના નાકા પર ઊભી રહીને ભસી રહી છું. હાય રે! હું કૂતરી?"

ઉતાવળિયા પુરુષે કહ્યું: 'આમ લાવ; મને જોવા દે.' અને પોતાની જાતને જોતાં જ એણે રાડ પાડી. 'અરે, આ શું? હું ગધેડો? ઉકરડા ઉપર ઉભો રહી ભૂંકનાર હું ગર્દભ? અરે, મહારાજ! જુલમ કર્યો! તમે અમને આમ જનાવર કાં બનાવો?'

સંતે કહ્યું "ભલા માણસો! આમાં હું શું કરું? તમે જે રીતે જીવો છો તે રીતે આમાં દેખાઓ છો! માણસ બહારનો આકાર ગમે તે મેળવી શકે, પણ અંદર કૂતરા જેવો છે કે માણસ જેવો, તે જ ખરો પ્રશ્ન છે. જે મનથી સત્યને પૂજતો

નથી, સત્યને ઉચ્ચારતો નથી, સત્યને આચરતો નથી, અને જેનાં મનને વાચાનો મેળ નથી તે મનુષ્ય હોવા છતાં પશુ છે.તે ભાષણ કરતો નથી પણ ભસે છે, બોલતો નથી પણ બકે છે!”

આજનું વ્યાખ્યાન એટલે વાણીના તપની વિચારણા. જીવન ગંભીર વિચારણા માંગે છે. બહાર તમે ગમે તે હો, હું એ અંગે કંઈ જાણવા નથી માગતો, તમે અંદર આવો, અંદર તમે કોણ છો તે મને કહો.'સત્યનો ઝભ્ભો તો પહેર્યો પણ એ ઝભ્ભા નીચે શું છે તે મને કહેશો ? બોલો, મારા ભાઈઓ ! બોલો ! આજ નહિ બોલો તો ક્યારે બોલશો ? મન ને વાણીનો સુમેળ છેકે કુમેળ ? મનને વાણીએ આપણા જીવનને સંગીતમય બનાવ્યું છે કે બેસૂરું ? જીવનમાં શું છે, આનંદ કે અફસોસ ?

કોઈને ગૂમડાં થયાં હોય અને ભારે કોટ પહેરીને ફરતો હોય તો કોને ખબર પડે કે આ કપડાં નીચે ગૂમડાં ખદબદી રહ્યાં છે ? ગૂમડાં ભલે બહાર ન દેખાય પણ અંદર તો પીડા થાય ને ચળ ઉપડે ને ? લોહી નીકળે ને ? તમને કોઈ દિવસ અસત્યનું ગૂમડું ખટકે છે ખરું? એની પીડા થાય છે ખરી ? અસત્યની પીડા જરાય નથી થતી ? કાંઈ નહિ આજ નહિ થાય તો મરતી વખતે આ ચિત્રો નજર સામે ખડા થશે. ભૂતાવળની જેમ નાચ્યા કરશે અને અસત્યવાદીને મૂંઝવી મારશે. પણ જો આપણા જીવનમાં સત્યનો સૂર્ય ચમકતો હશે તો અન્ધકારનો જરાય ભય નથી.

આપણે કોઈ નાનકડી વસ્તુ ખોઈ બેસીએ છીએ ત્યારે કેટલો બધો અફસોસ થાય છે ? એક રૂપિયો ખોવાઈ ગયો હોય તો કેટલી ચિંતા થાય ? પણ આજે આપણો આત્મા

આખો ને આખો અસત્યમાં ખોવાઈ ગયો છે, એનો જરાય વિચાર આવતો નથી. આ કેવું આશ્ચર્ય !

આજકાલ કેટલાક ભોળા માણસો આવે છે અને કહે છે: 'કંઇક મંત્ર બતાવો, કંઇક સિદ્ધ થાય એવો જાપ દેખાડો. આપને વચનસિદ્ધિ આવડે છે.' હું કહું છું કે: અરે ભોળા જીવો ! આમ ભ્રાન્તિમાં ખોટાં કાં ભમો છો ? પ્રિય, પથ્ય અને સત્ય એ વચન-સિદ્ધિનો મંત્ર છે! સત્યના પ્રકાશથી ઝળહળતું સુમધુર હિતવચન એ રામબાણ છે; એ અફર છે. જેને વાગે તે વિંધાયા વિના ન રહે. એ વચન જેના દિલમાં પેસે ત્યાં પ્રકાશના દીવડા પ્રગટે !'

આજનું વ્યાખ્યાન સમાપ્ત કરતાં એટલું જ કહું કે **सत्यवादी भवेत् वक्ता** સાચો વક્તા તે છે કે જેની વાણીમાંથી સત્યનો પ્રકાશ ઝરે છે ! Not only with our lips but it from our lives–એકલા હોઠમાંથી નીકળતા શબ્દોથી નહિ પણ આપણા જીવનમાંથી પ્રગટતા સત્યના તેજથી આપણી વાણીને રંગી સાચા વક્તા બનીએ !

[ ૪ ]

## દાતા

માનવતાનાં સોપાન અંગે આપણે ત્રણ સોપાનનું વિવેચન કરી ગયા. આજે ચોથા સોપાનનો વિચાર કરવાનો છે. ચિન્તકો શબ્દના ઊંડાણમાં કેવું રહસ્ય મૂકે છે તે જુઓ. એ કહે છે કે **नदाता अर्थदानतः** કેવળ ધન વાપરવા માત્રથી દાતા નથી બનાતું. અને માત્ર પૈસા ખર્ચવાથી દાતા થઈ શકાતું હોય

તો दात्ता भवति वा न वा–દાતા હોય કે ન પણ હોય, આવો ગંભીર ભાવ ન કહેત.

ચિન્તકો જાણે છે કે કીર્તિ માટે, ગયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા માટે, પોતાનાં અપકૃત્યોને દાનના પડદા નીચે ઢાંકવા માટે અને કેટલાક પુણ્યથી પાપ ઠેલાય એવા ભાવથી પણ દાન કરનાર છે. આવી ભાવના દાન પાછળ રમતી હોય તો એ દાન ન કહેવાય. યાદ રાખજો, કેવળ પૈસાથી આત્માની એકેય વસ્તુ ખરીદી શકાતી નથી, ધનથી ચેતનજ્યોતનું એક પણ કિરણ પામી શકાતું નથી. ધનથી માન મળશે, સન્માન મળશે, પૂજા મળશે, પ્રતિષ્ઠા મળશે, કીર્તિ મળશે, અરે ! જડ જગતની કદાચ બધી વસ્તુઓ મળશે, પણ આત્મજ્યોતનું કિરણ ધનથી મળવું મુશ્કેલ છે. એ આત્મજ્યોત મેળવવા માટે ધન સાથે મન પણ જોઈએ.

આજકાલ જ્યાં ત્યાં સમાજમાં અપાતા માનપત્રો અને દીવાલો પર ચોંટેલી કંકુમ પત્રિકાઓને જોશો તો લાગશે, કે આજ ધનથી કીર્તિ કેટલી સસ્તી મળે છે તેનું આ પ્રદર્શન છે. કેટલીક કુમકુમ પત્રિકાઓ વાંચું છું ત્યારે તો માથું શરમથી નીચું નમી જાય છે. મનમાં એમ થાય છે કે આવા મોટા આચાર્યો આવા નાના માણસોને આવાં મોટાં વિશેષણો આપે છે ! આખી જિંદગી સુધી ન કરવાનાં કામો કરીને થોડા પૈસા એકાદ ઓચ્છવ પાછળ વાપરી નાખ્યા એટલે એમને આવાં વિશેષણો આપવાનાં ?

આ ગૃહસ્થો માટે જે વિશેષણો વાપર્યાં છે, તેટલાં ગુણો તેમનામાં હોય તો હું કહું છું કે મોક્ષ એમનાથી જરાય દૂર

નથી. એમને હવે બીજું કંઈજ કરવાની જરૂર નથી. એ વિશેષણો જોતાં તો એ તરી ગયા છે એમ જ લાગે! પણ હું આપને જ પૂછું છું: આ બધા વાપરેલા ઈલિકાબો આપને સાચા લાગે છે? જેના માટે નરરત્ન અને દાનવીર જેવા શબ્દો વપરાયા છે, એને ત્યાં એક ભૂખ્યો માનવી જાય તો એને એક ટંક પણ પ્રેમથી ભોજન મળે ખરું?

સભામાંથી: "ભોજન તો ન મળે, પણ ગાળો તો મળેને?

તમે પણ ઠીક કહ્યું. શું મળે? ગાળો? અને એવા માટે વળી આવાં વિશેષણો? કેવા દાનવીર ને કેવા નરરત્ન! અને આ વિશેષણ આપનારાઓનાં વિશેષણો જોયાં કે? અર્ધી કંકોત્રી તો એમાં જ ભરાઈ જાય છે! આ ઈલિકાબો જ એટલા બધા છે કે આમાં નામ શોધવા જાઓ તો નામ પણ ન જડે. પણ આ ઈલિકાબધારીઓ એમ કાચા ગુરુના ચેલા નથી. તેઓ જાણે છે કે હનુમાનજીના પૂછડા જેવી આ પદવીઓમાં આપણું નામ અટવાઈ જશે. એટલા માટે એમણે વાંચનારને વાંચવા માટે સગવડ કરી આપી છે; પોતાનાં નામ બોલ્ડ (મોટા) ટાઈપમાં ને બીજા રંગમાં છાપ્યાં છે! એ જાણે છે કે પદવીઓમાં નામ અટવાઈ જવાની સંભાવના છે!

અને કેટલીક પત્રિકાઓમાં તો વળી ફોટા મુકાવ્યા છે. અંતે આ ફોટાવાળી પત્રિકાઓમાં ગાંઠિયા ને ચટણી બંધાશે ને ગટરમાં પડીને સડશે. આશાતનાની હદ થઈને! આવાઓને આજે કહેનાર કોણ? આ નિર્નાયક સૈન્ય ક્યાં જશે એ ખબર પડતી નથી. મને તો ભય લાગે છે કે ક્યાંક નીચે ન ઉતરી જાય! જેમ એક નૌકામાં સો નાવિકો બેઠા હોય અને સૌ

પોતાને ઠીક પડે તેમ હલેસાં મારે તો નૌકાની જે દશા થાય એવી દશા આજ સમાજની છે !

આવી ધમાલમાં દાતા શોધ્યા ય જડે ! આ તો સૌ કીર્તિ માટે લૂંટાલૂંટ કરવા નીકળેલા બહાદુરો છે ! દાન લેનાર ઊંચા સાદે પેલા કાળાબજારિયાઓનાં વખાણ કરે અને પેલાં સમાજને લૂંટવાની ધૂનમાં પડેલા મહાનુભાવોનાં ગુણગાન ગાય. એટલે પરિણામે બન્ને–ઓછું ભણેલા ગુરુઓ, અને સમાજને લૂંટનારા વેપારીઓ–સમાજમાં માન ને પ્રતિષ્ઠા મેળવી જાય. ભોળા લોકો આમાં શું સમજે ?

એક સુભાષિત યાદ આવે છે :

उष्ट्रकाणां विवाहे तु गर्द्दभा वेदपाठकाः।
परस्परं प्रशंसन्ति अहो रूपं अहो ध्वनिः ॥१॥

ઊંટભાઈના લગ્નમાં ગદ્ધાભાઈ ગોર બન્યા. ગોર કહે : 'વાહ ! ઊંટનું કેવું સુંદર રૂપ છે ! ' ઊંટ કહે : 'વાહ ! ગદ્ધાજીનો કેવો મીઠો ધ્વનિ છે ! ' આવી આ સમાજની દશા છે. આવા વાતાવરણમાં ગુપ્તદાન દેનાર દાતા ક્યાંથી પાકે ? સાધર્મિકોને ટેકો આપનારા, એમનો હાથ ઝાલી ઉપર ચઢાવનારા અને પોતાના ગરીબભાઈની આર્થિક રીતે પીઠ થાબડનારા આ કારણને લીધે વાતાવરણમાંથી બહુ જ અલ્પ મળવાના. આ દાતાઓનો ઘણો પૈસો તો વાજાવાળા, બેન્ડવાળા, પ્રેસવાળા અરે રંગબેરંગી મોટી મોટી કુંમકુમ પત્રિકા છાપવાવાળા ચાવી જાય છે. બે દિવસ વાહ વાહ થાય અને પછી હવા હવા થઈ જાય !

પહેલાના જમાનામાં માણસને પાડવા માટે સ્વર્ગલોકમાંથી મેનકા ને અપ્સરાઓ આવતી, હવે એ નથી આવતી.

કારણ કે એમને જોઈ માણસો ગાંડા થઈ જાય ! એટલે આજના યુગમાં મેનકા ને અપ્સરા કીર્તિ ને પ્રશંસાના રૂપમાં આવે છે, અને માણસોને પાડી દે છે. આજ માણસની જરા પ્રશંસા કરો એટલે ફુલાઈને ફુગ્ગો થઈ જવાનો. વિદ્વાનો આવાઓને સાચા અર્થમાં દાતા નથી કહેતા. ત્યારે દાતા કોણ ?

**दाता भूतहिते रत:** । પ્રાણીમાત્રના કલ્યાણમાં જેનું મન રમે છે, તે દાતા. હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલી જીવદયાની ભાવનાવાળો દાતા. એટલે જ અભયદાન ઉત્તમ છે, ઉત્કૃષ્ટ છે. આવી દાતૃત્વની ભાવના પ્રગટ્યા પછી પોતાના પ્રભાવથી, પોતાના બળથી કે પોતાના અધિકારથી કોઈને ય ભય ન થાય એની કાળજી રાખે. તમારા હાથમાં તો એક સોટી હોય તોય હાથ સીધો ન રહે ! કાં એ સોટી ઝાડ પર વિંઝાય, કાં કૂતરાના બરડામાં પડે, કાં કોઈ રસ્તામાં જતા ઢોર પર ફરી વળે. એક સોટી પણ ન પચાવી શકાય તો બંદૂક કે તલવાર તો કઈ રીતે પચાવી શકો ? જ્ઞાનીઓ કહે છેઃ સાચા દાતાની આસપાસ તો એવી હવા હોય કે સૌ અભયનો મુક્ત આનંદ માણતા હોય !

ચૈતન્યદેવનું નામ તો તમે સાંભળ્યું હશે ? માર્ગાનુસારીમાં પણ કેવાં ગુણો હોય છે એ હું કહેવા માગું છું. ચૈતન્યદેવ અને રઘુંનાથ શિરોમણિ–બંને સહાધ્યાયી અને બંને પાછા મિત્ર, દોસ્તી એવી કે જાણે પુષ્પ ને પરિમલ. કદી છૂટા ન પડે. અથવા એમ કહીએ તો ચાલે —

'મિત્તર ઐસા કીજિયે, જો ઢાલ સરીખા હોય;
'સુખમેં પીછે પડ રહે, દુઃખમેં આગું હોય.

ખરો મિત્ર ઢાલનું કામ કરે, સુખમાં પાછળ હોય,

દુઃખમાં ઘા ઝીલવા આગળ હોય. તમારા મિત્રો સુખમાં ને મહેફિલમાં આગળ હોય ને દુઃખમાં ને સંકટમાં ભાગી જાય! એવા મિત્રો માલ ખાવા હાજર થાય, માર વખતે અદૃશ્ય થાય. એટલે મિત્રોને પણ ચૂંટવા પડે છે. જેને તેને મિત્ર ન કરાય.

રઘુનાથે ન્યાયશાસ્ત્ર પર એક સુંદર ટીકા લખી, અને ચૈતન્યદેવને બતાવી. એણે મિત્રના કાર્યની પ્રશંસા કરતાં કહ્યું: 'અદ્‌ભુત છે.' આથી રઘુનાથ મનમાં મલકાયા. એમને થયું, આ ટીકા મને જગતમાં પ્રખ્યાત બનાવશે, મારી કીર્તિ ભારતભરમાં ફેલાશે.

તે અરસામાં ચૈતન્યદેવ પણ ન્યાય પર ટીકા લખતા હતા. એમની ભાવના ખ્યાતિ મેળવવાની ન હતી, એમને પ્રશંસાનીય પડી ન હતી. એ તો કર્તવ્યબુદ્ધિથી લખ્યે જતા હતા. એક દિવસની સાંજે, રઘુનાથ ચૈતન્યને ઘેર આવ્યા ત્યારે તે ટીકા લખી રહ્યા હતા. રઘુએ પૂછયું: 'મિત્ર શું લખે છે?'

સહૃદયી ચૈતન્યે ન્યાયનાં પાનાં મિત્રના હાથમાં આપતાં કહ્યું: 'આપણી પૂર્વે થયેલા વિદ્વાનોએ વાવેલાં વિદ્યાના વૃક્ષનાં ફળ આપણે ખાધાં. આપણે પણ થોડાં બીજ વાવતા જઈએ જે આવતી કાલની પેઢીને ખાવા કામ લાગે.'

રઘુનાથ જેમ જેમ એક પછી એક લીટી વાંચતા ગયા તેમ તેમ એમનો જીવ અદ્ધર ચઢતો ગયો. એમના મુખની લાલી ઊડી ગઈ. મોં સફેદ પૂણી જેવું થઈ ગયું. ચિંતામગ્ન રઘુનાથને જોઈ એણે પૂછયું: 'કેમ? આટલા ઊંડા વિચારમાં ઊતરી ગયો?'

સ્વસ્થ થતા રઘુનાથે કહ્યું: 'હવે મારી ટીકાને તો કૂતરાંય

નહિ સૂંઘે! તારી આ પાંડિત્યપૂર્ણ ટીકા આગળ મારી ટીકા શું હિસાબમાં? હું માનતો હતો કે મારી ટીકાથી હું ખ્યાત-નામ થઈશ, પણ આ જોતાં લાગે છે કે એ એક કલ્પના જ હતી. મિત્ર! તું આ ગ્રંથથી અમર બની જઈશ.' એમ કહી પોતાના શ્રમને વિફળ જતો જોઈ, રઘુનાથે એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો.

ચૈતન્યને વિચાર આવ્યો: 'અમર તો કોણ થયું છે? નામ તેનો નાશ છે. મેં આ પ્રયત્ન કલ્યાણ માટે કર્તવ્ય બુદ્ધિથી કર્યો છે: પણ મારા જ મિત્રની કીર્તિને એ હણતો હોય, એને જ એ ભયજનક દેખાતો હોય તો મારે આ પ્રયત્ન ન કરવો.

એક પૂર્ણિમાની રાતે બંને મિત્રો જલવિહાર કરવા નીકળ્યા હતા. હોડી સરિતાની છાતી પર રમી રહી હતી. બંને વાતોએ ચઢ્યા. એટલામાં ચૈતન્યે બગલમાંથી એક પોથી કાઢી, અને જાણે પોતાના નાજુક હૈયાને, જળમાં પધરાવતો ન હોય એ રીતે ગ્રન્થ પાણીમાં પધરાવી દીધો!

રઘુનાથે પૂછ્યું: 'મિત્ર! આ શું કર્યું?'

કરુણાર્દ્ર સ્મિત કરી ચૈતન્યદેવે કહ્યું: 'જે ગ્રન્થ મારા મિત્રના કીર્તિચન્દ્રને રાહુ બની ગળી જતો હોય તે શા કામનો? રઘુ! આપણે તો બાળગોઠિયા. તું જાણે છે કે હું સૌના ભલાની ભાવનામાં રમું છું. અને મિત્રનું જ ભલું ન કરી શકું તો બીજાનું ભલું તો હું શું કરી શકું? જે ગ્રન્થે તારા દિલ પર ઘા કર્યો એ ગ્રન્થનો મેં પાણીમાં ઘા કર્યો....'

અર્પણના આ દૃશ્ય પર પૂનમનો ચાંદ ચાંદની વર્ષાવી રહ્યો હતો. આંખમાં આવેલાં આંસુને લૂછતાં રઘુનાથે કહ્યું: 'મિત્ર, તેં તો જુલમ કર્યો. તારો વર્ષોનો શ્રમ પાણીમાં ગયો.

અને તારી આ જગત વ્યાપી કીર્તિ....?'

"રઘુ! કીર્તિની ખાખને જે શરીરે ચોળી જાણે તે જ કંઈક કરી શકે. કીર્તિનો મોહ છોડ્યા વિના કલ્યાણ નથી. મારી કીર્તિ કોઈના ય માટે ભયરૂપ હોય તો એ કીર્તિથી સર્યું!"

આ સાંભળી રઘુનાથ એના ચરણોમાં ઢળી પડ્યા. 'ચૈતન્યદેવ! તેં જ ખરું મેળવ્યું, મેં તો કેવળ ટીકાઓ જ કરી છે. અમે પૂજાઈશું. તમે અણપ્રિછ્યા રહેશો, પણ પૂજાનારા તળિયે જશે અને અણપ્રિછ્યા તરી જશે....'

આ પ્રસંગ આપણને ક્ષણભર વિચાર કરતા કરી મૂકે છે. આપણે આપણા વર્તમાન જીવન સાથે આ પ્રસંગને સરખાવીએ તો આપણું જીવન કેવું વામણું લાગે? આપણે જ્યાં જઈએ ત્યાં ભય જ ઊભો કરીએ છીએ. આપણી વાણીમાં અભય નથી, આપણા વર્તનમાં અભય નથી, આપણા હૈયામાં અભય નથી. ચારે બાજુ ભયનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે. આપણા સમાગમમાં આવનાર આપણો ભય રાખે અને સામાના સમાગમમાં જતાં આપણે ભય રાખીએ. આ રીતે અરસપરસ ભય ને અવિશ્વાસ ઊભાં થયાં છે. ખરી રીતે આ ભય હોવો ન જોઈએ. પ્રાણી અને માનવી વચ્ચે તો અભય અને વિશ્વાસ હોવો જોઈએ!

ભગવાનનાં ઘણાં વિશેષણોમાં એક વિશેષણ છે अभय-दयाणं કેવું સુંદર છે, આ વિશેષણ! ભગવાન અભયના દેનારા છે. દુશ્મનનેય ભગવાન તરફથી ભય નહિ, ક્રૂર પ્રાણી પણ ભગવાન પાસે અભય થઈને આવે. એટલે ભગવાન સાચા અર્થમાં દાતા છે. આપણે એમના જ ભક્ત છીએ, પણ આપણે દાતા

નહિ, પણ ખાતા –જેનું મળે તેનું ખાધે જ જઈએ.

ભગવાન બધુંય જાણે છે. શું કર્યું, શું કરે છે, ને શું કરશે. બધુંય જાણવાં છતાં એનાથી ભય નહિ. ખૂન કરીને ગયેલો ખૂની પણ દયા માટે પ્રભુ પાસે જાય તો પ્રભુ સભા વચ્ચે એમ ન કહે કે 'અલ્યા ખૂની ! તું અહીં કેમ આવ્યો ?' એ કરુણાસાગર તો એના ઉપર પણ ક્ષમા અને અભયની દૃષ્ટિ જ નાખવાના. એટલે પાપી પણ એમની પાસે ભય વિના જઈ શકે છે.

જ્યારે તમારી દશા કેવી છે ? કોઈકની જરાસરખી ય વાત જાણતા હો, તો દમ મારતા ફરો: કહી દઈશ હોં, હું તારું બધું ય જાણું છું. તારી ચોટી મારા હાથમાં છે, એમ કહેતા જાઓ ને તમારો સ્વાર્થ એમની પાસેથી કઢાવતા જાઓ. તરવાર જેવી તીખી વાણી હોય, ખાબોચિયા જેવું ક્ષુદ્ર હૃદય હોય, કાગડા જેવી દોષ ગવેષક દૃષ્ટિ હોય, અને શિયાળ જેવી સ્વાર્થસાધુ બુદ્ધિ હોય, એવા માણસો અભયદાનને જીવનમાં કઈ રીતે લાવી શકે? એવા માણસનું મન પ્રાણી માત્રના કલ્યાણમાં રમે એમ તમને લાગે છે? એવા માણસો માટે તો એમ જ કહેવાય કે બીજાનું ભલું ન કરે તો કાંઈ નહિ પણ કોઈનું બૂરું ન કરે તો ય સારુ !

અભય માટે જોઈએ અર્પણનું શૌર્ય, ધર્મભાવથી તરબોળ હૃદય, નિર્ભય સત્યમિત વક્તવ્ય, અને હૈયાની ઉત્કટ ઉદારતા–આ ગુણો આવે ત્યારે માણસ દાતા બને છે. જેણે સાચા દાનનો ઈતિહાસ સર્જ્યો છે, તે આવા ગુણોવાળા હતા. એટલે જ આ સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે: આવા પ્રકારના દાતા હોય કે ન પણ હોય! નહિ તો ભાવ વિના

પૈસા વેરનાર દાતાઓની ક્યાં ખોટ છે? સામાન્ય રીતે ધન વાપરનારા ઘણા મળશે, પણ આવા જગતકલ્યાણમાં રાચનારા, સૌના ભલામાં ખુશ થનારા, બહુ ઓછા હશે. જીવનશિલ્પીઓની ઇચ્છા આપણને સાચા અર્થમાં દાતા બનાવવાની છે. મારી નજર અત્યારે ઘડિયાળ પર જાય છે. એ કહે છે કે સમયની મર્યાદા થઈ ગઈ છે. હવે હું મારા વિષયને વધારે ન લંબાવતાં એટલું જ કહીશઃ

સૌનું કલ્યાણ થાઓ.

સૌ એક બીજાના કલ્યાણમાં લાગી રહો.

સૌના દોષ નષ્ટ થાઓ.

જીવ માત્ર સુખની દુનિયામાં સફર કરો.

આ પવિત્ર ભાવનાની નૌકામાં આપણે આપણી જીવન-યાત્રા વ્યતીત કરીએ એવી શુભેચ્છા.



[ ૬ ]

# ચાર મંગળ

चत्तारि परमंगाणि, दुल्लहाणिह जंतुणो।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि अ वीरिअं ॥

—ઉત્તરાધ્યયન સૂત્ર

આ ચાર સાધનો આ જીવને મળવાં ઘણાં જ દુર્લભ છે: માનવતા, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં વીર્યનો—પરાક્રમનો—ઉપયોગ.

વિદાય વેળાએ પિતા જેમ પોતાના સુપુત્રોને છેલ્લી વારની ભલામણ કરે છે, તેમ ભગવાન મહાવીરે પાવાપુરીમાં દેહ છોડતાં પહેલાં માનવજાતને આ ચાર અંગો કહ્યાં.

'મહાનુભાવો! આ વિશ્વમાં આ ચાર અંગ પરમ મંગળ છે: મનુષ્યત્વ, શાસ્ત્રનું શ્રવણ, શ્રદ્ધા, અને સંયમમાં પુરુષાર્થ.'

મહત્તા મનુષ્યજન્મની નહિ, મનુષ્યત્વની છે. મનુષ્યત્વ વિના આ મનુષ્યજન્મ ભયરૂપ છે. આજે વિશ્વમાં મનુષ્યો તો અબજોની સંખ્યામાં છે, પણ મનુષ્યત્વ ન હોવાને લીધે, આટલા વિજ્ઞાનનાં સાધનો હોવા છતાં, અશાંતિ છે, હિંસા છે, ભય છે.

ચતુર માણસ પોતાના ચાતુર્યથી અન્યને છેતરી રહ્યો છે. બળવાન માણસ પોતાના બળના પ્રતાપે બીજાને દબાવી રહ્યો છે. સત્તાવાન માણસ પોતાની સત્તાથી સામાને નિર્દય રીતે કચડી રહ્યો છે. શ્રીમંત માણસ પોતાના ધનના જોરે માણસને ગુલામ ગણી ખરીદી રહ્યો છે. આ બધું બની રહ્યું છે, કારણ કે મનુષ્યત્વ નષ્ટ થઈ રહ્યું છે.

મનુષ્યત્વ એ ગુલાબનું ફૂલ છે. ફૂલને ઉષ્ણ જળમાં ઉકાળશો, તો એ પાણીને ગુલાબજળ બનાવશે, એને ઉકરડા પર ફેંકશો તો એ ત્યાં પડ્યું પડ્યું સુવાસ પ્રસરાવશે. એને કોઈ સુંદરી વેણીમાં ગૂંથશે તોય એ ત્યાં શોભામાં અભિવૃદ્ધિ કરશે, અને કોઈ ભક્ત એને પ્રભુના મસ્તક પર ચઢાવશે તોય તે એટલી જ નમ્રતાથી સૌરભ મહેકાવશે. એને ગમે તે સ્થાનમાં મૂકો, પણ એ પોતાનો ધર્મ નહિ ચૂકે.

મનુષ્યમાં મનુષ્યત્વ જીવંત હોય છે, ત્યારે એ પણ સુમનની જેમ મહેકતું હોય છે. એ જો ચતુર હોય તો ભોળા માણસને બુદ્ધિભરી સલાહ આપે, એ લેખક હોય તો શિષ્ટ સાહિત્ય સર્જીને સમાજને સન્માર્ગે વાળે, એ બળવાન હોય તો નિર્બળનું રક્ષણ કરે, એ સત્તાવાન હોય તો પ્રજાને સહાયતા આપે, ને ધનવાન હોય તો એ નિર્ધનનો મિત્ર બને; કારણ કે એનું મનુષ્યત્વ એને આવાં સારાં કાર્યો કરવા

અવિરત પ્રેરતું જ હોય છે.

સૂર્યનો પ્રકાશ જગતને લોકવ્યવહારમાં પ્રેરે છે, તેમ મનુષ્યત્વ ભલાઈની પ્રવૃત્તિમાં પ્રેરે છે, સૂર્યના પ્રકાશમાં પ્રાણીસમૂહ અભય હોય છે, તેમ મનુષ્યત્વના પ્રકાશમાં માણસનો પ્રત્યેક વ્યવહાર અભય હોય. આજ તમે જોશો તો મનુષ્ય સામા મનુષ્યથી ચેતીને દૂર દૂર ચાલે છે; કારણ કે મનુષ્યત્વનો હ્રાસ થયો છે, માટે મનુષ્યજન્મને મંગળમય બનાવવા મનુષ્યત્વની પુનઃ પ્રતિષ્ઠા કરો.

બીજું મંગળ છે–શાસ્ત્રનું શ્રવણ. મનુષ્યત્વનો વિકાસ કરવામાં શ્રવણ ખૂબ સહાયક બને છે. માણસનું મન પાણી જેવું છે. એ સદા નીચાણવાળા પ્રદેશમાં જતું હોય છે. એમાં પણ જો ઢાળ મળી જાય તો તો પૂછવું જ શું! એનો વેગ દ્વિગુણિત થઈ જવાનો–ખૂબ જ વેગથી નીચે જવાનું. માણસનું મન નીચે જઈ જ રહ્યું હતું, એમાં વાસનાથી ભભૂકતું રંગીલું વાતાવરણ મળ્યું, માણસને ઉન્મત્ત બનાવે એવાં નિર્લજ્જ નૃત્યો વધ્યાં, ડગલે પગલે વિલાસી ગીતોનું શ્રવણ વધ્યું, અને મન વધારે ને વધારે અધોગામી બન્યું.

આવા સંયોગોમાં નીચે લપસતા મનને ઊંચે લઈ જનાર હોય તો તે સત્શાસ્ત્રનું શ્રવણ છે. જેમ પંપથી પાણી ઊંચે જાય છે. તેમ મહાન પુરુષોના જીવન શ્રવણથી માણસનું મન ઊર્ધ્વગામી થાય છે. અને જેનું મન પવિત્ર હોય છે, તે જ આનન્દમાં રહી શકે છે.

આનન્દ જગતની વસ્તુઓમાં નથી, પણ નિર્મળ મનમાં છે. મનમાં નીચતા હોય, અપવિત્રતા હોય, અંધકાર હોય,

ત્યારે તો અનેક સાધનો હોવા છતાં પણ તેને નિર્ભય આનંદ મળતો નથી. અને કેટલીકવાર તો ઊંડે ઊંડે વેદનાના દંશથી માણસ પીડાતો હોય છે.

અહીં ભણવાને વાચન કરતાં શ્રવણ એટલા માટે કહ્યું કે, એથી ચારિત્રશીલ પુરુષના સાનિધ્યનો લાભ મળે. એની વાણીમાંથી નીતરતી ચારિત્ર્યની ઉષ્મા શ્રોતાના હૈયાને ભરી દે.

શિયાળામાં અગ્નિ પર લખેલ વિવેચન વાંચવાથી ઉષ્મા નથી મળતી, પણ અગ્નિના સાનિધ્યથી જ ઉષ્મા મળે છે, તેમ પુસ્તકના વાચન માત્રથી આપણામાં પરિવર્તન નથી આવતું, પણ ચારિત્ર્યવાન પુરુષોની ઉપાસનાથી આપણા જીવનમાં ત્યાગની ભાવના આવે છે. અને એ આદર્શ માનવીની છાપ, ઉપદેશની સાથે સાથે આપણા હૈયા પર અંકિત થાય છે.

અહીં એક વાત ખૂબ સૂચક છે. આપણે જેને સાંભળીએ તે ત્યાગી હોવો જોઈએ. ત્યાગી એટલે માત્ર કપડાં બદલાવીને બેઠેલો નહિ. પણ નિઃસ્પૃહી ને સંયમી. એવા નિઃસ્પૃહી પુરુષના મુખમાંથી નીકળેલ વાણી નિર્મળ જળનું કામ કરે છે. પાણીથી જેમ શરીરનો ને વસ્ત્રોનો મળ દૂર થાય છે, તેમ આવી વાણીથી આપણા આત્મા પર ચઢેલા મળનો ક્ષય થાય છે.

ત્રીજું મંગળ તે શ્રદ્ધા. શ્રદ્ધા એ માનવીનું પરમ ધન છે. માણસ પાસે જો શ્રદ્ધાની મૂડી હોય તો જ એ જીવનમાં પ્રગતિ કરી શકે છે. જ્યારે શ્રદ્ધા ખૂટે છે, ત્યારે માનવપ્રગતિ થંભે છે. જીવનના વિષમ ને વિકટ પંથમાં માણસ શ્રદ્ધાના પાથેયથી જ આગળ વધી શકે છે, બુદ્ધિ કુંઠિત થાય છે,

ત્યાં શ્રદ્ધા માર્ગ કરે છે. શ્રદ્ધાનો આ જેવો તેવો વિજય નથી.

માણસ કોઈ પણ વસ્તુનો પ્રારંભ ત્યાં કરે છે, જ્યાં એને એ વસ્તુ પ્રત્યે શ્રદ્ધા હોય. પણ એ વસ્તુ પ્રત્યે શ્રદ્ધા ક્યારે જાગે ! જ્યારે એને પોતાના જીવનમાં શ્રદ્ધા હોય, પણ એને એ જીવનમાં શ્રદ્ધા ત્યારે જ જાગે જ્યારે એને પોતાના આત્માના અસ્તિત્વમાં અસીમ શ્રદ્ધા હોય. આવો આત્મશ્રદ્ધાવાન માણસ જ આખા જગત સામે બાથ ભીડી શકે.

ચોથું મંગળ તે સંયમમાં પુરુષાર્થ. માણસ ધન રળવામાં, એને સાચવવામાં, વિલાસ વધારવામાં પુરુષાર્થ કરે છે, પણ સંયમની વાતમાં એ પુરુષાર્થહીન બની જાય છે.

ભગવાન કહે છે : 'તું તારો પુરુષાર્થ ભોગમાં નહિ, ત્યાગમાં કર.'

ભેગું કરવાનું કામ તો એક ભિખારી પણ કરી શકે છે, એમાં પુરુષની મહત્તા શી ! એક ભિખારી પાસે બે ડબલાં હોય ને માર્ગમાં ત્રીજું ડબલું મળે, તો એને એ ઝોળીમાં નાખવાનો. ભેગું કરવાનું એને ભોગવવાનું કાર્ય તો ભિખારી પણ કરી શકે.

મહત્તા ત્યાગની છે. ત્યાગ માટે અમીરી જોઈએ. મહાન હૃદય જોઈએ, પ્રકાશમય દૃષ્ટિ જોઈએ.

સંયમ એકદમ નથી આવતો. ઇન્દ્રિયોના ઘોડા તોફાની છે. એમને વશ કરવા કેવો પ્રબળ પુરુષાર્થ જોઈએ ! એમના મોંમાં સંયમની લગામ ન હોય, તો તે આપણા જીવનને ક્યાંય ફગાવી દે, કારણ જગત પ્રલોભનોથી ભરેલું છે. આવા પ્રલોભનભર્યા માર્ગમાં જીવનરથને સલામત રીતે લઈ જવો

હોય તો સંયમ વિના કેમ ચાલે?

ઘણા માણસો કુશળ હોવા છતાં જીવનમાં આગળ વધી શકતા નથી, એમને શક્તિઓ મળી હોવા છતાં અન્તિમ વિજય મળતો નથી, એનું કારણ એ જ કે, એ સંયમમાં નિર્બળ હોય છે એથી એમની સાધના માત્ર વ્યર્થ જાય છે, માટે માનવ જીવનને વિજયવંતુ બનાવવા તમારી શક્તિઓને, તમારી આવડતને, તમારી બુદ્ધિને, તમારા પુરુષાર્થને, સંયમમાં જોડો.

માનવજીવનની પરમ મંગળ એવી આ ચાર વાત ભગવાને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહી છે.

આજ જગતમાં અશાન્તિનો દાવાનળ પ્રગટ્યો છે. શાન્તિની વાતો માત્ર હવામાં જ છેઃ વાસ્તવિક જગતમાં તો બુદ્ધિશાળી માણસોને પણ કોઈ માર્ગ દેખાતો નથી. ચારે બાજુ આગના ભડકા છે. એવા ટાણે માણસે 'માણસ' બનવા માટે ને શાન્તિની દુનિયા ઊભી કરવા માટે પણ આ મંગળ સત્યનો પ્રચાર સાહિત્યમાં કરવો રહ્યો. અને આ અંગોને આચારમાં વણવાં રહ્યાં.




[ ૭ ]

# સૌમ્ય પ્રકૃતિ

સૌમ્ય પ્રકૃતિ એ એવો ગુણ છે કે એ જેની પ્રકૃતિમાં વણાયો હોય તેને શાંતિ આપે છે, તેમ તેના સમાગમમાં આવનારને પણ શાંતિ આપનાર બને છે. આ ગુણ આખા સંસારને સુખમય બનાવનાર છે, મધુરી હવા ફેલાવનાર છે, અને દ્રઢ બંધાઈ ગયેલી મિથ્યા માન્યતાને કેવી રીતે ગાળવી તેનો ઉકેલ કરનાર પણ આ સૌમ્ય પ્રકૃતિ નામનો ગુણ જ છે.

સામા માણસની કાંઈક ભૂલને લીધે, તેને જોતાં, તમને અણગમો ઉત્પન્ન થાય, છતાં તમે તેને તક આપો. જેમ તમને હૈયું, લાગણી, ભાવના છે, તેમ તેને પણ તે બધું છે. કદાચ તેણે ભૂલથી અગર સંસારના સંયોગોની વિષમતાને લીધે કંઈક ખરાબ કાર્ય કર્યું હોય તો પણ તમે તેને એકવાર જરૂર

ક્ષમા આપો.

જેમ સાગરની અંદર ભરતી–ઓટ આવે છે, તેમ માનવીની ભાવનાઓમાં પણ ભરતી–ઓટ આવે છે. જેમ તમે પોતે કાંઈક ભૂલ કરી હોય અને તમને પશ્ચાતાપ થાય, અને પછી એમ થાય કે મને આ તકે માફી આપે, અને સજા ન કરે તો સારું, તેમ સામો માણસ પણ પશ્ચાતાપ કરીને તમારી પાસેથી માફી ઇચ્છે છે, નહિ કે સજા.

માનવીની મહાન ક્ષતિ જો કોઈ હોય તો તે આ છે: મનુષ્ય જેટલો પોતાનો ગુનો, પોતે કરેલી ભૂલ, છુપાવવાને ઇચ્છે છે, તે કરતાં સામા માનવીનો ગુનો, તેણે કરેલી ભૂલ, પ્રગટ કરવામાં અનેકગણો આતુર હોય છે, પણ ઊંડા ઉતરીને વિચાર કરશો તો માલૂમ પડશે, કે જેમ તમારું હૈયું ક્ષમા માટે ઝંખે છે, તેમ સામા માણસને પણ તમારા જેવી જ ઝંખના રહે છે; એની આર્દ્ર આંખો પણ ક્ષમાની ભીખ માંગતી હોય છે. જેનામાં સામા માણસના હૈયાને–દિલને પારખવાની શક્તિ નથી તે માનવી નથી. એ માનવજીવન જીવવાને પણ લાયક નથી ! તેમ તમે પણ કોઈના સંજોગોનો વિચાર ન કરી શક્તા હો, સામાની લાગણીની કદર ન કરી જાણતા હો તો તમે પણ દાનવોની કોટીમાં જ ગણાઓ.

ઇતિહાસનું અવલોકન કરશો તો એવા અનેક દાખલાઓ મળશે; જે ઘણી ભયંકર ભૂલો કરવા છતાં કોઈક સુંદર તક મળતાં સુધરી ગયા, ઉન્નતિના શિખરે પહોંચી ગયા; આ વાત ધ્યાનમાં રાખી તમે વર્તનમાં સામા માટે એવી ભાવના કેળવો કે આજે એ ભલે બૂરો હોય પણ કાલે મારા સહવાસથી

જરૂર સુધરશે અને તે માટે તમે તમારા હૃદયના દરવાજા ખોલી તેની વાત સાંભળો, તેને માટે તમારા હૈયામાં જે ગાંઠ બંધાઈ ગઈ હોય તેને દૂર કરો, અને તેને જાતે જ સુધરવાની તક આપો, તેને અનુતાપ કરવાનો અવસર આપો; તો તે જરૂર સુધરશે.

સામા માણસની વાત સાંભળતાં તમે જાગૃત જરૂર રહો, ચેતતા જરૂર રહો, સાચા–ખોટાની પારખ કરતા રહો : પણ સાંભળો તો જરૂર ! અમાવાસ્યાની ઘોર અંધારી રજનીમાં પણ તારલા હોય છે કે નહિ ? તેનું થોડું ઘણું પણ તેજ ખરું કે નહિ ? તે તારલાને ભરોસે પણ તેની સામે મીટ માંડો; તેના પાપી હૃદયમાં પણ તારલીયા જેટલું સત્ત્વ તો જરૂર હશે ! એ કાળા હૈયામાં પણ એક દિવસ ચંદ્ર જરૂર ઉગશે, પૂર્ણ કળાએ ખીલી નીકળશે. આ દૃષ્ટિ કેળવીને તમે તેને તક આપવામાં ઉદાર બનો. તમારી જાત માટે જેવો વિચાર કરો છો, તેવો સામા માણસ માટે પણ વિચાર કરો. આપણે એમ ન માની લેવું જોઈએ કે હું સુવર્ણમાંથી ઘડાયેલો છું અને બીજા પિત્તળમાંથી; બીજા બધા ખરાબ અને હું એક જ સારો છું; આવી કદાગ્રાહી દૃષ્ટિ જો તમારા જીવનમાં વ્યાપક બની ગઈ તો તમે સંસારમાં આગળ વધી શકવાના નથી.


કેટલાક કહે છે કે, સગા બાપના વચન ઉપર પણ વિશ્વાસ ન કરવો, વિશ્વાસથી ડગલું ભરવા લાયક આ પૃથ્વી રહી નથી. દુનિયા એવી છે કે અવસરે ખસી જાય ! આવી માન્યતાવાળો માનવી પોતાના આત્માને આગળ વધારી શકતો નથી. હું એમ નથી કહેતો કે કોઈના પર તમે સંપૂર્ણ વિશ્વાસ

મૂકી દો; હું તો એટલું જ કહું છું કે જાગૃતિપૂર્વકનો વિશ્વાસ તો તમે જરૂર રાખો. જાગૃતિપૂર્વકના પ્રકાશની અંદર જીવવું એ જીવનની કોઈ ઓર લહેજત છે, એથી મધુરતા અલૌકિક છે જ્યારે પ્રેમનું વાતાવરણ વિશ્વાસની સુવાસથી મિશ્રિત બને છે; ત્યારે આપણું જીવન કોઈ અલૌકિક બની જાય છે.

આજે આપણે અવિશ્વાસને લીધે જ સત્ય ને અસત્ય, હિંસા ને અહિંસા, દૈવી સંપત્તિ ને આસુરી સંપત્તિ, પાશવતા ને માનવતા વગેરેને પૂર્ણ રીતે સમજી શક્તા નથી. સંસારમાં પ્રકાશ પાથરી શકતા નથી, અને આત્માને ઉન્નત બનાવી શકતા નથી.

અવિશ્વાસના અંધારાને લીધેજ સામા માણસના હૃદયમાં જે અવિશ્વાસનું અંધારું હોય છે તે આપણા હૃદયમાં પેસી જાય છે. સૌમ્ય પ્રકૃતિ નામના ગુણનો સ્વભાવ પ્રકાશ છે. અને તે આવતા અંધકારને અટકાવે છે, રોકે છે, તેનો અવરોધ કરે છે.

સૌમ્ય પ્રકૃતિ નામનો સદ્‌ગુણ એ આપણને ઉદ્‌ઘોષણા કરીને કહે છે કે, સહિષ્ણુ બનો, ને સંસારમાં કડવા ઘૂંટડા ગળી જતાં શીખો; આટલું જ નહિ પણ ઝેરના ઘડા પીતાં પણ શીખો. સંસારને જો શાંતિમય, પ્રેમમય અને ભાવનામય બનાવવો હોય તો આ સૌમ્ય પ્રકૃતિ નામના ગુણની સુવાસ જીવનમાં મહેકાવી દો !



[૮]

# જીવનમાં ધર્મ

धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः
फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः

માણસો ધર્મનું ફળ–પરિણામ ઇચ્છે છે, પણ તેમને ધર્મ આચરવો નથી. એમને પાપનું ફળ જોઈતું નથી, છતાં પાપ આખો દિવસ પ્રેમપૂર્વક કરે જ જાય છે!

*

જીવન વ્યવહારમાં ધર્મની અગત્ય શી છે, તેનો આજે અહીં વિચાર કરવાનો છે. જગત આખું આબાદી, સુખ શાંતિ, આનંદ અને સંપત્તિની ઇચ્છા કરે છે, પણ તે મળે શાથી? કારણનો વિચાર કોઈ કરતું નથી! કાર્ય જોઈએ છે, પણ કારણ નથી જોઈતું! પણ એ બને કેમ? ધર્મ સત્યનું વૃક્ષ છે, અને

સુખ ધર્મનું ફળ છે, ફળ કોને હોય? ઝાડને હોય. ઝાડ વાવીએ નહિ તો ફળની પ્રાપ્તિ ક્યાંથી થાય? કેરીઓ જોઈએ છે, પણ આંબો વાવવો નથી. ધર્મનું ફળ મેળવવું છે; પણ ધર્મ આચરવો નથી, તો ફળ કેવી રીતે મળે?

પાપનું ફળ બરબાદી, દુઃખ, અશાન્તિ, શોક અને દરિદ્રતા છે. पापं कुर्वन्ति सादरा: ચોવીસે કલાક પાપમાં રચ્યાપચ્યા રહેવું છે, પાપની પ્રવૃત્તિ કરવી છે, પાપમય જીવન જીવવું છે, અને પુણ્યના ફળની આશા રાખવી છે, તે કેવી રીતે બને? ગમાર પણ એવો વિચાર નહિ કરે કે બાવળનાં બી વાવીએ અને આંબો ઊગી નીકળે!

જીવનમાં પાપનું પરિબળ છેઃ વાણી, વર્તન અને વાચન મુખ્યત્વે વિલાસ તરફી છે, અને ફરીયાદ કરીએ છીએ કે સુખ મળતું નથી! પણ સુખ આવે ક્યાંથી? સુખ જોઈતું હોય તો ધર્મમય જીવન બનાવો; પણ ધર્મની વાત આવે ત્યાં તો કહેશો કે ફુરસદ નથી. પણ યાદ રાખજો, કે એક દિવસ તમારે પરાણે –અનિચ્છાએ પણ ફુરસદ કાઢવી પડશે, અને તે અંતિમ પળે તમારું ઘર ગમે તેટલા વૈભવથી છલકાતું હશે તોયે તે આકરું લાગશે, ભારે પડશે. આ જ સુખનાં સાધનો એ વખતે ભયંકર લાગશે. આજે અહીં પણ કેટલાય એવા બાહ્ય દૃષ્ટિએ સુખી દેખાતા માણસો હશે, જેમના અંતરને દુઃખનો કોઈ ગુપ્ત કીડો સતત કોરી ખાતો હશે!

મસાલો નાખી દૂધપાક બનાવ્યો હોય, અંદરથી સુગંધી મહેક આવતી હોય, તેને પીવા મોં સુધી કટોરો લઈ જઈએ, ત્યાં કોઈ કહે કે એમાં ઝેરનાં બે બિંદુઓ પડયાં છે, તો આપણે

તરત એ કટોરો ફેંકી દઈએ છીએ, તેને પીતા નથી. શું કારણ? કારણ એ કે વસ્તુ સુંદર છે, તેના પ્રતિ પ્રીતિ પણ છે, પણ તે પ્રેય છે તેવી શ્રેય નથી: વસ્તુ સુંદર હોવા છતાં મારી નાખે તેવી તે ચીજ છે. તેમ જ્યાં જ્યાં ધર્મ નથી ત્યાં ત્યાં બધું હોય તો પણ ઝેરમિશ્રિત છે. ધર્મ વિના જીવનમાં સુખ નહિ, શાંતિ નહિ. જેમ શરીર સારું ન હોય તો ગમે તેટલો પૈસો હોય તો પણ માણસને ચેન પડતું નથી, તેમ જીવનમાં ધર્મ ન હોય તો બહારની ગમે તેવી વસ્તુઓ પણ આત્માને શાંતિ આપી શક્તી નથી.

## અંતર ઉજ્જડ છે

જગત પર નજર નાંખો! બહારથી સુખી દેખાતા માનવીઓ અંતરથી બળી રહેલા જણાશે. તેમને બહારથી જોનાર કોઈ ભલે કહે કે, 'ભાઈ! તમે તો પરમ સુખી છો.' પણ સાંભળનારનું અંતર જાણતું હોય છે કે તેમના અંતરમાં કેટલા કાંટા ભર્યા છે! પોતાની પીડા પોતે જ જાણે. કપડાં ઉતારે ત્યારે શરીર પરનાં ગૂંમડાં દેખાય. બહારથી તો સૌ કહે કે ભાઈ દસ લાખના ધણી છે, બબ્બે મોટરો છે, અને આલીશાન બંગલો છે. શો વૈભવ છે! પણ એકાન્તમાં એને પૂછશો તો કહેશે કે, 'આ બધું છે, પણ ભાઈલા! અંતરનો બાગ ઉજ્જડ છે. અંતરને તો આ ઉકરડો લાગે છે.' જીવનમાં ધર્મનું સંગીત નથી તેથી જ બહાર ને અંતરમાં ભેદ છે.

તમે છાપામાં વાંચ્યું હશે. એક કરોડપતિ વિમાનના અકસ્માતમાં મરી ગયો. એ ઘણો વૈભવશાળી હતો, પોતાની આવડતથી તેણે પૈસાનો તો ઢગ કર્યો હતો, અને ઝવેરાતની

પેટીઓ ભરી એ બહારગામ વિમાનમાં જતો હતો. રસ્તામાં વિમાન સળગ્યું, અને આકાશમાં એ પણ સળગ્યો. ધરતી અને આકાશ વચ્ચે એનું કરુણ મૃત્યુ થયું. આ સુખ! મરતી વખતે ભગવાનનું નામ સંભળાવનાર પણ કોઈ ન મળે! અને હાય! હાય! કરતો વચમાં જ મરી પડે. આવાં કરુણ મૃત્યુઓ સાંભળીએ છીએ ત્યારે કમકમાટી છૂટે છે.

કેટલાક રસ્તામાં ગાતા ગાતા જાય છે: "દુનિયાકી મઝા લે લો, દુનિયા તુમ્હારી હૈ" પણ હું કહું છું કે 'દુનિયા તમારા પૂર્વજો કે મહાન્ ચક્રવર્તીઓની પણ નથી થઈ' તો તમારી કઈ રીતે થવાની છે? તમારા પૂર્વજો પણ 'મારુ મારુ' કરતાં મરી ગયાં. એ શું લઈને ગયા? કઈ વસ્તુઓ સાથે ગઈ? હા, જે સારાં કાર્યો કર્યાં તે જરૂર સાથે ગયા, બાકી તો માથે પાપનો ભાર જ.

## નમિરાજનું દૃષ્ટાંત

તમને ખબર છે કે પાપનો ઉદય આવે છે ત્યારે મધુર વસ્તુઓ પણ અમધુર લાગે છે. કોયલનો મધુર ટહુકો પણ કારમો લાગે છે. નમિરાજ કેટલા વૈભવશાળી હતા? એ મહા-રાજવીને વૈભવનો પાર નહિ. અંતઃપુર પણ સુંદરીઓથી ભરેલું પણ .એક દિવસ એના દેહમાં ભયંકર રોગ ફાટી નીકળ્યો. શરીર જ્વરની જ્વાળાઓમાં તપવા લાગ્યું, એ સળગતા અંગો પર ચંદનવિલેપન કરવા માટે એની યૌવનવંતી પત્નીઓ ચંદન ઘસવા બેઠી. સુંદરીઓના હાથે રત્નનાં કંકણ હતાં. જે રત્નકંકણ અને નૂપુરઝંકારના કવિઓએ ભારોભાર વખાણ કર્યાં છે, જેના શ્રવણથી હૃદય નાચી ઉઠે અને દિલમાં રણકાર જાગે; એ જ

કંકણનો મધુર અવાજ આજે શૂળની જેમ નમિરાજના કાનમાં ભોંકાય છે. એ કહે છે 'આ કર્કશ અવાજ ક્યાંથી આવે છે?' એક વાર જેને સાંભળવાની એ ઝંખના કરતો હતો તે જ આજે એને ગમતો નથી; કારણ કે શરીરમાં સુખ નથી. પાપનો ઉદય થાય ત્યારે તેનું પરિણામ દુઃખ તે સમયે વૈભવમાં શાન્તિ ન દેખાય તે સહજ છે.

મંત્રીએ કહ્યું : 'આ અવાજ કંકણનો છે.'

નમિરાજ કહે : 'મને આ કર્ણકટુ અવાજ ગમતો નથી.'

સ્ત્રીઓએ એક એક કંકણ કાઢી નાખ્યું અને ચંદન ઘસવા લાગી. થોડી વાર થઈ અને નમિરાજે પૂછ્યું : 'કેમ! હવે અવાજ કેમ થતો નથી?'

મંત્રીએ કહ્યું : 'કંકણ બેને બદલે એક થવાથી.' એકમાં શાન્તિ, બેમાં અશાન્તિ. આપણે શીખ્યા છીએ ને! એકડે એક અને બગડે બે. એનો અર્થ શો? બે થાય એટલે બગડે.

નમિરાજને માંદગીમાં કંકણમાંથી પણ આત્માના એકત્વનું ભાન થયું અને આત્મજ્ઞાની થયા.

## સમાધિ મરણ

વિદાયવેળાએ અનેકમાંથી આત્મા એક જ રહેવાનો, સૌને પાછળ મૂકી એ આગળ વધવાનો. આ પળ ઘણી જ કપરી હોય છે.

જીવનના મર્મને ભેદી નાંખે એવી આ પળ હોય છે. આ સમયે પ્રભુનું નામ કોને મોઢે ચઢે? જેણે સારા કાર્યો કર્યાં હોય, જેણે જીવનમાં પ્રકાશનો વિચાર કર્યો હોય, તે

માણસ આવા સમયે પ્રભુનું સ્મરણ કરી શકે.

આખી જિંદગી જે ઘૂંટયું હશે, તે અંતસમયે આવીને ઊભું રહેશે. પણ જેણે જીવનભર પાપનો, અંધકારનો, વિચાર કર્યો હોય તેને કોઈ '**નમો અરિહંતાણં**' સંભળાવે તોયે સાંભળવું ન ગમે; કેમકે જિંદગીમાં તે અંગે પ્રેમ કેળવ્યો નથી, તેનું મહત્ત્વ એને સમજાયું નથી : એટલે છેલ્લી પળે એ નામનું સ્મરણ કરવું પણ આકરું લાગે છે.

મૃત્યુની નોબત વાગતી હોય ત્યારે પ્રભુ–નામની બંસરી કયાંથી સંભળાય? મૃત્યુની ભયંકર કલ્પનામાં એનો આત્મા ગૂંગળાતો હોય ત્યાં શાંતિ કયાંથી હોય? સમાધિ કેવી રીતે મળે? ભગવાન પાસે રોજ ચૈત્યવંદન કરતા હો, ને જે સૂત્ર બોલતો હોય, તેનો અર્થ સમજતા હો, તો ખબર પડે કે આપણે 'જય વીયરાય'માં શી માગણી કરીએ છીએ! ધન નહિ, સ્ત્રી નહિ, પુત્ર–પુત્રી નહિ, પણ સમાધિ મરણની પ્રાર્થના કરીએ છીએ.

समाहिमरणं પ્રભુ, મારે કાંઈ ન જોઈએ! મને સમાધિ મરણ મળો. શાંતિભર્યું પ્રશાન્ત મૃત્યુ મળો.

આહ! જ્ઞાનીઓએ મૃત્યુને પણ સત્કાર્યું. એની પણ માગણી કરી! જ્ઞાનીની મૃત્યુ માટે પણ કેવી તૈયારી!

ગમે તે ઘડીએ જવાનું છે તો દરેક માણસે મરવાની તૈયારી કરી રાખવી જોઈએ. વેપારી તો ડાહ્યા કહેવાય. પાણી પહેલાં પાળ બાંધે. તમે કહેશો અમને વેપારમાં સમજણ પડે. આમાં સમજ ન પડે. પણ જ્ઞાનીઓ કહે છે કે આને પણ સમજે જ છૂટકો છે. નહિ સમજો તો અંતસમય બગડી જશે.

શ્રી વસ્તુપાળ ને તેજપાળ પણ તમારી જેમ સંસારી હતા, પણ એમનું જીવન ધર્મમય હતું. એમણે એમનો વૈભવ આબૂનાં સંગેમરમરમાં ને આરસમાં કોરીને એમના વૈભવને, એમના જીવનને, અમર બનાવ્યું. એમનું મૃત્યુ થયું, પણ તે ક્યાં? જાણે યાત્રાને બહાને મરણની સામે ગયા! એમણે મૃત્યુને પણ શરમાવ્યું!

એવો જ પ્રસંગ ગુજરાતના મહામંત્રી શ્રી ઉદયનનો છે. એમનું વીરમૃત્યુ વિચારવા જેવું છે. ગુજરાતને એની પૂરી પિછાન નથી. શ્રી. મુનશી જેવા કેટલાક લેખકોએ ઐતિહાસિક સાહિત્યને અન્યાય કર્યો છે. ઇતિહાસનાં તેજસ્વી પાત્રોને પોતાની મનસ્વી વૃત્તિઓથી રંગીને પોતાના માનસનું પ્રદર્શન કર્યું છે. પ્રતાપી પાત્રોની પવિત્રતા સામાન્ય માનસમાં આવતી જ નથી.

મહા મંત્રી ઉદયનને શ્રી. ક. મા. મુનશીએ પોતાની નવલકથાઓમાં સાવ હીણા ચીતર્યા છે. એમની એ નવલકથાઓ જાણીતી અંગ્રેજી નવલકથાઓની પુનરાવૃત્તિઓ જેવી છે. એમાં જે જે પાત્રો હતાં, તે તે પાત્રો પોતાની નવલમાં ખડાં કરવાં, ને એને ઇતિહાસનો આભાસ આપવા એમણે સોલંકી યુગ પસંદ કર્યો. અને એ વખતનાં પાત્રો ને મનફાવતાં ગોઠવીને ગમે તે રીતે ઘડયાં છે.

તેઓએ એક પ્રસંગે જાહેર કર્યું હતું કે મુંજાલને ઠેકાણે પહેલાં શાંતુ મૂકયો હતો, પણ પછી ફેરવી નાખ્યો. મંજરી એમની કલ્પનાનું પાત્ર છે! આમ એમણે નવલકથાનો રસ જમાવવા ગુજરાતનાં પ્રતિભાશાળી પાત્રોનો ખુરદો કરી નાખ્યો છે. ઇતિહાસના સત્યને ભ્રષ્ટ કર્યું છે.

આ વખતે એક ભરવાડનું દૃષ્ટાંત યાદ આવે છે. સ્ત્રી-પુરુષ નદી ઊતરતાં હતાં. સ્ત્રીએ પોતાના પગે સુંદર મેંદી મૂકી હતી. પુરુષને એનો મોહ હતો. સ્ત્રીને પગે પાણી ન અડે એ માટે એણે સ્ત્રીને અવળી પકડી. માથું નીચે ને પગ ઉપર. સ્ત્રી પાણી પીને મરી ગઈ, પણ પેલા પુરુષે કહ્યું :

" ભલે જીવ ગયો. પણ રંગ તો રહ્યો."

આમ ગુજરાતના આ જાણીતા નવલકથાકારે નવલકથાનો 'ટેસ્ટ' જાળવવા કેટલાંય મહાપ્રતાપી પાત્રોનો ખુરદો કરી નાખ્યો છે. આજના ઉદાર યુગમાં શ્રી. મુનશી જેવાએ એ પાત્રોને ન્યાય આપી પોતાના અપકૃત્યનું પ્રાયશ્ચિત કરવું ઘટે. આ તો એ પ્રાસંગિક વાત થઈ હવે આપણે મૂળ વાત પર આવીએ. ગુર્જર ઇતિહાસના ઘડવૈયાઓમાં મહામંત્રી ઉદયનનું સ્થાન અનુપમ છે.

એંશી વર્ષના મહાયોદ્ધા શ્રીઉદયન મૃત્યુશય્યા પર પોઢચા છે. સમરાંગણની એ ભૂમિ છે. એમણે સૌરાષ્ટ્ર પર કંપરો વિજય તો મેળવ્યો, પણ દેહ ઘાથી જર્જરિત થયો છે. વિદાય વેળાએ એમને ગુરુ-દર્શનની પ્યાસ જાગી. જેણે સમગ્ર જીવનમાં દેવ–ગુરુ–ધર્મની ઉપાસના કરી છે, તેને તે અત્યારે કેમ વીસરી શકે ? એમણે કહ્યું : 'મને એક જ ઇચ્છા છે. પ્રભુનું નામ સંભળાવનાર કોઈ ત્યાગીના સાનિધ્યમાં મારો દેહ છોડું....

આ સમરભૂમિમાં ત્યાગી સાધુ લાવવા ક્યાંથી ? રણ મેદાનમાં એક તરગાળો હતો. એણે સાધુનો વેશ ભજવવા હા કહી. એ સાધુનો વેશ પહેરી હાજર થયો અને દૂરથી જ ધર્મલાભ કહી ઊભો રહ્યો.

મહામંત્રી શ્રી ઉદયન સાધુને જોતાં જ પથારીમાંથી અર્ધા બેઠા થઈ ગયા. એમની આંખોમાં પ્રેમનાં ઝળઝળિયાં આવ્યાં. એમને થયું, મારું પુણ્ય કે અંતસમયે આવા ત્યાગી મહાત્માનાં મને દર્શન થયાં. એમણે ચરણ રજ લીધી. પેલાએ 'नमो अरिहंताणम्' સંભળાવ્યું. મહામંત્રીનું માથું નમ્યું. એમણે છેલ્લું શરણ લીધું. 'अरिहंत शरणं पवज्जामि' અરહિંતને શરણે જાઉં છું.

ઐસી દશા હો ભગવાન, જબ પ્રાણ તનસે નીકલે,
ગુરુરાજ હો નિકટમેં, ઔર ધર્મ હો મેરે ઘટમેં.

જીવન ધર્મમય ને પવિત્ર હોય તો જ એ સમયે ગુરુ યાદ આવે. મહામંત્રી શ્રી ઉદયને પ્રભુનું નામ જપતાં મૃત્યુનું શરણ લીધું. એ પછી રાજ્ય તરફથી તરગાળાને સારું ઈનામ આપવા માંડયું. ત્યારે તેણે તેનો અસ્વીકાર કરતાં કહ્યું: 'ના, દ્રવ્ય મારે ન ખપે. જે વેશના દર્શનથી મહામંત્રી જેવાનું મરણ સુધર્યું, જે વેશના ચરણોમાં શ્રી ઉદયન જેવા મહામંત્રી પણ નમે, એવો પાવનકારી પવિત્ર વેશ મળવા છતાં હું છોડું તો મારા જેવો દુર્ભાગી કોણ? મને ત્યાગના પંથે જવા દો. હું કોઈ જ્ઞાની ગુરુના શરણમાં જઈ, શાસ્ત્રનો અભ્યાસ કરી, ચારિત્ર પાળી મારા જીવનને ધન્ય બનાવીશ. મને જવા દો: 'अरिहंत शरणं पवज्जामि.'

વેશ લઈને ભજવતાં આવડવો જોઈએ. તમે પણ મનુષ્ય–ભવનો વેશ ભજવો છો ને? છપ્પન ઇંચનો ડગલો પહેરવા માત્રથી કાંઈ મનુષ્ય ન થવાય. બહારના વેશમાં સૌ સારા દેખાય છે, સારા દેખાવાનો પ્રયત્ન પણ કરે છે; પણ ખરેખર સારા થવાનો કેટલા પ્રયત્ન કરે છે? ફોટો પડાવવા

જાઓ ત્યારે કેવા દેખાઓ છે? બહાર સુંદર અને અંદર બગાડ, આ ક્યાં સુધી ચાલશે? અંતે પ્રભુના દરબારમાં તો અંદરનું બહાર આવ્યા વિના નહિ રહે ને?

કુદરતે આપણી છાતીમાં વિચારો જોવાની બારી નથી મૂકી. એવી બારી હોય તો શું પરિણામ આવે? પોલ બધી ઊઘડી જ જાય ને! બધા દાવ પેચ દેખાવા લાગે ને! તમારા દિલમાં કોણ રમે છે, અને કેવા વિચારો આવે છે, એ બધું દેખાય તો પછી તમારો કોઈ સંગ પણ ન કરે! પેટનો છોકરો પણ કહે કે તમે દૂર રહો, સ્ત્રી પણ સંભળાવી દે કે તમે કેવા છો, તે હવે જોઈ લીધા. પતિ પણ કહી દે કે તું કેવી સતી છે, તે સમજાઈ ગયું. પણ સારું છે કે એવી બારી નથી. પણ દુનિયા ન જુએ તો કાંઈ નહિ. અનંત સિદ્ધો તો જુવે છે ને! પ્રભુ આપણા કાર્યોનો સાક્ષી છે; માટે મનુષ્યત્વની છબી ધર્મની ફ્રેમથી મઢો.

એક કવિ કહે છે:

'નરભવ નગર સોહામણું પામીને કરજે વેપાર.'

ચોરાશી લાખના ફેરામાં આ નરભવ નગર અનુપમ છે. મનુષ્ય–દેહરૂપી ઉત્તમ બંદર મળ્યું છે. જીવન એવું બનાવો કે ગમે તે પળે મૃત્યુ આવે તો પણ મુખ ઉપર પ્રસન્નતા હોય. આજે તો અંતસમયે દવાખાને લઈ જાય, ત્યાં અભક્ષ્ય અને અપેય દવા પી પીને મૃત્યુ પામે! દવા-પીને કોઈ અમર થયું છે કે?

## અમરત્વને આરે

અમરત્વ ક્યાં છે? દવા અને ડૉક્ટરો અમર નહિ બનાવી

શકે. અમરત્વ માટે એક રૂપક છે. દેવોએ ઘણા કષ્ટે અમૃત શોધ્યું. પણ રાખવું ક્યાં કે જેથી તે માનવજાતને હાથ પડે નહિ.

એક દેવે કહ્યું : 'પર્વતની ટોચ પર મૂકો.' જવાબ મળ્યોઃ 'જે માનવ માઉન્ટ એવરેસ્ટને સર કરી શકે તે કયા શિખરે ન પહોંચે ?' ત્યારે સંતાડવું ક્યાં ?

બીજા દેવે કહ્યું : 'પર્વતની ગુફામાં કે ખીણમાં સંતાડો.' ઉત્તર મળ્યા : 'જે માણસોએ માઈલો ઊંડી ખીણો અને ખાણો ખોદી, તેલના કૂવા અને પાતાળકૂવા ખોદ્યા, તે ગુફાઓને રહેવા દેશે ખરા ?

એટલામાં એક વિબુધ બોલ્યો : 'અમૃતને એવે સ્થાને મૂકો કે જ્યાં માણસને શોધવાનું મન ન થાય....જેનો વિચાર સરખોય ન આવે !' એટલે અમૃતને માણસના હૈયામાં મૂકયું. તે દિવસથી માણસ બહાર સર્વત્ર અમરત્વને શોધતો ફરે છે, પણ અંતરમાં, પોતાના હૈયામાં તો તપાસતો જ નથી. એની સામે જ છે. એની જ ઉપર પગ મૂકી એ આગળ વધે છે !

જ્ઞાનીઓ આ વાતને સાદી ભાષામાં સમજાવે છે 'જેમ વન ઢૂંઢે મૃગ કસ્તૂરીયો, લેવા મૃગમદ ગંધ' હરણની ડૂંટીમાં કસ્તૂરી છે, પણ એ ત્યાં શોધતું નથી, જે દિશામાંથી પવન આવે છે, તે દિશા ભણી એ દોટ મૂકે છે ! તેમ અમૃત આપણી પાસે છે, પણ આપણે અંતરમાં ડૂબકી મારતા નથી, અને જ્યાં ત્યાં શોધતા ફરીએ છીએ.

લોકો ધર્મને બાહ્યાચારમાં શોધી રહ્યા છે. મંદિરોમાં જઈ જોરશોરથી ઘંટ વગાડ્યા કરે છે, જાણે ભગવાનને જગાડતા ન હોય ! સૌને બાહ્ય ધર્મ જોઈએ છે, અંતરધર્મ અદૃશ્ય થતો

જાય છે. અરે ભાઈ! સાચો ધર્મ અંદર છે, માટે અંદર આવો:

આજ વિજ્ઞાન વધ્યું છે, પણ આત્મ–વિજ્ઞાન વિના બધું નકામું છે. એ દુનિયાનું બધું અપાવશે, પણ અમરત્વ નહિ અપાવે. અમૃત આત્મામાંથી જ પ્રગટવાનું છે. દેહ ભલે પડે, પણ આત્મા નથી પડવાનો. આ દૃષ્ટિ આજના વિજ્ઞાનમાં ક્યાં છે!

શ્રી સાગરજી મહારાજ માંદા હતા. ભક્તોએ ડૉકટરને બોલાવ્યા. મહારાજશ્રીની છેલ્લી સ્થિતિ હતી. ડૉકટરે તપાસીને ખાનગીમાં જઈ એક ભાઈને કહ્યું. 'સીરિયસ છે.'

મહારાજશ્રીને કાને આ શબ્દો પડ્યા, એમણે કહ્યું, અરે ભલા ડૉકટર! આ વાતને ખૂણામાં જઈને શું કહો છો? હવે ભય ક્યાં છે, કે ગભરાવાનું હોય? સમરાંગણના મરણિયા લડવૈયાને મૃત્યુનો ભય કેવો! એ લડવા માટે તો નીકળ્યો છે. અમે મૃત્યુની સામે જંગ ખેલવા તો સાધુ થયા છીએ.'

આ સાંભળી સૌ નમી પડ્યા. મૃત્યુની છેલ્લી પળે પણ કેવું ધૈર્ય! મૃત્યુ પ્રત્યે કેવી બેપરવાઈ! કિંમત દેહની નહિ, પણ આત્માની છે! એ માટે એક સુંદર દૃષ્ટાંત આપું.

**જીવનનાં મૂલ્ય**

એક કંજૂસ કરોડપતિનું શબ સ્મશાનમાં પડ્યું હતું. એ સ્મશાન નદીને કિનાર હતું. આ વહેતી નદીના કિનારે એક યોગી બેઠા હતા. એટલામાં એક ભૂખ્યું શિયાળ પેલા શબ પાસે આવ્યું, અંતે શબ પર તરાપ મારી. ત્યાં યોગી બોલ્યા: 'રે રે जम्बूळ! मुञ्च मुञ्च सहसानीचस्य नीन्द्यं वपुः! શિયાળ! રહેવા દે, રહેવા દે. આ નીચ દેહ છે. એની કાયા નિંદાને પાત્ર છે, એને ખાઈશ તો તારી બુદ્ધિ પણ ભ્રષ્ટ થઈ જશે.'

શિયાળે કહ્યું : ' બાપુ! મને ખૂબ ખૂબ ભૂખ લાગી છે. હું બીજું કાંઈ નહિ ખાઉં, હું માત્ર એના હાથ જ ખાઈશ.

યોગી કહે: "હાથ ન ખવાય, કારણ કે हस्तौ दानविवर्जितौ આ હાથ દાનથી વેગળા રહ્યા છે. આ હાથે દાન કર્યું નથી. આ હાથથી એણે લૂંટ જ ચલાવી છે. આ હાથથી એણે નોટનાં બંડલો જ ભેગાં કર્યાં છે. કેવી રીતે ભેગાં કર્યાં છે, તેની તને ખબર છે? લૂંટીને, ફસાવીને, અજ્ઞાનમાં રાખીને, વિશ્વાસઘાત કરીને–ભેગાં કર્યાં છે.'

આ વાત વિચારવા જેવી છે. ભેગું તો કર્યું પણ સાથે શું આવવાનું ? પાછળ મૂકીને જવા માટે કેટલાં પાપો થઈ રહ્યાં છે પુણ્યનો સૂર્ય તપે છે, ત્યાં સુધી પૈસાનો પ્રકાશ આવે છે, એ આથમતાં આત્માનું શું ?

જબ લગ તેરે પુણ્યકા, આયા નહીં કરાર,
તબ લગ સબકુછ માફ હૈ, ગુના કરો હજાર.

જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી ધમધોકાર ચાલે. ઊંધું નાખશો તોય સીધું પડશે. પુણ્યનો કરાર પૂરો થશે, એટલે પાપનો વારો આવશે. પછી સવળું કરશો તોય અવળું પડશે. લક્ષ્મીને રાખવા માગશો તોય તે તાળી દઈને ચાલી જશે. અત્યારે તમારી પાસે છે, ત્યારે તમે વાપરો, નહિ તો લક્ષ્મી તમારી પાસે કઈ રીતે ટકે ?

આજ તો લોકોની એવી વૃત્તિ થઈ છે કે, હું આખા ગામનું ખાઉં, મારું ખાય એનું નખોદ જાય. આવી વૃત્તિ હોય ત્યાં ઉદારતા કેમ સંભવે ? આવા માણસો કદાચ દાન કરે તો તે પણ કીર્તિ માટે. પાંચ હજાર રૂપિયા આપેને બીજે

દિવસે ક્યાં જુએ ? છાપામાં, છાપામાં પોતાના સમાચાર અને ફોટા ન જુએ તો પેટમાં ગોટા જ ઊપડે ને!

દાન એક પ્રકારનો વ્યાપાર ન બનવો જોઈએ. દાનવીર પુરુષોએ પાલિતાણામાં મંદિરોનું નગર ઊભું કર્યું, પણ ક્યાંય નામ ન મળે. આજ તો એક 'પટ' કરાવે તોય અંદર નામ કોતરાવે! અને એકલું પોતાનું કે પોતાના પિતાનું નહિ. પણ ઘરમાં હોય તે બધાનું. શું કીર્તિ ભૂખ ?

તમે કહેશો : 'અમે અમારા પૈસા આપીએ તો બદલો ન માગીએ ?' પણ હું તમને પૂછું છું કે તમે આ પૈસા લાવ્યા ક્યાંથી ? ગરીબો પાસેથી ને ? તો જેમના છે, તેમને આપો છો, તેમાં આટલા શાના ફુલાઓ છો ? એક ઠેકાણે ટેકરો છે, એનો અર્થ એ જ કે બીજે ઠેકાણે ખાડો પડયો છે !

પહેલાંના જમાનામાં સુખી માણસો ઘરમાંથી નીકળતા ત્યારે અપંગ માણસો તેમની વાટ જોઈને બોલતા, લૂલા, લંગડા, આંધળાંઓનું એ પોષણ કરતા, અને ખિસ્સામાં સોના મહોરો પણ રાખતા. જરૂરિયાતવાળા સારા માણસને જોઈ સોના મહોરથી પણ ખીસું ભરી દેતા. એવા દાતાઓ ગયા. આજ તો કેવા રહ્યા છે; તે કવિ કહે છે :—

'દાતા દાતા મર ગયે, રહ ગયે મખ્ખીચૂસ,
'લેને મેં કુછ નહિ, લડને મેં મજબૂત.

આજ તો મોટરોનો મહિમા જાગ્યો છે. મોટરની આગળ કોઈ ગરીબ આવે તો કચરાઈ મરે. અને પાછળ પડે તો ધુમાડાના ગોટા મળે. ગરીબો ધનિકો પાસે આશા ન રાખે તો કોની પાસે રાખે ? કોઈ ગરીબ શ્રીમંતના બંગલા પાસે જાય તો ભૈયો

ચોર જાણી ધક્કા મારે. જો કે કેટલાક સારા શ્રીમંતો હોય છે, પણ તે કેટલા ? આંગળાના વેઢા પર આવે એટલા જ ને ?

ભીખ માગવા આવનાર તો ભિક્ષા માગે છે, અને જાણે આડકતરો તમને ઉપદેશ પણ દે છે, 'શેઠ, ગયા ભવમાં અમારી પાસે પણ તમારા જેવો જ વૈભવ હતો, સંપત્તિ હતી, પણ અમે ન આપ્યું એટલે અમારે તમારે ત્યાં માગવા આવવાનો વારો આવ્યો, તમે આજ નહિ આપો તો આવતા ભવે તમારે પણ અમારી જેમ માગવું પડશે માટે આપો....'આ હાથ દાનથી શોભે છે, કંકણ કે ઘડીયાળથી નહિ, હાથથી દાન ન અપાયું તો એ શિયાળ જેવા પશુના ખાવાના કામમાં પણ નહિ આવે.

**ચાંદા તો કાગડો પણ જોઈ શકે**

યોગીએ જ્યારે શિયાળને કહ્યું કે આ મૃત્યદેહના હાથે દાન કર્યું નથી, પણ લૂંટ કરી છે; માટે આ હાથ ખાવા લાયક નથી, ત્યારે શિયાળે કહ્યું : 'આના બે કાન ખાઉં ?'

યોગી કહે :"નહિ. કાન પણ નહિ, श्रुतिपटौ सारश्रुति-द्रोहिणौ આ કાને ધર્મ કથા, સાંભળી નથી. દર્શન કથા આ કાનને સ્પર્શી નથી. તેણે તો વિલાસી ગાણાં' શાંતિથી સાંભળ્યાં છે. દુનિયાના ન્યૂઝ સાંભળ્યા છે, આત્માના ન્યૂઝ સાંભળવાની એને ફુરસદ નથી મળી.

કાનને રાજકથા સાંભળવી ગમે. દેશકથા સાંભળવામાં રસ આવે. ખાવાપીવાની વાતમાં—ભોજનકથામાં કાન સવળા થઈ જાય અને સ્ત્રીકથા આવે ત્યાં તો એમાં તલ્લીન થઈ જાય, એકાગ્ર બની જાય : પણ નીતિકથા કાઢો તો ભાઈ ને ઝોકાં આવે, આળસ ચઢે. કહે કે સમય નથી. કદાચ કોઈ પ્રસંગમાં ન છુટકે

સાંભળવા બેસી જાય તો એવા શાહુકાર કે જરાય સાથે લઈને ન જાય! સાંભળેલું બધું જ ત્યાં મૂકી જાય! લઈ જાય તો ચોરમાં ખપે ને!

આત્માની વાત એક કલાક પણ સાંભળવા માટે સમય ન મળે તો માણસાઈ કઈ રીતે આવે? માનવતા કઈ રીતે જાગે? આત્મપ્રબોધ કઈ રીતે થાય. ત્રેવીશ કલાક આ કાનમાં દુનિયાનું ઝેર રેડાઈ રહ્યું છે. એ ઝેરને ધોનાર કોઈ હોય તો વીતરાગની આ પવિત્ર વાણી છે. આ વાણીના પાણી ન મળે તો આત્માની મલિનતા કઈ રીતે ટળે?

આખો દિવસ દુનિયામાં જોશો તો નિંદા સિવાય કોઈ ન મળે. ચાર માણસ ભેગા થાય તો નિંદા કરવાના, પ્રશંસા કોઈનાય મોઢે આવે છે? આખા દિવસમાં તમે કેટલા માણસના સદ્ગુણ જુઓ છો? અને દુર્ગુણ કેટલાના જુઓ છો? તમારા ધ્યાનમાં પહેલો ગુણ આવે છે કે અવગુણ? ચાંદા જોવાનું કામ તો કાગડા પણ કરી શકે છે; એ જ કામ માનવની દૃષ્ટિ કરશે તો માનવીની મહત્તા શી?

પાપીઓના પાપો જ પાપીઓને મારશે. એની નિંદા કરી તમે શું કરવા તમારા આત્માને મલિન કરો છો? યાદ રાખજો કે નિંદા પણ દારૂ જેવી માદક વસ્તુ છે એને કેફ ચઢયા પછી માણસ ચૂપ રહી શકતો જ નથી. પછી તો એ વગર બોલાવ્યો વિના પૂછયે પણ જેના તેના અવર્ણવાદ–નિંદા બોલતો ફરવાનો.

જુની કહેવત હતી: ચાર મળે ચોટલા, તોડી નાખે ઓટલા. હવે એ કહેવતને ફેરવવી પડશે. બહેનોને ઘરની જવાબદારીને લીધે ઓટલા તોડવાની ફુરસદ રહી નથી. હવે તો

પુરૂષો જ ભેગા થઈને ચૂંટણીમાં ને ઉમેદવારીમાં ઓટલા તોડતા હોય છે. એટલે ચાર મળે ચોટલી તો તોડી નાખે (કો'કની) રોટલી ! સવારથી ઊઠીને પ્રભુનું નામ લેવાને બદલે ઓટલા પર છાપાં લઈને બેસી જાય, અને દાતણ કરતાં કરતાં છાપું વાંચતો જાય અને આખી દુનિયાનું જાણે પોતે ન જાણતો હોય એમ વાંચતો જાય ! બે–પાંચ એની પાસે બેસીને આવી વાતો સાંભળી મનમાં ડોલતા જાય. અરે, આવી કારમી કાળી કથાઓ સાંભળવા માટે આ કાન મળ્યા છે ?

## પત્રકારોનો ધર્મ

આ સ્થળે એટલું કહેવું જોઈએ. આજે કેટલાક પત્રકારો પણ પોતાનો ધર્મ ભૂલ્યા છે. પ્રજાને શું પીરસવું એ પત્રકારના વિવેક પર આધાર રાખે છે. પત્રકાર વિવેકી હોય તો પ્રજાને તારી શકે. પ્રજાને મહાન્ બનાવી શકે અને પ્રજા ઉન્નત ભાવનામય બને એવું સાત્ત્વિક સાહિત્ય પીરસી શકે. આજે ઉપદેશકોનું સ્થાન છાપાઓએ લીધું છે. ઉપદેશકો ખૂણામાં છે. પત્ર જાહેરમાં છે, પ્રજામાનસ ઉપર પત્રની અસર જેવી તેવી નથી. એ ધારે તે કરી શકે, એટલે પત્રકારની પ્રાજ્ઞા પણ વિવેક માગે છે; તેમ વાચકની પાસે પણ વિવેકનો ચીપીયો હોય તો, એ ગ્રહણ કરવા લાયક ગ્રહણ કરે, ને નિંદ્ય તેમજ અયોગ્ય હોય તેને જતું કરે. આવો વિવેક હશે તો આ કાન ધન્ય થશે, નહિ તો આ કાન શિયાળના ખાવાના કામમાંય નહિ આવે.

## સૌંદર્યના અશ્વનો સવાર કોણ થઈ શકે ?

જોયું ? યોગીએ હાથને નિંદ્ય ગણ્યા, પવિત્રશ્રવણ વિનાના કાનને અયોગ્ય કહ્યા, ત્યારે શિયાળે પૂછયું 'તો આંખ ખાઉં ?'

યોગી કહે नेत्रे साधुविलोकनेन रहिते આ આંખોએ સાધુપુરુષોનાં દર્શન નથી કર્યાં, સાધુપુરુષો એને ગમ્યા જ નથી. સત્પુરુષોને સામે આવતા જોઈ એણે આંખ આડી કરી છે, આ આંખોએ સ્ત્રીઓનાં ઉદ્‌ભટ રૂપ જોવામાં જ જન્મારો કાઢયો. રૂપમાં, રંગમાં, સૌંદર્યમાં આ આંખો ખૂંચી ગઈ. જે વસ્તુને જોવાની ના પાડી ત્યાં આ નયનો ઠર્યાં, અને જ્યાં નયનો ઠારવાનું કહ્યું ત્યાંથી ખસ્યાં.

તમે રસ્તા પરથી પસાર થાઓ છો ત્યાં જુઓ છો ને ? માણસોની આંખો ઠેકાણે હોય છે ખરી ? એ કેવી આડી અવળી ભટકે છે ? કેટલીકવાર તો આ આંખો એવા એવા સ્થાનમાં તલ્લીન થઈ જાય છે કે કોઈની સાથે અથડાય ત્યારે જ એને ભાન આવે. એથી જ તો અકસ્માતો (Accidents) વધ્યા છે ? દેખાતા આંધળાઓની સંખ્યા આજે ઓછી નથી. આવા અંધોને સાચાં સૌન્દર્ય–દર્શન કયાંથી લાધે ?

સંયમની લગામ જેના હાથમાં હોય તે જ સૌન્દર્યના અશ્વ ઉપર ચઢી શકે. આ આંખોને ચામડીના રૂપનો સૌન્દર્યનો કેવો રસ છે તે જુઓ. ચિંતનાત્મક સાહિત્ય વાંચતાં આંખની પાંપણો પર ઊંઘ ચઢી બેસે, પણ સિનેમા કે નાટકમાં ઝોકાં આવે ખરાં ? એનું કારણ એ જ કે આંખમાં વિકાર છે. વિકારને વિકારી વસ્તુ જ ગમે.

## સૌંદર્ય કાંટો નથી : ફુલ છે.

એક કવિએ કહ્યું છે

'Beauty is to admire and not to touch if it is touched it is spoiled.'

સૌન્દર્ય પ્રશંસાભરેલી દૃષ્ટિથી જોવા માટે છે. સ્પર્શવા માટે નથી. સ્પર્શતાં નાશ પામે. પણ તે કયું સૌન્દર્ય ? આ ચામડામાં વસેલું કે પ્રકૃતિમાં વણાયેલું ? દેહદેશવાસી સૌન્દર્યને ઢુંઢનારી આંખો પાપી છે આવી આંખો એક સ્થાનથી બીજે સ્થાને અથડાયા જ કરવાની. એને સ્થિરતા કયાંથી હોય !આત્મદેશવાસી સૌન્દર્ય માટે કહેવાય છે शुद्धम् अपापविद्धम् सौन्दर्यम् એ સૌન્દર્ય શુદ્ધ છે, પાપને નહિ સ્પર્શેલું તે પવિત્ર છે.

આપણા મહાકવિ કહે છે

'ઓ રસતરસ્યા બાળ, રસની રીત ન ભૂલશો!
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.'

ચામડાની રૂપકડી પૂતળીઓની શોધમાં જ્યાં સુધી આંખો પછાડા ખાતી હોય ત્યાં સુધી તેનામાં સૌન્દર્યરસ ઉપાસિકા શુદ્ધ ચેતના છે, એમ કેમ કહેવાય ! હું કહું છું, સૌન્દર્યના ભક્ત બનજો. એને પૂજજો. પણ તે સૌન્દર્ય આત્મિક હોવું જોઈએ. યાદ રાખજો સૌન્દર્ય કાંટો નથી, ફૂલ છે. એનાં દર્શનથી ઘા ન વાગે, પણ હૃદય સુવાસિત થાય. ડંખ વાગે ત્યાં સૌન્દર્ય નથી પણ વાસના છે. સિનેમા જોઈને આવ્યા પછી હૈયું નિર્મળ અને હળવું નથી બનતું, પણ વિકલ્પોના ભારથી ભારે બને છે. જ્યારે વીતરાગનાં દર્શનથી મન વિકલ્પોથી મુક્ત બની હળવું ને સુવાસિત બને છે;

એટલે કવિએ કહ્યું છે;

'અખિયનમેં અવિકારા જિનંદા, તેરી અખિયનમેં અવિકારા,
શાંત રૂચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા.

હે ભગવાન ! તારી આંખોમાં અવિકાર છે, કારણ કે

શાંત અને પવિત્ર પરમાણુઓથી ઘડાયેલી તારી મનોહર મુદ્રામાં વિકાર ક્યાંથી હોય ? અમારી આંખો વિકારી છે; કારણ કે રાગ અને દ્વેષના અપવિત્ર પરમાણુઓથી ઘડાયેલ અમારા દેહમાં અવિકાર કયાંથી હોય ? અમારા વિકારના અંધકારને તારાં દર્શનની જ્યોતમાં અમે બાળવા માટે આવ્યા છીએ. એને તું બાળી નાખ અને અમને પણ અવિકારી બનાવ.

આપણી આંખોમાં શું ભર્યું છે, તે આપણને દેખાતું નથી. જેમ મોં પર ડાઘ હોય પણ આપણને ન દેખાય અરીસો મળે તો જ આપણે આપણા મુખ પર રહેલા ડાઘને જોઈ શકીએ. તેમ આગમશાસ્ત્રનો અરીસો મળે તો આપણી આંખોમાં રહેલા વિકારને આપણે જોઈ શકીએ, પણ આપણને તે જોવાની ફૂરસદ નથી. મોહની મહાપ્રમાદ મદિરા પીને આપણો આત્મા ચકચૂર બન્યો છે; ઘેલો બન્યો છે. ઘેનમાં એ પોતાના દોષનો ટોપલો બીજા પર ઢોળે છે.

એક માણસને અમદાવાદથી મુંબઈ જવું હતું. એણે મુંબઈની ટિકિટ કઢાવી અને પ્લેટફોર્મ પર આવ્યો, તે દારૂ પીને ચકચૂર બન્યો હતો, કેફમાં કઈ ગાડીમાં બેસવું એનું એને ભાન ન રહ્યું. તે આબુ ભણી જતી ગાડીમાં ચઢી બેઠો. ગાડી ઊપડી. મહેસાણા આવતાં ટિકિટ–ચેકર આવ્યો, એણે ટિકિટ માંગી, ટિકિટ જોઈ એણે કહ્યું. આ તમારી ટિકિટ તો મુંબઈની છે, અને તમે તો દિલ્હી મેલમાં બેઠા છો. તમે ભૂલ્યા છો ?

આ સાંભળી પેલો દારૂડિયો તાડૂકયો : 'હું ભૂલું ? હું તો બરાબર જોઈ ને બેઠો છું. પણ તમારા ડ્રાયવરે દારૂ પીધો લાગે છે ! એ મુંબઈ લઈ જવાને બદલે ગાડી આ બાજુ લઈ આવ્યો છે.

એને નીચે ઉતારો અને કહો કે ગાડી પાછી મુંબઈ ભણી હાંકે.'

વિચારો ! દારૂ કોણે પીધો હતો ? આવી દશા જગતની છે ! પોતે ભૂલોની આંધીમાં અટવાઈ ગયું છે અને બીજાની ભૂલો શોધી રહ્યું છે. કેફમાં પોતાને પોતાના ગામની ખબર નથી. આપણું ગામ એ આ ફાની દુનિયા નથી. અહીં તો અલ્પ સમય માટે આવ્યા છીએ, અહીં વિસામો લીધા પછી અહીંથી આગળ વધવાનું છે. આપણું ધામ દૂર છે, ઉપર છે, સૂર્યને ચંદ્રનીયે પેલી પાર છે, જ્યાં સૂર્યનો પ્રકાશ પણ ઝાંખો લાગે એવા પ્રકાશમય, સૌન્દર્યમય મોક્ષ–પ્રદેશનો નિવાસી આપણો આ આત્મા છે. એનો વિચાર સ્વપ્નમાં પણ આવે છે ?

એક ગામમાં એક ભાઈએ પ્રશ્ન કર્યો, 'ત્યાં મોક્ષમાં ખાઈ પીને વાતો કરવાની ખરી કે નહિ ?'

મેં કહ્યું : 'ત્યાં વાતો કેવી ? ત્યાં તો આપણો આત્મા અનંત જ્ઞાનમય–પ્રકાશમય હોય છે. વીતરાગને વાતો કેવી ?'

ત્યારે ફરી પ્રશ્ન કર્યો, 'તો પછી વાતો વિના અમારો સમય કઈ રીતે પસાર થાય ? અમે તો મુંઝાઈ જઈએ....

મને વિચાર આવ્યો કે જે લોકો વાત વિના રહી શકતા નથી. ઘોંઘાટ વિના જીવી શકતા નથી, કોલાહલ વિના તેમને પોતાનું જીવન શૂન્ય લાગે છે, આવા માણસોને આ મોક્ષની અનંત પ્રકાશમય પ્રદેશની કલ્પનાય કયાંથી આવે ? કેફમાં કદી સ્વસ્થ વિચાર આવતો જ નથી, મોહનો પણ કેફ છે. એમાં આત્માની સહજ ને વાસ્તવિક દૃષ્ટિનો વિકાસ કયાંથી હોય ?

આત્માની નૈસર્ગિક દૃષ્ટિ જાગે તો સમજાય કે આત્મા જ એક એવી ચીજ છે, જેને અગ્નિ બાળી ન શકે, પવન

સૂકવી ન શકે, તલવાર છેદી ન શકે, પાણી ભીંજવી ન શકે. એ વિના સ્નાને પવિત્ર છે, અને આભૂષણો વિના પણ સુંદરતમ છે.

આવા આત્મસૌન્દર્યનું એકાદ કિરણ પણ મળે તો આ દૃષ્ટિ ધન્ય બને. એ વિના તો આ આંખ શિયાળને માટે પણ ખાવા યોગ્ય નથી. યોગીએ હાથ, કાન અને આંખ ખાવાની ના કહી, ત્યારે શિયાળે કહ્યું : 'તો આ બે પગ ખાઉં ?'

યોગી કહે : 'पादौ न तीर्थगतौ। ભાઈ, પગ પણ ખાઈશ નહિ, કારણ કે એ તીર્થે ગયા નથી. કદાચ કોઈક વાર તીર્થે જાય તો પણ ઘોડાગાડીમાં, મોટરમાં કે ડોળીમાં. બીજા ને માથે પોતાનો ભાર નાખી તીર્થે ગયા તેથી શું વળ્યું ? પોતાના સ્નેહી આવવાના છે, એમ જાણવા મળે અને વાહન ન હોય તો પગે ચાલીને પણ સામે જાય. સવારે ફરવા જવાનું—walking માટે જવાનું હોય તો માઈલો સુધી ચાલે. કોઈ આસામી ફેઈલ થઈ જવાની છે, એમ સાંભળે તો અધરાતે પણ વાહનવિના ત્યાં દોડી જાય, પણ યાત્રાએ જતાં થાક લાગે.

પૈસાનું નામ આવે ત્યાં પગમાં જોર આવે. પ્રભુનું નામ આવે ત્યાં કંટાળો આવે. શરીરને શ્રમ આપ્યા વિના, પગે ચાલીને ગયા વિના, યાત્રાનો પૂર્ણ લાભ કઈ રીતે મળે ? આજ-કાલ યાત્રાના ધામો, તીર્થસ્થાનો અને ધર્મસ્થાનો અયોગ્ય આત્માઓને લીધે કર્મસ્થાનો બની રહ્યાં છે. ત્યાં જાય એટલે ન ખાવાનું ખાય, ન પીવાનું પીએ. જુગાર રમે, અને લહેર કરે.

તમે તીર્થસ્થાનોમાં રહેલી ધર્મ શાળાઓની ઓરડીઓ જોશો તો તમને લાગશેઃ ક્યાંક બીડીનાં ઠૂંઠા પડ્યાં હશે, ક્યાંક સિગારેટનો કચરો પડ્યો હશે, દીવાલ પર પાનની પિચકારી-

એ મારેલી હશે અને આવનાર સપૂતોનાં નામ કોલસાના કાળા અક્ષરોમાં કોતરેલાં હશે ! આ ઓરડીઓ આપણી શૂચિતા ને સંસ્કારિતાની પ્રારાશીશી શમી છે.

આ બધું બની રહ્યું છે, કારણ કે જીવનમાં ધર્મ નથી. ધર્મને લોકોએ મંદિરમાં જ પૂરી રાખ્યો છે. એને હવે બહાર લાવો. જીવનમાં લાવો. માણસ જેમ જમે છે રસોડામાં, પણ એ ખોરાકને પચાવે છે બજારમાં. પચાવવા માટે રસોડામાં જ બેસી રહેવું પડતું નથી, તેમ માણસે ઉપાશ્રય ને મંદિરોમાંથી ધર્મને ગ્રહણ કરી, એનો ઉપયોગ વ્યવહારમાં–બજારોમાં કરવો જોઈએ. ધર્મને મંદિરમાં જ ન રખાય. ધર્મ જીવનમાં, વ્યવહારમાં અને વર્તનમાં આવશે તો જ એનો મહિમા વધશે, તો જ એ ધન્ય થશે. તો જ એ જીવંત બનશે.

## સાચી યાત્રા કોનું નામ ?

થોડાં વર્ષો પહેલાંની આ વાત છે, જ્યારે લોકો યાત્રા વાહનમાં નહિ, પણ પગપાળી કરતા હતા, તે દિવસની આ વાત છે. એક શેઠ તખતગઢથી પાલિતાણાની યાત્રાએ ગયા. સાથે એમનાં પત્નિ પણ હતાં. બંને જણ લાંબો પ્રવાસ કરી પાલિતાણા પહોંચ્યાં. ગિરિરાજ ઉપર ચાલીને ચઢયાં ને દેવનગરીનાં દર્શન કર્યાં. પ્રભુનાં દર્શનથી એમનો આત્મા નાચી ઉઠ્યો.

જે વસ્તુ ઘણાં કષ્ટ પછી લાંબે ગાળે મળે તેનું મહત્વ કોઈ ઓર હોય છે. શેઠે પણ ઘણા પ્રવાસ પછી જીવનમાં પ્રથમવાર જ આદીશ્વર પ્રભુને જોયા. એમનો આત્મા ડોલી ઉઠ્યો. આનંદમાં ડોલતા શેઠ મંદિરની બહાર નીકળ્યા, ત્યાં એક સાધુનો ભેટો થયો. શેઠે એમને પણ પ્રેમથી નમન કર્યું.

સાધુએ પૂછ્યું: "શેઠ, તમે દૂરથી યાત્રાએ આવ્યા દેખાઓ છો?"

શેઠે બે હાથ જોડી 'હા' કહી.

સાધુએ કહ્યું: 'તમે દર્શન કર્યાં, હવે તો તમે તમારા ગામ ભેગા થશો, પણ દર્શનની મીઠી યાદ હૈયામાં કઈ રીતે રાખશો? જો આ પવિત્ર સ્થળમાં કોઈ નિયમ લો, કોઈ સંભારણું લો, તો કોઈક મીઠી સ્મૃતિ હૈયામાં સદાકાળ ટકી રહે, બાકી પથ્થર ઉપાડીને તો મજૂરો પણ આ તીર્થ ઉપર આવે છે. એમને થોડો જ યાત્રાનો લાભ મળવાનો હતો? યાત્રા તો તે કે જેની મીઠી યાદ આપણા જીવનને કોઈ સદ્ગુણથી ભરી દે!'

રંગમંડપમાં પ્રભુની સામે ઊભા રહીને જ શેઠે સાધુનાં વચન સાંભળ્યાં. એમને આ વચનો મીઠાં લાગ્યાં. એમણે કહ્યું: 'આપની વાત સાચી છે. દેવનાં દર્શન થયાં. ગુરુનાં વચનામૃતો પણ સાંભળવા મળ્યાં. હવે એક નિયમ લઉં તો ધર્મ પણ જીવનમાં આવે....તો ગુરુદેવ! મને નિયમ આપો. ગમે તેવા પ્રસંગમાં પણ મારે ક્રોધ ન કરવો. જે ક્રોધે મારા જીવનને કટુ બનાવ્યું, એ ક્રોધને અહીં આવ્યા છતાં પણ ન છોડું તો યાત્રાનો અર્થ શો? ક્રોધને અહીં મૂકતો જાઉં અને પ્રેમની હવા અહીંથી લેતો જાઉં; એ જ યાત્રાની સ્મૃતિ.'

સાધુએ કહ્યું: 'શેઠ, જો જો હોં. નિયમ તો લો છો, પણ એ તૂટે નહિ. પ્રતિજ્ઞા લેવી સહેલી છે, પણ પાળવી ઘણી કઠિન છે. ઘણા પ્રતિજ્ઞા લેવામાં સિંહ જેવા શૂરા બની જાય છે, પાળવામાં શિયાળ જેવા કાયર....'

'ના ગુરુદેવ! ના. એવું નહિ બને. દેહના ટુકડા થશે તોય નિયમ નહિ તૂટે. દઢતાનું તેજ આંખમાં લાવી શેઠે કહ્યું.

શેઠ આ મીઠી સ્મૃતિ લઈ, યાત્રા કરી પોતાને ગામ આવ્યા. એ જમાનામાં આવી યાત્રા કરી આવનારનો કુટુંબીજન આખા ગામને જમણ આપતો. સૌ સ્નેહપૂર્વક સહભોજન કરતા અને યાત્રાની પવિત્ર હવા આખા ગામમાં છવાઈ જતી.

આ શેઠને એક ભત્રીજો હતો. એણે પોતાના કાકાની આ સફળ યાત્રા નિમિત્તે ગામને ભોજન આપવાનો નિર્ણય કર્યો. પણ એણે જ્યારે કાકાના નિયમની વાત સાંભળી ત્યારે એને કુતૂહલ થયું. કાકા એક કલાક પણ ક્રોધ વિના રહી શકે? ક્રોધ છોડે તો પછી એ કાકા શેના? આખું ગામ જાણે છે. ક્રોધ એટલે કાકા, અને કાકા એટલે જ ક્રોધ. એણે મનમાં નક્કી કર્યું કે જોઉં તો, ખરો કે કાકા કેવી રીતે નિયમ પાળે છે? સૌની વચ્ચે કાકાનું સ્વરૂપ પ્રગટ કરાવું તો જ હું ખરો ભત્રીજો.

ભત્રીજાએ આખા ગામમાં જમવાનાં નોંતરાં ફેરવ્યાં, પણ પોતાના કાકાના ઘરનો ટાળો કરાવ્યો. કાકાને ત્યાં નોતરું ન આપ્યું. સાંજે ગ્રામજનો થાળીવાટકો લઈ જમવા જવા લાગ્યા, ત્યારે શેઠ પણ જવાની તૈયારી કરવા લાગ્યા.

શેઠાણી છંછેડાઈ ગયાં: 'વગર નોતરે જમવા જતાં શરમ નથી? ભૂખડી બારસની જેમ આ ચાલ્યા.' શેઠ તો પ્રેમની હવા લઈને આવ્યા હતા. એમણે હસીને કહ્યું: 'તારી બુદ્ધિને પણ ધન્યવાદ છે. અરે ઘરમાં તે વળી નોતરાં શાં ને નિમંત્રણ શાં? આપણે ક્યાં પારકા છીએ? આપણી યાત્રા નિમિત્તે તો આ પ્રીતિભોજન છે! ચાલ, ચાલ હવે નિમંત્રણવાળી!'

શેઠાણી બબડતી બબડતી પાછળ ચાલી. વાડીની ડેલીમાં એનો ભત્રીજો સૌનું સ્વાગત કરી રહ્યો હતો. કાકાને જોતાં જ એ

પૂંઠ કરીને ઊભો રહ્યો. શેઠ એની પાસે થઈને પસાર થઈ ગયા.

આગળ જતાં શેઠાણીએ કહ્યું : 'જોયું ? નિમંત્રણ વિના આવ્યા તો કેવી ફજેતી થઈ? સૌનું એ માનપૂર્વક સ્વાગત કરી રહ્યો છે, આપણને 'આવો' એટલું ય કહ્યું ?. એ ગામને જમાડે છે, તમારી તો સામુંય જોતો નથી. જાઓ તમારે જવું હોય તો, હું તો આ ચાલી....'

ભત્રીજો દૂર ઊભો ઊભો આ વાર્તાલાપ સાંભળી રહ્યો હતો. એની આંખ બીજી બાજુ હતી, કાન અહીં હતા.

શેઠે કહ્યું 'તીર્થે જઈ આવી, પણ તું તો આવી જ રહી. એકલો માણસ કેટલાનું ધ્યાન રાખે ? જોતી નથી, એ કેટલી ધમાલમાં છે. એ તો આપણું બાળક કહેવાય. ચાલ હવે.'

ભત્રીજાએ કાકાને સાંભળ્યા. એનું હૈયું નમી પડયું, પણ એને એક વધારે કસોટી કરવાનું મન થયું. એણે જઈને કાકાની થાળીમાં લાડવા પીરસવાને બદલે એક ગોળ પાણો મૂક્યો. શેઠે ઊંચે જોયું. આસપાસ બેઠેલા સૌ હસી પડયા. દૂરથી શેઠાણીએ આ અપમાનજનક દૃશ્ય જોયું અને એ સળગી ઊઠી. પણ શેઠ તો તીર્થથી વિવેક ને પ્રેમ લઈને આવ્યા હતા. પ્રતિજ્ઞાની મૂડી એ એમ જવા દે ? એમણે પોતાનો જ કાન પકડતાં કહ્યું :

'મારા ભાણામાં પકવાન ન શોભે. પાણો જ શોભે. હું વૃદ્ધ છતાં મારામાં એટલોય વિવેક ન આવ્યો કે ગામનાં માણસો પહેલાં જમે, ઘરનાં માણસો છેલ્લે જમે. ઘરનો થઈને હું પહેલો બેઠો, એ મારી ભૂલ તેં ઠીક સુધારી.' એમ કહી એમણે પીર[illegible]

ભત્રીજાની આંખમાં આંસુ ધસી આવ્યાં. કાકાના ચરણો-માં એ ઢળી પડયો. એમની પવિત્ર ચરણરજ લેતાં એણે કહ્યું: 'કાકા! આપે સાચી યાત્રા કરી. આપ ક્રોધને શેત્રુંજી નદીના નિર્મળ નીરમાં ધોઈ આવ્યા આપ ત્યાંથી ક્ષમા અને પ્રેમનું અમૃત લઈને આવ્યા. મને હતું કે કડવી તુંબડીને ગંગામાં સ્નાન કરાવવા માત્રથી એની કડવાશ ન જાય. પણ ના, મારી ભૂલ છે. પારસમણિનો સ્પર્શ થાય તો લોખંડ પણ સોનું થાય છે. આપને દર્શનનો સ્પર્શ બરાબર થયો છે. આપની આ પ્રેમયાત્રા ધન્ય છે. મને ક્ષમા આપો.'

જમનારાઓએ જ્યારે આ પ્રેમકથા સાંભળી ત્યારે તો એમના ભોજનની મીઠાશમાં કોઈ અપૂર્વતા આવી વસી.

**યુદ્ધના લોહીનો પૈસો આવ્યો.**

શિયાળ વિચાર કરે છે: 'તો હવે મારે ખાવું શું? હાથ, કાન, આંખ ને પગ બધું જ અપવિત્ર છે, તો લાવ, પેટ ખાઉં. મને કકડીને ભૂખ લાગી છે. ભૂખથી મારા પ્રાણ જાય છે.'

ત્યાં યોગી બોલ્યા:

ભાઈલા; પ્રાણ જતા હોય તો જવા દેજે, પણ આ માણસનું પેટ ખાઈશ નહિ, કારણ કે પેટ તો અન્યાયથી, અત્યાચારથી મેળવેલા અનીતિના દ્રવ્યથી ભરેલું છે. આ પેટ ખાઈશ તો તારી બુદ્ધિ ભ્રષ્ટ થશે. પછી તું તારા જાતભાઈ-ઓને મદદ નહિ કરે, જાતભાઈથી દૂર ભાગીશ. તું બીજાઓની સાથે તો લુચ્ચાઈ કરે છે, પછી તો તું જાતભાઈને, તારા કુટુંબને પણ નહિ છોડે. માટે આ અન્યાયના દ્રવ્યથી ભરેલું પેટ ખાવું રહેવા દે.'

## સાધુઓમાં દ્વેષનું કારણ

અનીતિનું ખાનાર માણસની પ્રકૃતિમાં પણ વિકૃતિ આવે છે. એ સગાભાઈઓ સાથે પણ કલહ કરે છે, વંચના કરે છે. આજકાલ સાધુઓ પણ અંદર અંદર કલહ કરતા હોય છે, કારણ કે એમના પાત્રમાં આ અન્ન પડે એટલે એમની બુદ્ધિમાં વિકૃતિ આવે. નહિ તો સાધુઓમાં વેરઝેર, દ્વેષ, કલહ, કુસંપ હોય શાનાં? એમનામાં તો મૈત્રી હોવી જોઈએ, પણ મૈત્રીથી ભરેલા સાધુઓ આજે કેટલા દુર્લભ છે? સાધુ સાધુને જોઈ દૂર ભાગતા હોય તો જાણજો કે અન્ન તેવું મન છે.

ભગવાન મહાવીરે દીક્ષા લઈ વિહાર કર્યો. પહેલે જ દિવસે એ પોતાના પિતાના મિત્ર એક તાપસના આશ્રમે આવી ચડ્યા. તાપસને જોતાં જ પ્રભુના હૈયામાં પ્રેમની છોળ ઉછળી, એ બન્ને હાથ પહોળા કરી હૈયેહૈયું દબાય એ રીતે એક બીજાને ભેટી પડ્યા.

પ્રભુ તો મહાન સાધુ છે. પેલો સામાન્ય તાપસ છે, છતાં કેવો પ્રેમ? સાધુનું દર્શન એ જ પુણ્ય છે. સાધુઓ તો હરતા-ફરતા (જંગમ) તીર્થ સમા છે, પણ તે કયા સાધુ? જે ત્યાગી હોય, બ્રહ્મચારી હોય, મૈત્રીભાવથી છલકાતા હોય, એવા સાધુના નમનથી આપણામાં જરૂર નમ્રતા ને સભ્યતા આવે.

આજના યુગમાં લોકો બે હાથ જોડીને નમન કરતાં ભૂલ્યા. દંડવત પ્રણામ કરતાં ભૂલ્યા, અને નમસ્કાર પણ ભૂલતા જાય છે. હવે તો દૂરથી–સલામથી ( Salute ) પતાવે છે. આ યુદ્ધના અનાજથી માણસનું માનસ બગડ્યું છે માણસ માણસથી દૂર ભાગે છે. માણસ એકબીજાને મળે છે તો વચ્ચે અવિશ્વાસનો પડદો રાખીને જ મળે છે. માણસના માનસમાં

પાપ આવ્યું છે, એટલે માણસો માને છે કે દૂર રહેવામાં જ સાર છે. કેટલાક કહે છે: 'ભાઈ! ચેતીને ચાલવાનો આ જમાનો છે. આહ! માનવતાની પ્રતિષ્ઠા ગઈ, હવે આપણી પાસે રહ્યું શું? માણસમાં કેટલો અવિશ્વાસ જાગ્યો છે તમને નીચેના પ્રસંગ પરથી ખ્યાલ આવશે.

એક છોકરો દીવાલ પર બેઠો હતો. એનો પિતા નીચે ઊભો રહી કહી રહ્યો હતો; 'બેટા! ઉપરથી ઠેકડો માર, હું તને ઝીલી લઈશ. જરાય ગભરાઈશ નહિ, હું નીચે ઊભો છું ને! તારે ડરવાનું હોય નહિ. ચાલ કૂદકો માર જોઈએ.'

છોકરો મૂંઝાતો હતો. એને બીક હતી. ત્યાં ફરી એના બાપે કહ્યું 'અરે, ડરે છે શાનો? તું પડતું મૂકીશ એવો જ તને હું ઝીલી લઈશ.' અને છોકરાએ ભૂસકો માર્યો. એનો બાપ ત્યાંથી ખસી ગયો. છોકરાને જરાક વાગ્યું. એણે બાપની સામે જોયું.

બાપે કહ્યું: 'મેં તને ભૂસકો નથી મરાવ્યો, પણ જીવનભર યાદ રહે તેવી લાખ રૂપિયાની શિખામણ આપી છે. સગા બાપના વચન પર પણ વિશ્વાસ કરવાં જેવો આ જમાનો નથી. કોઈના આધાર કે કોઈના વચન પર, કોઈપણ કામ કરીશ તો હાથપગ ભાંગી જશે. તું ઉપર પડીશ એમ લાગતાં તારો બાપ પણ ખસી ગયો, ત્યાં બીજો તો ખસી જાય એમાં નવાઈ શી? માટે કોઈનાય આધારે ભૂસકો ન મારીશ. શત્રુ સાથે પણ એવી રીતે વર્તજે કે કોઈ વાર મૈત્રી કરવાનો પ્રસંગ આવે તોય વાંધો ન આવે, અને મિત્ર સાથે પણ એવી રીતે વર્તજે કે કોઈવાર એ તારો શત્રુ બની જાય તોય તને મુશ્કેલીમાં ન મૂકી શકે. કોઈનેય હૈયું ન આપતો.'

આજે જીવન કેવું છે તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. માનવીના મનનાં દ્વાર આજ ખુલ્લાં નથી. પણ બિડાયેલાં છે એનામાં પ્રકાશ આવી શકતો નથી, અને અંદરનો અંધકાર બહાર જતો નથી. માણસ મળે છે, વાતો કરે છે, સાથે ખાય છે, પીએ છે, એકબીજા સાથે પ્રેમગોષ્ઠિ કરે છે. પણ વચ્ચે દીવાલ છે–પડદો છે. પ્રકાશ નથી, તિમિર છે. આવા સંજોગોમાં માનવતાની જ્યોત એક બીજાના હૈયામાં કઈ રીતે પહોંચી શકે?

શું થાય, દ્રવ્ય એવું આવ્યું! કાળાં બજારોનો, યુદ્ધના અત્યાચારોનો, વિશ્વાસઘાતનો પૈસો આવ્યો, એટલે માનવી માનવતા વિહોણો બન્યો. માણસ હવે ખવડાવીને નથી ખાતો, પણ લૂંટીને એકાન્તમાં બેસી એકલો ખાય છે. ત્યાં સાધર્મિક વાત્સલ્ય કે સહભોજનની તો વાત જ ક્યાં રહી?

અતિથિને ભોજન આપવાની વાત, આજ તો કેટલાકને કલ્પનાસૃષ્ટિ જેવી લાગે છે, છતાં આપણું ભાગ્ય કે આવી હવામાં પણ વાત્સલ્યથી ભરેલા, મૈત્રીથી છલકાતા હૈયાવાળા માનવો મળી આવે છે. એવાઓને જોઉં છું ત્યાં માથું એમના ચરણમાં નમી પડે છે.

થોડા વર્ષો પહેલાં મુંબઈની નિશાળના બે શિક્ષકો કેટલાક પ્રશ્નો પૂછવા આવેલા. અમારો વાર્તાલાપ ચાલતો હતો. મેં એ પ્રસંગને ઉદ્દેશીને શ્રી રામ અને ભરતનું નામ લીધું, ત્યાં પેલા બીજા ભાઈએ કહ્યું: 'આ ભાઈને આ યુગના ભરત કહીએ તોય ખોટું નથી. એવો એમનો ત્યાગ છે. એમની ઉંમર ૩૫ વર્ષની છે. એ અપરિણીત છે, બ્રહ્મચારી છે. પોતાના ભાઈના કુટુંબ ખાતર એમણે જીવનભર બ્રહ્મચર્ય પાળવાની

પ્રતિજ્ઞા કરી છે.' મને એમની વાત જાણવાની જિજ્ઞાસા થઈ. મેં એમને જ પૂછ્યું : ' આ વાતનું રહસ્ય શું છે?'

એમણે નમ્રતાથી કહ્યું 'એવો કોઈ મહાન ત્યાગ મેં કર્યો નથી. આ ભાઈ મારા મિત્ર છે એટલે પ્રશંસા કરે છે. મેં તો મારી ફરજ બજાવી છે. અમે બે ભાઈઓ હતા. મારા મોટા ભાઈએ કેટલાંય દુઃખ ને કષ્ટ વેઠી મને ભણાવ્યો, પુસ્તકો લેવા માટે ને ટર્મ ફી ભરવા માટે પણ પૈસા અમારી પાસે ન હતા ત્યારે મહિનાઓ સુધી એક ટંક ભૂખ્યા રહી એમણે મને ભણાવ્યો. એમને યાદ કરું છું એટલે થાય છે, એ કેટલા મહાન હતા?

'આજથી વીસ વર્ષ પહેલાં હુલ્લડમાં એ અણધાર્યા મૃત્યુ પામ્યા. પાછળ ચાર બાળકો અને ભાભી રહ્યાં. આજીવિકા માટે કોઈ સાધન ન હતું સૌ નિરાધાર થઈ ગયાં. તે વખતે હું અમદાવાદમાં ભણાવતો હતો. એજ વર્ષમાં મારાં લગ્ન થવાનાં હતાં. ભાવિનાં મધુર સ્વપ્ન મને ખેંચી રહ્યા હતાં. બીજી બાજુ મારા ભાઈનું નિરાધાર કુટુંબ હતું. મારે શું કરવું? હું લગ્ન કરું તો મને મળતા સો રૂપિયા મારા સંસારમાં જ પૂરા થાય. ભાભી અને બાળકોનું શું? જે ભાઈએ મને પરસેવો પાડીને ભૂખે રહીને, દુઃખની શિલા હૈયા પર લઈ ને ભણાવ્યો, એની ગેરહાજરીમાં એનાં બાળકો રઝળે, ભૂખે મરે, શિક્ષણ વિના રહે? અને એ હું જોયા કરું? હું લગ્ન કરીને આનંદ માણું ને મારા ભાઈનું કુટુંબ ભીખ માગે તો મારી માનવતા ન લાજે? જેણે મને પોષ્યો અને શિક્ષણ આપ્યું, એના કુટુંબને પોષવું અને શિક્ષણ આપવું એ શું મારો ધર્મ ન હતો? પણ એ ક્યારે બને? હું લગ્ન ન કરું તો!

'મેં તરત જ નિર્ણય લીધો. ગુરુ પાસે જઈને પ્રભુની સાક્ષીએ આ જીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી. આપના જેવાના આશીર્વાદથી આજ સુધી તો નિયમ પળાયો છે, અને હવે તો બહોત ગઈ, થોડી રહી.'

'મારા ભાઈનું કુટુંબ મારી સાથે જ છે. મોટી દીકરીને તો પરણાવી. મારા ભાઈનો મોટો દીકરો એમ. એ. માં છે. એ મારા વચનને દેવતુલ્ય ગણી મારી સેવા કરે છે. એવી સેવા અને એવી ભક્તિ તો હું જોઉં છું કે સગો પુત્ર પણ પિતાની નથી કરતો. મેં નિષ્ઠાથી કર્તવ્યપાલન કર્યું તો એનો બદલો મને સો ઘણો મળ્યો છે, આજ હું કેટલો બધો સુખી છું? મને થાય છે, બીજું કોઈ મહાન કાર્ય ભલે મેં નથી કર્યું, પણ કર્તવ્યપાલન તો જરૂર કર્યું છે.'

## લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર

જે માણસ કર્તવ્યની કેડી પર ચાલે છે, તેનું જીવન ફૂલ જેવું સુવાસિત, સુવિકસિત તેમજ પ્રફુલ્લ હોય છે. પણ જે કર્તવ્યને બરાબર સમજતો નથી તેનું જીવન કેવું હોય છે તે આપણે જોઈ રહ્યા છીએ.

શિયાળે યોગીને પૂછ્યું: "તો આ મડદાનું માથું ખાઉં?"

યોગીએ કહ્યું, 'ના; ભાઈ, ના! આ માણસનું માથું પણ ખાવા લાયક નથી કારણ કે गर्वेण तुंगं शिरः। ગર્વથી આનું માથું સદા ઊંચું જ રહ્યું છે, એ ક્યાંયે નમ્યું નથી. હા, અધિકારીઓ આગળ એણે માથું ઘસ્યું હશે, ધનવાનોને નમન પણ કર્યાં હશે, પણ દેવ આગળ, ગુરુ આગળ, અને ધર્મ આગળ તો એ અક્કડ જ રહ્યું છે. પોતાને ઘેર આવનારની સામે

એ નમ્રતાથી કદી ગયો નથી. પોતાને ત્યાં આવેલા અતિથિ-ઓનો એણે નમ્રતાપૂર્વક સત્કાર પણ કર્યો નથી, અને પોતાના ગુરુજનો આગળ પણ એ અક્કડ થઈને ચાલ્યો છે.'

માણસમાં જેમ જેમ લાયકાત આવતી જાય, તેમ તેમ એનામાં નમ્રતા આવવી જોઈએ. આંબાના ઝાડને જેમ જેમ ફળ આવતાં જાય તેમ તેમ તે નમે છે. નમ્રતામાંજ એની મહત્તા રહેલી છે. એટલે આપણે કહીએ, 'લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર.' લાયક માણસ કેવા નમ્ર હોય છે અને અલ્પ સત્ત્વવાળા કેવા ઉદ્ધત હોય છે, એનો એક પ્રસંગ મને યાદ આવે છે.

અમે અંધેરીમાં ચાતુર્માસ હતા. અમારા નજીકના બંગલામાં ગ્રેજ્યુએટ થયેલા એક ભાઈ રહે. પણ એમનામાં અભિમાન તો માય નહિ. એ ચાલે ત્યારે અક્કડ, ઘરથી નીકળે ત્યારે એની ચાલ પણ જોવા જેવી. તાડ વળે તો એ વળે. અમારા સાધુઓ સામે મળે ભાઈ મોઢું મરડીને ચાલે. એને થાય કે આ તો બધા પૃથ્વી ઉપર ભારભૂત ! આ સાધુઓ શું કામના ? મફતનું ખાય અને ફર્યા કરે !

એક દિવસ ગમ્મત થઈ, હું એક ભાઈને બંગલે આહાર લેવા ગયેલો, ત્યાં એ બંગલાના માલિકે મારી સાથે જ્ઞાનગોષ્ટિ માંડી, વાતો ચાલતી હતી, એટલામાં પેલા અક્કડભાઈ આવ્યા. શેઠને જોતાં જ એ એકદમ નમ્ર બની ગયા. શેઠને ખૂબ જ સભ્યતાથી સલામ કરી.

શેઠે કહ્યું : "આટલું મોડું ! નોકરી કરો છો કે હજામત?"

પેલાએ અતિ નમ્રતાથી અને દીનતાથી કહ્યું: "સાહેબ, આજે જરા મોડું થઈ ગયું. માફ કરો. હવેથી આવી ભૂલ

નહિ થાય.' ! અને એમના ઈશારા પ્રમાણે એ કામે લાગી ગયા.

મેં પૂછ્યું : આ ભાઈને કેટલો પગાર આપો છો ?

ઉત્તર મળ્યો. 'દોઢસો.' મને મનમાં થયું, દોઢસો માટે આટલી દીનતા ? આટલી કાકલૂદિ ભરી વિનંતી ?

જ્યારે ભોગને રોગ જાણી લાત મારનાર ત્યાગીઓને જોઈ અક્કડ બને અને ધનવાનની આગળ દીન બને ત્યારે દ્રોણાચાર્યનું વચન યાદ આવે છે. अर्थानां दासा वयम्. અમે ધનના દાસ છીએ, ધર્મના નહિ !

ધનની આગળ તો સૌ નમે. રોટલો આપનાર આગળ તો કૂતરું પણ નૃત્ય કરે. માણસ પણ એકલા પેટ પોષનારને જ નમે, અને મહાપુરુષોની કદર ન કરે. વડીલોના વિનય ન સાચવે, અધ્યાપકો પ્રત્યે આદર ન દાખવે તો એની માનવતા કઈ રીતે વિકસે ? નમ્રતા માટે વસ્તુપાળનો પ્રસંગ વિચારવા જેવો છે.

પાલિતાણાની યાત્રાએ નીકળેલો સંઘ મહામંત્રી શ્રી વસ્તુપાળના ગામમાં આવ્યો, એમણે સપ્રેમ સંઘને ભોજનનું નિમંત્રણ આપ્યું. સંઘ પોતાના ઘેર આવ્યો ત્યારે એમના હૈયામાં હર્ષ માય નહિ. સુવર્ણના થાળ અને સુવર્ણની ઝારી લઈ બારણા પાસે મહામંત્રી પોતે જ સંઘના પગનું પ્રક્ષાલન કરવા બેઠા. શ્રી વસ્તુપાળ સંઘમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને પ્રેમથી નમન કરી એનાં ચરણ ધૂએ. અને મહાસેનાપતિ તેજપાળ અતિથિને અંદર લઈ જાય, એ રીતે સમસ્ત સંઘના પગ ધોતાં એમના શરીર પર પરસેવાની ધારા વહેવા લાગી.

નોકરોએ કહ્યું : માલિક ! આ કામ અમને સોંપો. થોડા બાકી રહ્યા છે, એમના પગ અમે ધોઈશું. આપના શરીર પર

પરસેવાની ધારા વહી રહી છે; આપને થાક લાગ્યો હશે.'

મહામંત્રી વસ્તુપાળે આપેલો ઉત્તર કદી ન ભૂલાય તેવો છેઃ 'અરે થાક ! થાક તો જનમોજનમનો ઊતરી ગયો. તમને આ પરસેવાની ધારા લાગે છે, પણ મને તો આ પ્રેમની ધારા લાગે છે. તીર્થને સ્પર્શી આવેલા માનવીના પગ ધોવાનું સૌભાગ્ય મને ક્યારે મળે ? આ ધારાની બુંદેબુંદમાં વાત્સલ્ય, પ્રેમ ને મૈત્રી ભરેલાં છે ? '

આવા મહાન માણસોમાં પણ કેવી ઉન્નત ભાવના હતી !

માનવ પ્રત્યે કેવું સન્માન હતું ! કેવી ઉન્નત ભાવના હતી ! માનવજીવન એકલા ધનથી મહાન નથી બનતું 'Greatness does not consist in Riches' મહત્તા ધનની નહિ; મનની છે.

આ પ્રવચનમાં આપણે જોઈ ગયા કે, જે હાથે દાન દીધું નથી, જે કાને સદ્વચનો સાંભળ્યાં નથી; જે આંખે ત્યાગના દર્શન કર્યાં નથી, જે પગે તીર્થની યાત્રા કરી નથી, જે પેટમાં ન્યાયનું-પ્રમાણિકતાનું દ્રવ્ય ગયું નથી, અને જે મસ્તક ગુરુજનોના ચરણમાં નમ્યું નથી, તે દેહ તો મારે માટે પણ લાયક નથી, એમ જાણી શિયાળ ભૂખ્યું ચાલ્યું ગયું.

આ સાંભળીને વિચાર આવે છે. આપણા જીવનમાં ધર્મ ન હોય તો આપણું જીવન પણ અર્થહીન ગણાય. જીવનમાં ધર્મ હોય તો જ જીવનની મહત્તા છે.

આપ સૌ આ પ્રવચન પર ખૂબ ગંભીરતાથી વિચાર કરજો, અને જીવનમાં રૂઢિનો નહિ, પણ આચરણનો, મરેલો નહિ પણ જીવતો ધર્મ લાવી જીવનને પ્રકાશમય બનાવો એ શુભેચ્છા....



[૯]

# દિવ્ય દૃષ્ટિ

सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति–र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुःखं न विनाशमेति सुखं न कस्यापि भजेत स्थिरत्वम् ॥

બધે સૌની રોજની પ્રવૃત્તિ દુઃખના નાશ માટે અને સુખની પ્રાપ્તિ માટે છે, છતાં દુઃખનો નાશ થતો નથી અને સુખ સદા ટકતું નથી.

**ભયની છાયા**

આજે સર્વત્ર ભય છે. ભય વિનાનો માણસ વિરલ દેખાય છે. માનવજાત જાણે ભયના સાગરમાં ડૂબી રહી છે, અને હવામાં પણ ભયનો ફફડાટ છે. મુખથી ઘણા કહે છેઃ 'અમારે કોની બીક છે? અમે તો નિર્ભય છીએ' પણ એ તો વાચા બોલે છે. હૃદય શું કહે છે? હૃદય એમ કહી શકે ખરું કે, મને કોઈનોય ભય નથી? વાચા જ્યારે અભયની

વાણી ઉચ્ચારતી હોય છે, ત્યારે પણ હૃદય તો ધ્રૂજતું હોય છે, અને ભયના ઓળા જોતું હોય છે.

ભોગીને રોગનો ભય છે. ભોગ પછી રોગ તો નહિ આવે ને? એ ફફડાટમાં ભોગમાં પણ શોક દેખાય છે. ધનવાનોને ચોરનો ભય છે. ટેકસનો ભય છે, અગ્નિનો ભય છે, સામ્યવાદનો ભય છે, પ્રધાનોને સત્તા ચાલી ન જાય તેનો ભય છે. વિદ્વાનને પરાજયનો ભય છે. ગુણવાનને દુર્જનોનો ભય છે. દેહધારીને મૃત્યુનો ભય છે; ગમે ત્યાં જાઓ, ભય જ દેખાય છે. હા વૈરાગ્ય એક એવી વસ્તુ છે, જેને કોઈનોય ભય નથી. વૈરાગી તો મૃત્યુ સામે પણ મોરચો માંડી શકે.

વૈરાગ થોડો પણ હૈયામાં હોય તો માણસ અભયનો આનંદ માણી શકે. માણસ આટલો ડરપોક, કાયર અને ભીરુ દેખાય છે, એનું કારણ એ કે એને જડ વસ્તુઓમાં આસક્તિ છે. એનું મોં સિંહ જેવું છે, પણ હૈયું શિયાળ જેવું છે. માણસ હૃદયથી સિંહ જેવો શૂરો કઈ રીતે થઈ શકે તે વિચારવાનું છે.

કબાટમાં વસ્તુ મૂકેલી હોય પણ ચાવી આપણા હાથમાં ન હોય તો વસ્તુ જોઈએ ત્યારે ન મળે. રસોડામાં સુંદર વાનગી બનાવેલી હોય, એની સોડમ બહાર આવતી હોય, પણ રસોઈયો તાળું દઈ ચાવી લઈ બહાર ચાલ્યો ગયો હોય, તો વસ્તુ આપણી હોવા છતાં અવસરે આપણને મળતી નથી. કોઈ વસ્તુ પ્રાપ્ત કરવા એની ચાવી હાથમાં જોઈએ.

અમરત્વ અભયના ઓરડામાં છે. પણ અભયની ચાવી જે વીતરાગતા છે તે આપણી પાસે નથી. વીતરાગતા વિના અભયનાં દ્વાર કઈ રીતે ખૂલે? આપણે રાગના હાથમાં રમી

રહ્યા છીએ. પરાધીન છીએ. સ્વાધીન નથી, અને સ્વાધીનતા વિના સુખ સ્વપ્નેય ક્યાં છે? ધારો કે તમે સેઈફ ડિપોઝિટ વોલ્ટમાં રૂપિયાની થેલીઓ મૂકી છે. રૂપિયાની તમારે એકદમ જરૂર પડી. ઘેરથી લેવા નીકળ્યા, પણ રસ્તામાં હુલ્લડ ફાટી નીકળ્યું, તો સેઈફમાં મૂકેલા તમારા રૂપિયા અવસરે તમારે શા કામના? પરાધીનતાના કારણે વસ્તુ તમારી નથી.

આજે આપણે નિર્ભય થઈને ફરીએ છીએ પણ તે અભય આપણો નથી, બીજાને લીધે અભય છીએ. જેમ પાકિસ્તાન અમેરિકાના બળ ઉપર કૂદે છે, પણ તે પોતાનું નથી, પારકું છે, અને પારકા બળ પર ઝઝૂમનાર કાયર છે. તેમ ભૈયા ને ચોકીદારોથી અભય મેળવનાર નિર્ભય થઈ ફરનારા પણ કાયર છે; અભય અંતરથી બનો. એક કવિ કહે છે:

પ્રાણ જાવે દેહ તજકે આજ હી યા ભલે હી કલ,
ન મુજકો દોષ દો કોઈ, કિ થા ડરપોક મરનેકા,

જ્યાં સુધી અંતરમાં ભય છે ત્યાં સુધી માણસથી કાંઈ જ થઈ શકે નહિ. અમરત્વને માર્ગે ડગલું ભરવું હોય તો અભય થવું જોઈએ. આજકાલ રેડિયો પર પણ શ્રી આનંદઘનજીનું પદ આવે છે.

અબ હમ અમર ભયે ન મરેંગે.

આ મહાન ગીત રેડીયો પર આવે એટલે એમ ન માનતા કે ઘરમાં અમરત્વનું ગુંજન થઈ ગયું છે! આ ગીત હૈયામાં ગુંજવું જોઈએ. હૈયામાં એ ત્યારે જ ગુંજે કે જ્યારે માણસનું મન વીતરાગતા તરફ ઢળે.

સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ ટકે. ઠીકરામાં તો

તો પાત્ર પણ ફૂટે અને દૂધ પણ જાય. લાયકાતવાળા પાત્રમાં જ યોગ્ય વસ્તુ ટકે છે.

આજ તો જાણે બધા મહાન થઈ ગયા છે. બધા જ પોતાની જાતને પાત્ર માને છે. પચાસ હજારની મોટરમાં બેસીને આવે અને વૈરાગની, ત્યાગની, સંયમની વાતો ઊંચા મંચ પરથી લલકારે. પોતે મેવા મીઠાઈ ઉડાવે, અને લોકોને શકરિયાના લોટનો ઉપયોગ કરવાની, અને એક ટંક ભૂખે રહેવાની ભલામણ કરે, આવા આચારહીન, વિચારહીન, માણસોનો શંભુ મેળો ભેગો થવાના કારણે જ કેટલીક મહાન સંસ્થાઓની પણ બદનામી થઈ રહી છે. થોડા સાચા માણસો જે કરી શકશે, તે ખોટા લાખો ભેગા થઈને પણ નહિ કરી શકે.

કાચા ઘડામાં પાણી ભરીએ તો ઘડો ફૂટે ને પાણી નકામું જાય, માટે એને પાકો થવા દો. અગ્નિમાં-ભઠીમાં તપવા દો. પછી ટકોરા મારીને લો. એવા પાત્રમાં જે વસ્તુ મૂકશો તે દીપી નીકળશે.

આ પાત્રતાને પિછાનવા દૃષ્ટિ જોઈએ. આંખ જોઈએ. તમે કહેશો કે 'આંખ તો છે અને તેથી જ તો અમે જોઈ શકીએ છીએ.' સાચી વાત છે, આપણી પાસે આંખ છે, પણ તે ચામડાની છે. સત્યને જાણવા માટે આત્માની આંખ જોઈએ. દિવ્ય નયન જોઈએ. મહાત્મા શ્રી આનંદઘનજી ગાય છે,

> ચર્મ નયને કરી માર્ગ જોતો, ભૂલ્યો સકલ સંસાર;
> જેણે નયને કરી માર્ગ જોઈએ, નયન તે દિવ્ય વિચાર.

આત્માની આંખ વિના ચામડાની આંખથી જીવનપંથ શોધનાર માનવી આજ ભૂલ્યો છે. માત્ર ચર્મ-નયનથી જ

જીવનપંથને શોધનારનો અંતે વિનિપાત થાય છે.-અંતરની આંખ વિનાના માણસની મને એક વાત યાદ આવે છે.

**અંતરનાદ**

ભાવનગરમાં 'અંતરનાદ' ઉપર મેં વ્યાખ્યાન આપેલું. એ વ્યાખ્યાન સાંભળ્યા પછી એક પરિચિત ભાઈ મળવા આવ્યા. મને કહેઃ 'મહારાજશ્રી આપ અંતરનાદને તો માનો છો ને ? એ નાદને અનુસરવું એ માનવીનો ધર્મ છે ને ? મેં 'હા' કહી. ત્યારે એ કહે : 'મારે પણ અંતરમાંથી અવાજ આવે છે.' મેં પૂછ્યું : 'અવાજ શું કહે છે?' એ કહે : 'લગ્ન કરવાનું.' મને જરા આશ્ચર્ય થયું. મેં કહ્યું : 'તમે તો પરણેલા છો ને ?' એ કહેઃ 'હા, એ ખરું પણ બીજી વાર પરણવાનો અવાજ આવે છે. પહેલાની પત્નીમાં કાંઈ જ નથી. નથી રૂપ, નથી જ્ઞાન, નથી ગુણ કે નથી સૌંદર્ય.

મેં કહ્યું: 'એ તમારા અંતરનો અવાજ નથી, પણ શેતાનનો છે. તમે બંનેના અવાજને જાણતા નથી એટલે આ ગોટાળો ઊભો થયો છે. અંતરનાદ હોત તો તે એમ જ કહેત કે, જે છે એમાં સંતોષ માન–અને તારામાં કાંઈ વિશિષ્ટ તત્ત્વ હોય તો તે એ અભણ નારીમાં રેડીને એને જ ગુણવતી, જ્ઞાનવતી, ને સંસ્કારવતી બનાવ !'

મારી આ વાતની એમના પર કેટલી અસર થઈ તે હું જાણતો નથી, પણ એમણે મારી આગળ તો કબૂલ કર્યું કે એ શેતાનનો અવાજ પણ હોઈ શકે.

દિવ્ય દૃષ્ટિનો અભાવ માણસને કેવો બનાવી મૂકે છે !

જીવનમાં સંયમ હોય, આંખમાં અવિકાર હોય, ઇન્દ્રિયો

ઉપર કાબૂ હોય અને મનમાં મક્કમતા હોય ત્યારે જ દિવ્યતા પ્રાપ્ત થાય છે. અને આવી દિવ્યતાવાળા માનવીના અંતરનો અવાજ એ જ અંતરનાદ.

બિલ્વમંગળ સાધુ થયો, પણ એ એની પ્રિયા ચિંતામણિને ન ભૂલ્યો. એ પ્રત્યેક વસ્તુમાં ચિંતામણિને જ જોવા લાગ્યો. જળમાં, સ્થળમાં, આકાશમાં અને ફૂલમાં પણ એને એની પ્રિયા જ દેખાવા લાગી, ભગવાનની મૂર્તિમાં પણ એ પોતાની પ્રેયસીને જ જોતો. એથી એ ત્રાસ્યો. એને લાગ્યું, પોતાની દૃષ્ટિમાં પાપ છે, આંખો પરવશ છે. અને એક દિવસ એણે પોતાની આંખો ફોડી નાંખી; સૂરદાસ બન્યો. એને અંતરની આંખો લાધી.

આંખોમાં દિવ્યતા ન હોય તો એ ન કરાવવાનું પણ કરાવે. જે દૃષ્ટિ માણસને હેવાન બનાવે, એને તે દૃષ્ટિ કેમ કહેવાય? વિકૃતિ આવે તો પવિત્ર રૂપને પણ એ પાપભાવથી જુએ, કોઈનું સુખ જોઈ ઈર્ષા કરે, બીજાને આનંદી જોઈ બળ્યા કરે; અને પોતે પાપના માર્ગે જાય. આંખો તો તારે, ખાડો આવે તો બચાવે. આંખો હોવા છતાં ખાડામાં પડે તો એના કરતાં તો અંધની લાકડી સારી. આંધળો માણસ લાકડીના આધારે ખાડામાં પડતો તો બચે ને?

તમે દેખતા છો, તમે કોઈની સાથે અથડાઈ પડો તો સામો માણસ શું કહે? "જુઓ છો કે નહિ?" આંધળો હોય અને કોઈની સાથે અથડાય તો એ ઠપકાને પાત્ર નહિ, ઉલટો દયાને પાત્ર "બાપડો દેખતો નથી" એમ કહી એના ઉપર કરુણા આવે. પણ તમે દેખતા અથડાઓ તો ગુનેગાર ખરાને?

આંખોવાળો માણસ વિકારોના ખાડામાં પડે, વિષયો સાથે અથડાઈને આત્માના ચૂરેચૂરા કરી નાંખે તો કહેવું પડે ને, કે દૃષ્ટિવાળો હોવા છતાં અંધ છે! આ અંધતા ક્યારે જાય? જ્યારે એમાં દિવ્યતાનાં અંજન થાય ત્યારે. આ અંજન અંજાયા પછી આપણે આ જીવનમાં જે વસ્તુ શોધવા નીકળ્યા છીએ તે વસ્તુ મળતા વાર ન લાગે.

આપણા માર્ગદર્શક પણ દિવ્ય દૃષ્ટિવાળા હોવા જોઈએ. તમે અર્થ અને કામમાં રચ્યાપચ્યા રહેલા ગુરુઓ પાસે માર્ગ-દર્શન માગો તો એ શું આપે? એ જ બાપડા માર્ગ ભૂલ્યા છે ત્યાં એ બીજાને શું ચીંધે? આંધળા નેતાને ચૂંટનાર પ્રજા ખાડામાં જ પડે ને? ગુરુ ત્યાગી જોઈએ, અર્થ અને કામથી અલિપ્ત જોઈએ. નરસિંહ મહેતાએ પણ કહ્યું છે: "કંચન અને કામિની, ચોકી આડી શ્યામની." એટલે ગુરુ ચૂંટવામાં પણ વિવેક જોઈએ. એવો વિવેક હોય તો સદ્‌ગુરુને પામી શકીએ અને કુગુરુઓથી બચી શકીએ, આજે જગતમાં કુગુરુઓનો રાફડો ફાટયો છે. એટલે ગુરુને પિછાનવામાં પણ વિવેક જોઈએ.

## મગજ એક બગીચો

રસ્તા ઉપર થઈને આપણે પસાર થતા હોઈએ તો હજારો વસ્તુઓ આપણા જોવામાં આવે. જોયેલી બધી વસ્તુઓ મગજમાં ભરી રાખીએ તો આપણું મગજ એક નકામો કચરો ભરવાની વખાર થઈ જાય. અને પરિણામે એમાં અંધકાર અને ક્ષુદ્ર જંતુઓ ભરાઈ જાય. આપણું મગજ વખાર બનાવવા જેટલું સસ્તુ તો નથી જ, માટે જોયેલી વસ્તુઓમાં ગ્રહણ અને ત્યાગનો વિવેક જોઈએ: યોગ્ય વસ્તુનો આદર અને

અયોગ્યનો ત્યાગ.

માળી જેમ છોડવાને રોપે છે, અને નકામા છોડવાઓને ઊખેડી નાંખીને બગીચાને નયનમનોહર અને સુંદર બનાવે છે, તેમ આપણા મગજને પણ એક સુંદર બગીચો બનાવવો જોઈએ. પણ સુંદર બગીચો વાતો કરેથી બની જાય ? આપણે પણ માળીની જેમ સારા વિચારોના છોડવાઓ મગજના ક્યારામાં રોપીએ અને ખરાબને દૂર કરીએ તો એ બને. પછી એ સ્થાનમાં કેવી શાંતિ મળે ? કેવો આનંદ આવે ? કેવી સુરભિની છોળો ઊછળે ? પછી આપણને એ સ્થળમાં અશાંતિનો અનુભવ થાય ખરો ? એ સ્થળમાં તો આપણે ઠંડા, શાંત, અને પુલકિત થઈ વિહરવાના. પણ આપણે આપણા આ સુંદર બગીચાને નકામા વિચારો ભરી અરણ્યમાં ફેરવી નાખ્યો છે, જ્યાં એકલા જતાં આપણને પોતાને પણ ક્ષોભ થાય છે. જાણે ચારે બાજુ ભયના ભણકારા વાગતા ન હોય ! જાણે આમથી આવશે કે તેમથી આવશે ! આજ માણસનું મગજ સુંદર બગીચો મટી ભયાનક અરણ્ય બન્યું છે; ત્યાં ફૂલ અને બુલબુલ નથી, પણ કાંટા અને કાગડા છે; ત્યાં પ્રેમની ખુશબો નથી, પણ પાપની બદબો છૂટે છે.

માણસમાં દિવ્યતા આવે તો એની દૃષ્ટિમાં ફેર પડી જાય છે. એ સારું અને ખરાબ પારખી શકે છે.

**એક દૃશ્ય**

એક ગામ બહાર સરોવરની પાળે એક નવજુવાન સ્ત્રીનું શબ પડયું હતું. એના શરીર પર અનેક અલંકારો હતા, મુખ પર શાંતિ હતી. જાણે પ્રગાઢ ઊંઘમાં ન હોય, એમ એ

પડી હતી! આ મુસાફર સ્ત્રીનું શબ જોવા આખું ગામ ભેગું થયું. પહેલાં એક ચોરની નજર એના પર પડી. એના મનમાં થયું–હું મોડો પડ્યો, જો પહેલાં આવ્યો હોત તો કેવું સારું થાત! આટલા બધા અલંકારો મળ્યાં હોત તો એ પાંચ વરસની પીડા ટળી જાત."

તે સમયે કામી વિચારી રહ્યો હતો–"શું મસ્ત યૌવન છે! જીવતી મળી હોત તો જન્મારો સફળ થઈ જાત!" દૂરદૂર એક શિયાળ સંતાઈને જોઈ રહ્યું હતું, એ વિચારતું, હતું: "આ શબને મૂકીને આ લોકો ચાલ્યા જાય તો કેવું સારું! કેટલું મોટું શરીર! સાત દિવસ પેટ ભરીને ખાઉં તોયે ન ખૂટે!"

ત્યાં થઈને એક ગુરુ શિષ્ય ચાલ્યા જતા હતા એમણે જોયું. અને ગુરુએ પોતાના શિષ્યને કહ્યું: "વત્સ! જોયું, જગત કેવું નશ્વર છે! આ યૌવનના વૈભવથી છલકાતો દેહ પણ અણધાર્યો ઢળી પડ્યો! એના હૈયામાં કેટકેટલા કોડ હશે! પણ તે બધા અપૂર્ણ જ રહ્યા. પ્રાણી માત્રને અણધારી આ મહાયાત્રા આદરવી પડે છે. આ તનનો ગર્વ નકામો છે, આ દેહનું અભિમાન ખોટું છે. આપણી તંદુરસ્તી છે ત્યાં સુધી સંયમની સાધના કરી લેવી. કાળ કોઈનાય પર કૃપા કરવાનો નથી." એમ વિચારી તે ત્યાગને પંથે આગળ વધ્યા.

આ ઉપરથી સમજાશે કે વસ્તુ એક જ છે, પણ ચારેના દૃષ્ટિબિંદુ જુદાં છે. ચાર જણમાંથી સંતની આંખમાં દિવ્યતા હોવાને કારણે જે શરીર કામીને કામ તરફ પ્રેરતું હતું, તે જ શરીર ત્યાગીને વૈરાગ્ય અને ચિંતનનું પ્રેરણાધામ બન્યું હતું.

આપણી દૃષ્ટિ મંગળમય હોવી જોઈએ. બિલ્વમંગળની જેમ દૃષ્ટિને ખોવાની જરૂર નથી. દૃષ્ટિ ઘણી જ ઉપયોગી વસ્તુ છે. માત્ર એમાં દિવ્યતા લાવવાની છે. દિવ્તાવાળી દૃષ્ટિ જગતમાં આશીર્વાદ સમાન છે.

સવાર જેમ તોફાની ઘોડાને કેળવીને કાબૂમાં લે છે, પણ તેને મારી નાખતો નથી; કારણ કે અંતે એ જ ઘોડો કામ આપવાનો છે, તેમ આપણે પણ આપણી સ્વચ્છંદ ઇન્દ્રિયોને કેળવીને સંયમમાં લાવવાની છે. એનો નાશ કરવાની જરૂર નથી. નાશ કરે નહિ ચાલે. ઇન્દ્રિયો ઘણી જ મહત્ત્વવાળી છે. મારું કહેવું તો એટલું જ છે કે એને વશમાં રાખો. એ વશમાં નહિ હોય તો જીવનરથને વાસનાની ખીણમાં ખેંચી જશે. પછી નીકળવું મુશ્કેલ થશે. એ કાબૂમાં હશે તો જ કામ આપશે.

આપણી ઇન્દ્રિયો ને મન આખો દિવસ કંઈ પ્રવૃતિમાં મગ્ન રહે છે? પહેલાં એને સારું ગમે કે ખરાબ? છાપામાં પણ કોઈ વિચારકનું પ્રવચન આવ્યું હશે તો તમે નહિ વાંચો. પણ કોઈ ખરાબ સમાચાર હશે, તો પહેલાં વાંચી કાઢશો, કોઈ પૂછે કે, ' આ સુંદર પ્રવચન મૂકી આ ખરાબ સમાચાર પહેલા કેમ વાંચો છો ? ' તો તમે બચાવમાં ઉત્તર શું આપો ? 'ખરાબ જાની લીધું હોય તો આપણાથી ખરાબ થાય નહિ માટે ! ' પણ આ ઉત્તર સાચો છે ? એમ નથી કહેતા કે, મારું મન જ અધોગામી છે, એટલે એને આવી વાતો વધારે ગમે છે. આપણે જે બીજામાં જોવા પ્રયત્ન કરીએ તે આપણામાં છે. આપણે જે બીજાની નિન્દા કરીએ છીએ, તે આપણા જીવનમાં જ બેઠું છે....પ્રસિદ્ધ માનસ–શાસ્ત્રી નીલ કહે છે:

"We hate in others what we dislike in ourselves" છાપાઓમાં કે વાતોમાં માણસ તે જ શોધે છે, જે પોતાનામાં છે. જે માણસમાં સુંદર તત્ત્વો હોય તે સારી વસ્તુ તરફ જ આકર્ષાય. જેનામાં નિર્બળતાઓ છે. તે નિર્બતાની વાતો જ વાંચવાનો. એને સારી વાતો કહેશો તોય નહિ ગમે, કારણ કે સુંદર ને સત્વિક વસ્તુ પચાવવાની એનામાં શક્તિ જ નથી.

મનને વિચારનો ખોરાક જોઈએ છે. એ ભૂખ્યું કદી નહિ જ રહી શકે, એને કાંઈક તો જોઈશે જ. એ સ્વસ્થ હશે તો સુંદર ખોરાક લેશે. માંદલું હશે તો ખરાબ વિચારોનો ખોરાક લેશે.

**વાસનાનું ધુમ્મસ**

મધરાતે કોઈ દિવસ તમે જાગો છો? જાગો તો શું વિચાર કરો? ઊંઘ કેમ આવતી નથી, એ જ ને? જીવનનો વિચાર કદી આવે છે? આ સુખની આહ્‌લાદક ચાંદની તો પંદર દિવસમાં પૂરી થશે, પછી શું? જીવનમાં પ્રકાશ ટકી રહે એવું કાંઈ મેળવ્યું છે? એવું જો કાંઈ જ ન મેળવ્યું હોય, તો આ જીવનનો અર્થ શું? સત્ય, પ્રામાણિકતા, બ્રહ્મચર્ય, પોતાના કર્તવ્યોની નિષ્ઠા—આમાંથી કાંઈ જ મેળવ્યું ન હોય તો શાશ્વત પ્રકાશ જીવનમાં કઈ રીતે આવશે? આવા વિચારો આપણને રાત્રે આવતા નથી. ઊંઘ ન આવે તો વિચારીએ કે ઊંઘ કેમ આવતી નથી? આ તે કાંઈ વિચાર છે? પણ માણસને સદ્‌વિચારો જલદી નથી આવતા, કારણ કે એની બુદ્ધિની આસપાસ વાસના, અને અજ્ઞાનનું ધુમ્મસ જામ્યું છે.

## દિવ્ય દૃષ્ટિ

પર્વતની ટોચ પર આપણે ચઢતા હોઈએ ને ઉપર ધુમ્મસ જામ્યું હોય, ત્યારે સામે આવતી વ્યક્તિને પણ આપણે જોઈ નથી શકતા. કેટલીકવાર અથડાઈ પણ પડીએ છીએ. ધુમ્મસમાં નજીકની વસ્તુ પણ ન દેખાય. મધ્યાહ્નનો સૂર્ય તપે ત્યારે ધુમ્મસ ઊડે ને વસ્તુ દેખાય. તેમ આપણા જીવનમાં પણ સંજમ અને જ્ઞાનનો સૂર્ય તપે તો પ્રકાશ આવે અને દેખાય. જે પરમાત્માને આપણે દૂર માનીએ છીએ તે તો સાવ નજીક છે. પછી સમજાય કે—

હું મને ઓળખી શકું તો જ પરમાત્માને ઓળખી શકું. પણ આજ તો હું પોતાને જ ઓળખતો નથી. સ્વરૂપની વિસ્મૃતિ કેવી થઈ છે એના પર કો'કે કહેલી એક રમૂજી વાત સાંભરે છે.

એક શીખ મુસાફરીએ ઊપડ્યો. એણે ફર્સ્ટ કલાસની ટિકિટ લીધી. અને જીવનમાં પહેલવહેલો ફર્સ્ટ કલાસના ડબ્બામાં બેઠો. થોડીવાર પછી એને હાજત માટે સંડાસમાં જવાની જરૂર જણાઈ. એણે બારણું ઉઘાડ્યું. ત્યાં સામે જ કાચ હતો. એ કાચમાં એનું પ્રતિબિંબ પડ્યું. એને લાગ્યું કે અંદર કોઈ છે. એટલે બારણું બંધ કરી એ પોતાની જગ્યા પર બેસી ગયો. પાંચ દશ મિનિટ કરતાં કરતાં કલાક થયો પણ કોઈ નીકળે નહિ. અંદર કોઈ હોય તો નીકળે ને? થોડી વાર એ પ્રતિક્ષા કરતો બેઠો, ત્યાં એને ઝોકું આવી ગયું. પછી જાગ્યો-એટલે એને લાગ્યું કે હવે તો બહાર નીકળી ગયો હશે. પાછું બારણું ખોલ્યું તો સામે જ માણસ દેખાયો.

આટલી વારથી આ માણસ અંદર ભરાઈ બેઠો છે, એટલે જરૂર કોઈ બદમાસ હશે એમ જાણી એણે ટિકિટચેકરને બૂમ પાડી. આવનાર પણ આના જેવો જ બુદ્ધિનો જરા દુશ્મન હતો. એણે બધી વાત સાંભળી. પછી બારણું ઉઘાડ્યું તો પોતાના જ જેવો રેલ્વે હેટવાળો માણસ અંદર દેખાયો. એણે ઝટ પાછું બારણું બંધ કરતાં કહ્યું : 'યહ અંદર તો હમારે સ્ટાફકા આદમી હૈ, ઉનકો હમ કુછ ભી નહીં કહ સકતે. તુમ બાજુ કે કમ્પાર્ટમેં જા સકતે હો.'

આ વાત રમૂજી લાગે છે, કેમ? પોતાના જ પ્રતિબિંબને કાચમાં નહિ ઓળખનાર આ બંને મૂર્ખ લાગે છે, ખરું ને ? પણ આપણે પણ આપણું સ્વરૂપ ક્યાં ઓળખીએ છીએ ? આપણા પોતાના સ્વભાવનું, પોતાની વૃત્તિઓનું, પોતાના મનનું આપણને પોતાને જ ભાન નથી. બીજાની વૃત્તિઓનો અને વિચારોનો આપણે જેટલો અભ્યાસ કરીએ છીએ, એટલો આપણો પોતાનો અભ્યાસ ક્યારે કર્યો છે ?

આંખમાં મોતિયો આવે તો માણસ પોતાના સ્વજનને પણ ઓળખી શકતો નથી. કોઈ કુશળ ડૉકટર મળે, મોતિયો ઉતારે અને યોગ્ય ચશ્મા મળે, તો એ જોઈ શકે, તેમ માણસની આંખ પર વિકારનો મોતિયો આવ્યો હોય, તો એ પોતાના સ્વરૂપને કઈ રીતે જોઈ શકે ? સદ્‌ગુરુનો યોગ મળે, એ વિકારના મોતિયાને ઉતારે, જ્ઞાનનું અંજન કરે, દિવ્ય ચક્ષુ મળે, તો સમજાય કે આત્મા માટે દેહ છે, દેહ માટે આત્મા નથી જ. દેહ માટે વસ્ત્રો છે, વસ્ત્રો માટે દેહ નથી. માણસને લાગે કે વસ્ત્રો વિના દેહને ફાયદો થવાનો છે, તો એ

અવસરે વસ્ત્રને પણ ફગાવી દે છે. તેમ જ્યારે આત્માને એમ લાગે કે આ દેહના અર્પણથી આત્માને લાભ છે. તો દેહના અર્પણમાં પણ આત્માને. આનંદ આવે. આપણે અર્પણનો આખો ઇતિહાસ વાંચીશું તો લાગશે કે અર્પણની પાછળ આવી કોઈ મહાન ને દિવ્ય ભાવના જ કામ કરી રહી હતી. આ દૃષ્ટિ આવ્યા પછી માણસ પામર નથી રહેતો. એનામાં નવું બળ, નવું તેજ, નવો જુસ્સો આવે છે. આ બળ દેહનું નહિ પણ આત્માનું છે.

હાથી દેહની અપેક્ષાએ ઘણો બળવાન હોય છે. દસ સિંહ ભેગા થાય તોય હાથીના સ્થૂલ બળને ન પહોંચી શકે. એટલો હાથી બળવાન હોય છતાં એક જ સિંહની ગર્જના દસ હાથીને ઢીલા કરી દે છે. ઘણીવાર તો એની ત્રાડ સાંભળી હાથી જીવ લઈ નાસે છે, એનું કારણ એ જ કે સિંહની ચેતનામાં પૌરુષ છે. એ હાથીની પ્રચંડતાનો વિચાર જ કરતો નથી, એ પોતાના બળ ઉપર મુસ્તાક છે. એ પોતાની શક્તિથી સજાગ છે.

હાથી બળવાન હોવા છતાં હૈયાનો કાયર છે. એ સિંહની ગર્જના સાંભળતાં જ હિમ્મત હારી જાય છે. એના શરીરમાંથી પરસેવો ઝરવા માંડે છે. આ તકનો લાભ લઈ સિંહ એના ગંડસ્થળ પર કૂદી પડે છે. અને પહાડ જેવા હાથીને પણ ઢાળી દે છે. આ બળ મનનું છે. આ દૃષ્ટાન્ત પરથી સમજાશે કે મન શું કામ કરે છે? એક કવિ કહે છે:

મનકે હારે હાર હૈ, મનકે જિતે જિત,
મન ચઢાવે ચાકડે, મન બનાવે નીચ.

મન વરાળ જેવું છે. વરાળના સંયમથી એન્જિન જેમ

લાખો માણસના બોજાને ખેંચી જાય છે, તેમ મનની સંચિત શક્તિથી પણ ધાર્યું કાર્ય કરી શકાય છે. આ મનને બળવાન બનાવવાનું સાધન એક જ છે :—અભય

જેનું મન અભય છે, તેને મન જગતમાં એવું કોઈ પણ કાર્ય નથી કે જે તે ન કરી શકે. આ અભય ત્યારે જ આવે કે જ્યારે આપણી દૃષ્ટિમાં દિવ્યતા આવે.

તો હવે આપણે એક જ કાર્ય કરવાનું છે. દૃષ્ટિને દિવ્ય બનાવવાનું.

આત્મા અને ઇન્દ્રિયોની ભિન્નતાના જ્ઞાનમાંથી આપણી દૃષ્ટિમાં દિવ્યતા પ્રગટે અને એ દ્વારા આપણાં અંતર અભયના આનંદથી સભર બને એ જ પ્રાર્થના.



[૧૦]

# આત્મ જાગૃતિ

बिभेषि यदि संसाराद् मोक्षप्राप्तिं च कांक्षसि ।
तदेन्द्रियजयं कर्त्तुं स्फोरय स्फारपौरुषम् ॥

—ज्ञानसार

વાસનાની દુનિયાથી તું જો ગભરાતો હોય અને મુક્તિની મહાસમાધિ જો ઇચ્છતો હોય તો તારી ઇન્દ્રિયોને જિતવા તારા અફાટ પરાક્રમભર્યા પૌરુષનો ઉપયોગ કર.

[ સૂર્યનાં સોનેરી કિરણો કમળના હૃદયને જગાડે છે અને એની પાંખડીઓને વિકસાવે છે, તેમ ભગવાન મહાવીરનાં જ્ઞાનવચનો પણ તમારા આત્માને જગાડો અને આત્માની પાંખડીઓને વિકસાવો, એવી શુભેચ્છાપૂર્વક આજના વ્યાખ્યાનનો હું પ્રારંભ કરીશ. ]

**તેજનો તણખો**

જે માણસને આત્મા વિષે શ્રદ્ધા હોય છે, તેને જ

આત્મોન્નતિનો વિચાર આવે છે. તેનો જ આત્મા જાગે છે, પણ આત્માની જ જેને જાણ નથી, આત્માને જે સમજતો નથી, અગર આત્માની જેને શ્રદ્ધા નથી, તેને આત્મોન્નતિનો વિચાર ક્યાંથી આવે ? તેનો આત્મા કેમ જાગે ! જે માણસ કેવળ જડ વસ્તુઓની મોહકતામાં મગ્ન રહે છે, તેને આત્મા કવો બળવાન છે એ નહિ સમજાય. અને જેને આત્માની તાકાતનો ખ્યાલ નથી તે મૃત જીવન જીવે છે. આજે એવાં મૃતજીવનોની સંખ્યા વધી રહી છે. એ મૃતજીવનમાં ચેતનાના પ્રાણ ફૂંકવા માટે જ આજના સંબોધનનો વિષય રાખ્યો છે–આત્મજાગૃતિ.

આપણને એવા કેટલાય માણસો મળે છે, જેમને પોતાનાં શબ્દોમાં વિશ્વાસ નથી, વાણીમાં શ્રદ્ધા નથી, જીવનમાં તેજ કે તાકાત નથી; એ નિર્માલ્યની જેમ કહેઃ 'મારાથી આ કામ કેમ થશે ? આ કામ તો ખૂબ અઘરું છે' આ નિર્માલ્ય શબ્દો કોણ બોલાવે છે ? દેહભાવ બોલાવે છે. આત્મભાનવાળા આવું કદી ન બોલે. ચેતનાવંતની વાણીમાં તો તેજના કિરણો ચમકતાં હોય છે. તાકાતના તણખા ઝરતા હોય છે.

રઘુવંશમાં કાલિદાસે લખ્યું છે: રઘુવંશના બાળકો એવાં હતાં જે–

શૈશવે अभ्यस्त–विद्यानां

બાલ્યકાળમાં જ આત્મવિદ્યાનું સિંચન પામતાં હતાં. એ કઈ વિદ્યા ? પેટ ભરવાની નહિ. પૈસા ભેગા કરવાની નહિ. એ વિદ્યા તો કીડી–મંકોડાને પણ આવડે છે. એ પણ ગળપણ મળે ત્યાં દોડી જાય. આમંત્રણની પણ રાહ ન જુએ ! અમે બેઠા હતા ત્યાં એકવાર કીડીઓ ઉભરાઈ. એક ભાઈએ તેની

આસપાસ રાખ નાંખી. એટલે થોડી વારમાં તે ચાલી ગઈ. કીડીઓને લાગ્યું કે અહીં રસ નથી, રાખ છે. રસવૃત્તિને પોષવામાં તો કીડીઓ પણ પાવરધી છે. માણસની વિશિષ્ટતા પેટ ભરવાની વિદ્યામાં નથી. એની વિશિષ્ટતા અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય, એ વિદ્યા પ્રાપ્ત કરવામાં છે. પ્રાચીનકાળમાં શિશુને નાનપણથી જ એવા વિચારોમાં ઉછેરવામાં આવતું, જેથી એનો આત્મા સદા જાગૃત રહેતો. નિરાશાજનક કે નિર્માલ્ય વાતો એમની આગળ ઉચ્ચારવામાં આવતી જ નહિ.

રામચન્દ્રજી યૌવનને આંગણે રમતાં હતાં તે સમયે ચીનનું સૈન્ય મિથિલા પર ચઢી આવ્યું. જનકે પોતાના મિત્ર શ્રી દશરથ પાસે સહાયતા માગી અને કહેવડાવ્યું : તમારા વીરપુત્ર શ્રી રામ અને લક્ષ્મણને સૈન્ય સાથે અમારી વહારે મોકલો. શ્રી દશરથ જરા થંભ્યા, મમતાને લીધે વિચારના વંટોળિયામાં એ અટવાઈ ગયા. એ જંગલી ને કદાવર માણસો સાથે આ બાળકો કેવી રીતે લડી શકશે ? છતાં એ બોલ્યા નહિ. મનમાં જ વિચારતા હતા, પણ રામ પિતાનો આશય સમજી ગયા. એમણે કહ્યું : " પિતાજી ! શું સિંહનું નાનું બચ્ચું મોટા હાથીના ગંડસ્થળને ભેદી શકતું નથી ?

બાકર બચ્ચાં લાખ, લાખે બિચારાં,
સિંહણ બચ્ચું એક, એકે હજારાં.

આ વીરતા ભર્યો ઉત્તર સાંભળતાં જ દશરથનો ભ્રમ ટળી ગયો. બન્ને કુમારો ધનુષ્ય–બાણ લઈ મિથિલા ગયા. શત્રુઓને હરાવી, વિજય પતાકા ફરકાવી, ગૌરવપૂર્વક ઘેર આવ્યા.

આ ખમીર ક્યાંથી આવ્યું ? એ બહારથી નથી આવ્યું.

અંદર જ છે. એને જાગૃત કરવાની જરૂર છે. આત્મામાં અનંત શક્તિ છે, એ ભાન થતાં, એ કોઈથી નહિ ગભરાય, કોઈનાથીય નહિ અંજાય.

આજે માબાપ બાળકને વીર બનાવવાને બદલે કાયર બનાવે છે. બાળક રડતું હોય ને ઊંઘતું ન હોય તો, 'જો બાવો આવ્યો, પડડી જશે.' આવા ભીરુતાભર્યા વાક્યો સંભળાવે છે. આથી બાળકની છાતી બેસી જાય છે, પછી એ મોટો થાય, બહાર બહાદૂર દેખાય, પણ અંદરથી ડરપોક હોય આવા માણસો નાગરિક તરીકે નકામા. બાયલા નાગરિકોથી દેશનું પણ રક્ષણ ન થાય, તો આત્માનું કલ્યાણ તો ક્યાંથી થાય ?

માણસની કેટલી તાકાત છે. એનો પ્રત્યક્ષ દાખલો લો. એટમબોમ્બ ભયંકર છે. હાઈડ્રોજન બોમ્બ એથી પણ ભયંકર છે. એનામાં સંહારની અનંત શક્તિ છે. રતલ દોઢ રતલનો બોમ્બ લાખો માનવીનો સંહાર કરી શકે છે. માઈલોના વિસ્તારને ઉજ્જડ કરી શકે છે. એક નાનકડા બોમ્બમાં આટલી શક્તિ છે, પણ એને શોધનાર તો મનુષ્ય જ છે ને ? તો વિચારી જુઓ. માનવીના સર્જનમાં પણ આટલી અપ્રતિમ શક્તિ છે, તો એના સર્જક એવા માનવીના આત્મામાં કેટલી શક્તિ હોવી જોઈએ ? જડને આવિષ્કૃત કરનાર ચેતનામાં પ્રતિભા ન હોત તો આ અમર્યાદ શક્તિ આવિષ્કૃત કેમ પામત ? આત્માની અપ્રતિમ તાકાતનું આ જ્વલંત દૃષ્ટાંત છે.

**અમરતાનો સંદેશ**

આત્માની આ અનંત શક્તિઓને જેણે જાણી અને એને જેણે કેન્દ્રિત કરી તેણે પોતાની પ્રભુતા મેળવી, તે જ

પ્રબુદ્ધ થયા, ભગવાન થયા, સંસારથી તે પાર પામ્યા.

જે માણસ પ્રકૃતિના નિર્મળ તત્ત્વોથી ડરે છે. અરે, પોતે એકાંતમાં ધ્યાન ધરતાં પણ ડરે છે, અને પોતાની જ બીક પોતાને લાગે છે, તે માણસ મહાત્મા તો ઠીક, પણ માણસ તરીકે પણ લાયક કઈ રીતે ગણાય? માણસ આવો ભીરુ થઈ જાય છે, કારણ કે બાલ્યકાળમાં એને આત્મવિદ્યા મળી નથી. આત્માની અમરતાનો સંદેશ મળ્યો નથી. માબાપે એના દેહનું ભરણપોષણ કર્યું, પણ આત્માનું પોષણ ન કર્યું. દેહનું પોષણ તો કૂતરાં બિલાડાં પણ કરે છે. માનવીનું ગૌરવ બાળકોના માત્ર દેહનું પોષણ કરવામાં જ નથી. માણસનું ગૌરવ પોતાના સંતાનને સંસ્કારી ને તેજસ્વી બનાવવામાં છે. મારી આ વાત તમને આજ કદાચ કડવી લાગશે, પણ તે સત્ય છે. વિચારી જોજો. આજ નહિ તો કાલે જરૂર સમજાશે.

મદાલસા પોતાના બાળકને પારણામાં ઝુલાવતી પણ ગાતીઃ सिद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि । વત્સ! તું સિદ્ધ છો. સિદ્ધિઓ તારામાં છે. તું બુદ્ધ છો. બુદ્ધિ-પ્રજ્ઞા તારામાં છે. તું નિરંજન છો. તને કોઈ વાસનાને રંગે રંગી શકે તેમ નથી, તું મુક્ત છો. તને બાંધનાર આ વિશ્વમાં એકેય તત્ત્વ નથી. તું સ્વતંત્ર છો, મુક્ત છો, હાલરડામાં જ જે બાળકને આવું મુક્તિનું ગીત સાંભળવા મળે, તે યુવાન તેજસ્વી, ત્યાગી કે પ્રતાપી કેમ ન બને? આજનો યુવાન એ આશાની જ્યોત નથી, પણ નિરાશાનો દરિયો છે. એનામાં જીવનની ખુમારી નથી, પણ વાસનાની બિમારી છે.

જે દેશના યુવાનો વિલાસી વાતાવરણમાં ઉછરે છે, તે

દેશની પ્રજા ધીમે ધીમે નિર્વીર્ય થઈ જાય છે. પ્રજાને મહાન બનાવવા યુવાનો સામે આદર્શ જોઈએ. એમની સામે સંયમના પ્રતીકો જોઈએ. જ્યાં એમને ઘડવામાં આવે છે, એમને કેળવણી આપવામાં આવે છે, એ સ્થાનો કેવાં હોવાં જોઈએ ? ત્યાં વિલાસ અને વિકારની હવા હોય તે પાલવે ? પણ આજ તમે જોશો તો વિદ્યામંદિરોમાં પણ કટ અને વટ સિવાય વાત નથી. આપણે કૉલેજોને વિદ્યામંદિરો કહીએ છીએ, પણ મંદિરને અનુકૂળ સંયમ અને પવિત્રતાથી ભરેલું વાતાવરણ છે ?

અને કેળવણી શા માટે લેવામાં આવે છે. તેનું ધ્યેય-ચિત્ર પણ વિદ્યાર્થીઓ સમક્ષ ક્યાં છે ? 'ज्ञानस्य फलं विरतिः' જ્ઞાનનું ફળ વૃત્તિઓનો વિરામ છે. જ્ઞાન મળે તો વિરામ આવવો જોઈએ, પણ આજે એવું દેખાય છે ? વિદ્યાર્થીઓમાં શિસ્ત ને સભ્યતા છે ? આજે માણસ વૃત્તિઓથી વિરમવા માટે નથી ભણતો, પણ વૃત્તિઓના તાંતણા કરોળિયાની માફક વધારે ને વધારે કઈ રીતે કાઢી શકાય એ માટે ભણે છે. સીધી ભાષામાં કહીએ તો એમ કહી શકાય કે ગુનો કરીને છુપાવવો કેમ, અસત્યને સત્ય બનાવવું કેમ, એ માટેનું કૌટિલ્ય શાસ્ત્ર ભણે છે.

એક ભાઈને મેં પૂછ્યું : 'તમારા અભ્યાસનું ધ્યેય શું ?' એ કહે : 'સાહેબ, ધ્યેય વળી શું ? આજકાલ કાયદા વધી પડ્યા છે. ભણીએ નહિ તો એ કાયદાઓમાંથી બારી ક્યાંથી જડે ? હવેના જમાનામાં વકીલોના આધારે જીવાય એમ નથી, જાતે જ જાણવું જોઈએ; નહિ તો રળીએ તેમાંથી અડધો ભાગ તો વકીલો ખાઈ જાય. જાતે શીખ્યા હોઈએ

તો જ કાયદાના ફાયદા મળે.'

જોયું, આ કેળવણી! માણસ ભણે છે શા માટે? ચોરી કરવા માટે. ચોર બનવા, પોતાની જ સરકારની આંખમાં ધૂળ નાંખવા. પૈસા રળવા છે. પણ ટેકસ Tax ભરવો નથી. પૈસો પોતાના મોજશોખમાં ખર્ચવો છે. પણ બીજાના હાથમાં જવા દેવો નથી. આ વિદ્યાથી માણસ મુક્ત બને કે બંધાય? જે એક શ્રેષ્ઠ નાગરિક બનવાને અયોગ્ય છે તે શ્રેષ્ઠ જીવન માટે યોગ્ય કઈ રીતે ગણાય?

## મૃત્યુને જીતે તે વિદ્યા

એક ભાઈ ઇન્ટરની પરીક્ષા આપી રજામાં ઘેર આવ્યા. એ અરસામાં બહારગામથી એમને ત્યાં એક મહેમાન આવ્યા. એ મહાન ચિન્તક હતા. વિદ્યાર્થીના પિતા પોતાના પુત્રને બપોરે ચિન્તકની પાસે લાવ્યા અને પોતાના પુત્રના અભ્યાસની વાત કરી. ચિન્તકે પૂછ્યું : 'શું ભણો છો?' 'સાહેબ, ઇન્ટરની પરીક્ષા આપીને આવું છું.' 'હવે શું કરશો?' 'બી. એ. થઈશ.' 'પછી શું કરશો?' 'પછી તો જો ફર્સ્ટ કલાસ આવીશ તો વિલાયત જઈશ અને એમ. એ. થઈશ.' 'એમ. એ. થઈને પછી શું કરશો?' 'પછી કોઈ સારી નોકરી મેળવીશ.'

પેલા ચિંતક તો આગળ જ વધી રહ્યા હતા. એમણે પૂછ્યું : 'પછી?: પેલો વિદ્યાર્થી જરા થંભ્યો. એને થયું, આ શું પૂછે છે? પણ ઉત્તર આપ્યા વિના ચાલે તેમ ન હતું, એટલે એણે કહી નાખ્યું : 'પછી પ્રભુતામાં પગલાં માંડીશું.' ચિંતકે 'પ્રભુતામાં પગલાં' આ શબ્દ ચાખ્યો. શબ્દ તો ઘણો સારો છે. પશુતા માટે વધારેમાં વધારે છૂટ મેળવનારા પણ આજ

શબ્દ વાપરતા હોય છે.

ચિન્તકે પૂછ્યું : 'ઠીક પછી શું?' વિદ્યાર્થીએ કહ્યું : 'પછી વળી શું ? ઘરડા થઈશું.' ચિંતકને પોતાના પ્રશ્નનો દોર બરાબર હાથમાં આવતો લાગ્યો. એટલે ધીમેથી પૂછ્યું, 'પછી શું?' પેલો વિદ્યાર્થી મુંઝાઈ ગયો થોડો અકળાયો, એણે એના પિતા સામે જોયું એના પિતા પણ વિચારોમાં તણાતા હતા. હવે પછી શું ?....એના પિતાની આંખમાં પણ પ્રશ્નાર્થ હતો. એટલે વિદ્યાર્થીએ કહી નાંખ્યું : 'પછી મરી જઈશું.'

ચિન્તકે કહ્યું : 'બરાબર, હું એ જ કહેવા માગતો હતો. આટલા અભ્યાસ પછી, આટલી પ્રવૃત્તિ પછી, આટલી સાધના પછી પણ મરવાનું ! મરવા માટે આટલું બધું કરવાનું ? મરવું જ હોય તો આટલો અભ્યાસ ન કરે, દેશાટન ન કરો તો પણ મરી શકાય છે. શું અભણ નથી મરતા ? અભણ પણ મરી શકે છે. વિદ્યાવાન તો એમ કહે કે–પછી અમર બનીશ, મૃત્યુ સામે યુદ્ધ કરીશ, વૃત્તિઓ પર વિજય મેળવીશ, જીવનમાં પ્રેમ, પ્રકાશ અને શ્રદ્ધાને ભરીશ, અને મૃત્યુને તરી જઈશ. વિદ્યા તો મૃત્યુને જિતવા માટે છે. એક કવિ કહે છે: 'હસી મૃત્યુ-મુખે ધસવાનું જ દે, ધસી મૃત્યુમુખે હસવાનું જ દે.'

વિદ્યાવાનમાં જીવનની ખુમારી જોઈએ. સુખમાં કે દુઃખમાં; સંપત્તિમાં કે વિપત્તિમાં, સંયોગમાં કે વિયોગમાં પોતાના આત્માની અને પોતાના મનની મસ્તી ન ગુમાવે તે જ અભ્યાસી. તે જ વિદ્યાવાન.

પ્રકૃતિના રહસ્યને જાણનાર માણસ ઉનાળો આવતાં અકળાતો નથી. શિયાળો આવતાં ફરિયાદ કરતો નથી; કે

વર્ષાકાળ આવતાં બખડાટ કરતો નથી. એ જાણે છે કે આ તો ઋતુ ઋતુના ખેલ છે. શિયાળામાં ટાઢ પડે છે, પણ ઘઉં ને કપાસ એમાં જ તૈયાર થાય છે. વર્ષામાં વૃષ્ટિ થાય અને કીચડ થાય પણ જુવાર બાજરી એમાં જ પાકે છે. ઉનાળામાં તડકો પડે છે પણ મીઠી કેરીઓ અને રાયણ એ ઋતુમાં જ પાકે છે, તેમ દુઃખ, વિપત્તિ, વિયોગ પણ માણસને ઘડવા આવે છે. એથી માણસની કસોટી થાય છે. માણસનું હીર આવા સંયોગોમાં જ પ્રગટે છે. સાચો અભ્યાસી દુઃખને પણ કુદરતની પ્રિય ભેટ માની હસતા મુખે એનું સ્વાગત કરે છે. એ સમજતો હોય છે કે આજનું દુઃખ એ મારી ગઈકાલની ભૂલનું જ પરિણામ છે. એક ભૂલને સુધારવી હોય તો બીજી નવી ભૂલ ન કરવી, દુઃખ વખતે અફસોસ કરવો એ જૂની ભૂલમાં નવી ભૂલનો ઉમેરો કરવા બરાબર છે.

**ઋતુનો ખેલ**

પણ કેટલાક માણસો આ વાતનો વિચાર કર્યા વિના કેવળ ફરિયાદ જ કરતા ફરતા હોય છે. વરસાદ આવે તો કહેઃ 'આહ ! શું વરસાદ છે! બંધ થતો જ નથી. મારી નાખ્યા.' ટાઢ પડે ત્યારે કહેઃ 'શું ટાઢ પડે છે! ચામડાં ચીરાઈ ગયાં.' તાપ પડે ત્યારે કહેઃ 'તડકો પડે છે કાંઈ તડકો! ધરતી તો ભડકે બળી રહી છે!' આમ રોદણાં રોયા જ કરે; પણ આ તો ઋતુના ખેલ છે, એમ ન સમજે. તેમ કેટલાક માણસો પણ જીવન અંગે રોદણાં જ રોતા હોય છે. કોઈ પુત્ર માટે તો કોઈ પત્ની માટે; કોઈ ધન માટે તો કોઈ ધંધા માટે. પણ ફરિયાદ કર્યા વિના જ પુરૂષાર્થ કરવો જોઈએ, એમ ન વિચારે.

આવા સંયોગોમાં માણસને સાચી વિદ્યા મળે તો જ માણસ જીવનનાં તત્ત્વોને સ્પર્શી શકે. અને દુઃખના તાપને, પણ જીવનના ઘઉં પકવવાનું સાધન માની, એને સત્કારી શકે. વિષમ પ્રસંગોમાંથી પણ કાંઈક બોધ મેળવી જીવનને ઘડી શકે.

આપણું કોઈ સ્વજન મરી જાય છે, ત્યારે, આપણને કેટલો બધો શોક થાય છે! આપણું મન દુઃખના અગાધ સાગરમાં કેવું ડૂબી જાય છે! પણ તે પ્રસંગે આપણે સ્વસ્થ ચિત્તે વિચારીએ કે આ શોક શાથી આવ્યો? શા કારણે આવ્યો? ગામમાં આટલાં મરી જાય છે, છતાં આંખે એક આંસુ પણ નથી આવતું અને અત્યારે આ આંસુઓનો સાગર કેમ છલકાઈ ગયો?

મૃત્યુ એ જ જો અનિષ્ટ અને દુઃખનું કારણ હોય તો ગામમાં કોઈ મૃત્યુ પામે છે, ત્યારે શોક કેમ આપણને ઘેરી વળતો નથી? મહોલ્લામાં કોઈ મરી ગયું હોવા છતાં તે દિવસે ભોજનમાં મિષ્ટાન આવ્યું હોય તોય ભોજન કરતાં શોક થતો નથી. અને પોતાનું સ્વજન જતાં હૃદય રડે છે, એનું કારણ શું? એનું કારણ એ છે કે, એને જે વ્યક્તિ પ્રત્યે રાગ હતો, જેના તરફથી 'કાંઈક' મળતું હતું. તે હવે બંધ થયું છે, તે હવે મળવાનું નથી, એટલે એ રડે છે, પણ એ કોને માટે રડે છે? જનાર વ્યક્તિ માટે નહિ, પણ એ વ્યક્તિ તરફથી મળતું હતું, તેને માટે. એટલે કે પોતાના અર્થ માટે રડે છે અને એ અર્થ માણસને બીજી કોઈ વ્યક્તિ તરફથી મળતો હોય તો તે શોક શમી જાય છે.

ધીમે ધીમે શોકમાં ઓટ આવે છે, અને માણસ મૂળ

સ્થિતિએ આવી જાય છે. હા, આમ છતાં સ્નેહ જેવી એક પવિત્ર અને ચિરસ્મરણીય વસ્તુ પણ દુનિયામાં છે, જે અર્થ અને કામની નહિ, ચેતનાની ભૂખી છે, આ ભૂખ એક આત્મ જ્યોત-માંથી જન્મેલી છે, બીજી કોઈ વ્યક્તિ પાસેથી તે મળતી નથી. જ્યાંથી એ પ્રગટે છે, ત્યાં જ એ વિલીન થાય છે. એટલે આવા પ્રસંગોમાં માણસના હૈયા ઉપર શોકની છાયા ઘણી ઘેરી થઈ જાય છે. અને આવા કેટલાક પ્રસંગોમાં તો માણસ કાં જ્ઞાની અને, કાં ઉન્મત્ત બને; જ્ઞાની વિચારે કે મારું પ્રિયજન એક એવા પ્રવાસે ઉપડયું છે કે જ્યાં અંતે મારે પણ જવાનું જ છે, એ પહેલાં ગયેલ છે, હું પછી જઈશ. એમ વિચારી સમાધાન મેળવી લે છે. જ્યારે અજ્ઞાનીને થાય છે. હવે શું થશે ? ખેલ ખલાસ ! બાજી બગડી ગઈ. મારે જીવનભર ઝૂરવાનું. હવે ક્યાં મળવાના છીએ ? જીવન શૂન્ય થઈ ગયું. અને એવા વિચારોમાં અજ્ઞાનતા અને ઉન્મત્તતા વધતી જાય છે.

આ બંને પ્રસંગોમાં પ્રિયજન તો બંનેએ ગુમાવેલ છે; પણ એક સમાધાન મેળવે છે, બીજો ઝુરે છે. કવિ જીબ્રાન કહે છે: "When you are sorrowful look again in your heart, and you shall see that in truth you are weeping for that which has been your delight," જ્યારે તમને શોક લાગે ત્યારે વળી તમારા હૃદયમાં જોજો. અને તમને જણાશે કે સાચે જ તમે જેને માટે રડી રહ્યા છો તે તમારા હર્ષનો વિષય હતો, એટલે જે હર્ષ આપે એ શોક આપે જ. એ શોકને ટાળવાનો માર્ગ એક જ છે, અને તે આત્માનું જ્ઞાન અને પ્રકૃતિનું ઊંડાણ !

આત્મજ્ઞાન થતાં શોક કેવો હળવો થાય છે એનું આ એક જ્વલંત દૃષ્ટાંત તમારી સામે મૂકું છું:

## શોકના તળિયે શાન્તિ

શાણી સુમતિ ભગવાન શ્રી મહાવીરની વાણી સાંભળવા ગઈ હતી, એનો પતિ આત્મારામ બહાર ગયો હતો. એના બંને યુવાન પુત્રો તળાવમાં સ્નાન કરવા ગયા હતા.

સુમતિએ વ્યાખ્યાનમાં સાંભળ્યું : જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ છે. આત્મા સિવાય જગતની પ્રત્યેક વસ્તુ વિખૂટી પડે છે. આજે આપણે જેના માટે હસીએ છીએ, તેજ વસ્તુ આવતી. કાલે રડાવે છે. આનંદ અને શોક એક જ ત્રાજવાના બે પલ્લાં છે. અનંત સમાધિનો માર્ગ એકજ છે. મોહનો ત્યાગ! આ મોહનો ત્યાગ જન્મે છે, આત્માની એકલતાના જ્ઞાનમાંથી."

સુમતિએ આ ઉપદેશને પોતાના હૈયાની દાબડીમાં ઝીલ્યો. એનો વિચાર કરતી, એને જીવનમાં વણવા મથતી, એ ઘેર આવી, ત્યાં એકાએક સમાચાર મળ્યા :

"એના નહાવા ગયેલા બંને દીકરા ડૂબી મર્યા છે. પહેલા એક નહાવા પડ્યો, પણ એ તો કીચડમાં ખૂંચતો જણાયો. એને કાઢવા બીજો ગયો, પણ એ ખૂંચતો છોકરો બીજાને બાઝ્યો અને બંને ડૂબ્યા."

જુવાનજોધ બે દિકરા જાય તો કઈ માતાનું હૈયું શોકમાં ન ડૂબે? સુમતિના હૈયાના કટકે કટકા થવા લાગ્યા. એ શોકના ઝંઝાવાતમાં ઘેરાઈ ગઈ, એને મૂર્છા આવી, અને એ ધરતી પર ઢળી પડી. થોડી વારે એ મૂર્છા ઊતરતાં એનાં હૈયા પર જ્ઞાનવચનો આવવા લાગ્યાં.

જ્યાંથી આનંદ આવે છે, ત્યાં જ શોક હોય છે, અને એ શોકના તળિયામાં જ શાંતિ હોય છે. શોકને ઉલેચી નાંખો, શાંતિ ત્યાં જ જડશે.

સુમતિનો શોક ધીમે ધીમે ઉલેચાતો ગયો અને એ ઊંડી ને ઊંડી ઊતરતી ગઈ, જ્યાં જીવનની પરમ શાંતિ હતી!

એણે પોતાના બંને પુત્રોના દેહને પથારીમાં પધરાવ્યા; એમના પર શ્વેત વસ્ત્ર ઓઢાડયું, અને પતિની પ્રતિક્ષા કરતી એ વિચારમાં ડૂબી ગઈ.

આત્મારામે ડેલીમાં પગ મૂકયો અને એનો આનંદ ઊડી ગયો, એને વાતાવરણમાં કાંઈક શોકની હવા લાગી. રોજ એ ઘેર આવતો ત્યારે એની પત્ની હસતા મુખે એનું સ્વાગત કરતી પણ આજ તો એ ઉદાસ હતી.

આત્મારામે પૂછયું :—" કેમ? આમ ઉદાસ કેમ? શું થયું છે? તું તો જાણે ઘરમાં શોકનો સાગર લાવી છે!"

" કાંઈ નથી. એ તો પાડોશી સાથે જરા કલહ થયો છે." શોકના ભારથી નમેલી પાંપણોને ઊંચી કરતાં સુમતિએ કહ્યું.

આત્મારામને આશ્ચર્ય થયું. સુમતિનો સ્વભાવ એ જાણતો હતો. આખું ગામ ગરમ થાય તોયે એની આંખમાં શીતળતાનો સાગર લહેરાતો હોય એવી એ શાંત હતી, અને એવી જ એ શાણી પણ હતી.

આત્મારામે ગભરાઈને પૂછયું : " એવું તે શું થયું કે તારે કજિયો કરવો પડયો "

" કાંઈ નહિ. વીસ દિવસ પર આપણાં દિનેશનાં લગ્ન હતાં, ત્યારે હું પાડોશીને ત્યાંથી બે રત્નકંકણ પહેરવા લાવી

હતી. આજે એ માંગવા આવ્યા. મેં ન આપ્યાં, એટલે બોલવું થયું, અને કલહ વધ્યો.' સુમતિ આટલું ધૈર્યપૂર્વક બોલી ગઈ પણ એના અવાજમાં જરા વિષાદની છાયા હતી.

'તું યે ખરી છે. પારકા કંકણ ક્યાં સુધી રખાય? એનો માલિક માગવા આવે ત્યારે આપી દેવાંજ જોઈએ ને. તારા જેવી શાણી સ્ત્રી આવી વાત પર કલહ કરે તો થઈ રહ્યું ના? કોઈ જાણે તો ય હસે એવી આ વાત છે. જા, જા, જલદી આપી આવ." એને ઊભી કરતાં 'આત્મારામે મીઠો ઠપકો આપ્યો.

'જરા ઊભા તો રહો. તમે આપી આવવાનું તો કહો છો, પણ મને એ કેટલાં ગમે છે! મારું મન એમાં કેટલું રમે છે, એ તમે જાણો છો? કેવાં સુંદર એ રત્નકંકણ છે! એનો ઘાટ, એની ઝીણી ઝીણી કારીગીરી, જેની જોડ ન જડે! અને એનાં રત્નો પણ કેવા તેજસ્વી છે? નાથ, મને તો એ પાછાં આપવાનું જ મન નથી થતું. મનમાં થાય છે, રાખી લઉં. પછી જે થવાનું હશે તે થશે. કજિયો તો કજિયો!' આટલું કહેતાં કહેતાં તો સુમતિનું હૃદય ભરાઈ આવ્યું. એની પાસે જ્ઞાન હતું, છતાં વિષાદ કાંઈ ઓછો ન હતો!

"પણ આજે તને થયું છે શું? તું પાગલ તો નથી થઈ ને! અરે, તું આ શું બોલી રહી છે? જે વસ્તુ પારકી છે તે કેટલા દિવસ રખાય? એના પર મમતા કરવી, એને પોતાની માનવી અને 'મારી' કહી શો કરવો એ અજ્ઞાનતા નહિ તો બીજું શું છે? પારકી વસ્તુ તો જેમ વહેલી અપાય તેમ સારું." શિખામણ આપતાં આત્મારામે કહ્યું.

સુમતિ ઊભી થઈ. એણે પતિનો હાથ ઝાલ્યો, એનો

હાથ ધ્રૂજતો હતો. એને તમ્મર આવી રહ્યાં હતાં. એની છાતી પર ભાર હતો. પણ 'શ્રમણ ભગવાન મહાવીર'ના જ્ઞાનના બોલ એના-આત્માને આશ્વાસન આપી રહ્યા હતા. એ પતિને અંદર દોરી ગઈ.

ફૂલ જેવાં પોતાના બે બાળકોના મૃતદેહ પર ઓઢાડેલું શ્વેત વસ્ત્ર એણે ઊંચકી લીધું. અને જ્ઞાનના પ્રકાશથી પ્રબુદ્ધ બનેલી સુમતિએ કહ્યું : "નાથ! આ આપણાં બે રત્નકંકણ, એક સોળ વર્ષનું, બીજું વીસ વર્ષનું. આજ સુધી આપણે એમને રાખ્યાં; સાચવ્યાં, પણ આજે એમનો સમય પૂરો થયો. અને એમણે એમનો માર્ગ લીધો. આપણે એમના ન હતા; એ આપણા ન હતા. થોડા સમય માટે આપણને એ મળ્યા હતા. હવે એમને નિસર્ગના ખોળામાં શાંતિપૂર્વક ધરવા એ આપણું કર્તવ્ય છે. એની પાછળ શોક અને રુદન કરવાં વ્યર્થ છે, ગયેલી વસ્તુ આંસુથી પણ પાછી મળતી નથી. મૌનની શાંતિમાં આપણે એમને વિદાય આપીએ."

આત્મારામ તો આ જોઈ ત્યાં ઢગલો થઈ ગયો. થોડી ક્ષણ માટે ત્યાં ગંભીર સ્તબ્ધતા છવાઈ ગઈ. ઘરમાં, હવામાં, વાતાવરણમાં, બધેજ સ્તબ્ધતા હતી. અંતે એ પિતાની આંખમાં આંસુનું પૂર ધસી આવ્યું. એણે આંસુના પડદામાંથી જોયું તો સુમતિની આંખમાં પણ બે મોતી જેવાં આસુ હતાં; પણ એના પર જીવનનીઊંડી સમજણનાં ઉજ્જવળ કિરણો પ્રકાશીરહ્યાં હતાં.

## શ્રદ્ધાની જ્યોત

આ પ્રસંગ પરથી સમજી શકાય છે, કે અત્માની જાગૃતિ શું કામ કરે છે! જેનો આત્મા જાગૃત છે તે જ શોક પર, મોહ

પર, વિજય મેળવે છે. પણ જે જીવનમાં હારે છે, મુઝાય છે, તેનું કારણ આત્મજ્ઞાનનો અભાવ છે, અને તેથી જ વિપત્તિ કે અંતરાય આવતાં એ થંભી જાય છે. ગભરાઈ જાય છે અને ધ્યેયમાંથી વિચલિત થઈ, બીજા માર્ગ ભણી વળે છે.

પણ જે માણસ અંતરપ્રેરણાથી પ્રેરાઈને કાર્ય કરે છે, જીવનને સમજીને જીવે છે, એ ગમે તેવા વિપરિત સંજોગોમાં પણ જેના પર પૂર્ણ વિશ્વાસ રાખ્યો હોય એવો સાથી સાંથ છોડીને ચાલ્યો જાય, એવા સંજોગોમાં પણ-ધૈર્યને ખોયા વિના, ભય રાખ્યા વિના, આગળ વધ્યે જ જાય છે.

આત્મજ્ઞાની, લોકોના અભિપ્રાયના આધારે નહિ, પણ પોતાના આત્માના અભિપ્રાયના આધારે આગળ વધે છે એ તો કહે છે: 'લોકોને હસવું હોય તો હસવા દો, બકવું હોય તો બકવા દો; પણ મારો પંથ અફર છે.'

એને પોતાના પ્રત્યેક પગલામાં શ્રદ્ધા હોય છે. એને પોતાની પ્રત્યેક ક્રિયામાં નિષ્ઠા હોય છે, અને પોતે સ્વીકારેલ ધ્યેય પાછળ સમર્પિત થવાનો એનામાં અદમ્ય ઉત્સાહ હોય છે. આવી વ્યક્તિ માટે કહી શકાય કે:

In the long run he shall be happy & prosperous.

પણ જે માણસ કાર્ય કરે છે, પણ એના પરિણામની જવાબદારી લેતાં ગભરાય છે, એ સફળ કેમ થાય? એને ફૂલ જોઈએ છે, પણ કાંટા નથી ખાવા અને કાંટા વાગે છે ત્યારે એને દૂર કરવા માટે એ જ્યાં ત્યાં પ્રાર્થના કરતો ફરે છે. સહનશીલતા અને સાધના વિના સિદ્ધિ નથી, એ વાતને જાણે માનવી ક્ષણભર ભૂલી જાય છે.

સોક્રેટિસ તો પ્રાર્થના કરતાં કહેતો: 'ભગવાન હું એકજ માગું છું. અયોગ્ય વસ્તુ હું માગું તો પણ તું આપીશ નહિ, અને યોગ્ય વસ્તુ હું ન માગું તો પણ તું આપજે જ.' માણસ જો આ રીતે વિચારે તો એને દુઃખમાંય સુખ લાગે, એને થાય કે ગુમડું પાકયું છે, તો એનું ઓપરેશન operation અનિવાર્ય છે. વેદના વેઠયા વિના દર્દ કેમ મટે? વેદનાને વેઠયા વિના વિપત્તિ કેમ ટળે ?

શ્રી શ્રેણીક નરકમાં પણ માનસિક શાંતિ અનુભવે છે દેહને વેદના થઈ રહી છે, શરીરમાં આગ છે, પણ આત્મામાં શીતળતા છે, કારણ કે એ સમજે છે કે જેણે કર્યાં છે તે ભોગવે છે. આ દેહે બીજાને દુઃખ દીધાં છે, તો આજે એને દુઃખ મળે છે, એણે બીજાને બાળ્યા છે, તો આજે એ પોતે બળે છે. એમાં મારે શું ? આત્મા, એ દેહથી ન્યારો છે. ખીંટીએ કોટ ટાંગ્યો હોય, એ સળગી ઉઠે, બળીને ખાખ થઈ જાય તો એના માલિકને, નુકશાન થાય, પણ એ દાઝે તો નહિ ને ? કારણ કે દેહ કોટથી ભિન્ન છે. તેમ આત્મા પણ દેહથી ભિન્ન છે. પણ આજે અજ્ઞાનને લીધે આત્માનો પ્રકાશ આ દેહથી ઢંકાઈ ગયો છે.

કાળના વિકરાળ પંજામાં ધ્વંસ થતી વસ્તુઓને જોઈને શેકસપીઅર કહે છે :—

Ruin hath t'aught me thus to ruminate.
That time will come and take my Love away.
This thought is as a death which can not choose.

But weep to have that which it fears to lose.

વિનાશે મને આ રીતે વિચાર કરતાં શીખવ્યું છે કે કાળ આવશે ને મારી પ્રિયતમાને પણ મારાથી દૂર લઈ જશે. આ વિચાર એક મૃત્યુ સમાન છે, કે જેને માટે રુદન સિવાય બીજો કોઈ માર્ગ નથી. કારણ કે જે વસ્તુ તેણે પ્રાપ્ત કરી છે તેને ગુમાવવાનો તેને સદા ભય રહે છે.

**અર્પણનો આતશ**

પ્રકૃતિ અને માનવ હૃદયની મહત્તાને ગાનારો આ મહાકવિ પણ અહિં કેવો ગમગીન છે !

આવી ગમગીનીમાં શાંતિ કોણ આપે ? અરણ્ય જેવી એકલતામાં આશ્વાસન કોણ આપે ? માણસ સમ્યગદર્શન દ્વારા જીવનના આવા દુ:ખદ પ્રસંગોને પણ એક જુદી જ દૃષ્ટિથી એક જુદા જ ભાવથી–આવકારી શકે. મને યાદ છે. આજથી લગભગ પંદર વર્ષ પહેલાં એક વાર અમે મિત્રો નાસિક પર્યટન માટે ગયેલા, ત્યાં રસ્તામાં રોગિષ્ટ દશામાં એક સાધુ બેઠો હતો. તેના શરીર પરનાં ગુમડાં પર કીડા ખદબદતા હતા. કીડા એટલા બધા હતા કે ગુમડામાંથી ગબડીને નીચે પડે. પણ પેલો સાધુ બહુ જબરો ! નીચે ગબડેલા એ કીડાને ઉંચકીને ગુમડા પર મૂકતાં કહે :' અરે, બાહર કહાં જાતા હૈ ? બૈઠ ઇધિર, બાહર ભૂખા મર જાયગા.' આવી રીતે ગુમડાં ખદબદે છે, છતાં એ મસ્ત છે. એની મસ્તીનું કારણ એ જ કે દુઃખને સ્વેચ્છાપૂર્વક સ્વીકારવાનું એની પાસે આત્માનું દર્શન છે.

ભગતસિંહને ફાંસીએ ચડાવતાં પહેલાં માફી માગવા સમજાવ્યા. પણ એણે તો દેશાભિમાનની મસ્તીમાં એક જ

કહ્યું 'કોઈ પણ દેશનો નાગરિક પોતાના દેશની આઝાદી માટે જે કરે છે તે જ મેં મારા દેશ માટે કર્યું છે, અને તે બરાબર છે.' એમ કહી ફાંસીના દોરડાને પણ ફૂલની માળા ગણીને એ ભેટી પડ્યા. આવી ફનાગીરી અને આવી ખુમારી માણસમાં ક્યારે આવે ? કોઈ પણ ઉદાત્ત હેતુ માટે માણસ નિર્ણય કરે છે, ત્યારે જ એનામાં અર્પણનો આવો આતશ પ્રગટે છે. આ મસ્તી, આ આતશ, રૂપિયાથી સત્તાથી નથી મળતો, પણ આત્માની પ્રમાણિક નિષ્ઠા-માંથી પ્રગટે છે, અને તે પ્રસંગે મૃત્યુનો પણ એક પ્રકારનો આનંદ માણી શકાય છે.—માળો છોડી અનંત ગગનમાં ઉડતા પંખી જેવો.

## માનવી અને માળો

આત્મપંખી ! તું ગગનવિહારી છે, અનંત આકાશમાં ઉડનાર તું મુક્ત પંખી છે. માળામાં તું વસે છે પણ માળો એ તું નથી. માળો તારાથી ભિન્ન છે. તું તારા માળાને સ્વચ્છ અને સુંદર રાખજે. કાંટા-ઝાંખરાં લાવીને તારા માળામાં ન ભરતો. નહિ તો અવસરે તું જ એમાં ભરાઈ જઈશ. ઉડવા ધારીશ ત્યારે નહિ ઉડી શકે. અને તારા માળાનાં દ્વાર પણ મોટાં રાખજે કે જેથી ઉડતી વખતે તારી પાંખોને ઈજા ન થાય.

માણસો ઇંટ ચૂનાથી ઘર બાંધે છે. પંખીઓ માળો ઘાસથી બાંધે છે-દેહને રહેવાનો માળો ઇંટ, ચૂના ને માટીથી બંધાય. પણ રે, આપણા આત્માનો માળો કયો ? આ દેહ એ આત્માનો માળો છે. પંખી જેમ માળાને મૂકીને ઊડે છે.

અને માણસ બંગલાને છોડીને બહાર વિહરવા જાય છે; તેમ આત્મા આ દેહને છોડીને પરલોકના પ્રવાસે ઉપડે છે.

પંખીને માળો સાથે નથી આવતો. માણસને બંગલો સાથે નથી આવતો, તેમ આત્માને આ દેહ સાથે નથી જતો, છતાં પંખીને અને માણસને કેવી મમતા છે? એક ભાઈને પૂછ્યું: 'આ બંગલો કોનો છે ?' એણે પોતાની છાતી પર હાથ મૂક્તાં ગર્વથી કહ્યું : મારો છે. આપ જોતા નથી ? બંગલા પર મારું જ નામ છે !' એમ કહી એણે તકતી સામે આંગળી ચીંધી. પણ આ ભોળા જીવને વિચાર પણ નથી આવતો કે આ ક્યાં તારો છે ? તારા દાદા મૂકીને ગયા, બાપા ય મૂકીને ગયા, અને હવે થોડા દિવસમાં તું ય મૂકીને જવાનો. તારા સગા દિકરા પણ તારો અગ્નિસંસ્કાર આ બંગલાના કંપાઉન્ડમાં નહિ કરવા દે. તને તો ઊંચકીને જમાલપુર ભેળો કરશે ! છતાં મકાન જોઈ મલકાય છે, અને કહે છે, 'આ મારો બંગલો છે !'

આવી મમતાવાળા માણસો કરતાં તો પંખી સારાં કે સમય આવે, આસક્તિ રાખ્યા વિના માળો મૂકીને ઊડી જાય. માણસ પોતાના માળા માટે કેટલી મુસીબત ઉઠાવે છે ? કકડા જમીન માટે કેવાં વેરઝેર બાંધે છે ? માળાની ચિંતામાં વિદાય વેળાએ આપણો આત્મપંખી જ અટવાઈ જાય છે.

માણસ જાગે તો ચિંતા ભાગે. માણસને ખ્યાલ આવવો જોઈએ કે એના દેહમાં કોઈ મહાન વસે છે, ઈશ્વર વસે છે, પરમાત્મા વાસ કરે છે. આવો વિચાર આવે તો માણસ કેવો નિર્ભય રહે ? એના મોં પર અભયનું કેવું તેજ ચમકતું હોય ?

અત્યારે માણસની એવી સ્થિતિ છે કે એક પ્રધાન સાથે

વાત કરવી હોય તોય એના હાથ ધ્રૂજે, અને જીભનો લોચો વળી જાય. જોકે આવો માણસ પણ પોતાના નોકર આગળ કે પોતાના આશ્રિત આગળ તો દમ મારતો હોય છે, પણ એથી કાંઈ તેજસ્વિતા આવી ગઈ એમ ન કહેવાય.

માણસને પિછાનવાની રીત એ સભ્યતા છે. જે સભ્યતાથી એક પ્રધાન સાથે વર્તો, એ જ સભ્યતાથી તમારા નોકર સાથે પણ વર્તો; અને જે ગૌરવ તમારા માણસો આગળ બતાવો એ જ ગૌરવ એક પ્રધાન સાથે પણ રાખો.

વલસાડના સ્ટેશને એક યુરોપિયન ફર્સ્ટ કલાસનો આખો ડબ્બો રોકીને બેઠો હતો, જે કોઈ એ ડબ્બામાં બેસવા આવે તેની સામે એ ઘૂરકી પૂછે : Who are you? તમે કોણ છો? યુરોપિયનનો આ પ્રશ્ન સાંભળતાં જ આવનાર ભાગે. એવામાં એક આત્મગૌરવવાન યુવાન આવ્યો. એણે બારણું ઉઘાડયું. ત્યાં પેલો ઘૂરકયો : Who are you ? યુવાને શાંતિથી કહ્યું : I am your father– હું તારો બાપ છું. પેલો યુરોપિયન ખુશ થઈ ગયો. એણે કહ્યું : Come in. પેલા યુવાનને પોતાની પાસે બેસાડતાં એણે કહ્યું : તમારા જેવા ગૌરવવાળા અને નિર્ભય મિત્રની મારે જરૂર હતી; કારણ કે બીકણ, નિર્માલ્ય અને ડરપોકની સાથે બેસવામાં પણ પાપ છે. કાયરની મૈત્રી નકામી; એથી સંસ્કાર ન આવે, સંયમ પણ ન આવે, અને પ્રતિષ્ઠા પણ ન મળે.

સોબત ઉત્તમની જોઈએ. આપણાથી અધિક ગુણસંપન્ન માણસની સોબત કરીએ તો એના ગુણ આપણામાં આવે અને અધમની સોબત કરીએ તો આપણા ગુણ જાય; અને એની

અધમતા આપણામાં આવે. સડેલા પાન સાથે મૂકેલાં સારાં પાન પણ સડે છે, અને એ તાજાં પાનને પણ ડાઘ લગાડે છે.

આપણા આત્માની પણ એજ દશા છે, વિષયવાસના અને વૃત્તિઓના સંગથીએ પોતાનું સ્વરૂપ, પોતાની શક્તિ અને પોતાનો પ્રકાશ ભૂલી ગયો છે.

## સિંહ અને ઘેટાં

એક સિંહણનું બચ્ચું હતું. એની મા એને જન્મ આપી તરત મરણ પામી. માવિહોણા આ સિંહબાળને એક ભરવાડ ઊંચકી લાવ્યો. અને પોતાનાં ઘેટાંની સાથે એને પણ વાડામાં પૂર્યું. દૂધ પર એ મોટું થવા લાગ્યું, ઘેટાં–બકરાં જંગલમાં ચરવા જાય, ત્યારે આ પણ એમની સાથે જાય. એ બધાની સાથે એવું તો હળી ગયું કે પોતાને પણ, તેઓમાંનું એક માને, અને બેં બેં કરે. ભરવાડ સિસકારા કરે ત્યારે ઘેટાં સાથે તે પણ ભરવાડ પાછળ દોડે.

સિંહણનું પડખું સેવ્યું હોત, મુક્ત જંગલમાં ઉછર્યું હોત, અને સિંહણના દૂધને પામ્યું હોત તો એ ગર્જના કરી સ્વતંત્ર રીતે વનવિહાર કરી શકત, પણ આ તો ઘેટાં સાથે રમેલું. આમાં શૌર્ય કે શકિત કેમ પ્રગટે?

એક વાર સરિતાકિનારે આ ઘેટાં પાણી પી રહ્યાં હતાં, ત્યારે પર્વતની ગુફામાંથી કોઈ સિંહ બહાર આવ્યો. અને પર્વતની ટોચ પર આવી એને ગર્જના કરી, ત્રાડ સાંભળી ઘેટાં ને ભરવાડ તો જીવ લઈ નાઠાં. આ સિંહબાળ પણ દોડયું; એણે દોડતાં દોડતાં પાછું વાળીને જોયું, ત્યાં બંનેની આંખો મળી. ટોચ પર રહેલા સિંહને થયું કે આ તો મારો

જાત ભાઈ છે. સિંહ ઘેટાના ટોળામાં કેમ ? આ મારાથી કેમ ડરે છે ? એણે ગર્જના કરી કહ્યું : 'વિચાર કર. દોડ નહિ. આપણે એક જ કુળના છીએ. તારે મારાથી ડરવાનું ના હોય તું પણ મારી જેમ ગર્જના કરી શકે, ત્રાડ નાંખી શકે, પૂછડું પછાડી શકે, અને મુક્ત રીતે આ જંગલમાં વિહરી શકે; જો તું તને ઓળખે તો !'

પણ એમ કાંઈ એ માને ? વર્ષોથી ઘર કરીને બેઠેલી વાત એક ક્ષણમાં કાંઈ નીકળી જાય ? એ તો નાઠું અને ઘેટાંના ટોળા ભેગું થઈ ગયું. પણ પેલા સિંહના છેલ્લા શબ્દોનાં પડઘા એના મગજમાં રમવા લાગ્યા 'તું તને ઓળખ. ગર્જના કરવા પ્રયત્ન કરી જો.' આ શબ્દો એના મનમાંથી કેમેય ખસે નહિ, એણે અવાજ કરવા પ્રયત્નં આદર્યો, પણ બેં બેં અવાજ નીકળ્યો. ઘણા કાળના ઘેટાના સહવાસથી એ પોતાનો અવાજ પણ ખોઈ બેઠું હતું.

એક સાંજે સરિતા કિનારે એ સિંહબાળ પાણી પીવા ગયું, ત્યારે તેણે પોતાનું પ્રતિબિંબ પાણીમાં જોયું, તો પોતાનું શરીર આ ઘેટાં જેવું નહિ, પણ પેલા સિંહ જેવું લાગ્યું. હવે એને સિંહના શબ્દોમાં વિશ્વાસ બેઠો. એણે પ્રયત્ન આદર્યો. એક વાર–બે વાર–ત્રણ વાર, અને એના અવાજમાં રણકો આવ્યો. ઘેટાં ભડક્યાં. ભાગવા લાગ્યાં, સિંહમાં આત્મવિશ્વાસ પ્રગટ્યો. એણે જરા જોર કર્યું. ત્યાં ભરવાડ અને ઘેટાંના કાળજાં ફાડી નાખે એવી ગર્જના એના અવાજમાંથી પ્રગટી. ભરવાડ ને ઘેટાં હવે ઊભાં રહે ? સિંહે પોતાના સ્વરૂપને ઓળખ્યું, તો તે વનરાજ થયો. મુક્ત થયો.

તમેપણ તમારા સ્વરૂપને ઓળખો. જીવનના ઉન્નતશિખર પર ચઢી ગર્જના કરો. સિંહવૃત્તિ કેળવો, તમારી આસપાસ ઘેરો ઘાલીને બેઠેલ વાસનાનાં બકરાં ભાગવા માંડશે, તમારી ત્રાડ સાંભળી લાલસા તો જીવ લઈ દોડશે આજ સુધી ઇંદ્રિયોના સહવાસમાં રહીને આત્મા પોતાનું સ્વરૂપ, પોતાની શક્તિ, પોતાનો શાશ્વત પ્રકાશ બધું જ ભૂલી ગયો છે, અને ઇંદ્રિયોની પ્રેરણાથી વાસના પાછળ પરવશ બનીને દોડે છે, એને જગાડો.

જીવનદ્રષ્ટાઓ આપણને સંબોધે છે. જાગો અને જુઓ, તમે કોણ છો? તમારામાં કેવી અદમ્ય શક્તિ છુપાયેલી છે! તમે ધારો તે કરી શકો, જે દુનિયામાં મહાન થયા તે તમારામાંનાજ એક હતા. ભગવાન શ્રી નેમિનાથને શ્રી કૃષ્ણે પૂછ્યું ત્યારે, અને ભગવાન શ્રી મહાવીરને મગધપતિ શ્રેણિકે પૂછ્યું ત્યારે, એમણે આ જ ઉત્તર આપ્યો હતો; તમારો આત્મા પણ મારા જેવો જ છે, અને મારા જેવું જ સ્થાન તમને મળવાનું છે, પણ આજ તમારો આત્મા કર્મોને આધીન છે, એટલી જ ભિન્નતા છે. કર્મના અને વૃત્તિઓના ક્ષયે આપણે સમાન છીએ–સિદ્ધ–બુદ્ધ–મુક્ત.

બંધુઓ, આ પ્રવચનનો ઉપસંહાર કરતાં એક જ વાત હવે કહેવાની છે: તમે તમારી ઇંદ્રિયોનો, તમારા મનનો, તમારી યૌવનવંતી શક્તિઓનો અને તમારી બુદ્ધિનો એ રીતે ઉપયોગ કરજો કે જેથી તમારો આત્મા આજ જ્યાં છે, ત્યાંથી આવતીકાલે એક કદમ આગળ હોય, અને તમારા પ્રત્યેક નવ પ્રભાતમાં આત્મ જાગૃતિ ભરી પ્રગતિ હોય!



[ ૧૧ ]

# જીવન શિક્ષણ

माता वैरी पिता शत्रुः ; येन बालो न पाठयते ।
न शोभते सभामध्ये, हंसमध्ये बको यथा ॥

જેણે પોતાના સંતાનને જીવન શિક્ષણ આપ્યું નથી, તે માતા વૈરી છે, અને પિતા શત્રુ છે.

હંસોની સભામાં જેમ કાગડો શોભતો નથી, તેમ જીવન શિક્ષણને નહિ પામેલ સંતાન પણ એવી સભામાં શોભતું નથી.

પ્રવચનનો પ્રારંભ હું એક પ્રસંગ કથાથી કરીશ.

થોડાં વર્ષો પહેલાંની વાત છે. એક વૃદ્ધ રસ્તાની એક બાજુ આંબો રોપી રહ્યો હતો. ત્યાં થઈને બે સન્યાસી પસાર થયા. એમણે જોયું કે પોણોસો વર્ષનો વૃદ્ધ વૃક્ષ રોપી રહ્યો છે. એમને હસવું આવ્યું. એમણે કહ્યું, " ડોસા, તમને આ શી માયા લાગી છે ? આજ વાવો છો તે વૃક્ષ ઊગશે ક્યારે અને એના ફળ તમે ખાશો ક્યારે ? "

વૃદ્ધે નમણું હસીને જે ઉત્તર આપ્યો, તે તો હૃદયમાં સદા કોતરી રાખવા જેવો છે. "ભાઈ, માર્ગની બન્ને બાજુએ ઊભેલાં વૃક્ષો આપણાં પૂર્વજોએ વાવ્યાં, તો એની છાયા અને એના ફળનો લાભ આપણને મળ્યો. હવે આજ આપણે વાવીને જઈશું તો એનો લાભ આવતી કાલની પેઢીને મળશે. આપણે ગઈ કાલ પાસેથી કાંઈક લીધું હોય, તો આવતી કાલને આપણે કાંઈક આપવું જોઈએ. આમ કરવું એ માયા નથી, પણ માનવતા છે."

આ પ્રસંગ આજના પ્રસંગને અનુરૂપ છે. સમાજનો આપણા ઉપર ઘણો ઉપકાર છે. આપણે જે કેળવણી લીધી છે, તેની પાછળ કેટલાય વૃદ્ધોનો શ્રમ છે, આત્મત્યાગ છે. હું જ્યારે વૃદ્ધોને જોઉં છું, ત્યારે આંબો. વાવનાર વૃદ્ધ મને યાદ આવે છે.

આજે કેળવણી પામેલા, કેળવાયેલા આ કાર્યની પાછળ ભોગ આપનારાઓનો વિચાર કરી પોતે ભોગ ન આપે તો કેળવણી નહિ લાજે?

ઇમારતનો આધાર એના રંગ-રોગાનથી નથી, પણ એના પાયામાં પૂરાયેલા પથરા, ચૂના અને ઇંટોથી છે. ઇમારતની મજબુતાઈ જેમ પાયાને આભારી છે, તેમ આપણી ઉન્નતિ, આજ સુધી આ પ્રવૃત્તિ પાછળ જેણે ભોગ આપ્યો છે, તેને આભારી છે. આંબો રોપનાર તેના ફળની આશા વિના તેની ભાવી પેઢીના ભલા માટે વાવે છે, તેમ આપણે પણ ભાવિ પેઢીના ભલા માટે કાંઈક કરવું જોઈએ; તો જ સમાજ ઉત્કર્ષને માર્ગે આગળ વધે. એક જ્યોતનો પ્રકાશ બીજાને આપતાં

જવું. કે જેથી એ જ્યોતની પરંપરા અખંડ રહે.

આજે હું જોઈ રહ્યો છું, કે જ્ઞાતિમાં જ નહિ, પણ સમાજ, દેશ કે રાજ્યમાં—જ્યાં જુઓ ત્યાં વૃદ્ધો યુવાનોની અદાથી કામ કરી રહ્યા છે. પં. જવાહરલાલજી અને શ્રી. વિનોબાજી યુવાનોને શરમાવે એવા જુસ્સાથી આગળ વધી રહ્યા છે. યુવાનોએ એમાંથી પ્રોત્સાહન મેળવવું જોઈએ, એ જ રીતે જ્ઞાનની પરબમાંથી જેણે લાભ લીધો હોય, તેણે આ કાર્યને આગળ વધારવા પોતાનો હિસ્સો આપતા આગળ વધવું જોઈએ. એનું નામ જ સાચો વારસો છે.

## સિંહ જોઈએ, ઘેટાં નહિ !

લોકો આજની કેળવણીને વખોડે છે, વિદ્યાપીઠોને ભાંડે છે, પણ ખરી રીતે એ કેળવણી ખરાબ નથી, પણ એમાં પેઠેલા દૂષણોએ આ પરિસ્થિતિ ઊભી કરી છે. આ દૂષણોને ટાળવા યુવાનોએ કમ્મર કસવી જોઈએ; સંસ્કાર અને સંયમનું હવામાન ઊભું કરવું જોઈએ.

ચારિત્ર એ અમારું જીવન છે, આશા એ અમારો પ્રાણ છે, અને જીવનની સ્વચ્છતા એ અમારું સર્વસ્વ છે, એમ જ્યારે વિદ્યાર્થીઓને લાગશે, ત્યારે લોકો કેળવણીને વખાણશે, અને આજે જે કેળવણી વખોડાય છે, તે પ્રશંસાને પાત્ર બનશે.

આટલા આટલા વર્ષોથી તમે આ પ્રવૃત્તિ ચલાવો છો; પણ પ્રથમ કક્ષાએ આવે એવા કેટલા તૈયાર થયા ? જેનું નામ આંગળીને ટેરવે આવતું હોય એવો એક પણ તૈયાર ન થયો હોય, તો વિચારવું ઘટે કે આપણે ત્યાં સિંહ તૈયાર થયાં છે કે ઘેટાં ?

પ્રાચીન ભારતની પુણ્યતીર્થ જેવી તક્ષશિલા, નાલંદા અને વલ્લભીની વિદ્યાપીઠોનું સ્મરણ કરતાં આપણું હૃદય ગૌરવથી છલકાઈ જાય છે. જ્ઞાનના પુંજ અને તેજના ફુવારા જેવા ચારિત્રવાન વિદ્યાર્થીઓથી આપણો દેશ, આપણો ધર્મ, આપણો સમાજ અને આપણો ઇતિહાસ ઊજળો છે. ચીનના મહાયાત્રી હ્યુયેનશાંગ જેવાને એમનો ઉલ્લેખ, પોતાની સ્મૃતિ નોંધમાં કરવો પડ્યો છે.

આજના કેટલાક યુવાનો તો વાળ, કપડાં અને બૂટની ટાપટીપથી જ ઊંચા નથી આવતા. આવા યુવાનો પણ પ્રથમ કક્ષાએ તો આવતા જ હોય છે. પણ શામાં ? સિનેમા અને નાટકના નટ–નટીઓની પસંદગી કરવામાં ! આમ કહીને હું મારા યુવાન મિત્રોને ઉતારી નથી પાડતો; હું તો એમને જાગૃત કરવા માગું છું, ચેતવવા માગું છું. આવતી કાલ ઉપર મને પૂર્ણ વિશ્વાસ અને આશા છે; કારણ કે આ યુગમાં પણ આત્મઅર્પણ અને સંયમથી શોભતા કેટલાએ ભણેલા આપણી નજર સમક્ષ છે, જે આપણી શ્રદ્ધા અને આશાના પ્રતીક છે. હું તો એટલું જ કહું છું કે દૂષણોને દૂર કરી કેળવણીને નિષ્કલંકિત બનાવો.

જ્ઞાતિવાદમાં કેટલાય દૂષણો અને દુર્ગુણો પેઠા છે, જેનો ઇતિહાસ લાંબો છે. છતાં એના ફાયદા પણ એટલા જ છે. દૂષણોને દૂર કરી, આપણે એ દ્વારા લાભ ઉઠાવવાનો છે. આજે વિદ્યાર્થીઓને છ માસની ફીની આટલી મોટી રકમો અપાય છે, અને વિદ્યાર્થીઓને અધ્યયનમાં જે સહાયતા મળે છે તે જ્ઞાતિની સંસ્થાને આભારી છે.

હું તોડવા કરતાં જોડવામાં માનનારો છું, એટલે જે છે, તેમાંથી સારું લેવાનું છે, અને ખરાબને છોડવાનું છે.

તમે જગતને સુધારવા માગો છો? ભલે સુધારો. પણ તમે જ્યાં છો ત્યાંથી શરૂઆત કરો. તમે તમારા ઘેરથી કચરો કાઢવાની શરૂઆત કરો. ઘરને વાળી, કચરો ઘર બહાર લઈ જાઓ. પછી શેરીનો કચરો ગામ બહાર લઈ જાઓ, અને ગામનો કચરો દેશ બહાર લઈ જાઓ. દેશનો કચરો દુનિયાની બહાર લઈ જાઓ, અને અંતે એને દરિયામાં ફેંકી દો. પણ આજે તો દુનિયા વામમાર્ગે ચાલે છે, ઊંધે માર્ગે ચાલે છે. મને યાદ છે કે દેશમાં લડત ચાલતી હતી ત્યારે કેટલાએ યુવાનો હાથમાં ઝાડુ લઈ આખો બજાર વાળી આવતા પણ એની મા માંદી હોય અને ઘરનું આંગણું વાળવાનું હોય તો ના કહી ચાલવા માંડતા. તે વખતે સેવા જાણે ફેશન હતી.

આવા માણસો દુનિયાનો કચરો વાળવા નીકળે? એ કચરો પોતાના દેશમાં લાવે, દેશનો પોતાના ગામમાં, ગામનો પોતાના મહોલ્લામાં અને મહોલ્લાનો પોતાના ઘરમાં લાવે. આનું નામ જ વામ-માર્ગ? હું તો કહું છું કે પહેલાં તમારી જાતને સુધારો. પછી ઘર અને જ્ઞાતિને સુધારો; એ રીતે ચારે બાજુથી સુધારો આવશે તો આપણો ધર્મ, સમાજ અને દેશ જરૂર મહાન અને બળવાન બનશે.

આજની કેળવણી જીવનને માર્ગદર્શક ત્યારે જ બને કે જ્યારે એ કેળવણીને ધર્મનું માર્ગદર્શન હોય. કેળવણીકારોએ ધર્મને આઘો મૂક્યો છે. આવા સંજોગોમાં યુવાનોમાં ધર્મનું તેજ આવે ક્યાંથી? એટલે હવે આ કામ જ્ઞાતિઓએ અને

સમાજે ઉપાડી લેવાનું છે, અને ધર્મનું હવામાન ઊભું કરવાનું છે. એક રીતે સુધરેલી વ્યક્તિ અનેક રીતે ઉપયોગી થશે. કારણ કે એક જ માણસને જીવનનાં કેટલાં અંગો છે? ધર્મની દૃષ્ટિએ ધાર્મિક છે, જ્ઞાતિની દૃષ્ટિએ જ્ઞાતિજન છે, સમાજની દૃષ્ટિએ સામાજિક છે, દેશની દૃષ્ટિએ રાષ્ટ્રીય છે અને જીવનની દૃષ્ટિએ વ્યક્તિ છે. આ રીતે કોઈ પણ જ્ઞાતિનો એક સંસ્કારી અને સંયમી માણસ ધર્મ, સમાજ;દેશ અને જીવનને ગૌરવરૂપ થઈ પડે છે, અને એની સંસ્કારછાયા સમગ્ર વર્તુલ ઉપર પડે છે.

પણ આજે આપણી આસપાસની હવામાં અમરત્વની ભાવના ક્યાં છે? એ ભાવના સાચા ધાર્મિક શિક્ષણથી લાવી શકાય. આધ્યાત્મિક વિચાર વિના એ અમરત્વનો ખ્યાલ કોણ આપે? આધ્યાત્મિક જ્ઞાન જ જીવનની અસ્મિતા પ્રગટાવી શકે, એટલે દુન્યવી જ્ઞાન સાથે આધ્યાત્મિક જ્ઞાન પણ મળો એમ આપણે ઇચ્છીએ.

હમણાં એક ભાઈ બોલ્યા: "દાન દેનારા ઘણા છે, પણ લેવા જનાર નથી." આ વાક્ય શેઠશ્રી કસ્તુરભાઈએ થોડા દિવસ પહેલાં ઉચ્ચાર્યું હતું. એમનો અનુભવ સાચો છે, પણ સાથે સાથે એ પણ સાચું છે કે જેવાં તેવાં તકલાદી કાર્યો ઊભાં કરવાથી પૈસા નથી મળતા. કાર્ય સાચું જોઈએ, નક્કર જોઈએ, અને એ કાર્યની પાછળ કાર્ય કરનાર સાચો આત્મા જોઈએ. આત્મા સાચો હશે તો સહાયતા એક નહિ તો બીજેથી પણ મળી રહેશે. કાર્ય કદી નહિ અટકે.

આ પ્રસંગે જે એક વાત યાદ આવે છે તે એ છે કે કેટલાક લક્ષ્મીનંદનો પોતાના પૈસાને વિલાસને માર્ગે વાપરી રહ્યા

છે; જેના પાપે સમાજની સંસ્કારિતાનો ધ્વંસ થઈ રહ્યો છે. પૈસો સારે માર્ગે ન વપરાય અને ખરાબ માર્ગે વપરાય, વિલાસને માર્ગે ખરચાય તો જાણજો કે એ અન્યાય અને માનવશોષણમાંથી આવેલ છે, અને એ જેની પાસે હોય તેનો વિનાશ કર્યા વગર નહિ રહે.

તમે જોયું ને, કે રાજાઓનાં રાજ્ય ગયાં; તો આ ખોટી રીતે આવતો અને ખોટી રીતે જતો પૈસો કેવી રીતે ટકશે? આ સિવાય અહીં સ્મશાનની સામે જ ઈન્કમટેક્સ ઑફિસ છે એ સૂચવે છે કે દુનિયામાં વાપરીને આવો. સારા કામમાં નહિ વાપરો તો Death Duty અહીં ભરવી પડશે, જમાનો કેવો આવ્યો! માણસ શાંતિથી મરી પણ ન શકે! મરતી વખતે ટેક્સ અને મર્યા પછી પણ ટેક્સ! પૈસો હાથે ન વાપરવાનું આ પરિણામ!

બંગાળમાં ભારતેન્દ્ર હરિશ્ચંદ્ર નામના એક ધનપતિ થઈ ગયા. એ ઉદારતાપૂર્વક પૈસો વાપરતા. એમના સ્વજનો અને મિત્રોએ કહ્યું 'તમે પૈસાને પાણીની જેમ કેમ વાપરો છો?' એમણે હસીને ઉત્તર આપ્યો: "આ સંપત્તિ મારા બાપને અને મારા દાદાને ખાઈ ગઈ. મને પણ એ ખાવા માગતી હતી. પણ મેં વિચાર્યું કે એ મને ખાઈ જાય તે પહેલાં હું જ એને ખાઈ જાઉં.'


હું પણ આપને એ જ સલાહ આપું, કે એ તમને ખાઈ જાય એ પહેલાં તમે એને ખાઈ જાઓ. અને એમ કરવાથી તમે એક સામાન્ય સંપત્તિના બીજમાંથી મહાન્ સંપત્તિના અમર વૃક્ષને ઊભું કરશો કે જેને કાળ પણ નહિ ખાઈ શકે.

આ સિવાય મારે આપને ખાસ વાત કહેવાની છે કે

આવાં કાર્યોમાં મોટામાં મોટું ભયસ્થાન તો મોટાઈનું છે. એક માણુસ કામ કરે ત્યારે બીજો વિચારે કે એ મને ક્યાં પૂછીને કરે છે? કરવા દો એને! હું પણુ જોઉં છું કે એ કેવી રીતે કરે છે? એમ વિચારી કામ કરનારને સહાયતા આપવાને બદલે એને તોડવા પ્રયત્ન કરે; કાં એના કામમાં અંતરાય નાખે, અને એ રીતે પોતાની મહત્તા બતાવે.

પણુ યાદ રાખજો કે ક્ષણુભરની માણુસની અહમ્‌ની તુચ્છતાથી માણુસનો વિકાસ નથી થતો, પણુ વિનાશ થાય છે. એકબીજાના પૂરક બનો, એકબીજાને ટેકો આપો, અને એકબીજાને આગળ વધારો. જ્યાં સંપ છે; ત્યાં જંપ છે. Unity is Strength એક તાંતણો હોય તો તૂટી જાય; પણુ તાંતણાનો સમુદાય હોય તો દોરડું બને, અને તે હાથીને પણુ બાંધી શકે. એક ઈંટ હોય તો તૂટી-ફૂટી જાય, પણુ ઈંટો સમુદાયમાં ગોઠવાય તો ભવ્ય મકાન બને, અને હજારોને આશ્રય આપી શકે. ઊનના એક દોરાથી શરીર ઢંકાતું નથી; પણુ એક બીજામાં ગૂંથાય છે ત્યારે તે વસ્ત્ર બને છે, અને માનવીને ઢાંકે છે. શિશિરમાં પણુ હૂંફ આપે છે.

આપ સૌ પણુ આવી જાહેર પ્રવૃત્તિઓમાં એકબીજાની ત્રુટીઓ ધ્યાનમાં ન લેતાં ગુણોને ધ્યાનમાં લઈ સંપથી, સહકારથી કાર્ય કરશો, તો જરૂર પ્રગતિ સાધશો, અંતે આપ સૌને એક જ કહેવાનું છે કે અત્તરનું પૂમડું જેમ વાતાવરણુને સુવાસથી ભરે છે, તેમ આપ પણુ આપના જીવનને સત્કાર્યોની સુવાસથી ભરો! એવી શુભેચ્છા.



[૧૨]

# ગૌપૂજા

[ ૧૩–૩–૫૪ના દિવસે, મુંબઈ રાજ્ય ગૌશાળા પાંજરાપોળ સંઘના ત્રીજા અધિવેશને ગૌશાળા પ્રદર્શન પ્રસંગે હજારોની માનવ મેદની સમક્ષ વડોદરાના ન્યાયમંદિરમાં આપેલું ભાષણ. ]

**બહેનો અને ભાઈઓ !**

ગૌસંવર્ધનને પ્રાણીરક્ષાના કાર્યમાં જીવન અર્પણ કરનારા મહાનુભાવો આ વિષયમાં મારી પહેલાં ઘણું ઘણું કહી ગયા છે, છતાં સૌ ભાઈઓનો આગ્રહ છે કે મારે પણ કંઈક કહેવું, તો હું આપની આગળ મારી વ્યથા વર્ણવીશ.

આર્યાવર્તના માણસો ગાયની પૂજા કરે છે, એના કપાળે કુમકુમનો ચાંલ્લો કરે છે, એનું પૂછડું આંખે લગાડે છે, પણ

એજ ગાય પોતાનું પેટ ઉકરડે ભરે છે. ગલીએ ગલીએ ભમી, એંઠવાડ ખાઈ પોતાનો ઉદરનિર્વાહ કરે છે! આ ગૌપૂજા કઈ જાતની? દૂધ પીવું છે, પણ સેવા કરવી નથી. ગાય દૂધ આપતી બંધ થાય કે જાય કસાઈખાને ! હું પૂછું છું કે માનું દૂધ પીનાર, એનાથી પોતાના શરીરને પોષનાર, એના વડે સશક્ત બનનાર અને એનાથી જીવન મેળવનાર, એ જ માતાની ઉપેક્ષા કરનારને આપ સપૂત કહેશો કે કપૂત ? એને ઉત્તમ કહેશો કે અધમ ? તેવી જ રીતે ગાયનું દૂધ પીનાર, અને વસૂકી જતાં એની ઉપેક્ષા કરનાર, એને કસાઈખાને મોકલનાર એ કેવો કહેવાય ? ગાયો–નિર્દોષ પ્રાણીઓ–આજે કસાઈખાનામાં કપાઈ રહ્યાં છે, ગોમાંસ છડેચોક વેચાઈ રહ્યું છે. શું આ આપણી આઝાદી ? એ નિર્દોષ પશુઓની વેદના ભરી આંખો સામે તો જુઓ ! એમની મૂકવેદના કોણ સાંભળે તેમ છે! વાતો કરે કંઈજ નહિ વળે. પ્રતિજ્ઞા કરો. ઘેર ઘેર એક એક પેટી રાખો. સવારે ઊઠી એ પેટીમાં કંઈક નાખીને પછી નિત્ય કાર્યો કરવાં જોઈએ, ભલે, એક પૈસો નાંખો. પણ સૌ આ નિયમ પાળે તો બાર મહિને કેટલી મોટી રકમ ભેગી થાય ! એ રકમ આવી પાંજરાપોળને અંજલિરૂપે, અર્ધ્યરૂપે અર્પો. એ જ સાચું ગૌપૂજન છે! એમને કસાઈખાને જતી અટકાવવી એ જ સાચી પૂજા છે !

ઘણા કહે છે: ગાયના પૂંછડામાં તેત્રીસ કરોડ દેવતા છે. એનો અર્થ શો ? તેત્રીસ કરોડ દેવતા એટલે તેત્રીસ કરોડ માનવ. દૂધ, છાશ, ઘીથી એ તેત્રીસ કરોડ માનવોને પોષે છે. પશુધન પર માણસનાં જીવનનો આધાર છે. એટલે ગૌરક્ષાનો ટૂંકો લાક્ષણિક અર્થ ઇન્દ્રિયરક્ષા થાય છે. ગૌપાલન એટલે

ઇન્દ્રિયપાલન, કારણ કે ગાયના ગોરસથી ઇન્દ્રિયો આશક્ત અને સતેજ રહે છે.

પણ એટલું ગૌપાલન કરીને જ અટકી જવાનું નથી. માનવધર્મ એથીયે આગળ જાય છે. ગાયોને પાળવી અને બીજા પ્રાણીઓને કતલખાને જવા દેવાં એ તો સ્વાર્થધર્મ થયો. ગાય દૂધ આપે છે, એટલે એને પોષવી, અને બીજાં પ્રાણીઓ ઉપયોગી નથી, એટલે એના પ્રત્યે ઉપેક્ષા કરવી. એ માનવને શોભે ખરું ? સ્વાર્થમાં દાનવતા છે, પરમારથમાં માનવતા છે. માનવધર્મનો ઉપાસકઅબ્રાહમલિંકન અત્યારે મને યાદ આવેછે.

એ અમેરિકાના પ્રમુખ હતા. એક વખત એ પાર્લામેન્ટમાં જઈ રહ્યા હતા. ગાડી ઝડપથી જઈ રહી હતી. એમની નજર કીચડમાં ખૂંચી ગયેલા એક ડુક્કર પર પડી. એ કીચડમાં તરફડી રહ્યું હતું, ચીસો પાડી રહ્યું હતું. લિંકને ગાડી ઊભી રાખી, ડુક્કર તરફ દોટ મૂકી, કીચડમાં ખૂંચી ગયેલા એ નિરાધાર પશુને એણે અજબ રીતે ઉગારી લીધું ! પણ એનો સૂટ કીચડમાં ખરડાઈ ગયો. ફરી ઘેર જઈ કપડાં બદલવા જેટલો સમય નહોતો. પાર્લામેન્ટનો સમય થઈ ગયો હતો. અને સમયની નિયમિતતા માટે તો લિંકન પ્રસિદ્ધ હતો. એ સીધો સભાગૃહમાં આવ્યો, સભ્યોએ ગાડીવાનને પૂછ્યું : પ્રમુખનાં કપડાં આમ કીચડમાં કયાં ખરડાયાં ? ગાડીવાનની વાત સાંભળી સૌ આશ્ચર્ય પામી ગયા. વાહ ! આવો દયાળુ ! બધા મળીને લિંકનને માન આપતાં કહેવા લાગ્યાં : ‘ આપ ખરેખર દયાળુ છો. આપને ધન્યવાદ છે. આપે ડુક્કરનો ઉદ્ધાર કર્યો....! ’ પણ પ્રશંસકોને અધવચ્ચેથી અટકાવી લિંકને આપેલો

ઉત્તર હૈયામાં કોરી રાખવા જેવો છે : 'બસ, બસ, વ્યર્થ મારી પ્રશંસા ન કરશો. મેં કોઈનાય પર દયા કરી નથી. તેમ મેં કોઈનો ઉદ્ધાર પણ કર્યો નથી. મેં તો મારા હૈયામાં ભોંકાયેલા કાંટાનો જ ઉદ્ધાર કર્યો છે. કીચડમાં તરફડતા ડુક્કરને જોઈ મારા હૈયામાં કાંટો વાગ્યો. મારી વેદનાના કાંટાને કાઢવા માટે મારે ડુક્કરને કાઢયા વિના ચાલે તેમ ન હતું. કાંટો કાઢવાનો કંઈક ઉપાય તો લેવો જ પડે ને....' માનવતાભર્યો આ ઉત્તર સાંભળી સૌ નમી પડયા.

ભારતના કોઈ સંતનો દાખલો ન આપતાં, મેં અમેરિકાના પ્રમુખનો દાખલો આપ્યો. કારણ કે આપણા રાજ્યબંધારણનું ખોખું અમેરિકાનું છે. વાતાવરણમાં અમેરિકાની હવા ભરી છે. એ હવાએ જ આ પ્રાણીનાશની હવા ફેલાવી છે ત્યારે વિચારવાની આવશ્યક્તા છે કે જડવાદની હવામાં પણ એ માનવી કેવી કુમળી લાગણી ધરાવતો હતો! જ્યારે અધ્યાત્મવાદની હવાવાળા દેશમાં કતલખાનાં ઊભરાઈ રહ્યાં છે, એ શું સૂચવે છે? વિચારજો માનવતા હોય તો...



[૧૩]

# આદર્શ શિક્ષક

जहा खरो चंदणभारवाही भाररस भागी न हु चंदणस्स।
एवं खु नाणी चरणेण हीणो नाणस्स भागी न हु सुग्गईए ॥

—ઉપદેશમાળા

જેવી રીતે ચંદનના લાકડાને ઉપાડીને જનાર ગધેડાને એનો ભાર મળે છે, પણ ચંદનની સુવાસ કે શીતળતા મળતી નથી, તેમ સદાચરણ વિના માત્ર જ્ઞાનને ધારણ કરનારને પણ જ્ઞાનનો ભાર મળે છે, પણ સદ્ગતિ-ઊર્ધ્વગતિ નથી મળતી!

આજે આપણે 'આદર્શ શિક્ષક' સંબંધી વિચાર કરવાનો છે. આપણા પ્રત્યેકના હૃદયમાં જે જે ભાવનાઓ જાગે છે, જે જે ઊર્મિઓ દિવ્ય જીવનના સર્જન માટે ઝંખના સેવે છે, તેનો પડઘો પડે છે, અને અંતે તે કાર્યમાં આકાર પામે છે. આદર્શ એટલે અરીસો. અરીસામાં આપણું મુખ જોઈ શકાય,

પરંતુ જો એ અરીસો ગંદો, મલિન કે ડાઘવાળો હોય તો તેમાં આપણું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાતું નથી. પ્રતિબિંબને સ્વચ્છ અને નિર્મળ અરીસો જ ઝીલી શકે. એ પ્રમાણે આપણું જીવન પણ પવિત્ર, સ્વચ્છ અને નિષ્કલંક હોવું જોઈએ. કોઈ પણ માણસ આપણું જીવન તપાસે તો તેને આપણામાં કાંઈ ઊણપ દેખાવી ન જોઈએ. આપણા જીવનમાંથી એને પ્રકાશ મળવો જોઈએ, અને એનાથી એનું જીવન પ્રકાશમય બની જવું જોઈએ. આપણા જીવનમાંથી સારું તત્ત્વો એને મળવાં જોઈએ. નબળાં નહિ.

ભવિષ્યના નાગરિકો તૈયાર કરનાર શિક્ષકોનું જીવન આ દૃષ્ટિએ પવિત્ર અને નિષ્કલંક હોવું જોઈએ. લોંગફેલોએ કહ્યું છે કે-

'Lives of great men all remind us,
We can make our lives sublime,
And, departing leave behind us
Footprints on the sands of time.'

મોટા માણસોની જિંદગી જીવનની મહત્તાને સંભારી આપે છે કે જેથી આપણે આપણા જીવનને ઊર્ધ્વગામી બનાવી શકીએ અને આ જગતમાંથી વિદાય લેતી વખતે કાળની રેતી પર આપણાં શુભ કાર્યોની પગલીઓ મૂકતા જઈએ કે જેને આધારે ભૂલા પડેલા આપણા બંધુઓ જીવન-પંથમાં હિંમતપૂર્વક આગળ વધી શકે. એવા મોટા માણસના પગલે જઈશું તો આ ભવસાગરના વમળમાં ભૂલા પડતાં માર્ગ મળશે. આ જીવન અતિ ગૂઢ છે. જીવન સહેલાઈથી જીવી જવાય એવું નથી. અનેક મુશ્કેલીઓ, આંટીઘૂંટી અને દુઃખની

ઊંડી ખીણો ઓળંગવી પડશે, અને તે વખતે આદર્શોનું ભાથું આપણી પાસે હશે, તો જ આ જીવનપંથને વટાવી શકાશે.

દરેક માણસે પોતાના આદર્શો નક્કી કરી લેવા જોઈએ—અંતે એજ કામ લાગશે. આપણે બધા ભીંત ઉપર સૂત્રો લખીએ છીએ, પણ સૂત્રનું રહસ્ય જીવનમાં ઉતારવું જોઈએ. જેમ એન્જિનની પાછળ ડબ્બો દોડી આવે છે, તેમ આપણા જીવનરૂપી ડબ્બાને આદર્શરૂપી એન્જિન લગાડવું જરૂરી છે કે જેથી જીવનમાં વેગ આવે, અને એ પ્રગતિ કરે.

એક ઠેકાણે કહ્યું છે કે સત્ય એ તો પ્રકાશ છે. દશ હજાર વર્ષનું અંધારું હોય છતાં ત્યાં જો એક દીવાસળી સળગાવવામાં આવે તો તત્કાળ અંધકાર દૂર થઈ જાય છે. વ્રત એ પણ પ્રકાશ છે. એ આવે તો જ સ્વચ્છંદતાનું અંધારું જાય. આ પ્રકાશનાં આગમનથી આપણામાંથી દાનવતા નાશ પામશે અને માનવતા આવશે, કારણ કે માનવી દિવ્ય ચેતનાવંત પ્રાણી છે. એણે પોતાના જીવનમાંથી માનવતાની હવા પેદા કરવી જોઈએ.

અત્યારે જે શિક્ષણ અપાઈ રહ્યું છે, તે કેટલેક અંશે જગતને છેતરનારું—લૂંટનારું છે, ચોરી કરનારી વૃત્તિ કેળવે એવું છે. મનુષ્ય જેમ વધારે ભણેલો તેમ તે વધુ પ્રપંચી અને વધુ કાવાદાવાવાળો બને છે. આજના કેટલાક વકીલો, બૅરિસ્ટરો અને ન્યાયાધીશોને જોજો. તે કહે છે કે ચોરી કરીને આવો, કે ખૂન કરીને આવો; પણ સાથે નાણાંની કોથળી લેતા આવો! તમારો બચાવ કરવા અમે બેઠા જ છીએ. શું આ જીવન છે?

ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે કે—જેમ ગધેડો

ચંદનનાં લાકડાં ઉપાડી જતો હોય તો તેને કાંઈ સુગંધ મળતી નથી, પણ ભાર જ મળે છે, તેમ સદાચાર વિના, માત્ર જ્ઞાનનો બોજ ઉપાડીને ફરનાર પણ એક પ્રકારનો ગધેડો જ છે.

આપણી પાસે જે જ્ઞાન છે, તેનો સદુપયોગ ન કરીએ, તો તે આપણને અને જગતના લોકોને શા કામનું ? કરોળિયો અન્ય જીવને ફસાવવા માટે જાળ રચે છે, માંખી કે બીજાં જંતુને તેમાં ફસાવે છે, પણ છેવટે પોતે પણ એમાં જ ફસાઈ જાય છે: આજનું શિક્ષણ પણ એની જેમ ફસાવે એવું જ છે ને ? " सा विद्या या विमुक्तये" આ સૂત્ર જે દીવાલ ઉપર છે તેને તમે તમારા દિલની દીવાલ ઉપર કોતરો.

જે કેળવણી માણસને પોતાના જીવનનો ભાર બીજા ઉપર નાખીને જીવતાં શીખવે, તે કેળવણી પણ નથી અને તે લેનાર કેળવાયેલો માણસ પણ નથી. જીવનમાં ઓછામાં ઓછી જરૂરિયાત રાખો, સાદું જીવન જીવો, ઊંચા વિચાર રાખો, સાદો ખોરાક લો, અને ઉચ્ચ જીવન બનાવો—એમ જે શિખવાડે તેનું નામ જ તાલીમ. એ કહે છે કે મગજ દ્વારા નહિ પણ જીવન દ્વારા જીવતાં શીખો.

આ યંત્ર યુગમાં તો મગજને પણ તસ્દી ન આપવી પડે એવાં યંત્રો શોધાયાં છે. યંત્ર ઉપર હજારો રકમના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર થાય છે. એવા યંત્રયુગમાં આપણે પ્રજાને શ્રમનું મહત્ત્વ સમજાવવાનું છે. આ કામ સહેલું નથી, કઠિન છે; પણ આ કઠિન કાર્ય કર્યા વિના આપણો આરો નથી, આપણને શાંતિ પણ નથી. માણસ પોતાના પગ ઉપર ઊભો રહેતાં શીખે, અને કોઈના પણ આધાર વિના જીવી શકે,

એ જ સાચાની કેળવણી.

અંગ્રેજી કેળવણી તો વેલ જેવી છે; તેને ઝાડનો ટેકો જોઈએ, પરંતુ બુનિયાદી કેળવણી તો વડના ઝાડ જેવી છે. તેને ટેકાની જરૂર નથી, તે અન્યને છાંયડો આપે છે, પક્ષીઓ તથા માનવોને વિશ્રામ આપે છે.

આત્માની જરૂરિયાત જેમ જ્ઞાન, સંયમ અને તપ છે, તેમ આપણા જીવનની મુખ્ય જરૂરિયાત ત્રણ છે: અન્ન; વસ્ત્ર અને ઓટલો. એ સિવાય તમામ જરૂરિયાત વધારાની છે; બોજારૂપ છે; માટે જીવનમાં જે ખોટી જરૂરિયાત દેખાય છે તેને પોષણ ન આપો; તેને વધારો નહિ. જરૂરિયાત ઘટાડો.

હાતિમતાઈએ એકવાર મિજબાની આપી. તેમાં આખું ગામ આવ્યું; પણ એક કઠિયારો ન આવ્યો. સાંજે કઠિયારો તેને મળ્યો ત્યારે તેને હાતિમતાઈએ પૂછ્યું : 'કેમ ભાઈ; આખું ગામ જમવા આવ્યું; તોય તમે ન આવ્યા ?'

કઠિયારાએ કહ્યું: 'જેના બાહુ સલામત છે; તેણે હાતિમતાઈને ત્યાં શું કામ જવું જોઈએ ?'

એ પછી એકવાર હાતિમતાઈને કોઈએ પૂછ્યું : દાતા કોણ ?'

એણે ઉત્તર વાળ્યો : '**કઠિયારો.** કારણ કે જેને પોતાને માટે બીજાની પાસે હાથ ધરવો પડતો નથી તે જ શ્રેષ્ઠ દાતા.' જે માણસને બીજાની વસ્તુ લેવાની જરૂર પડે તે પરાવલંબી છે. જે સ્વાવલંબી છે તે કોઈને લૂંટતો નથી; અને કોઈનીય સ્પૃહા રાખતો નથી. આ પ્રકારનું જીવન જીવનાર કોઈની પણ સામે અણનમ મસ્તકે ઊભો રહી શકે છે. સાદું

જીવન જીવનારો નિષ્કલંક હોય છે. એવું જીવન જીવીએ તો આભને આંબે એવું ઉન્નત માથું રાખી શકીએ. મહાત્મા આનંદઘનજી કહે છે કે જેમ કૂતરો આશા ધારણ કરીને ઘેર ઘેર ભટકે છે; તેમ વધારે જરૂરિયાતવાળો માણસ પણ ઠેરઠેર ભટકતો હોય છે; પરંતુ સ્વાવલંબી કોઈના ઘેર જતો નથી.

પહેલાં ગામડાંના લોકો પોતાનાં બાળકોને શિક્ષણ અપાવતા; તેના બદલામાં શિક્ષણ આપનારને ભિક્ષા કે દક્ષિણા આપતા. પણ તેનું સ્થાન સમાજમાં ગુરુનું હતું. આજ તો પ્રોફેસરો પણ પંતુજી ગણાય છે. તે વખતે શિક્ષણ આપનાર વ્યક્તિ નિઃસ્પૃહી હતી. આજે તો ગામડે ગામડે અને શહેરે-શહેરમાં સ્કૂલ-કૉલેજમાં શિક્ષણ અપાઈ રહ્યું છે, પણ તે ભાડૂતી. આ શિક્ષણ ભાડૂતી ધાવમાતા બાળકને રમાડે એવું છે. એમાં સ્નેહ નથી, વાત્સલ્ય નથી, મમતા નથી; માત્ર બદલો લેવાની જ ભાવના છે. વધારે લેવું છે ને થોડું આપવું છે.

હમણાં યુરોપમાંથી થોડી બહેનો ભારતમાં આવી છે. તેઓ અહીં રહીને ભારતના કુટુંબજીવનનો અનુભવ લે છે, અને અહીંના કુટુંબજીવનનો ખ્યાલ મેળવે છે. તેઓ મને મળવા આવ્યા ત્યારે કહે કે 'યુરોપમાં તો વૃદ્ધો માટે અલાયદાં મકાનો તૈયાર હોય છે, ત્યાં તેમને રાખવામાં આવે છે.' આ વાત કેવી વિચિત્ર લાગે છે! માણસમાં જ્યાં સુધી રસકસ રહે, ત્યાં સુધી તેને ચૂસી લઈ પછી તેને વૃદ્ધ-ગૃહ Old house માં મોકલી આપવો! કેવી ખોટી ભાવના! સાચું શિક્ષણ નહિ આવે તો મને લાગે છે કે ભારતમાં પણ કદાચ એવો વખત આવે!

આણંદના વલ્લભવિદ્યાનગરમાં મારે એક ભાઈ સાથે

વાતચીત થઈ. તે ભાઈએ કહ્યું : ઈશ્વર કેમ દેખાતો નથી ?' આ પ્રશ્ન સાંભળી મને એક ચિન્તકે આપેલો ઉત્તર યાદ આવ્યો. પછી મેં કહ્યું, 'તમે આ કાગળ ઉપર ઈશ્વર શબ્દ લખો.' પછી મેં કહ્યું : 'આના ઉપર એક રૂપિયો મૂકો ' અને એણે ખિસ્સામાંથી રૂપિયો કાઢયો અને એના ઉપર મૂકયો. મેં પૂછયું : 'હવે ઈશ્વર કયાં છે ?' એણે કહ્યું : ઈશ્વર રૂપિયા નીચે દટાઈ ગયો છે.' બસ આ જ વાત છે. ઈશ્વર—પરમાત્મા ધન નીચે દટાઈ ગયો છે. આ જ રીતે પૈસાની નીચે જેમ ભગવાન દબાઈ ગયો તેમ કેળવણી નીચે માણસ દટાઈ ગયો છે. આજ સમાજમાં સૌ કોઈ પૈસા પાછળ પડ્યા છે. જેનીપાસે પૈસા વધારે હોય તેને સમાજમાં વધારે માન મળે છે. આવા ધનલોભી કરતાં પશુ વધારે સારાં. તે પોતાના જીવન સુધી મૌનપણે સેવા બજાવે છે, અને મર્યા પછી પણ તેનાં ચામડાં, શીંગડાં, હાડકાં વગેરેથી કાંઈક આપતાં જાય છે. માણસનું શું કામ લાગે છે !


શિક્ષકો આધુનિક ભારતના ઘડવૈયા છેઃ તેના પર સૌએ મીટ માંડી છે. તેની પાસે જે બાળકો શિક્ષણ કે સંસ્કાર મેળવવા આવે છે તેઓને એવું શિક્ષણ આપવું જોઈએ કે શિક્ષણ લેનારને થાય કે જેમ આપણા શિક્ષક, જીવન જીવી ગયા; તેમ અમે પણ અમારું જીવન વિતાવીએ. શિક્ષકે ધૂળમાંથી માનવ બનાવવાનો છે.

એક વખતે કોઈએ માટીના ઘડાને પૂછયું, 'ઘડા, તારી કિંમત કેટલી ?' જવાબ મળ્યો : 'બે આના.' બસ, બે જ આના ?' 'હા, બે આના.' ઘડો કહેવા લાગ્યો. 'મારી કિંમત બે જ આના કેમ છે તે સાંભળો. પ્રથમ હું ઢેકું હતું. ( ઢેકું

નાન્યતર જાતિ ) કુંભાર મને ગધેડા પર નાંખી પોતને ઘેર લઈ ગયો. ત્યાં હું માટી બની. (નારી જાતિ) કુંભારે મને ખૂંદી પિંડ બનાવી ચાક પર મૂકયો, ને પુષ્કળ ઘુમરી લીધી. એટલે મારો આકાર થયો. કેટલોક ભાગ તેમાંથી કાપી નાખી મને તડકામાં મૂકયો. હું પુરૂષ બન્યો ( ઘડો ) કુંભારે મને અગ્નિમાં નાખ્યો; તેમાં જે કાચા ઘડા હતા તે ફૂટી ગયાં. જે ફૂટયા તેનાં ઠીકરાં થયાં. ઠીકરાં શું કામ લાગે તે તમે જાણો છો ? કચરો ઉલેચવા.

તેમ જે કાચા માણસ છે તેની પણ એ જ દશા થાય. હવે બાકીના જે સાંગોપાંગ રહ્યા તેમને કુંભાર લઈ આવ્યો. અને રસ્તા પર પ્રદર્શન ભર્યું. તેને બહેનો કંઈ એમ ને એમ લે છે ? લેતાં પહેલાં ટકોરા લગાવે છે. ટકોરામાં હું પાસ થયો. તો મારી કિંમત થઈ. મૂલ્ય ભલે બે આના છે. પણ મારું સ્થાન કયાં છે ? સ્ત્રીના માથા ઉપર; સૌથી ઊંચે.'

આ વાત કહીને હું એ કહેવા માગું છું કે જે આદર્શ શિક્ષક હશે તે ઊંચે સ્થાને બિરાજશે, નહિ તો ઠીકરાં તો છે જ.



[ ૧૪ ]

# ધર્મરત્ન

મૂલ્યવાન હીરો સોનાની વીંટીમાં જ શોભે. પિત્તળ તેને માટે અપાત્ર છે, તેમ આપણું મન સુવર્ણ જેવું શુદ્ધ હોય તો જ ધર્મરત્ન એમાં શોભે. માટે ધર્મરત્ન પ્રાપ્ત કરવા પહેલાં પાત્રતા મેળવો. આપણું મન સંયમવિહોણું હોય તો એ અપાત્ર ગણાય.

તો પ્રશ્ન ઉદ્ભવે છે કે, શું આપણે અપાત્ર છીએ? ના, આપણે આ દુનિયામાં કદાચ અપાત્ર ન પણ હોઈએ, પણ જ્ઞાનીની દુનિયામાં પ્રવેશવા માટે તો મહાપુરુષોએ ચીંધેલી પાત્રતા મેળવવી પડશે જ; કારણ કે દુનિયાની દૃષ્ટિએ પાત્ર બનેલો માણસ ઘણીવાર જ્ઞાનીઓની દૃષ્ટિએ અપાત્ર પણ ઠરે છે; અને પાત્રતા મેળવવા ફરીથી એકડો ઘૂંટવો પડે. આત્મિક પાત્રતા સત્તાથી, વૈભવની વિપુલતાથી કે ધનથી નથી મળતી,

આત્મિક પાત્રતા વાસનાના વિજયથી, સત્સમાગમથી; ગર્વના નાશથી અને યોગ્ય વચનના વ્યવહારથી મળે છે; અને આ વસ્તુઓનો આધાર હૃદયની સૂક્ષ્મ ભાવના પર છે, સ્થૂલ વસ્તુ પર નથી જ.

કેટલીક વાર એવું પણ જોવા મળે છે, કરોડો રૂપિયાના માલિકમાં જે પાત્રતા હોતી નથી તે એક નિર્ધનમાં જોવા મળે છે. એ બહારથી સામાન્ય ને નિર્ધન દેખાતો માણસ અંદર રાતદિવસ વાસના સામે યુદ્ધ કરતો હોય છે. એ યુદ્ધ એ જ એની પાત્રતા.

પાત્ર માણસ તો અજાણતા પણ આવેલા ક્રોધને, માયાને કે લોભને પોતાના હૈયામાં વધારે સમય ટકવા દેતો નથી. દુર્જનના સ્નેહની જેમ એના કસાયો પણ ક્ષણજીવી હોય છે!

આ અંદરની પાત્રતા લાવવા માટે મનુષ્યે પોતે જ પોતાના ચોકીદાર બનવું પડે છે, કારણ કે દરેક ક્રિયાની પાછળ મનની શુદ્ધિનું જ મહત્ત્વ છે, દુર્ગુણો અંતરમાં જ થાણું નાખીને પડ્યા છે. આ દુર્ગુણોને કાઢવાની અને નવાં ન પ્રવેશી જાય તેને માટે માણસને બમણી મહેનત લેવી પડે છે.

નવા દુર્ગુણો માણસોમાં ક્યારે પ્રવેશી જાય તે કહેવું મુશ્કેલ છે, તેથી દરેક મનુષ્યે મહાપુરુષોની સેવા કરી, એમની પાસેથી શાસ્ત્રશ્રવણ કરવું જોઈએ, શાસ્ત્રશ્રવણ માણસને દુર્ગુણ તરફ જતો રોકે છે. એના પર આવતા વાસનાના દબાણને એ અટકાવે છે, અને માણસને સદ્‌વિચારમાં રાખે છે.

માણુસ સારું સાંભળે તો એને વિચાર પણ સારા આવે. ખરાબ વાંચે–વિચારે તો એને નબળા વિચાર આવે. સોબત તેવી અસર. ઘોડાને ગધેડાની સાથે બાંધ્યો હોય તો એ ભૂંકતાં ભલે ન શીખે, પણ લાત મારતાં તો જરૂર શીખે.

ઉકરડા પાસે બેસીએ તો બદબો આવે અને બગીચામાં બેસીએ તો ખુશબો આવે. દુર્જન સાથે બેસીએ તો અધમતા આવે, સજ્જન સાથે મૈત્રી હોય તો ઉત્તમતા આવે.

આજ માણુસોને ઉત્તમ સાધુઓની સોબત ગમતી નથી, કારણુ કે અંતરમાં રોગ છે. અંદર રોગ હોય ત્યાં બાહ્ય ઉપચાર નકામા નીવડે છે.

વાસના એ અંદરનો રોગ છે.

અપવિત્ર તત્ત્વો હરહંમેશાં આપણી આસપાસ ચક્કર લઈ રહ્યાં છે. એ નિર્બળ પળની પ્રતિક્ષા કરે છે. સમય મળતાં એ આત્મા પર ચઢી બેસે છે. એની સામે માણસ જાગૃત હોય તો એનું કાંઈ જ નથી ચાલતું. પણ એ અપવિત્ર તત્ત્વો માણસને ઘેનમાં નાખે છે, એને ગાફેલ બનાવી ઢાળી પાડે છે.

આ ઘેનની સામે રક્ષણ આપનાર સત્સંગ છે.

આ સત્સંગ પછી બીજી વાત તે ગર્વને ગાળવાની છે. જેમ સોડાવોટરની શીશીમાં ગોળી હોય છે, તેમ માણસમાં પણ ગર્વની ગોળી હોય છે. આ ગોળીને લીધે અંદરનું અંધારું બહાર જતું નથી અને બહારનો પ્રકાશ અંદર આવી શકતો નથી.

ગર્વ ગળે તો પ્રકાશ મળે.

આ ગોળીને ગાળવા માટે આત્મામાં લઘુતા લાવવી, મહાપુરુષોને વંદન કરવું, એમની નિશ્રામાં રહેવું, એમના પ્રત્યે સદ્ભાવ બતાવવો, આ ગર્વને ગાળવાના ઉપાય છે.

માણસ સત્સંગ કરતો હોય, ગર્વને ગાળવા સતત પ્રયત્ન કરતો હોય તો એની વાણી કેવી હોય? એવા માણસની વાણીમાં સત્ય હોય, પથ્ય હોય, અને મધુ હોય.

સત્ય એટલે પ્રકાશ આપનારી,
પથ્ય એટલે યોગ્યતા ભરેલી
મધુ એટલે પ્રિયકારિણી.

આવી વાણીવાળો માનવી ધર્મરત્નને માટે ખરેખર પાત્ર ગણાય.

# શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ

**અમદાવાદ**

**રસભર** નીતિપ્રેરક વાચન આપવાની મનોભાવના સાથે જન્મેલા આ ટ્રસ્ટની શરૂઆત સં. ૨૦૧૩થી થઈ છે. ૭ વર્ષની સફળતાં જોતાં, લેખકોની શુભેચ્છા નીરખતાં અને વાચકોની અપાર મમતા જોતાં, એ સફળતાનો યત્કિંચિત્ આનંદ અનુભવે છે.

૭ વર્ષના લવાજમના માત્ર રૂપિયા સાઈઠમાં ઘરમાં એક નાનું સરખું પુસ્તકાલય ખડું થઈ જાય છે: ને આ નાના પુસ્તકાલયને વસાવી ઘણાં ઘરોમાં માબાપ ને પુત્ર-પુત્રી વગેરે આખું કુટુંબ એક સાથે બેસીને વાંચતું ને રસલહાણ લેતું અમે જોયું છે: એ વખતે અમારો ઘરદીવડા જેવો આ પુરુષાર્થ સફળ લાગ્યો છે.

કેટલાક પુસ્તકોની બીજી, ત્રીજી અને ચોથી આવૃત્તિ થઈ ગઈ છે. પુસ્તકો જેમ જેમ પૂરાં થતાં જાય છે તેમ તેમ નવી આવૃત્તિઓ છાપવાની વ્યવસ્થા રાખેલી છે.

નવા ગ્રાહક થનારની ઈચ્છા શરૂઆત (સં. ૨૦૧૩)થી ગ્રાહક તરીકે નામ નોંધાવવાની હશે તો તે પ્રમાણે ૨૦૧૩થી દરેક વર્ષનાં પુસ્તકો મળી શકશે.

આપનું લવાજમ મોકલી આપશો અને સાથે આ નીતિધર્મની પરબનાં પાન બીજાને પણ ગ્રાહક બનાવીને કરશો-કરાવશો.

**લાલભાઈ મ. શાહ**
વ્યવસ્થાપક

**************************************

## નીતિબોધની પવિત્ર ગંગા જેવાં
## શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટનાં
## પુસ્તકો

વાર્ષિક લવાજમ રૂા. ૧૦-૦૦ (પો. જુદું)

### ૧લું વર્ષ : વિ. સં. ૨૦૧૩

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
|---|---|---|---|
| ×૧ | ભગવાન મહાવીર | શ્રી. જયભિખ્ખુ | ૩-૦૦ |
| *૨ | સદ્વાચનમાળા શ્રેણી ૧લી | ,, | ૨-૫૦ |
| *૩ | સુવર્ણ કંકણ | શ્રી. રતિલાલ દેસાઈ | ૧-૦૦ |
| ×૪ | સૌરભ | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨-૦૦ |
| *૫ | સતની બાંધી પૃથ્વી | શ્રી જયભિખ્ખુ | ૨-૦૦ |
| *૬ | સદ્વાચનમાળા શ્રેણી ૨જી | ,, | ૨-૫૦ |
| ×૭ | અક્ષય તૃતીયા | ,, | ૦-૪૫ |
| | | | ૧૩-૪૫ |

卐

### ૨જું વર્ષ : વિ. સં. ૨૦૧૪

| | | | |
|---|---|---|---|
| ૧ | ભગવાન ઋષભદેવ | શ્રી જયભિખ્ખુ | ૩-૫૦ |
| ૨ | વીરડાનાં પાણી | શ્રી ઉષા જોષી | ૨-૦૦ |
| ×૩ | ભવનું ભાતું | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૧-૨૫ |
| -૪ | સદ્વાચનમાળા શ્રેણી ૩જી | શ્રી જયભિખ્ખુ | ૨-૫૦ |
| *૫ | પાપ અને પુણ્ય | શ્રી જયભિખ્ખુ અને સત્યમ્ | ૨-૦૦ |
| ૬ | પ્રેમપંથ પાવકની જ્વાળા | ,, | ૧-૫૦ |
| -૭ | દહીંની વાટકી | ,, | ૦-૪૫ |
| | | | ૧૩-૨૦ |

**************************************

****************************************

## ૩જું વર્ષ : વિ. સં. ૨૦૧૫

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
|---|---|---|---|
| *૧ | **પ્રેમનું મંદિર** | શ્રી. જયભિખ્ખુ | ૩–૫૦ |
| *૨ | **જગતશાહ** | શ્રી. ગુણવંતરાય આચાર્ય | ૩–૦૦ |
| +૩ | **હવે તો જાગો** | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| *૪ | **શ્રી નેમ-રાજુલ** | શ્રી. જયાબહેન ઠાકોર | ૨–૫૦ |
| ૫ | **આંબે આવ્યો મોર** | શ્રી. જયભિખ્ખુ | ૧–૫૦ |
| *૬ | **રાગ અને વિરાગ** | શ્રી. રતિલાલ દેસાઈ | ૧–૨૫ |
| ×૭ | **બિન્દુમાં સિન્ધુ** | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦–૬૫ |
| | | | ૧૪–૪૦ |

## ૪થું વર્ષ : વિ. સં. ૨૦૧૬

| | | | |
|---|---|---|---|
| ૧ | **સંસારસેતુ** | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૨ | **સદ્‌વાચનમાળા શ્રેણી ૪થી** | ,, | ૩–૦૦ |
| ૩ | **માતૃદેવો ભવ** | શ્રી સુશીલ | ૧–૫૦ |
| *૪ | **ત્યાગની વેલી** | શ્રી ચુ. વ. શાહ | ૧–૫૦ |
| –૫ | **મંત્રીશ્વર વિમલ** | શ્રી જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૬ | **સૂલી પર સેજ હમારી** | શ્રી જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૭ | **ચપટી બોર** | શ્રી જયભિખ્ખુ | ૦–૭૫ |
| | | | ૧૩–૨૫ |

****************************************

**********************************************

## ૫ મું વર્ષ : વિ. સં. ૨૦૧૭

| | | | |
|---|---|---|---|
| *૧. | શત્રુ કે અજાતશત્રુ ભા–૧ | શ્રી જયભિખ્ખુ | ૩–૫૦ |
| *૨. | ,, ભા–૨ | ,, | ૩–૫૦ |
| ૩. | નકલંક મોતી | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૨–૦૦ |
| ૪. | ધર્મરત્નનાં અજવાળાં | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૩–૫૦ |
| ૫. | કલ્યાણ મુર્તિ | | ૧–૦૦ |
| ૬. | પાલી પરવાળાં | | ૧–૫૦ |
| *૭. | પ્રેરણાંની પરબ | | ૦–૫૦ |
| | | | ૧૫–૫૦ |

## ૬ઠ્ઠું વર્ષ : વિ. સં. ૨૦૧૮

| | | | |
|---|---|---|---|
| ૧. | ચક્રવર્તી ભરત | શ્રી જયભિખ્ખુ | ૩–૦૦ |
| ૨. | નરકેસરી | ,, | ૪–૦૦ |
| ૩. | સદ્‌વાચનમાળા શ્રેણી ૫ | ,, | |
| ૪. | રસોડાનું રસાયણ | | |
| ૫. | | | |
| ૬. | | | |
| ૭. | ઉગમતે પ્રભાતે | | ૦–૭૫ |

એક વર્ષના પુસ્તકો પોસ્ટમાં વી. પી.થી મોકલવામાં રૂા. ૨–૫૦ પોસ્ટ ખર્ચ લાગે છે.

વધુ વર્ષના પુસ્તકો સામટા મંગાવવાથી રેલ્વે પાર્સલ દ્વારા મોકલવામાં આવે છે જેમાં ખર્ચ ઘણો જ ઓછો લાગે છે.

**********************************************

******************************************

## પ્રકીર્ણ

| | | |
|---|---|---|
| રાજપ્રશ્ન (શ્રીમદ્ રાજચંદ્રના મૂળ વચનોનો પ્રશ્નોત્તરરૂપે ગોઠવેલો સંગ્રહ) | | ૫-૨૫ |
| -શ્રીમદ્ રાજચંદ્ર જીવન જ્યોતિ | | ૧-૨૫ |
| સુખ વિષે વિચાર | (શ્રીમદ્ રાજચંદ્ર) | ૦-૨૦ |
| પવિત્ર સંદેશ | મુ. ન્યાયવિજય | ૦-૨૦ |
| *રાજા શ્રીપાળ | શ્રી જયભિખ્ખુ | ૦-૬૦ |
| *જીવનમાં ધર્મ | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦-૨૫ |
| +શ્રી સ્નાત્રપૂજા | (ચોથી આવૃત્તિ) | ૦-૫૫ |

- આ પુસ્તકની બીજી આવૃત્તિ છપાય છે.

* ,, બીજી આવૃત્તિ છપાઇ ગઈ છે,

× ,, ત્રીજી આવૃત્તિ છપાઈ ગઈ છે.

\+ ,, ચોથી આવૃત્તિ છપાય છે.

❀

# સંસ્કારી ઘરનો શણગાર

## સુંદર દર્શન યોગ્ય ફોટાઓ

**૧. ભ. ઋષભદેવ, ૨. ભ. પાર્શ્વનાથ ૩. ભ. મહાવીર,**

પ્રત્યેકની કિં. છુટા કાર્ડના ૦-૧૨ ન. પૈસા

શ્રી નમસ્કારમંત્રનું રંગીન કાર્ડ તદ્દન નવીન આકર્ષક

પ્રત્યેકના ૦-૧૫ ન. પૈસા.

******************************************

********************************************

# સિદ્ધાચળ સહિત ૧૯ તીર્થોનો સુંદર ફોટો

છુટક નકલના ૦-૨૦ ન. પૈસા

---

જૈન સાહિત્યમાં આજ સુધીમાં અજોડ પ્રકાશન
અપૂર્વ ત્રિરંગી, દ્વિરંગી ચિત્રો સાથે નવી આવૃત્તિ.

પંડિત શ્રીવીરવિજયજી કૃત

# શ્રી સ્નાત્રપૂજા

આખી પુસ્તિકા ક્રાઉન ૩૨ પેજી ૮૪ પાનામાં છે. પાંચ ભગવાનનાં, તથા સિદ્ધચક્રજીનાં ત્રિરંગી ચિત્રો, જન્માભિષેકનાં તે સ્વપ્નોનાં દ્વિરંગી ચિત્રો ઉપરાંત શ્રી સ્થાપનાજી તથા પચ્ચખાણો તેમજ તેના સમયનો કોઠો આપવામાં આવ્યો છે.

[illegible] ન. પૈ.

મહાવીર જૈન આરાધના કેન્દ્ર (જિ. ગાંધીનગર)

---

# સોનેરી સુવાકયો

રોજ વાંચવા યોગ્ય, જીવનને સંસ્કારિતા ને ધર્મપ્રેમથી ભરતાં સુંદર હિતોપદેશવાળાં લખાણો. સોળ પ્રકારનાં જુદાં જુદાં વચનો પ્રત્યેકની કિં. છુટા કાર્ડના ૦-૧૨ ન. પૈસા

---

આ ગ્રંથમાળાના પુસ્તકો લહાણી-પ્રભાવના માટે અત્યુત્તમ છે.

લખો : શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
દિલ્હી દરવાજા બહાર, હઠીભાઈની વાડી સામે, અમદાવાદ.

********************************************

આ ગ્રંથમાળાનાં પુસ્તકો એટલે દરેક સંસ્કારી ઘરનું સુંદર પુસ્તકાલય

# શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ

હઠીભાઈના દેરા સામે : દિલ્હી દરવાજા બહાર : અમદાવાદ.

## વર્ષ પહેલું ૨૦૧૩

| | | |
|---|---|---|
| ૧ | ભગવાન મહાવીર | ૩-૦૦ |
| ૨ | સુવર્ણ કંકણ | ૧-૦૦ |
| ૩ | સદ્‌વાચન શ્રેણી ૧ | ૨-૫૦ |
| ૪ | સૌરભ | ૨-૦૦ |
| ૫ | સતની બાંધી પૃથ્વી | ૨-૦૦ |
| ૬ | સદ્‌વાચન શ્રેણી ૨ | ૨-૫૦ |
| ૭ | ભે.પુ.: અક્ષય તૃતીયા | ૦-૪૫ |

## વર્ષ ચોથું ૨૦૧૬

| | | |
|---|---|---|
| ૧ | સંસારસેતુ | ૩-૫૦ |
| ૨ | સદ્‌વાચન શ્રેણી ૪ | ૩-૦૦ |
| ૩ | માતૃદેવો ભવ | ૧-૫૦ |
| ૪ | મંત્રીશ્વર વિમલ | ૧-૫૦ |
| ૫ | ત્યાગની વેલી | ૧-૫૦ |
| ૬ | સુલી પર સેજ અમારી | ૧-૫૦ |
| ૭ | ભે. પુ: ચપટી બોર | ૦-૭૫ |

## વર્ષ બીજું ૨૦૧૪

| | | |
|---|---|---|
| ૧ | ભગવાન ઋષભદેવ | ૩-૫૦ |
| ૨ | વીરડાંના પાણી | ૨-૦૦ |
| ૩ | ભવનું ભાતું | ૧-૨૫ |
| ૪ | સદ્‌વાચન શ્રેણી ૩ | ૨-[illegible] |
| ૫ | પાપ અને પુણ્ય | ૨-૦૦ |
| ૬ | પ્રેમપંથ પાવક જ્વાળા | ૧-૫૦ |
| ૭ | ભે.પુ.: દહીની વાટકી | ૦-૪૫ |

## વર્ષ પાંચમું ૨૦૧૭

| | | |
|---|---|---|
| ૧-૨ | શત્રુ કે અજાતશત્રુ | ૭-૦૦ |
| ૩ | નકલંક મોતી | ૨-૦૦ |
| ૪ | ધર્મરત્નના અજવાળા | ૩-૫૦ |
| ૫ | કલ્યાણ મૂર્તિ | ૧-૦૦ |
| ૬ | પાલી પરવાળા | ૧-૫૦ |
| ૭ | ભે.પુ.: પ્રેરણાની પરબ | ૦-૫૦ |

## વર્ષ ત્રીજું ૨૦૧૫

| | | |
|---|---|---|
| ૧ | પ્રેમનું મંદિર | ૩-૫૦ |
| ૨ | જગતશાહ | [illegible] |
| ૩ | હવે તો જાગો | [illegible] |
| ૪ | શ્રી નેમ-રાજુલ | [illegible] |
| ૫ | રાગ અને વિરાગ | [illegible] |
| ૬ | આંખે આવ્યો [illegible] | [illegible] |
| ૭ | ભે. પુ.: બિંદુમાં સિંધુ | [illegible] |

## વર્ષ છઠ્ઠું ૨૦૧૮

| | | |
|---|---|---|
| ૧ | [illegible]ી ભરત | ૩-૦૦ |
| ૨ | [illegible] રસાયણ | ૪-૦૦ |
| ૩ | [illegible] શ્રેણી ૫ | [illegible] |
| ૪ | [illegible] રસાયણ | [illegible] |
| ૫ | [illegible] | [illegible] |
| ૬ | [illegible] | [illegible] |
| ૭ | ભે.પુ.: ઉગમતે પ્રભાતે | ૦-૭૫ |

વાર્ષિક લવાજમ રૂા. ૧૦-૦૦ : પોસ્ટેજ જુદું.

ટાઈટલ પ્રીન્ટેડ : ફીનીક્ષ પ્રીન્ટીંગ વર્કસ, અમદાવાદ.